સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 5
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માઘ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

RAJHANS®

Well Played.

Two words I longed to hear, at the end of every game.

Two words that best describe my life and my being.

But today, I want to say these two words to you.




For your journey this far. For excelling in every role played. For acing the game called life.

Now is the time to reward yourself and celebrate your achievements. By giving yourself and your family, a home that is worthy of your success. A home that we have dreamt and envisioned for you.

Rajhans Evana is a realisation of my dream to add value to the lives of my well wishers and their families. It is my way of giving back all the love and affection you have given to me.

I invite you to live your dream life at my dream creation.

RAJHANS®

# YOUR LIFE

## As envisioned by Sachin 10dulkar











### Project Highlights:

- 60 Acres Gated Community
- 415 Super Luxury Villas
  - **STELLA** - 3 BHK (G+1)
  - **MAESTRO** - 4 BHK (G +2)
  - **ICON** - 5 BHK (G+2)
- Strategic Location:
  - Navi Mumbai International Airport - 30 mins
  - Lonavala - 17 mins
  - Imagica theme park - 2 mins
- India's Biggest Clubhouse*
  - The Century Club (1,80,000 sq ft) landscaped avenues, sports, meditation & entertainment zones

EXCLUSIVE 70+ AMENITIES

Presenting

# RAJHANS® Evana

Super Luxe Villas

KHOPOLI, OPP. IMAGICA THEME PARK

SCAN TO KNOW MORE ▸

MahaRERA No. P52000077719

Location

1800 123 959595

www.rajhansrealty.com

*Creative representation only. Actual characteristics may differ as per the site condition. *In a single gated community project.*

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં ૬૮ આઈએએસ અધિકારીઓની પ્રમોશન સાથે બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે. એ પહેલાં વહીવટી તંત્રમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં એકસાથે ૬૮ આઈએએસ અધિકારીઓની પ્રમોશન સાથે બદલીનો આદેશ અપાયો હતો. જેમાં અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નાસરસનની બદલી કરવામાં આવી હતી અને તેમના સ્થાને શિક્ષણ બોર્ડના ચૅરમૅન બંછાનીધી પાનીને નિયુક્ત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝ કમિશનર તરીકે કાર્યરત સંદિપ સાંગલેની જગ્યાએ રેવેન્યૂ વિભાગના સચિવ સ્વરૂપ પીને ઈન્ડસ્ટ્રીઝ કમિશનર તરીકે નિયુક્ત કરાયા હતા. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સેક્રેટરી અવંતિકાસિંઘને ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. અમદાવાદના કલેક્ટર પ્રવીણા ડીકેને પણ પ્રમોશન આપીને જીઆઈડીસીના વાઈસ ચૅરમૅન તેમ જ એમડી બનાવવામાં આવ્યા છે. મહેસાણાના કલેક્ટર નાગરાજ એમ.ને પણ પ્રમોશન આપીને ગુજરાત એસટી નિગમના એમડી તરીકે મૂકવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાણી દ્વારા બદલી અને બઢતીના આદેશ કરાયા હતા. જેમાં ડૉ. વિનોદ રામચંદ્ર રાવને સરકારના સચિવ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને એચએજીના પગાર ધોરણમાં બઢતી આપી સરકારના અગ્ર સચિવના હોદ્દા પર અને સરકારના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરાઈ હતી.

એમ. થેન્નારસન, મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, અમદાવાદને સરકારના સરકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જ્યારે અનુપમ આનંદ, કમિશનર ઑફ ટ્રાન્સપોર્ટની વાહનવ્યવહાર કમિશનર તરીકે કામ કરવાનું ચાલુ રાખવા માટે નિમણૂક કરવામાં આવી હતી. આ સિવાય મિલિંદ શિવરામ તોરાવણે મૅનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મૅનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન લિ. તરીકે નિમણૂક આપવામાં આવી હતી.

# દેશના તમામ વેટલૅન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો: અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિવિધ વેટલૅન્ડ્સ સ્વરૂપે અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે. કુદરતી સંસાધનોના સંવર્ધનના પરિણામે દેશના તમામ વેટલૅન્ડનો કુલ ક્ષેત્રફળનો ૨૧ ટકા હિસ્સો ગુજરાતનો છે જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે. ગુજરાતના વેટલૅન્ડ્સ ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે ગુજરાતના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે.

સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા ભારતીય વેટલૅન્ડ્સના અવકાશ આધારિત અવલોકન મુજબ, ગુજરાતમાં કુલ ૧૭,૬૧૩ વેટલૅન્ડ્સ છે. જે કુલ ૩,૪૯૯,૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે. તેમાં મુખ્યત્વે અંતરિયાળ-કુદરતી વેટલૅન્ડ્સ, અંતરિયાળ-માનવ નિર્મિત વેટલૅન્ડ્સ, દરિયાકાંઠાના માનવ નિર્મિત વેટલૅન્ડ્સ ઉપરાંત દરિયાકાંઠાના કુદરતી વેટલૅન્ડ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહત્તમ ૬૭ ટકા વિસ્તાર ખાડીઓનો, ત્યાર બાદ ૪૬.૮ ટકા વિસ્તાર કળણો, ૯૧.૬ ટકા સોલ્ટ માર્શ અને ૭૫.૫ ટકા વિસ્તાર મીઠાના અગરો ધરાવે છે.

ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્ત્વની વેટલૅન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્ત્વની વેટલૅન્ડ ગુજરાતમાં આવેલી છે. ગુજરાતમાં ૧૯ વેટલૅન્ડ્સ છે જે મહત્ત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા વિસ્તારો તરીકે ઓળખાય છે. ભારતની કુલ ૮૫ રામસર સાઇટ્સમાંથી ચાર રામસર સાઇટ્સ ગુજરાતમાં આવેલી છે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલૅન્ડનો સમાવેશ થાય છે.

દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કન્ઝર્વેશન રિઝર્વ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય, કચ્છનું મોટું રણ - કચ્છ રણ અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલૅન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. આ ઉપરાંત પોરબંદર જિલ્લામાં ગોસાબારા-મોકર સાગર, બરડાસાગર, અમીપુર ડેમ, ઝવેર-કુછડી વેટલૅન્ડ, મેઢા ક્રીક, સુરેન્દ્રનગર જિલ્લામાં નવા તળાવ/સાવડા, ભાસ્કરપુરા વેટલૅન્ડ, વડલા વેટલૅન્ડ, ભાવનગર જિલ્લામાં કુંભારવાડા, મીઠાની તપેલીઓ અને આંબલા બંધારા, ખેડા જિલ્લામાં નારદા અને પરીએજ વેટલૅન્ડ, પાટણ જિલ્લામાં સિંધડા, છણોસરા અને ગરામડી વેટલૅન્ડ, કચ્છના જખૌ બંધારા તેમ જ દેવભૂમિ જિલ્લામાં ચરકલા વેટલૅન્ડ આવેલો છે.

# છોટા ઉદેપુર પાલિકાની ચૂંટણીમાં પછાત વર્ગની ૨૭ ટકા અનામતનું પાલન નહિ થતાં હાઈ કોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થયા બાદ અનેક જગ્યાએ વિરોધ જોવા મળી રહ્યો છે. હાઈ કોર્ટમાં છોટા ઉદેપુર પાલિકાની ચૂંટણીમાં પછાત જાતિઓ માટે આઠ બેઠકો નહીં ફાળવવા બાબતે અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ચૂંટણી પંચ, છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. અરજદારે અરજીમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મ્યુનિસિપલ એક્ટ મુજબ યોજાઈ રહી નથી. નિયમો મુજબ છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં પછાત વર્ગને ૮ બેઠકો સામે માત્ર ૫ બેઠકો ફાળવવામાં આવી છે. જેથી આ નિર્ણયને રદ કરવામાં આવે અથવા તેની ઉપર સ્ટે આપવામાં આવે. નિયમો મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પછાત વર્ગને ૨૭ ટકા, અનુસૂચિત જાતિને ૭ ટકા અને અનુસૂચિત જનજાતિના લોકો માટે ૧૪ ટકા બેઠકો અનામત હોવી જોઈએ. આ ચૂંટણીમાં પાલિકાની કુલ ૨૮ બેઠકો પૈકી ૧૪ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. જેમાંથી ૭ સીટ જનરલ કેટેગરીની મહિલાઓ માટે અને ૭ સીટ અનામત કેટેગરીની મહિલાઓ માટે રાખવામાં આવી છે. અનુસૂચિત જાતિના ૭ ટકા લેખે ૨ બેઠકો અનામત રાખવામાં આવી છે. જે પૈકી ૧ બેઠક મહિલા અનામતની છે. અનુસૂચિત જનજાતિને ૭ બેઠકો ફાળવવામાં આવી છે, જેમાંથી ૪ મહિલા અનામત છે. જ્યારે ખરેખરમાં નિયમો મુજબ અનુસૂચિત જનજાતિને ૭ની જગ્યાએ કુલ ૪ બેઠકો ફાળવવાની થાય. જ્યારે પછાત વર્ગોને ૮ની જગ્યાએ માત્ર ૫ બેઠક ફાળવવામાં આવી છે, જેમાંથી ૨ બેઠક મહિલા અનામતની છે. હાઈ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળીને નોંધ્યું હતું કે, ફેબ્રુઆરી મહિનામાં નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીઓની જાહેરાત પછી કોર્ટ ચૂંટણીલક્ષી પ્રક્રિયાઓમાં હસ્તક્ષેપ કરી શકે નહીં. કોર્ટ અરજદારની અરજીના ગુણદોષમાં જતી નથી. જો અરજદારની દાદ સ્વીકારવામાં આવે તો ચૂંટણી પ્રક્રિયા રોકવી પડે. જેથી અરજદારના હકો ખુલ્લા રાખતાં આ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

# ગાંધીનગર સચિવાલયમાં બાયોમેટ્રિક હાજરી સિસ્ટમ સામે કર્મચારીઓનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં બાયોમેટ્રિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ કર્મચારીઓએ આ નવી વ્યવસ્થાનો વિરોધ કરીને પરંપરાગત મસ્ટર પદ્ધતિથી જ હાજરી નોંધાવી હતી. સામાન્ય વહીવટ વિભાગે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરેલા પરિપત્ર મુજબ, સચિવાલય સંકુલના તમામ વિભાગો, કર્મયોગી ભવન, ઉદ્યોગ ભવન અને કલેક્ટર-ડીડીઓ કચેરીમાં ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આ નિર્ણય એકતરફી રીતે લેવામાં આવ્યો હોવાનું કર્મચારી મંડળોનું માનવું છે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના સભ્યોએ જણાવ્યું હતું કે, નવી સિસ્ટમમાં અંગત મોબાઈલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડે છે, જે કર્મચારીઓની ગોપનીયતા માટે જોખમરૂપ છે. આધાર લિંકિંગ અને લોકેશન એક્સેસ જેવી માંગણીઓ કર્મચારીઓની પ્રાઈવસીને અસર કરે છે. કર્મચારી મંડળોએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પણ આ મુદ્દે રજૂઆત કરી હતી.

કર્મચારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓ સમય બાદ પણ મોડે સુધી રોકાઈને રાજ્યના વિકાસમાં યોગદાન આપે છે, પરંતુ આવા એકતરફી નિર્ણયોથી તેમનો ઉત્સાહ ઘટે છે. મહામંડળે જણાવ્યું હતું કે, જુદાં જુદાં કર્મચારી મંડળો સાથે પરામર્શ કરીને આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

# અમદાવાદમાં ખ્યાતિકાંડ બાદ રાજ્યની વધુ ૧૫ હૉસ્પિટલો પીએમજય યોજનામાંથી સસ્પેન્ડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ખ્યાતિ કાંડ બાદ રાજ્યના આરોગ્ય વિભાગે પીએમજય યોજનામાં ગેરરીતિ કરતી હૉસ્પિટલો સામે પગલાં લેવાનું શરૂ કર્યું હતું. સારવારમાં બેદરકારી, ગેરરીતિ સહિતના કારણે ૧૫ હૉસ્પિટલને આ યોજનામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી.

પીએમજય યોજનાના નામે દર્દીઓને અયોગ્ય સારવાર કે નાણાકીય ગેરરીતિ મામલે આરોગ્ય વિભાગની સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ દ્વારા સતત ચાલુ રખાયેલી તપાસમાં વધુ હૉસ્પિટલો ઉપર તવાઇ આવી છે. જેમાં મોટા ભાગની ગાયનેકોલૉજીની હૉસ્પિટલ, મલ્ટી સ્પેશિયાલિટી અને પિડિયાટ્રિક હૉસ્પિટલનો સમાવેશ કરાયો હતો.

પીએમજય યોજનાનો દુરુપયોગ કરનારી ખ્યાતિ હૉસ્પિટલના કૌભાંડ બાદ બહાર આવ્યા બાદ પોલીસ તપાસમાં આ યોજનાના ડૉ. શૈલેષકુમાર આનંદની સંડોવણી બહાર આવતાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. તેમની પર નાણાં કમાવવા ખ્યાતિ હૉસ્પિટલના અયોગ્ય દર્દીઓના પીએમજય કાર્ડને એપ્રુવલ આપવાનો આરોપ મુકાયો હતો. તેઓ ક્લાસ વન સરકારી મેડિકલ ઑફિસર છે. જોકે આશ્ચર્યની વાત એ છે કે ધરપકડ બાદ સામાન્ય રીતે બે દિવસ પછી સરકારી અધિકારીને સસ્પેન્ડ કરી દેવાતા હોય છે, પરંતુ આ કિસ્સામાં હજુ સુધી ડૉ. આનંદને સસ્પેન્ડ કરી દેવાયા હોવાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યું નથી. આરોગ્ય વિભાગે વેદ હૉસ્પિટલ-ખેડા ખાત્રજ, શ્રી આરએન વાળા સ્મારક ટ્રસ્ટ સંચાલિત હૉસ્પિટલ-ગીર સોમનાથ, ચિત્રા મેડિકલ સેન્ટર-ભાવનગર, ધ ગાન્ચી આરોગ્ય મંડળ-અરવલ્લી, પરિવાર જનરલ હૉસ્પિટલ-ભાવનગર, સબિહા સાર્વજનિક હૉસ્પિટલ-બોટાદ, સદવિચાર જનરલ હૉસ્પિટલ-ભાવનગર, પલ્સ પ્લસ મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલ-ભાવનગર, નવજીવન હૉસ્પિટલ-અમરેલી, કલરવ હૉસ્પિટલ-અમરેલી, શીફા મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલ-અમદાવાદ, મોદી ચિલ્ડ્રન હૉસ્પિટલ કાકરાપાર-તાપી, મોદી ચિલ્ડ્રન હૉસ્પિટલ-તાપી, ઓલિમ્પસ હૉસ્પિટલ, તન્ના હેલ્થકેર-રાજકોટ,અનાહત હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ-મહેસાણાને આ યોજનામાંથી સસ્પેન્ડ કરી દીધી હતી.

# કેન્દ્રીય બજેટ અમલી થતાં ગુજરાતના કપાસ અને કઠોળ વાવતા ખેડૂતોની આવક વધશે: કૃષિ પ્રધાન રાઘવજી પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાયેલા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રને ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે નાગરિકલક્ષી અને ખાસ કરીને ખેડૂતો માટે ખૂબ જ લાભદાયી ગણાવ્યું હતું. કૃષિ પ્રધાને કેન્દ્રીય અંદાજપત્રને સહૃદય આવકારતાં પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

કૃષિપ્રધાન રાઘવજીએ કહ્યું હતું કે, દેશના ખેડૂતોના હિતને ધ્યાને રાખીને સરકાર દ્વારા કૃષિ ક્ષેત્ર માટે રૂા. ૧.૭૧ લાખ કરોડની રકમનું માતબર બજેટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતો અને ખેતીને પ્રોત્સાહન આપતી અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. ઓછી ઉત્પાદકતા. મધ્યમ પાક તીવ્રતા અને સરેરાસથી ઓછાં ધિરાણ પરિમાણો ધરાવતા દેશના ૧૦૦ જિલ્લામાં ખેત ઉત્પાદકતા અને કૃષિ પ્રવૃત્તિઓ વધારવા માટે નવી પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત ભારત સરકાર કઠોળ અને ખાદ્યતેલમાં આત્મનિર્ભરતા વધારવા માટે ૬ વર્ષનું નેશનલ મિશન ફોર એડીબલ ઓઈલસીડ અમલમાં મૂકશે. ભારતમાં ગુણવત્તાયુક્ત કપાસનો પુરવઠો સુનિશ્ચિત કરવા અને ખેડૂતોને કપાસ ઉત્પાદનના સારા ભાવો મળી રહે તે માટે કપાસની ઉત્પાદકતા વધારવા પાંચ વર્ષનું મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી અમલમાં મૂકવામાં આવશે. તેવી જ રીતે, ખેડૂતોને સારી ઊપજ, ઓછી જીવાત અને આબોહવાને અનુરૂપ બીજવારો મળી રહે તે માટે સારી ઊપજ આપતાં બીજ માટે નેશનલ મિશન ઑન હાઈ યીલ્ડીંગ સીડ્સ પણ અમલમાં મૂકવામાં આવશે.

કિશાન ક્રેડિટ કાર્ડ હેઠળ ખેડૂતો, પશુપાલકો અને માછીમારો માટે ટૂંકા ગાળાની લૉનની મર્યાદા રૂા. ૩ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવાના નિર્ણય ઉપરાંત માછલી અને ઝીંગાના નિકાસ પર લાગતી ૧૫ ટકા બેઝિક કસ્ટમ ડ્યુટી તેમ જ ફ્રોઝન ફિશ પેસ્ટ સહિતનાં ઉત્પાદનો પર લગતી ૩૦ ટકા બેઝિક કસ્ટમ ડ્યુટી ઘટાડીને માત્ર ૫ ટકા કરવાના નિર્ણયને પણ કૃષિ પ્રધાને બિરદાવ્યો હતો.

રાઘવજી પટેલે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ભારત સરકારે કૃષિ, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે કરેલા વિવિધ નવા નિર્ણયો, નવી યોજનાઓ તથા નવા મિશનથી દેશના કરોડો ખેડૂતો ઉપરાંત ગુજરાતમાં ખેડૂતોને મોટો લાભ થશે. ખાસ કરીને નવા ત્રણ મિશન અમલમાં મુકાયા બાદ ગુજરાતના કપાસ અને કઠોળનું વાવેતર કરતા ખેડૂતોની આવકમાં વધારો થશે.

# જીટીયુની એન્જિનિયરિંગની પરીક્ષામાં 300થી વધુ કોપી કેસ

## તપાસનો ધમધમાટ શરૂ

રાજ્યની સૌથી મોટી ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટી વિવાદમાં સપડાઈ છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન લેવાયેલી પરીક્ષા દરમિયાન કોપી કેસ મામલે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓનું હિયરિંગ કરવામાં આવી રહ્યું છે. જે પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ સામે જે તે પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે, પરંતુ જે રીતે કોપીકેસની વિગતો બહાર આવી છે તેના કારણે યુનિવર્સિટીમાં તપાસનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.જીટીયુના રજિસ્ટ્રાર કે. એન. ખેરે જણાવ્યું હતું કે, ગત વર્ષે જે પરીક્ષા લેવામાં આવી હતી તેમાં ૩૧૩ વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાયા હતા. હાલ તેઓનું હિયરિંગ ચાલી રહ્યું છે. જે વિદ્યાર્થીઓ કોપી કરી રહ્યા છે અને પકડાયા તેમાં કોઈ ચોરી કરતાં કે ચબરખીમાંથી પકડાયા હતા, કોઈ કોઈનામાંથી લખી રહ્યા છે તો કોઈ મોબાઈલ સાથે પકડાયા હતા. યુએફએમ કમિટી સામે આ મામલે તપાસ ચાલી રહી છે. આ તપાસ બાદ યુનિવર્સિટીના નોટિફિકેશનમાં ક્લિયર જોગવાઈ છે કે કોઈ ઉત્તરવહી સાથે ટેમ્પરિંગ કરે, દુર્વ્યવહાર કરે, ઈન્વેજીલેટર સાથે, મોબાઈલ સાથે પકડાય, ઉત્તરવહી ફાડીને તેનું પેજ લઈ જાય, ચબરખી સાથે પકડાય કે ચબરખી નીચેથી પકડાય તેના અલગ અલગ નિયમો યુનિવર્સિટીએ પ્રિ ડિસ્કલોઝ જાહેર કરેલા છે. એટલે હાલ વિદ્યાર્થીઓનું હિયરિંગ ચાલી રહ્યું છે જે પ્રકારે વિદ્યાર્થીએ ગેરરીતિ કરી હશે તે પ્રકારનો નિર્ણય યુએફએમની તપાસ કમિટી દ્વારા કરવામાં આવશે.

# અંબાજીમાં બુલડોઝર કાર્યવાહીમાં ભેદભાવ: અહેવાલ રજૂ કરવા હાઈ કોર્ટનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: યાત્રાધામ અંબાજીમાં ગેરકાયદેસર બાંધકામ મુદ્દે ગુજરાત હાઈ કોર્ટે લાલઆંખ કરી હતી. ગુજરાત હાઈ કોર્ટે અંબાજીના મુખ્ય કાર્યકારી અધિકારી, અંબાજી વિસ્તાર શહેરી વિકાસ સત્તામંડળ, અંબાજીને કથિત ગેરકાયદેસર બાંધકામનું નિરીક્ષણ કરવા અને અહેવાલ તૈયાર કરવા આદેશ કર્યો હતો. તે ઉપરાંત હાઈ કોર્ટે અંબાજી વિકાસ અને પ્રવાસન સત્તા નિયંત્રણ મંડળની બેવડી નીતિની પણ ઝાટકણી કાઢી હતી. અદાલતના આદેશમાં નોંધવામાં આવ્યું હતું કે પ્રતિવાદી નં. એક અને બે કે જેઓ બિલ્ડર છે તેમના દ્વારા વિકાસ પરવાનગી ઉપરવટ જઈને અનધિકૃત બાંધકામના આરોપો છે. આથી અરજદારોની હાજરીમાં અનધિકૃત બાંધકામના આરોપના સંદર્ભમાં નિરીક્ષણ અહેવાલ તૈયાર કરીને ઉપરોક્ત અહેવાલ આગામી સુનાવણીની તારીખે અથવા તે પહેલાં સોગંદનામું દાખલ કરીને રેકોર્ડ પર મૂકવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ મામલો હાઈ કોર્ટે આગામી ૨૭ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખ્યો હતો.

સમગ્ર મામલા અંગે મળતી વિગત મુજબ, અંબાજી વિસ્તારમાં ભૂપેન્દ્ર અગ્રવાલ અને શૈલેષ ખંડેલવાલ નામના બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યાં હતાં. તે બાબતે અરજદાર અમિતકુમાર પટેલ દ્વારા સ્થાનિક સત્તાવાળાઓને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તે બાબતે કોઈ પગલાં નહીં લેવામાં આવતાં અરજદાર દ્વારા હાઈ કોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. તેની સુનાવણી દરમિયાન અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે અંબાજીમાં ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અનધિકૃત બાંધકામોના નામે તાત્કાલિક બધું તોડી પાડવામાં આવે છે જ્યારે પ્રસ્તુત કેસમાં અનધિકૃત બાંધકામ અંગેના પુરાવા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આથી વિકાસ પરવાનગીની ઉપરવટે જઈને કરવામાં આવેલાં બાંધકામો તાત્કાલિક રીતે તોડી પાડવાં જોઈએ. બીજી બાજુ લીડર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે તેઓએ ઇમ્પેક્ટ ફી ભરીને આ બાંધકામ નિયમિત કરવા માટે અરજી કરેલી છે આથી બાંધકામ તોડી શકાય નહીં, પરંતુ કોર્ટના ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું કે ઇમ્પેક્ટ ફીનો કાયદો આ વિસ્તારમાં લાગુ પડતો નથી આથી બિલ્ડરને કોઈ રાહત આપી શકાય નહીં. ઉપરોક્ત રજૂઆત બાદ કોર્ટે કડક હુકમ કર્યો હતો.

# અમદાવાદના વાસણા વિસ્તારમાં ભીષણ આગ: 30 ઝૂંપડા બળીને ખાખ, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વાસણા વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કૉર્પોરેશનના કચરો એકત્રિત કરવાના સ્થળ એવા રેફ્યુઝ સ્ટેશનની બાજુમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં શનિવાર સવારે આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતાં ૧૩ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. મોટી ઝૂંપડપટ્ટી હોવાના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લીધી હતી. અંદાજે ૩૦થી વધુ ઝૂંપડાં બળીને ખાક થઈ ગયાં હતાં. જોકે સદનસીબે કોઈ મોટી જાનહાનિ સર્જાઈ ન હતી. ડિવિઝનલ ફાયર ઑફિસરે જણાવ્યું હતું કે વાસણા વિસ્તારમાં આવેલા ડોર ટુ ડોર કચરાના કલેક્શનના રેફ્યુઝ સ્ટેશનની બાજુમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં આગ લાગી હોવા અંગેનો મેસેજ મળ્યો હતો. જેથી ફાયર બ્રિગેડના સાત ગજરાજ અને નાનાં વાહન તેમ જ ઑફિસર વ્હીકલ સાથે ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઝૂંપડપટ્ટી હોવાના કારણે આગ ફેલાઈ ગઈ હતી જેમાં પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી હતી. ૭૫થી ૮૦ જેટલાં ઝૂંપડાં આવેલાં હતાં જેમાં ૫૦ જેટલાં ઝૂંપડાં બચાવી લેવામાં આવ્યાં હતાં જોકે ભીષણ આગમાં ૩૦ જેટલાં ઝૂંપડાં બળીને ખાક થઈ ગયાં હતાં. ઝૂંપડાંમાં કોઈ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી, આગ લાગી ત્યારે મજૂરો સવારની ગાડીમાં કામ કરવા માટે ગયા હતા અને તેમનાં બાળકો આંગણવાડીમાં અભ્યાસ માટે ગયાં હતાં જેથી ઝૂંપડાઓમાં કોઈ હાજર નહોતું. આ ઘટનામાં કોઈ પણ જાનહાનિ થઈ નથી. ઝૂંપડપટ્ટીમાં આગ લાગી હોવા અંગેની જાણ થતાં એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિત શાહ અને વાસણા વોર્ડના ભાજપના કૉર્પોરેટરો તાત્કાલિક રેફ્યુઝ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. સવારના સમયે મજૂરો અને બાળકો હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

# વડોદરા મનપાની ૧૯ વોર્ડમાં સિલિંગની કાર્યવાહી: ૨૫૦ જેટલી મિલકતો સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકને પૂરો કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા ૧૯ વહીવટી વોર્ડમાં રહેણાક અને કૉમર્શિયલ મિલકત વેરાના બાકીદારોને ત્યાં સિલિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બાકીદારો સાથે કોઈ ઘર્ષણની ઘટના ન બને તે માટે વહેલી સવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાને રેલવે વિભાગ પાસેથી પાલિકાને રૂપિયા ૧૦ કરોડ લેવાના નીકળે છે, તેની વસૂલાત માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવતાં પ્રાથમિક તબક્કે રૂપિયા ૧.૫ કરોડ ચૂકવી દેવામાં આવ્યા હતા. અન્ય બાકીની રકમ ચૂકવવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

આ અંગે પાલિકાના રેવેન્યુ વિભાગના ઇન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર સુરેશ તુવરે જણાવ્યું હતું કે, હાલમાં વડોદરા પાલિકા દ્વારા મિલકત વેરામાં વ્યાજ માફીની યોજના ચાલુ છે. જેમાં રહેણાક અને કૉમર્શિયલ બંનેમાં પાછલા બાકીના વ્યાજમાં ૮૦ ટકા સુધીની માફી આપવામાં આવે છે. દરમિયાન જે લોકોના વેરા ભરપાઈ કરવાના બાકી છે, તેને સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ આ લોકોને વોરંટની બજવણી કરી દેવામાં આવી છે. હાલમાં વોરંટ, વ્યાજ માફીની નોટિસો તથા બાકીદારોને ત્યાં સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાલિકા દ્વારા ૧૯ વોર્ડમાં માસ સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરમાં ૨૦ હજાર લોકોની તપાસમાં ૮૩ ટીબીના દર્દી મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ટીબી હારેગા, દેશ જીતેગા અભિયાન અંતર્ગત વ્યાપક સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ હેઠળ પાટનગરમાં કુલ ૨૦,૧૮૦ નાગરિકોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૮૩ લોકોમાં ટીબીનું નિદાન પોઝિટિવ આવ્યું હતું. ૧૦૦ દિવસના આ વિશેષ અભિયાન દરમિયાન મહાપાલિકાની આરોગ્ય ટીમોએ ઘરે-ઘરે જઈને સર્વેક્ષણ કર્યું હતું. શંકાસ્પદ લક્ષણો ધરાવતા લોકોના એક્સ-રે અને ગળફાની તપાસ હૉસ્પિટલમાં કરવામાં આવ્યા બાદ તમામ પોઝિટિવ દર્દીઓની તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. વિશેષ રૂપે, ૨૦ દર્દીઓને પોષણ કિટ્સ આપવામાં આવી હતી.

# ફાયર વિભાગમાં અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અંગેનો પ્લાન રજૂ કરવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફાયર સેફ્ટી મુદ્દે ચાલી રહેલા કેસની સુનાવણીમાં હાઈ કોર્ટે તંત્રને નિર્દેશ આપ્યો હતો કે, આગામી સુનાવણીમાં રાજ્યની મહાનગરપાલિકા સહિતના વિસ્તારોમાં ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અંગેનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવે. દરમિયાન કેસની સુનાવણીમાં સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નવી બહુમાળી ઇમારતોને હાલ ફાયર એનઓસી આપવામાં આવી નથી.

સરકારે હાઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, રાજ્યમાં ૧૦૦ મીટર કરતાં વધુ ઊંચાઈવાળી ઇમારતોને હજુ ફાયર એનઓસી અપાઈ નથી. સામાન્ય રીતે આવી ઇમારતોમાં દર પાંચ માળ પછી એક માળ 'રેફ્યુઝ એરિયા' તરીકે ખાલી રાખવામાં આવે છે.

જેથી કોઈ પણ પ્રકારની દુર્ઘટનાના સમયે લોકોને સરળતાથી બચાવી શકાય છે. ફાયર વિભાગ પાસે આટલી ઊંચી ઇમારતો સુધી પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન માટેની સીડી હોતી નથી, પરંતુ હાઇડ્રોલિક પ્લૅટફૉર્મ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવે છે.

હાઈ કોર્ટે સુનાવણી દરમિયાન રાજકોટ અને અમદાવાદ જેવાં શહેરોમાં સિનિયર ફાયર ઑફિસરોની ખાલી જગ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.અગાઉની સુનાવણીમાં ફાયર વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકારી વકીલે જણાવ્યું હતું કે નવા ફાયર સ્ટેશન બનાવવાની ટાઈમ લાઈન અપાઈ છે. જોકે ટાઈમ લાઈન મુજબ રાજકોટ ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૬, ભાવનગર ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮ અને વડોદરા ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮માં બનશે. અમદાવાદના ફાયર વિભાગમાં ૨૦૮, ગાંધીનગરમાં ૮૧ જગ્યાઓ ખાલી છે. ચીફ અને એડિશનલ ફાયર ચીફ ઑફિસરની જગાઓ ખાલી છે.

હાઈ કોર્ટે સવાલ કર્યો હતો કે, અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ જેવાં મોટાં શહેરોમાં ૧૩૦ મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. અમદાવાદમાં ૧૫૦ મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે.

કોઈ દુર્ઘટના બને તો ત્યાં ફાયર વિભાગ કેવી રીતે પહોંચશે? જેથી કોર્ટને જણાવાયું હતું કે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં પણ ૪૨ માળની બિલ્ડિંગ છે. તે મુજબનાં ફાયર સેફ્ટી ઉપકરણો વસાવવામાં આવશે. આ મુદ્દે વધુ સુનાવણી ૨૧મી માર્ચના રોજ યોજાશે.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 5
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માઘ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






# મિડલ ક્લાસ પર રાહતોનો વરસાદ



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 75,240/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હી: કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સંસદમાં શનિવારે રજૂ કરેલા ૨૦૨૫-૨૬ના કેન્દ્રીય અંદાજપત્ર (બજેટ)માં દરેક વર્ગને ખુશ કરવા પ્રયાસ કર્યા હતા.

અંદાજપત્રમાં ઇન્કમ ટૅક્સ, ટૅક્સ ડિડક્શન એટ સોર્સ (ટીડીએસ) અને ટૅક્સ કલેક્ટેડ એટ સોર્સ (ટીસીએસ)માં રાહત આપવાની, સંરક્ષણ માટે વધુ ફાળવણી કરવાની, કેન્સર સહિતની કેટલીક મોટી બીમારીની ઔષધો સસ્તી થાય એવાં પગલાંની, દેશને દાળ-કઠોળના ઉત્પાદનમાં સંપૂર્ણ સ્વાવલંબી બનાવવાની, હવાનું પ્રદૂષણ ઘટાડવા ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાની, લઘુ ઉદ્યોગ માટે રાહતના વિવિધ પગલાંની, ભાડાંની આવક તેમ જ વરિષ્ઠ નાગરિકોને વ્યાજની આવક પરના ટીડીએસમાં રાહત આપવાની, વિદેશમાં મોકલાતી રકમ પર ટીસીએસ કપાતની મર્યાદા વધારવાની અને વિદ્યાર્થીઓના કિસ્સામાં તે નાબૂદ કરવાની, સરકારી શાળાઓ અને ગ્રામીણ આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આપવા સહિતની લોકહિતાર્થની અનેક જાહેરાત કરી હતી.

સીધા કે પ્રત્યક્ષ કરવેરામાં આવકવેરાના નવા માળખા મુજબ રૂપિયા ૧૨ લાખ સુધીની વ્યક્તિગત આવક પર ઇન્કમ ટૅક્સ ભરવો નહિ પડે.

નોકરિયાતોની આવકમાં રૂપિયા ૭૫,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડક્શનને ગણીએ તો તેઓએ રૂપિયા ૧૨.૭૫ લાખની આવક પર આવકવેરો ભરવો નહિ પડે.

આવકવેરાનો નવો ખરડો આગામી થોડા દિવસમાં જ રજૂ કરાશે.

અપ્રત્યક્ષ કરવેરા (ઇન્ડિરેક્ટ ટૅક્સ)માં (જુઓ પાનું ૨) ▶▶

- ઇન્કમ ટૅક્સ, ટીડીએસ, ટીસીએસમાં રાહત
- ગંભીર બીમારીની ઔષધો સસ્તી થશે
- સંરક્ષણ ક્ષેત્ર માટે વધુ ફાળવણી
- દાળ ઉત્પાદનમાં સંપૂર્ણ સ્વાવલંબી બનવા પગલાં
- ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન
- વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા સીધું વિદેશી રોકાણ
- લઘુ ઉદ્યોગને વધુ સહાય
- સરકારી શાળાઓમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી અપાશે

## રેલવે માટે ₹ ૨.૫૫ લાખ ફાળવવામાં આવ્યા

નવી દિલ્હી: ભારતીય રેલવેને ભારતના જાહેર પરિવહન માટેની લાઈફલાઈન કહેવાય છે, જેમાં આધુનિક ટ્રેન દોડાવવાની સાથે રેલવેમાં વધતા અકસ્માતોને સુરક્ષા મુદ્દે ગંભીર સવાલો ઊભા થયા છે ત્યારે આજના બજેટમાં નાણાં પ્રધાને રેલવે બજેટ માટે ૨.૫૫ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની જાહેરાત કરી છે, જ્યારે સેફ્ટી ભંડોળ માટે જંગી નાણાકીય ફંડની ફાળવણી કરવામાં આવી છે. લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોને પૂરપાટ ઝડપે દોડાવવાની સાથે સેફ્ટી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

કેન્દ્રીય બજેટમાં રેલવે મંત્રાલય માટે ૨.૫૫ લાખ કરોડની ફાળવણી કરી છે, તેમાંથી ૩,૪૪૫ કરોડ રૂપિયા આવકમાં અને ૨,૫૨,૦૦૦ કરોડ રૂપિયા મૂડી ખર્ચમાં ખર્ચવામાં આવશે. આમ કુલ મળીને રેલવે બજેટમાં કુલ ૨,૫૫,૪૪૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં પેન્શન ફંડમાં ૬૬,૦૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.

દેશમાં નવી રેલવે લાઈન નાખવા માટે ૩૨,૨૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. લાઈન (જુઓ પાનું ૨) ▶▶

## સંરક્ષણ ક્ષેત્ર માટે સરકારે ખોલ્યો 'ખજાનો'

### દુશ્મન દેશોની ઊંઘ થશે હરામ

નવી દિલ્હી: દેશનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સંસદ સમક્ષ વર્ષ ૨૦૨૫ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું છે. સમગ્ર દેશમાં બજેટને લઈને ચર્ચાઓ ચાલી રહી છે પણ આ બજેટથી ભારતના દુશ્મનોમાં પણ ચર્ચા જગાડી છે. કેન્દ્રીય બજેટમાં નાણાં પ્રધાને સંરક્ષણ ક્ષેત્ર માટેનો દેશનો ખજાનો ખોલી નાખવામાં આવ્યો છે. આ વખતે ૨૦૨૫-૨૬ના ડિફેન્સ બજેટમાં ૬,૮૧,૨૧૦ કરોડની ફાળવણી કરી છે.

ભારત સરકારે ૨૦૨૪-૨૫ માટે ૪ લાખ ૫૪ હજાર ૭૭૩ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, પરંતુ આ વખતે ૩૬ હજાર ૯૫૯ કરોડ રૂપિયા વધારીને સંરક્ષણ મંત્રાલયને આપવામાં આવ્યા છે. ભારતે સંરક્ષણ ક્ષેત્રને સૌથી વધુ બજેટ ફાળવ્યું છે.

સંરક્ષણ મંત્રાલયનો કુલ મૂડીગત ખર્ચ રૂ. ૧,૯૨,૩૮૭ કરોડ હોવાનો અંદાજ છે. મહેસૂલ ખર્ચ રૂ. ૪,૮૮,૮૨૨ કરોડ રહેવાનો અંદાજ છે, જેમાં પેન્શન માટે રૂ. ૧,૬૦,૭૯૫ કરોડનો સમાવેશ થાય છે. મૂડી ખર્ચ હેઠળ વિમાન અને એરો એન્જિન માટે રૂ. ૪૮,૬૧૪ કરોડ ફાળવવામાં આવ્યા છે જ્યારે નૌકાદળના કાફલા માટે રૂ. ૨૪,૩૯૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. અન્ય સાધનો માટે ૬૩,૦૯૯ કરોડ રૂપિયાની રકમ અલગ રાખવામાં આવી છે.

૨૦૨૪-૨૫માં સરકારે સંરક્ષણ બજેટ માટે ૬,૨૧,૬૪૦ કરોડ રૂપિયા (જુઓ પાનું ૨) ▶▶

## ૫૦ વંદે ભારત સ્લિપર ટ્રેનનું ઉત્પાદન કરાશે

### ૧૭,૫૦૦ નૉન-એસી જનરલ અને સ્લિપર કોચનું ઉત્પાદન કરવાની જાહેરાત

નવી દિલ્હી: ઈન્ડિયન રેલવે (આઈઆર)ના પ્રવાસીઓ માટે સારા સમાચાર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતીય રેલવેએ ૫૦ વંદે ભારત સ્લિપર ટ્રેનનું ઉત્પાદન કરવાની યોજનાની જાહેરાત કરી છે.

હાલમાં વંદે ભારત સ્લિપર ટ્રેનની પ્રથમ રેકનું પરીક્ષણ ચાલી રહ્યું છે અને ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં તે તૈયાર અને કાર્યરત થઈ જશે.

પરવડી શકે તેવા પ્રવાસની માગણીને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ ૧૭,૫૦૦ નૉન-એસી જનરલ અને સ્લિપર કોચનું ઉત્પાદન કરવાની જાહેરાત કરી છે.

ઓછી આવક ધરાવતા વર્ગના લોકોનો પ્રવાસ વધુ સરળ અને પરવડી શકે તેવો બનાવવાના આશયથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ઓછી અને વધુ આવક ધરાવતા બંને વર્ગના લોકોને સમાન લાભ મળી શકે તે માટે ટ્રેનના ઉત્પાદન અંગે સંતુલિત અભિગમ અપનાવવા પર ભાર મૂક્યો હતો.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તમામ વર્ગના (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ અને મહારાષ્ટ્રને ઘણું મળ્યું

મુંબઈ: કેન્દ્રીય બજેટમાંથી મુંબઈ અને મહારાષ્ટ્રને ઘણું મળ્યું છે. બજેટ મહારાષ્ટ્રના માળખાકીય વિકાસને મજબૂત બનાવશે. શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે મહારાષ્ટ્ર એક અગ્રણી રાજ્ય છે. સરકારી શાળાઓમાં પાંચ લાખ અટલ ટિંકરિંગ લેબ્સ સ્થાપવી, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ સેવાઓ ઉપલબ્ધ કરાવવી, ભારતીય ભાષાઓમાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવા અને આઈઆઈટી અને મેડિકલ કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને સુવિધાઓમાં વધારો કરવાના બજેટમાંના પ્રસ્તાવથી રાજ્યને ફાયદો થશે. ઓનલાઈન કામ કરનારા ગિગ વર્કર્સ માટે ઓળખ કાર્ડ બનાવવાનો અને તેમને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવવાનો નિર્ણય મહત્વપૂર્ણ છે અને પીએમ જન આરોગ્ય યોજના હેઠળ લગભગ એક કરોડ ગિગ વર્કર્સને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ બધા નિર્ણયો વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને લેવામાં આવ્યા છે અને બધાનો ફાયદો રાજ્યના લોકોને મોટા પ્રમાણમાં થશે.

- મહારાષ્ટ્રને એમયુટીપી-૩ પ્રોજેક્ટ -૧૪૬૫.૩૩ કરોડ રૂપિયા

### મુંબઈને બજેટમાં મળ્યા ૩,૫૦૦ કરોડ રૂપિયા

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન અજિત પવારે શનિવારે કહ્યું હતું કે મુંબઈને કેન્દ્રના બજેટમાં ૩,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા હોવાથી માળખાકીય પ્રોજેક્ટને ગતિ મળશે.

મુંબઈના મહત્ત્વના એમયુટીપી-૩ પ્રોજેક્ટ માટે બજેટમાં ૧,૪૬૫ કરોડ રૂપિયા અને મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ માટે ૧,૬૭૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

આવી જ રીતે મુંબઈના ઈન્ટિગ્રેટેડ ગ્રીન અર્બન મોબિલિટી પ્રોજેક્ટ માટે ૬૫૨ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. બજેટના આંકડા મુજબ શહેર માટે ૩,૫૦૦ કરોડ આપવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આર્થિક ક્લસ્ટર્સને સાંકળવા માટે ૧,૦૯૪ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. ■

- પુણે મેટ્રો માટે ₹ ૮૩૭ કરોડ રૂપિયા
- મૂળા-મુઠા નદીના સંરક્ષણ માટે જાયકા હેઠળ₹ ૨૩૦ કરોડ
- મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ્વેના ચાર પ્રોજેક્ટ માટે ₹ ૪૦૦૩ કરોડ
- મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ્વે - તાલીમ સંસ્થા માટે ₹ ૧૨૬.૬૦ કરોડ
- મુંબઈ મેટ્રો માટે -૧૬૭૩.૪૧ કરોડ
- મહારાષ્ટ્ર ગ્રામીણ સંચાર માટે-૬૮૩.૫૧ કરોડ
- મહારાષ્ટ્ર એગ્રો બિઝનેસ નેટવર્ક-મેગ્નેટ પ્રોજેક્ટ માટે - ૫૯૬.૫૭ કરોડ
- રૂપિયા ઉર્જા સંરક્ષણ અને લિફ્ટ સિંચાઈ પ્રોજેક્ટ માટે ₹ ૧૮૬.૪૪ કરોડ
- ઇન્ટિગ્રેટેડ ગ્રીન અર્બન મોબીલીટી પ્રોજેક્ટ, મુંબઈ માટે ₹ ૬૫૨.૫૨ કરોડ
- આર્થિક ક્લસ્ટર કનેક્ટિવિટી માટે ₹ ૧૦૯૪.૫૮ કરોડ રૂપિયા. ■

## બિહારની ચૂંટણીને ધ્યાનમાં રાખીને બજેટમાં રાજ્ય પર વિશેષ કૃપા

### મખાના બોર્ડથી માંડીને હવાઈમથકની યોજનાઓની જાહેરાત

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે શનિવારે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બજેટમાં બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલાં આ રાજ્ય માટે પટારો ખોલ્યો હતો. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે બજેટમાં મખાના બોર્ડની રચના, ગ્રિનફિલ્ડ એરપોર્ટની સ્થાપના અને રાજ્યના મિથિલાંચલ વિસ્તારમાં પશ્ચિમ કોશી નહેર પ્રકલ્પને નાણાકીય સહાય કરવાની જાહેરાત કરી હતી.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફૂડ ટેક્નોલોજી, એન્ટ્રોપ્રેન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટની સ્થાપના અને આઈઆઈટી પટણામાં હોસ્ટેલ અને બીજી માળખાકીય સુવિધાના વિસ્તરણની જાહેરાત કરી હતી.

નિર્મલાએ પટણા હવાઈમથકની ક્ષમતામાં વધારા અને બિહટામાં બ્રાઉનફિલ્ડ એરપોર્ટના વિકાસની જાહેરાત કરી હતી.

રાજ્યમાં મખાના બોર્ડની સ્થાપનાની જાહેરાત કરતા નિર્મલાએ કહ્યું હતું કે બિહારના લોકો માટે ખાસ તક ઉપલબ્ધ છે. મખાનાના ઉત્પાદનને સુધારવા, પ્રોસેસિંગ કરવા, મૂલ્યવર્ધિત કરવા અને માર્કેટિંગ કરવા રાજ્યમાં મખાના બોર્ડ સ્થાપાશે.

આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોની મદદથી ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફપીઓ)ની રચના કરાશે જેઓ મખાના ઉગાડનારા ખેડૂતોને મદદ કરશે અને તેમને તાલીમ આપશે. આ એફપીઓ એ વાતની તકેદારી લેશે કે ખેડૂતો બધી સરકારી યોજનાનો લાભ લે.

નિર્મલાએ વધુમાં કહ્યું હતું કે સરકારની 'પૂર્વોદય' યોજના તરફની પ્રતિબદ્ધતા અનુસાર કેન્દ્ર બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફૂડ ટેક્નોલોજી, એન્ટ્રોપ્રેન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટની સ્થાપના કરીશું. તદુપરાંત રાજ્યની ભાવિ જરૂરીયાતને ધ્યાનમાં રાખીને બિહારમાં ગ્રિનફિલ્ડ એરપોર્ટની સ્થાપના કરાશે. પશ્ચિમ કોશી નહેર ઈઆરએમ પ્રકલ્પને નાણાકીય ટેકો અપાશે જેથી આનો લાભ બિહારના મિથિલાંચલ રીજનના ૫૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ખેતી કરતા ખેડૂતોને થશે. તેમણે આઈઆઈટી પટણામાં હોસ્ટેલ અને બીજી માળખાકીય સુવિધાના વિસ્તરણની જાહેરાત કરી હતી. (એજન્સી)■

## આખલો મૂંઝાયો: શૅરબજારે બજેટની અવગણના કરી

*નિલેશ વાઘેલા*

મુંબઈ: અર્થશાસ્ત્રીઓ, હિમાયતીઓ અથવા બની બેઠેલા નિરીક્ષકો કે વિશ્લેષકો ભલે સરકારે રજૂ કરેલા ૨૦૨૫ના અંદાજપત્રને સંતુલિત, વિકાસલક્ષી કે મધ્યમ વર્ગને રાજી કરનારું ખપાવે પરંતુ શેરબજારને નવા અંદાજપત્રનો અંદાજ પસંદ આવ્યો હોય એવું લાગતું નથી.

ઐતિહાસિક આંકડાકીય માયાજાળનો અભ્યાસ કરવાનો શ્રમ નથી લીધો, પરંતુ પાછલા કેટલાંય વર્ષોમાં કેન્દ્રીય અંદાજપત્રની રજૂઆત બાદ અર્થતંત્રની પારાશીશી ગણાતાં શેરબજારના બેન્ચમાર્કમાં આટલો મામૂલી ફેરફાર જોવા મળ્યો હોય એવું યાદ નથી. બજેટની રજૂઆત બાદ મોટા ઉછાળા કે કડાકા બોલાયા હોવાના રેકોર્ડની જેમ આ સત્રનો અતિ સાધારણ ફેરફાર પણ ઇતિહાસમાં નોંધાશે.

ઉપરછલ્લી નજરથી સારા અને પ્રોત્સાહક પ્રસ્તાવો ધરાવતા અને મધ્યમ વર્ગને લહાણી કરનારા જણાતા અંદાજપત્રની રજૂઆત છતાં સેન્સેક્સ માંડ માંડ પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૫૦૦ની નીચે સરક્યો હતો. શનિવારે બજેટને કારણે શેરબજારમાં વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાર્કિક જસ્ટીફિકેશન આપવું હોય તો કહી શકાય કે સળંગ ચાર સત્રની તેજીમાં (જુઓ પાનું ૨) ▶▶






## ડ્રીમ બજેટઃ દેવેન્દ્ર ફડણવીસ

કેન્દ્રીય બજેટ મધ્યમ વર્ગ માટે સપનાનું બજેટ છે. વિકસિત ભારતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા આ બજેટથી વિકાસની દિશાને ગતિ આપશે અને સર્વસમાવેશક અર્થતંત્રની દિશામાં લઈ જશે.

## આમ આદમીના ઘર સુધી પહોંચશેઃ શિંદે

સામાન્ય માણસના ઘર સુધી લક્ષ્મીજીના પગલાં પહોંચાડતું બજેટ છે. દિવાળી અને દશેરા, દરેક ઘરમાં લક્ષ્મીજી આવે છે તેવી લાગણી આજે દરેક ઘરમાં પેદા થઈ હશે, કારણ કે ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને આવકવેરામાંથી મુક્તિ મળતાં સામાન્ય માણસને મોટી રાહત મળી છે.

## આર્થિક મહાસત્તા બનવાનો પાયોઃ અજિત પવાર

આ એક એવું બજેટ છે જે દેશને આર્થિક મહાસત્તા અને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગ પર લઈ જશે. આનાથી મહારાષ્ટ્રના માળખાગત વિકાસને મજબૂતી મળશે. બજેટમાં વિવિધ વસ્તુઓ અને સેવાઓ પરના સાત પ્રકારના કર દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પહેલા પાનાનું ચાલુ

## રાહતોનો વરસાદ

સાત ટેરિફ રેટ્સ નાબૂદ કરવાનો નિર્ણય લેવાયો હતો.

વીમા ક્ષેત્રને વિદેશી રોકાણ માટે સંપૂર્ણ ખુલ્લું મૂકવા માટે તેમાં સીધા વિદેશી રોકાણની મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરાઇ છે.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જાહેર કરેલી અંદાજપત્રમાં કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડવા સહિતની વિવિધ જોગવાઇને લીધે કેન્સર અને અન્ય કેટલીક બીમારીની ઔષધ તેમ જ આયાત કરાતી ચોક્કસ ક્ષમતા ધરાવતી પ્રીમિયમ કાર અને મોટરસાઇકલ સસ્તાં થશે.

અમુક ચીજો પરની કસ્ટમ્સ ડ્યૂટી વધારી હોવાથી સંપૂર્ણ તૈયાર કરાયેલા (ફૂલી બિલ્ટ) યુનિટ તરીકે આયાત કરાતી ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (ટચ સ્ક્રીન) ડિસ્પ્લે અને કેટલાક નિટેડ ફેબ્રિક્સ જેવી ચીજો મોંઘી થશે.

ઇલેક્ટ્રોનિક રમકડાં, ફૂડ અને ડ્રિંકિંગ ઇન્ડસ્ટ્રીમાં વપરાતા સિન્થેટિક ફ્લેવરિંગ એસેન્સ, અમુક પ્રકારના દાગીના, ઇથરનેટ સ્વિચીસ કેરિયર ગ્રેડ સસ્તાં થશે.

મોંઘી થનારી ચીજોમાં સ્માર્ટ મીટર, સોલર સેલ્સ, આયાત કરાતા જોડાં (ફૂટવેર), આયાત કરાતી ચોક્કસ પ્રકારની કેન્ડલ્સ અને ટેપર, આયાત કરવામાં આવતી યૉટ અને અન્ય હોડીઓ, પીવીસી ફ્લેક્સ ફિલ્મ્સ, પીવીસી ફ્લેક્સ શીટ્સ, પીવીસી ફ્લેક્સ બેનરનો સમાવેશ થાય છે.

ભાડાંની વાર્ષિક આવક પરના ટૅક્સ ડિડક્શન એટ સોર્સ (ટીડીએસ)ની મર્યાદા રૂપિયા ૨.૪૦ લાખથી વધારીને રૂપિયા છ લાખ કરવાની જોગવાઇ ૨૦૨૫-૨૬ના બજેટમાં છે એટલે કે ભાડાં પરના ટીડીએસની માસિક મર્યાદા રૂપિયા ૨૦,૦૦૦થી વધારીને માસિક રૂપિયા પચાસ હજાર કરાઇ છે.

વરિષ્ઠ નાગરિકોની વ્યાજની આવક પરના ટીડીએસની મર્યાદા રૂપિયા પચાસ હજારથી બમણી કરીને રૂપિયા એક લાખ કરાઇ છે.

ભારતીય રિઝર્વ બૅન્કની 'લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ' હેઠળ રેમિટન્સ (વિદેશ ભંડોળ મોકલવું) પરના ટૅક્સ કલેક્ટેડ એટ સોર્સ (ટીસીએસ)ની મર્યાદા રૂપિયા સાત લાખથી વધારીને રૂપિયા દસ લાખ કરવામાં આવી છે.

વિદેશમાં ભણતા વિદ્યાર્થીને મોકલાતી રકમ પર ટૅક્સ કલેક્ટેડ એટ સોર્સ (ટીસીએસ) હવે નહિ કપાય.

સરકારે નવો 'આવકવેરા ખરડો' ચાલુ બજેટ સત્રમાં રજૂ કરવાની પણ જાહેરાત કરી હતી.

જૂની નેશનલ સેવિંગ્સ સ્કીમ (એનએસએસ)ના ખાતાં (અકાઉન્ટ્સ)માંથી ૨૦૨૪ની ૨૯ ઑગસ્ટ પછી ઉપાડાતી રકમ પર ટૅક્સ નહિ લાગે અને તેને લીધે વરિષ્ઠ નાગરિકોને મોટી રાહત મળશે.

ઇન્કમ ટૅક્સ રિટર્ન્સ નહિ ભરનારા (ફાઇલ નહિ કરનારા) લોકો માટે વધુ ટીડીએસ અને ટીસીએસની જોગવાઇ કાઢી નખાઇ છે.

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ઇન્કમ ટૅક્સ એક્ટની કલમ ૨૦૬એબી અને ૨૦૬સીસીએ કાઢી નાખવાથી ઘણી રાહત મળશે.

સંરક્ષણ ક્ષેત્રે દેશને વધુ શક્તિશાળી બનાવવાના ભાગરૂપે સંરક્ષણ બજેટમાં ગયા વર્ષના રૂપિયા ૬,૨૧,૯૪૦ કરોડની સરખામણીમાં ૨૦૨૫-૨૬ માટે રૂપિયા ૬,૮૧, ૨૦૧ કરોડ ફાળવાયા છે.

સંરક્ષણ ક્ષેત્રના મૂડી ખર્ચમાં વિમાન અને ઍરો એન્જિનો માટે રૂપિયા ૪૮,૬૧૪ કરોડ, જ્યારે નૌકાદળના કાફલા માટે રૂપિયા ૨૪,૩૯૦ કરોડ ફાળવાયા છે.

ધિરાણ સિવાયની કુલ સરકારી આવક રૂપિયા ૩૪.૯૬ લાખ કરોડ અને કુલ ખર્ચ રૂપિયા ૫૦.૬૫ લાખ કરોડ રહેવાની, કરવેરાની ચોખ્ખી આવક રૂપિયા ૨૮.૩૭ લાખ કરોડ, રાજકોષીય ખાધ જીડીપીના ૪.૪ ટકા અને બજારમાંથી કુલ ધિરાણ રૂપિયા ૧૪.૮૨ લાખ કરોડ રહેવાનો અંદાજ છે.

ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા તેઓની બેટરીઓની ઉત્પાદન વધારવા વિવિધ પગલાં લેવાશે.

કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા વડા પ્રધાનની 'ધન-ધાન્ય કૃષિ યોજના'માં રાજ્યોની સાથે ભાગીદારી કરીને ૧૦૦ જિલ્લાને આવરી લેવાશે તેમ જ તેનો લાભ ૧.૭ કરોડ ખેડૂતને મળશે.

તુવેર, અડદ અને મસૂર સહિતના કેટલાક દાળ-કઠોળમાં દેશને સ્વાવલંબી બનાવવાના હેતુસર સરકાર છ વર્ષ માટે 'મિશન ફોર આત્મનિર્ભરતા ઇન પલ્સીસ' શરૂ કરાશે. 'નાફેડ' અને એનસીસીએફ આ મિશન હેઠળ ખેડૂતો પાસેથી આગામી ચાર વર્ષ દાળ-કઠોળ ખરીદશે.

સરકારે શાકભાજી અને ફળોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા વિવિધ પગલાં લેવાની યોજના ઘડી છે. મખાનાનું ઉત્પાદન વધારવા માટે બિહારમાં 'મખાના બોર્ડ' રચાશે.

આ ઉપરાંત, આસામના નામરૂપમાં ૧૨.૭ લાખ મેટ્રિક ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતો યૂરિયા પ્લાન્ટ શરૂ કરાશે.

લઘુ ઉદ્યોગમાં રોકાણની મર્યાદા અઢી ગણી અને ટર્નઓવરની મર્યાદા બે ગણી કરવાની જોગવાઇ અંદાજપત્રમાં છે.

ઉદ્યમ પોર્ટલ પર નોંધાયેલા લઘુ ઉદ્યોગને રૂપિયા પાંચ લાખની મર્યાદા સાથેના ક્રેડિટ કાર્ડ અપાશે. પ્રથમ વર્ષે આવા ૧૦ લાખ કાર્ડ આપવામાં આવશે.

પ્રથમ વખત ઔદ્યોગિક સાહસ કરી રહેલી મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પાંચ લાખ લોકોને આગામી પાંચ વર્ષમાં રૂપિયા બે કરોડની ટર્મ-લોન અપાશે. આ ઉપરાંત, લઘુ ઉદ્યોગો દ્વારા તૈયાર કરાતી ચીજોની નિકાસ માટે વિવિધ પગલાં લેવાશે.

સારી ગુણવત્તાવાળા રમકડાંના ઉત્પાદનમાં દેશને વૈશ્વિક કેન્દ્ર કે મથક બનાવવા પ્રયાસ કરાશે.

બિહારમાં 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફૂડ ટૅક્નોલૉજી, એન્ટ્રપ્રેન્યોરશિપ ઍન્ડ મેનેજમેન્ટ' શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

'નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન' હેઠળ લઘુ અને મોટા ઉદ્યોગોને 'મેક ઇન ઇન્ડિયા' માટે પ્રોત્સાહન અપાશે.

શિક્ષણ ક્ષેત્રે અત્યાધુનિકીકરણ માટે બધી સરકારી માધ્યમિક શાળાઓ અને ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આપવામાં આવશે.

સરકારી શાળાઓમાં આગામી પાંચ વર્ષ દરમિયાન ૫૦,૦૦૦ 'અટલ ટિન્કરિંગ લેબ્સ' શરૂ કરાશે.

દેશમાં ૨૦૧૪ પછી શરૂ થયેલી પાંચ આઇઆઇટીમાં વધુ ૬૫,૦૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરી શકે, તે માટે તેઓને વધારાનું આંતરિક માળખું પૂરું પાડવામાં આવશે.

કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - એઆઇ)માં દેશના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂપિયા ૫૦૦ કરોડનો ખર્ચ કરીને 'સેન્ટર ઑફ એક્સેલન્સ ઇન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફોર એજ્યુકેશન' શરૂ કરાશે.

તબીબી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે મેડિકલ કોલેજો અને હૉસ્પિટલોમાં આગામી વર્ષે ૧૦,૦૦૦ અને આગામી પાંચ વર્ષમાં ૭૫,૦૦૦ બેઠક વધારાશે. 'પીએમ સ્વનિધિ સ્કીમ'માં બૅન્કોના કરજ અને યુપીઆઇ-લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સની મર્યાદા વધારાશે.

છૂટક કામદારોને આરોગ્ય માટે 'પીએમ જન આરોગ્ય યોજના' હેઠળ લાભ વધારાશે અને 'ઇ-શ્રમ પોર્ટલ'માં નોંધણી કરવાની સાથે ઓળખપત્રો અપાશે. અણુઊર્જા ક્ષેત્રે પ્રગતિ કરવાના હેતુસર નાના મોડ્યુલર રિએક્ટર્સ વિકસાવવા અને સંશોધન માટે 'ન્યુક્લિઅર એનર્જી મિશન' હાથ ધરાશે.

ઉડ્ડયન ક્ષેત્રે આગામી દસ વર્ષ દરમિયાન વધુ ૧૨૦ સ્થળ અને વધારે ચાર કરોડ મુસાફરને આવરી લેતી સુધારિત 'ઉડાન સ્કીમ'નો અમલ કરાશે.

આંતરરાષ્ટ્રીય વેપારના દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા અને સંબંધિત નાણાકીય સમસ્યા ઉકેલવા માટે 'ભારત ટ્રેડ નેટ ફોર ઇન્ટરનેશનલ ટ્રેડ' શરૂ કરાશે. સેસમાંથી મુક્તિ મેળવતી ૮૨ ટેરિફ લાઇન્સ પર સોશિયલ વેલફેર સરચાર્જ લાદવામાં આવશે. (એજન્સી)

## હવે ક્રિપ્ટો પણ છૂપી એસેટનો હિસ્સો ગણાશે!

મુંબઇઃ ક્રિપ્ટોકરન્સી પર ચાંપતી નજર રાખવાના પ્રથમ પગલાં તરીકે નાણાં પ્રધાન નિર્મલા સીતારામને અંદાજપત્રના પ્રવચનમાં છૂપી અસ્કયામતની વ્યાખ્યામાં 'વર્ચ્યુઅલ ડીજીટલ એસેટ'ને ઉમેરવાની દરખાસ્ત કરી છે. સરકારે પાછલા અંદાજપત્રમાં ક્રિપ્ટો કરન્સીના ટ્રેડિંગ પર ૩૦ ટકાનો વેરો લાદ્યો હતો, જે યથાવત્ રાખવામાં આવ્યો છે. ગેરકાયદેસર ટ્રાન્ઝેકશન છૂપાવવા માટે નિયમનમુક્ત ક્રિપ્ટોકરન્સીનો બેફામ ઉપયોગ થઇ રહ્યો હોવાના અહેવાલોને પગલે સરકાર આ પગલું લઇ રહી છે.

બજેટ દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, અનિશ્ચિત સમયકાળની છૂપી એસેટની વ્યાખ્યામાં 'વર્ચ્યુઅલ ડીજીટલ એસેટ'ને ઉમેરવાની દરખાસ્ત કરી છે. આનો અર્થ એ થયો કે ક્રિપ્ટો એક્સચેન્જ અને રોકાણકારોએ આ પ્રકારના વર્ચ્યુઅલ સોદા અંગે સરકારને માહિતી આપવી પડશે.

## રેલવે માટે

બમણી કરવા માટે ૩૨,૦૦૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે ગેઝ કન્વર્ઝન માટે રુ. ૪,૫૫૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.

બજેટમાં સિગ્નલિંગ અને ટેલિકોમ માટે ૬,૮૦૦ કરોડ, ઈલેક્ટ્રિક લાઈન માટે ૬,૧૫૦ કરોડ રૂપિયા, કર્મચારીઓના કલ્યાણ માટે ૮૩૩ કરોડ રુપિયાનું બજેટ ફાળવ્યું છે. રેલવે સ્ટાફની ટ્રેનિંગના ઉદ્દેશ માટે ૩૦૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત, રેલવે સેફ્ટી ફંડમાં ૪૫,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે.

રેલવે મંત્રાલય અકસ્માતોના નિયંત્રણ માટે મહત્ત્વનું પગલું ભર્યું છે. અકસ્માતોના નિયંત્રણ માટે ખાસ કરીને લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં કવચનું અપગ્રેડ વર્ઝન લોન્ચ કરશે. નવા વર્ઝનને રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ)એ તાજેતરમાં મંજૂરી આપી છે. રેલવે મંત્રાલયે બજેટમાં તેના અંગે કોઈ જાહેરાત કરી નથી, પરંતુ જૂની જાહેરાતોનો ઝડપથી અમલ કરવા મુદ્દે વધુ ફોક્સ કરવામાં આવશે. દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકાતા રુટમાં કવચને લોન્ચ કરવામાં આવશે. આ યોજના અન્વયે કુલ મળીને ૯,૦૦૦ કિલોમીટર લાંબા રેલવે ટ્રેક પર કવચથી તૈયાર કરવામાં આવશે.

દરમિયાન બજેટની જાહેરાત વખતે શેરબજારમાં રેલવેના સ્ટોકમાં મોટી ઉથલપાથલ સર્જાઈ હતી. શેરના ભાવમાં જોરદાર લેવાલી નીકળી હતી, જેમાં આરવીએનએલ, આઈઆરએફસી, ઈરકોન ઈન્ટરનેશનલ લિમિટેડ, રેલટેલ લિમિટેડ અને આઈઆરસીટીસીના શેરમાં મોટી લેવાલી પછી ધોવાણ જોવા મળ્યું હતું. માર્કેટ બંધ વખતે આઈઆરસીટીસીના ભાવમાં ૩.૪૨ ટકા, આરવીએનએલના શેરમાં નવ ટકા, આઈઆરએફસીમાં ૬.૩૬ ટકા અને ઈરકોન ઈન્ટરનેશનલ લિમિટેડના ભાવમાં ૯.૩૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

## સંરક્ષણ ક્ષેત્ર

ફાળવ્યા છે. જોકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સંરક્ષણ બજેટના માત્ર ૨૭.૬૬ ટકા જ મૂડી ખર્ચ માટે ફાળવવામાં આવ્યા છે. તેમાંથી મોટાભાગનો હિસ્સો અંગત ખર્ચ માટેનો હતો. સ્વદેશી રીતે ઉત્પાદિત સાધનો માટે મૂડી ખર્ચ ખરીદી બજેટના ૭૫ ટકા સુધી વધારવામાં આવ્યો છે. જોકે નિષ્ણાતોના મતાનુસાર ભારતે સંશોધન અને વિકાસ માટે વધુ ફાળવણી કરવાની જરૂર છે.

ગયા વર્ષથી કેન્દ્રીય બજેટમાં મેક ઇન ઇન્ડિયા અને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૪માં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ. આ સમયગાળા દરમિયાન સંરક્ષણ મંત્રાલયે ૧.૨૬ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ ઉત્પાદન કર્યું. ઉપરાંત સંરક્ષણ નિકાસ રૂ. ૨૧,૦૮૩ કરોડ સુધી પહોંચી. ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન અને સ્વદેશી રીતે નિર્મિત લાઇટ ટાંકી ઝોરાવરનું ઇન્ડક્શન તેનું પ્રતીક છે.

## ૫૦ વંદે ભારત

લોકોને સમાન લાભ મળી શકે તે માટે ભારતીય રેલવે નૉન-એસી કોચ માટે ૨:૩ અને એસી કોચ માટે ૧:૩નું પ્રમાણ જાળવી રાખશે.

દેશભરની ટ્રેનોમાં જનરલ કોચની સંખ્યા વધારવા વિશેષ ઉત્પાદન કાર્યક્રમ શરૂ કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી.

ઓછી આવક ધરાવતા વર્ગના લોકોનો પ્રવાસ વધુ સરળ અને પરવડી શકે તેવો બનાવવાના આશયથી ભારતીય રેલવેએ ચેન્નઈસ્થિત ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ)માં અમૃત ભારત ટ્રેન અને નવી નૉન-એસી ટ્રેનનું ઉત્પાદન પણ વધારી દીધું છે.

તમામ વર્ગના લોકોને પરવડે તે માટે ૧૦૦ જેટલી નૉન-એસી અમૃત ભારત ટ્રેન પણ શરૂ કરી દેવામાં આવી છે. (એજન્સી)

## આખલો મૂંઝાણો

બજારે બજેટની પોઝિટિવ બાબતો અગાઉ ડિસ્કાઉન્ટ કરી લીધી હોવાથી પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. એક કારણ એવું પણ અપાઇ રહ્યું છે કે ડિવિડંડને લગતી એકાદ છૂટછાટ ઉપરાંત રિટેલ ઇન્વેસ્ટર માટે બજેટમાં કોઇ ખાસ જોગવાઇ નથી.

સદ્ભાગ્યે આવકવેરાને લગતી આશા ફળી છે, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે કેપેક્સમાં વાર્ષિક ધોરણે માત્ર ૧૦ ટકાના વધારાથી અર્થશાસ્ત્રીઓ નાખુશ છે. રેલવે, ડિફેન્સ અને ઇન્ફ્રાસ્ટ્રકચર જેવા મહત્ત્વનાં ક્ષેત્રો પર આની નકારાત્મક અસર પડવાની ભીતિ છે. અંદાજપત્રમાં સૌથી મોટી જાહેરાત પગારદાર વર્ગને રૂ. ૧૨ લાખ સુધીની આવક પર આવકવેરામાં આપેલી મુક્તિમર્યાદાની ભેટ ગણી શકાય, જોકે એ સંદર્ભે પણ સામાન્ય લોકોમાં દરના સ્લેબને કારણે મૂંઝવણ છે. ઉપરાંત આ રાહત મધ્યમવર્ગ માટે નહીં, પરંતુ વપરાશી માગ વધારીને ઉદ્યોગોને અને અર્થતંત્રને ટેકો આપવાના હેતુસર અપાઇ છે. આ જાહેરાતને પગલે કન્ઝ્યુમર ડ્યુરેબલ, એફએમસીજી અને ઓટોમોબાઇલ સેક્ટરના શેરોમાં લેવાલી વધી હતી અને સંબંધિત ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ તે બજારને ટેકો આપવા માટે અપર્યાપ્ત હતો. આ સુધારો મધ્યમ વર્ગ ખર્ચમાં વધારો કરશે એવી આશાને આધારે હતો, જેની કસોટી આગામી સમયમાં થશે. નોંધવું રહ્યું કે, મૂડીઝ રેટિંગ્સે જણાવ્યું હતું કે મધ્યમ વર્ગ માટે ભારત સરકારની કર રાહતની અસર આર્થિક વિકાસ પર મર્યાદિત રહી શકે છે. બજેટના કર પગલાં વૃદ્ધિને નોંધપાત્ર રીતે વેગ આપવા માટે પૂરતા છે કે કેમ તે અનિશ્ચિત બાબત છે. સરકારે રાજકોષીય ખાધને ઘટાડીને ૪.૪ ટકા સુધી લઇ જવાનો અંદાજ માંડ્યો હોવા છતાં મૂડીઝે ભારતના રેટિંગમાં તાત્કાલિક સુધારો કરવાનો ઇનકાર જાહેર કર્યો છે.

એકંદરે બજાર અત્યારે સ્પષ્ટતા માટે મથી રહ્યું છે અને આગામી ચાલનો આધાર રિઝર્વ બેન્કના વ્યાજદરના નિર્ણય ઉપરાંત ખાસ કરીને તઘલખી મિજાજ ધરાવતા ટ્રમ્પની સંભવિત ટેરિફ વોર અને વિશ્વબજાર પર તેની થનારી અસર પર આધારિત છે.

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨-૨-૨૦૨૫ થી તા. ૮-૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. બુધ મકર રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી ગુરુ વૃષભ રાશિમાં તા. ૪થીએ માર્ગી થાય છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મીન રાશિમાં રહે છે. તા. ૩જીએ મેષ રાશિમાં, તા. ૬ઠ્ઠીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે, તા. ૮મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન વેપારની કાર્યપદ્ધતિની જાણકારી મેળવી શકશો. નોકરી માટે તા. ૪, ૫, ૬ અનુકૂળ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. વેપાર વધશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મિત્રોમાં યશ મેળવશો. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓ યશસ્વી પુરવાર થશે. મહિલાઓને નોકરીના કામકાજ પૂર્ણ કરવામાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારના નાણાં મેળવી શકશો. તા. ૩, ૬, ૭ નોકરીમાં સફળતા દર્શાવે છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થાય. કુટુંબમાં યશસ્વીપણું અનુભવશો. કાર્યક્ષેત્રે મિત્રોનો સાથ-સહકાર મેળવશો. પ્રવાસમાં મહિલાઓને સુખદ અનુભવ થાય. તીર્થાટન તથા ધાર્યા મુજબના ધાર્મિક કાર્યો સફળ નીવડશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીનો વેપાર સફળ નીવડશે. નોકરી માટે તા. ૨, ૩, ૪ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ જળવાશે. નોકરીના અધિકારી, જૂના કાર્યો પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ સફળ થશે. જૂની નાણાં ઉઘરાણીની વસૂલી સંપન્ન થાય. કુટુંબમાં મહિલાઓને યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓના નિત્ય અધ્યયનના કામકાજ સફળ નીવડશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક વેપાર અને લાંબા સમયના નાણાંનું રોકાણ સફળ જણાશે. પ્રવાસથી નોકરીના કામકાજ સંપન્ન થાય. તા. ૩, ૪, ૭ પ્રગતિસૂચક જણાય છે. વેપાર વધશે. વેપારની આવક જળવાશે. કુટુંબના સભ્યોની પ્રગતિ જળવાશે. નવા કામકાજનો પ્રારંભ થાય. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ નીવડશે. અધિકારીઓ, શિક્ષકોનું માર્ગદર્શન મેળવશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની શક્યતા જણાય છે. નોકરીમાં તા. ૫, ૭, ૮ શુભ જણાય છે. તા. ૩જીએ મહત્ત્વની આર્થિક મૂંઝવણો દૂર થશે. સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થશે. ભાગીદાર ઉપયોગી થશે. ગૃહિણીઓ પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે ઈચ્છિત તક પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીનો વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૩, ૭, ૮ નવા કામકાજમાં સફળતા દર્શાવે છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. ભાગીદાર સાથેના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ આવશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને પરિવારના જવાબદારીના કામકાજમાં અપયશનો ભય જણાશે. વિદ્યાર્થીઓએ મિત્રો સાથેના વ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની શક્યતા જણાય છે. તા. ૨, ૩, ૫ના નવા નોકરીના કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. અધિકારીઓનું પ્રોત્સાહન પ્રાપ્ત કરશો. નોકરીના સંઘર્ષમાં સરળતા જણાય છે. હસ્તગત કામકાજ પૂર્ણ કરી શકશો. વેપારની નાણાં આવક જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષિત અધ્યયનની પ્રવૃત્તિઓ પૂર્ણ થતી જણાશે. મહિલાઓને પડોશ સંબંધોમાં અનુકૂળતા જણાશે. જૂનાં વિવાદો દૂર થશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં રોકાણ માટેની તક મેળવશો. નોકરી માટે તા. ૪, ૫ શુભ ફળદાયી જણાય છે. પ્રવાસ એકંદરે સફળ નીવડશે. કોર્ટ-પ્રશ્નો હળવા થશે. મિત્રોમાં સંપ વધશે. રાજકીય સામાજિક પ્રવૃત્તિઓ સફળ નીવડશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. વેપારના નિર્ણયોમાં સરળતા નિર્માણ થશે. સપ્તાહની નાણાં આવક વધશે. મહિલાઓને કુટુંબીઓનો સુખદ અનુભવ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓનો આ સપ્તાહમાં સફળ અધ્યયનનું આયોજન જણાય છે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૪, ૫, ૬ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ થશે. નોકરીના સહકાર્યકરો મદદે આવશે. વેપાર વધશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. કાયદાકીય પ્રવૃત્તિઓ સંપન્ન થાય. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા કામકાજ, નવા અભ્યાસના પ્રારંભ માટે સરળતા જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટેની તક જણાય છે તથા દૈનિક સાપ્તાહિક વેપાર પણ સફળ થતો જણાશે. નોકરીના સહકાર્યકરોનો સુખદ અનુભવ થશે. તા. ૩, ૬ના રોજ નોકરીના કઠિન કામકાજ સંપન્ન થતાં જણાશે. વેપારના કામકાજના અનુભવો સુખદ બની રહેશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ માટે જરૂરી સાધન સગવડતા પ્રાપ્ત કરી શકશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો.વેપાર લાભદાયી નીવડશે. તા. ૪, ૫, ૬ના કામકાજ અનુકૂળ બની રહેશે. નોકરીની પ્રવૃત્તિઓ યશસ્વી અને ઉત્સાહપ્રેરક બની રહેશે. અકારણ નાણાં ખર્ચ ઉપર કાબૂ રાખી શકશો. પરંતુ નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને સંતાનના અધ્યયનની જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર શુભ ફળદાયી જણાય છે. નોકરી માટે તા. ૬, ૭, શુભ જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કાર્યો પૂર્ણ કરવા માટે સફળ રહેશો. નોકરીના અધિકારીનો સહયોગ, પ્રોત્સાહન પણ મેળવશો. રાજકીય પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. વેપારની નાણાં આવક જળવાશે મહિલાઓને પરિવારમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં નિયમિતતાનો અનુભવ થશે.

## આજનું પંચાંગ

(સૌર હેમંતઋતુ પ્રારંભ), રવિવાર, તા. ૨-૨-૨૦૨૫

ભારતીય દિનાંક ૧૩, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૪
પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૩જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૪થો, માહે ૮મો શાબાન,સને ૧૪૪૬
નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રે ક. ૨૪-૫૧ સુધી, પછી રેવતી.
ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧-૮ મિ. ૨૬ સ્ટા. ટા.

-મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ -

ભરતીઃ બપોરે ક.૧૪-૩૯, મધ્યરાત્રિ પછી ક.૨-૫૩(તા.૩)
ઓટઃસવારે ક.૮-૩૪,રાત્રે ક.૨૦.૩૨

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - ચતુર્થી. પંચમી ક્ષયતિથિ છે, શ્રી પંચમી, વસંત પંચમી, સરસ્વતી પૂજા, આચાર્ય સુંદર સાહેબ જયંતી (સચ્ચિદાનંદ સંપ્રદાય), પંચક, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૧૪. તૃતીય શાહી સ્નાન, મહાકુંભ મેળો (પ્રયાગરાજ).

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ સરસ્વતી પૂજા,અહિરબુધ્ન્યાય દેવતાનું પૂજન, લિમડો વાવવો. સૂર્ય-શનિ દેવતાનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજન, ચંદ્ર બળ મુજબ સીમંત સંસ્કાર ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી, ધજા, કળશ પતાકા ચઢાવવી.

આચમનઃચંદ્ર-રાહુ યુતિ મનની શાંતિનો અભાવ

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ

ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨-૨-૨૦૨૫ થી તા. ૮-૨-૨૦૨૫

રવિવાર, માઘ શુક્લ-૪, વિ. સં. ૨૦૮૧, તા. ૨જી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રે ક. ૨૪-૫૧ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચમી ક્ષયતિથિ છે, શ્રી પંચમી, વસંત પંચમી, સરસ્વતી પૂજા, આચાર્ય સુંદર સાહેબ જયંતી (સચ્ચિદાનંદ સંપ્રદાય), પંચક, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૧૪. તૃતીય શાહી સ્નાન, મહાકુંભ મેળો (પ્રયાગરાજ) શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, માઘ શુક્લ-૬, તા. ૩જી નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૩-૧૮ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં ક. ૨૩-૧૬ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. શીતલા ષષ્ઠી (બંગાળ), પંચક સમાપ્તિ ક. ૨૩-૧૬. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન શુભ દિવસ.

મંગળવાર, માઘ શુક્લ-૭, તા. ૪થી, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૧-૪૯ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. રથ સપ્તમી, આરોગ્ય સપ્તમી, વિધાન સપ્તમી, ચંદ્રભાગા સપ્તમી (ઓરિસ્સા), મન્વાદિ, ગુરુ માર્ગી બપોરે ક. ૧૫-૧૧, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી રાત્રે ક. ૨૧-૪૯ (પ્રવેશે વર્જ્ય), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૦. લગ્ન, ઉપનયન, શુભ દિવસ.

બુધવાર, માઘ શુક્લ-૮, તા. ૫મી નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦-૩૨ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૫ સુધી (તા. ૬ઠ્ઠી). પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, બુધાષ્ટમી, ખોડિયારમા જયંતી, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૩૧. ખાતમુહૂર્ત. શુભ દિવસ.

ગુરુવાર, માઘ શુક્લ-૯, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર શ્રવણ કૃત્તિકા રાત્રે ક. ૧૯-૨૮ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી, સૂર્ય ધનિષ્ઠામાં ૦૭-૫૧. લગ્ન સિવાયના શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માઘ શુક્લ-૧૦, તા. ૭મી, નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૮-૩૯ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર). લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન શુભ દિવસ.

શનિવાર, માઘ શુક્લ-૧૧, તા. ૮મી, નક્ષત્ર મૃગશીર્ષ સાંજે ક. ૧૮-૦૬ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૬-૨૦ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. જયા એકાદશી (શેરડી), ભદ્રા સવારે ક. ૦૮-૪૮ થી ૨૦-૧૫. શુભ કાર્ય વર્જ્ય છે.




## મોદીએ બજેટને વખાણ્યું

શનિવારે રજૂ કરેલાં બજેટને ‘પીપલ્સ બજેટ’ લેખાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને વધાવી લીધું હતું. સરકારે યુવાનો માટે અનેક સેક્ટર ખુલ્લાં મૂકી દીધાં છે જે વિકસિત ભારતનાં મિશનને આગળ વધારશે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને તેમની ટીમને અભિનંદન આપતાં મોદીએ કહ્યું આ બજેટથી બચત, રોકાણ અને વિકાસ વધશે.

## નિર્માણને વેગ આપતું બજેટ: અમિત શાહ

બજેટને વિકસિત ભારતના નિર્માણને વેગ આપતું લેખાવતાં કેન્દ્રિય પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હૃદયમાં દેશનો મધ્યમ વર્ગ હંમેશાં વસેલો છે. સર્વસમાવેશક અને દૂરંદેશીભર્યા બજેટ બદલ તેમણે મોદી અને નિર્મલા સીતારમણને અભિનંદન આપ્યા હતા.




# આર્થિક વિકાસને વેગ આપવાના લક્ષ્ય સાથે રાહતોની ઢગલાબંધ જાહેરાત...

### કોઈ નવો બોજ નાખ્યા વિના રાહતો આપવાનો સંગીન પ્રયાસ.... મધ્યમ વર્ગ- કૃષિ ને ગ્રામ્ય વર્ગ સહિતના લોકોને મહત્તમ રાજી કરવાનો પ્રયાસ


**જયેશ ચિતલિયા**

આ વખતનું બજેટ જાહેર થાય એ પહેલાં કેટલીક એવી ઘટનાઓ બની કે બજેટ સામે ચોક્કસ પડકારો વધી ગયા હતા. આમાંથી ત્રણ ઘટના વિશેષ કહી શકાય, જેમકે... અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની સત્તા પર આવ્યા બાદ શરૂ થયેલી દાદાગીરી, ૨૦૨૪ના ઉત્તરાર્ધમાં ભારતીય અર્થતંત્રની મંદ પડેલી ગતિ, ડૉલર સામે સતત નબળો પડતો જતો રૂપિયો...

આ ઉપરાંત મોંઘવારી અને વ્યાજદરના પડકાર તો હતા જ. ફિસ્કલ શિસ્તની જરૂરિયાતના સંજોગો અને માગની મંદી પણ ઘેરાયેલી હતી સાથોસાથ, ફોરેન ઈન્વેસ્ટર્સ સતત વેચવાલ બનીને સ્ટોક માર્કેટને નીચે લઈ જઈ રહ્યા હતા.

બીજી બાજુ વૈશ્વિક મંચ પર રાજકીય સમસ્યાઓ, અનિશ્ચિતતા અને યુદ્ધનો તણાવ સૌને અદ્ધર રાખી રહ્યા હોય એ બધા વચ્ચે - એવા સમય-સંજોગમાં એવું બજેટ તૈયાર કરવું કડાકૂટભર્યું તો હતું. આવા પડકારોનો સામનો કરતાં-કરતાં વિકાસની ગાડીને આગળ તો લઈ જવી પડે...

ફાઈનાન્સ મિનિસ્ટર નિર્મલા સીતારમણે આ વખતે આઠમી વાર અંદાજપત્ર રજૂ કરીને ઉપરોક્ત કેટલીક બાબત-ઘટનાઓને ધ્યાનમાં રાખી છે અને, બાકીનાની હાલ પૂરતી ઉપેક્ષા કરી કહી શકાય.



તસવીર: જયપ્રકાશ કેળકર

**ધમાકેદાર જાહેરાત મધ્યમ વર્ગ માટે...**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આગલા દિવસે કરેલી ખાસ જાહેરાત મુજબ બજેટે મધ્યમ વર્ગને રાહત આપવા પર વિશેષ ફોકસ કર્યું છે, જેમાં સૌથી ધમાકેદાર કહી શકાય એવી જાહેરાત નાણાં પ્રધાને બજેટ સ્પિચ પૂરી કરતી વખતે એ કરી કે વાર્ષિક ૧૨ લાખ સુધીની આવક પર કોઈ આવકવેરો ભરવાનો થશે નહીં. ઈન્કમ ટૅક્સને લાગેવળગે છે ત્યાં સુધી અત્યાર સુધીની આ સૌથી મોટી રાહત કહી શકાય. જોકે અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે, જે લોકો નવા ટૅક્સ રિજમમાં જશે તેને માટે આ રાહત છે. આ વિષય આનંદદાયક અને આવકાર્ય હોવા છતાં એમણે પોતાના ટૅક્સ કન્સલટન્ટ સાથે સમજી લેવો જોઈશે. આમ તો સ્ટાન્ડર્ડ ડિડકશનને ગણતરીમાં લેવાય તો ૧૨.૭૫ લાખ સુધીની આવક કરમુક્ત થઈ ગઈ ગણાય. હા, અન્ય કોઈ આવક હશે તો તેના પર ટૅક્સ લાગશે, જેમ કે કૅપિટલ ગેન જેવી આવક.

**દરેક વર્ગ-સેકટરને કંઈક આપવાનો પ્રયાસ**

બજેટે ગરીબ વર્ગ, ગ્રામ્ય, કૃષિ, મધ્યમ વર્ગ, નારી વર્ગ, યુવા વર્ગ, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈસિસ એકમો (એસએમઈ), સ્ટાર્ટઅપ્સ, નિકાસ, ઉત્પાદન ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે સહિત ઓવરઓલ ઈકોનોમીના વિકાસ પર ધ્યાન આપવાની નીતિ ચાલુ રાખી છે, જે નીતિ મોદી સરકારની પહેલેથી જ રહી છે, જેમાં સબ કા સાથ - સબ કા વિકાસ અને સબ કા પ્રયાસ પણ છે.

**વિકાસના વિસ્તારો અને મુખ્ય એન્જિન**

નિર્મલા સીતારમણે દસ બ્રોડ એરિઆ પર ફોકસ કરવા સાથે અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વના એન્જિન અલગ તારવી બજેટે એ તમામને કઈ રીતે પ્રેરક બળ આપવું એના પર પ્રકાશ પાડયો છે, જેના આધારે પાંચ વરસમાં ભારતીય ઈકોનોમીને ગ્લોબલ મંચ પર ઊંચે લઈ જવાના વિશ્વાસને વ્યક્ત કર્યો છે. કરવેરા, પાવર સેકટર, ફાઈનાન્સિયલ સેકટર, એગ્રિકલ્ચર સેકટરને વિશેષ મહત્ત્વ આપવા સાથે સીતારમણે એકસપોર્ટ મોરચે પણ ભારતને નવી ઊંચાઈ પર લઈ જવાનું ધ્યાન આપ્યું છે. કૃષિને એમણે દેશના અર્થતંત્રનું પ્રથમ એન્જિન ગણાવ્યું છે. આ દિશામાં એમણે ખેડૂત વર્ગને આ સેકટરને ભરપૂર પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી છે.

**કેટલીક ઈનોવેટિવ જાહેરાત...**

મજાની અને રસપ્રદ વાત એ છે કે નાણાં પ્રધાને આ બજેટમાં કેટલાંક ઈનોવેટિવ-નવીન કદમ પણ ભર્યાં છે, જેમાં ઈન્ડિયા પોસ્ટને સોંપાયેલી વધુ અને નવી ભૂમિકા સમજવી જોઈશે. નાણાં પ્રધાને ‘એમએસએમઈ’ સેકટરને બીજું ગ્રોથ એન્જિન ગણાવ્યું છે. ટેકસટાઈલ્સ સેકટરને પણ નાણાં પ્રધાને સારું એવું પ્રોત્સાહન આપવા ઉપરાંત એમણે જે આંખે ઊડીને વળગે એવું કામ કર્યું છે તે રોજગાર સર્જન પર ફોકસનું છે. આ દિશામાં એમણે લેબર ઈન્ટેન્સિવ કામકાજ-પ્રોજેકટસ- સેકટરને ખાસ મહત્ત્વ આપ્યું છે.

આ બજેટે મેક ઈન ઈન્ડિયાની વાતો તો દોહરાવી જ છે, પરંતુ ટૉય્સ-રમકડાંના ક્ષેત્રે ભારતને ગ્લોબલ હબ બનાવવાનું મિશન જાહેર કર્યું છે. એ જ રીતે, નાણાં પ્રધાને શૈક્ષણિક સહિત રિસર્ચ અને ઈનોવેશન, ગિગ વર્કર્સ, યુવા ધન, અર્બન નાના કદના બિઝનેસને નવી રીતે પ્રમોટ કરવાનો પ્રયાસ કર્યો છે. નેશનલ મેન્યુફેકચરિંગ મિશન સ્થાપવાની વાત કરી છે. લોકોમાં રોકાણ કરવાની વાતને પણ એમણે નોખી નીતિ તરીકે હાથ ધરી છે અર્થાત્ માનવબળમાં પણ રોકાણની કેવી જરૂર છે તેનું પ્રતિબિંબ આ પગલાઓમાં પડે છે. વીમા સેકટરમાં એફડીઆઈની મર્યાદા વધારીને આ સેકટર માટે પણ વિકાસની ગતિ ઝડપી બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.■

## કેટલીક ઝીણી-ઝીણી મહત્ત્વની પ્રોત્સાહક ઝલક...

ડિલિવરી મેનને વીમાનો લાભ, સિનિયર સિટિઝન્સને ટૅકસ-ટીડીએસનો લાભ, ચોકકસ વર્ગને ટીસીએસનો લાભ, ટુરિઝમ સેકટરને નોખો લાભ, ફેરિયાઓને અલગ સ્વરૂપે ધિરાણની સુવિધા, ધાર્મિક અને આધ્યાત્મિક સ્થળોને પ્રોત્સાહન, મેડિકલ ટુરિઝમ, આવકવેરાનાં રિટર્ન ફાઈલિંગમાં વધુ સમયની સુવિધા આપવી, કરવેરાના વિવાદ ઘટાડવાની અને રાહત આપવાની દિશામાં કદમ, રાજ્યો સાથે વિવિધ વિકાસનાં પગલાં માટે હાથ મિલાવવાની નોખી નીતિનાં કદમ, રાજ્યોને પચાસ વરસના લાંબા સમયની વ્યાજમુક્ત ધિરાણ સુવિધા વગેરે જેવી અનેકવિધ વાત બજેટે સમાવી લઈને વિકાસના માર્ગમાં દેશના તમામ વર્ગને (ઈન્કલુઝિવનેસ) સમાવી લેવાનો અભિગમ રાખ્યો છે. આ જ રીતે, ગુડ ગવર્નન્સ, ઈઝ ટુ ડુ બિઝનેસ સહિત કેવાયસીની જટિલ સમસ્યાના ઉકેલની દિશામાં સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રીની આ વરસે સ્થાપના કરવાના નિર્ણય મારફત ઈન્વેસ્ટમેન્ટ જગતને મોટી રિલીફ આપી છે. બીજા શબ્દોમાં કહીએ તો નાણાં પ્રધાને આ વખતના બજેટમાં મહત્તમ આપવાની મનોવૃત્તિ અને અભિગમ રાખ્યા છે. દરેક વ્યક્તિ અને સેકટરને કંઈક ને કંઈક આપવાનું વલણ રાખ્યું છે. દેશની ઈકોનોમીને ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી ગણાવતાં એમણે જે રાહત-પ્રોત્સાહનો આપ્યાં છે તેની ઝલક જોઈએ તો આ બજેટ પાંચ વરસનો લાંબો પ્લાન છે, જેનું લક્ષ્ય વિકસિત ભારત છે.

આમ તો બજેટને તેની જાહેરાતના દિવસે જ મૂલવવું અઘરું હોય છે અને તે અધૂરું પણ ગણાય, કારણ કે બજેટમાં મુખ્યત્વે ફાઈન પ્રિન્ટ પણ સમજવાની હોય છે તેમ છતાં આ વખતના બજેટમાં ફાઈન પ્રિન્ટ ઓછી જણાય છે, જ્યારે કે રાહતની ઘણી વાત સીધેસીધી કરવામાં આવી છે. ■

કચ્છી લોહાણા



જન્મ : ૨૧-૦૯-૧૯૫૩ સ્વર્ગવાસ : ૧-૨-૨૦૨૫

પ્રતીમાબેન દિલીપભાઈ ભાટે (અથનીવાળા)

વાત્સલ્ય મૂર્તિ, પ્રેમાળ તથા ધર્મપ્રિય એવા દેવાનુપ્રિયા આત્મા ને શત્ શત્ પ્રણામ

શોકાતુર

પતિ : સ્વ. દિલીપભાઈ લીલાધર ભાટે, પુત્ર : તેજસ દિલીપ ભાટે, પુત્રવધુ : અર્ચના તેજસ ભાટે, દિકરી : જાગૃતિ આનંદ ઠક્કર, ગીતા કેતન ચંદે, શીતલ વીરલ ઠક્કર, પિતા : સ્વ. રાઘવજી ખીમજી ખાંટ ભાઈ : સ્વ. ભુપેન્દ્ર રાઘવજી ખાંટ, સ્વ. સુરેન્દ્ર રાઘવજી ખાંટ સસરા : સ્વ. લીલાધર દયાળજી ભાટે (અથની) દેરાણી : રેણુબેન પંકજ ભાટે , ભત્રીજી : હેમાંગી નવતેજ દોશી, કેતકી નણંદ : ઉમા દિલીપ ગંધા, વીણા નરેન્દ્ર ઠક્કર, સ્વ. દક્ષા વિનોદ ઠક્કર, જાનકી અશોક નૈસર્ગી, પૌત્રી : પ્રણાલી, ધ્રુવી, દોહિત્ર : શ્રેયાંશ, સાહિલ, યક્ષ, રૂદ્ર, દોહિત્રી : શ્રેયા, પ્રેક્ષા, ઈશા, રીતીકા

ગામ : ભદ્રેશ્વર-કચ્છ

પ્રાર્થના સભા: રવિવાર તા. ૨-૨-૨૦૨૫ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સ્થળ : પાટીદાર વાડી, ૨ જે માળે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે.), મુંબઈ-૮૬.

બંને પક્ષની પ્રાર્થના સભા રાખેલ છે.
લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

# મધ્યમ વર્ગ માટે સદીનું શ્રેષ્ઠ બજેટ

**સી. એ. પ્રકાશ દેસાઈ**

નસીબ સારા હોય તેને ભગવાન છપ્પર ફાડીને આશીર્વાદ આપે છે તે કહેવતોમાં સાંભળ્યું છે, પરંતુ તેનો અનુભવ ભાગ્યશાળીને જ થાય છે. અને જયારે ભારતમાં કેન્દ્ર સરકારના બજેટની વાત હોય તો સૌથી મોટા આશીર્વાદ ત્યારે થાય છે જ્યારે બજેટમાં મધ્યમ વર્ગને કરવેરાના નવા ભારથી લાદવામાં નથી આવતાં પણ ૨૦૨૫ના નાણાં પ્રધાન નિર્મલા સિતારમણના બજેટમાં પણ કંઇક આવી જ આશા હતી કે કદાચ નાણાં પ્રધાન મિનિમમ ટેક્સેબલ ઇન્કમની થ્રેસહોલ્ડ ૭ લાખથી વધારીને ૭.૫૦ લાખ કે ૮ લાખ કરશે કે કદાચ મિડલ કલાસને નવા કરના ભારથી દૂર રાખવામાં આવશે. તેની સામે સૌથી વધારે આશાસ્પદ માણસની આશાથી પણ વધારે ઇન્કમ ટેક્સ પાત્ર ઇન્કમની લઘુતમ મર્યાદા ૭ લાખથી ૧૨ લાખ સુધી વધારીને ઇન્ડિપેન્ડન્ટ ઇન્ડિયાના બજેટમાં પહેલીવાર આટલી મોટી ભેટ મધ્યમ વર્ગને આપી છે. જે કલ્પનાથી પણ વધારે છે અને જે રાહત આપી છે તે નામ પૂરતી નથી પણ સાઇઝેબલ છે. કારણ કે આના કારણે કુલ એક લાખ કરોડ રૂપિયાના ટેક્સની બચત થશે જે સ્લોડાઉન ઇકોનોમીને ગતિશીલ કરવા માટે જરૂરી ઇંધણ પૂરું પાડશે. વ્યક્તિગત આવકવેરાના ટેક્સના દર ૪ લાખની આવકથી ૪ ટકાએ શરૂ થાય છે પણ માર્જિનલ રિલિફ રૂ.૬૦,૦૦૦ સુધી મળવાના કારણે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક ઉપર કોઇપણ વ્યક્તિને આવકવેરો ભરવો નહીં પડે. પગારની ઇન્કમ ધરાવતા કરદાતાઓ માટે તો આ લિમિટ ૧૨૭૫૦૦૦ની થશે. જેમાં ૭૫૦૦૦ રૂપિયાના સ્ટાન્ડર્ડ ડિડકશનની રકમનો સમાવેશ થાય છે.

અને ૨૪ લાખની ઇન્કમ જયારે ક્રોસ થાય ત્યાર ૩૦ ટકાનો દર શરૂ થાય છે. આમ સમાજના દરેક સ્તરે આવક ધરાવતા લોકોને ફાયદો થશે અને કરદાતાના હાથમાં સરપ્લસ રકમ રહેશે જેના કારણે રિટેલ, એવીએશન, ટૂરિઝમ, એન્ટરટેઇનમેન્ટ, હોટેલ, વ્હાઇટ ગુડઝ, કન્ઝમશન, લકઝરી પ્રોડકટસ અને ખાસ કરીને ઓનલાઇન શોપિંગ અને મોલ્સમાં ફૂટફોલ વધવાના કારણે ખરીદી વધવાના કારણે માલની માગમાં વધારો થવાના કારણે ઇકોનોમીમાં નવી જાન આવી જશે અને ઉત્પાદનમાં પણ વધારો થશે. સેલરી વેજિસમાં પણ વધારો થતા ચારે તરફ આવકના સ્ત્રોતો વધતા જોવા મળશે.

આટલું જ નહીં પણ નાગરિક જીવન વિમા, હેલ્થ ચેકઅપ, બાળકો માટે બેટર એજયુકેશન અને મ્યુચ્યુઅલ ફંડ અને શૅર્સમા રોકાણ કરવા માટે પણ મિડલકલાસના હાથમાં આ ૧૨ લાખની લિમિટના કારણે સરપ્લસ રકમ રહેશે. જે ગેમચેન્જર સાબિત થઇ શકે છે.

આની સાથોસાથ સિનિયર સિટિઝન્સની બૅન્ક વ્યાજની આવકમાં ૧ લાખ રૂપિયાની વ્યાજની આવક સુધી ટીડીએસ નહીં કાપીને મોટી રાહત આપવામાં આવેલ છે.

વ્યાપારી વર્ગને પણ ૫૦ લાખના ટ્રાન્ઝેકશન ઉપર ટીડીએસને ૧લી એપ્રિલ ૨૦૨૫થી રદ કરવાનો પ્રસ્તાવ છે. ટીડીએસ પાત્ર પેમેન્ટની પણ લઘુતમ રકમ પણ વધારીને નાના કરદાતાને રાહત આપવામાં આવી છે. જેમકે પ્રોફેશનલ સર્વિસિઝની ટીડીએસ પાત્ર પેમેન્ટની રકમ રૂ.૩૦,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી છે. કમિશન પેમેન્ટના ૧૫૦૦૦થી વધારીને ૨૦,૦૦૦ અને ભાડાના રૂ. ૨.૪૦ લાખ વધારીને ૬ લાખ રૂપિયા કરવામાં આવેલ છે. જીવન વિમાની પૉલિસીમાં પણ સેકશન ૧૦ (૧૦) (ડી) ની શરત દૂર કરીને રાહત આપવામાં આવેલ છે. અપડેટેટ રિટર્ન પણ હવે ૪ વર્ષ સુધી ફાઇલ કરી શકાશે. આવતા અઠવાડિયે આવકવેરાના નવા કાયદાનું બિલ સંસદમાં નાણાપ્રધાન રજૂ કરવાના છે તેની પ્રસ્તાવનામાં તેણે બજેટ ભાષણમાં કહ્યું છે કે તે હાલના કાયદાની સાઇઝ કરતા અડધો હશે અને તેની ભાષા પણ સામાન્ય કરદાતાને સમજાય તેવી હશે. જો તેમ હશે અને આવનારી રિઝર્વ બૅન્કની મોનેટરી પૉલિસીમાં પણ વ્યાજદરમાં કપાત આવશે તો માની શકાય કે ભારતીય અર્થતંત્ર હાલની સ્લો ડાઉનમાંથી બહાર નીકળીને તેજીની દિશા તરફ જઇ શકે છે અને તે દૃષ્ટિએ આ બજેટ એક પાથબ્રેકિંગ બજેટ સાબિત થઇ શકે છે કારણ કે માત્ર ડાયરેક્ટ ટેકસીસમાં નહીં પણ ઇકોનોમીમાં અન્ય ક્ષેત્રે પણ મોટા ચેન્જિસ બજેટ પ્રસ્તાવમાં છે પણ સ્પેસની લિમિટેશનના કારણે વિગતવાર ચર્ચા થઇ શકે તેમ નથી. આમ મધ્યમ વર્ગ માટે કેન્દ્ર સરકારના ૨૦૨૫ના બજેટને સ્વતંત્ર ભારતના શ્રેષ્ઠ બજેટસમાંનું એક છે તે કક્ષામાં જરૂર મૂકી શકાય. ■

વૈષ્ણવ મોઢ



સ્વ.પ્રિતમ ભીખાલાલ પરીખ ના ધર્મ પત્ની

ગં.સ્વ.કલાબેન

તા.૩૧-૧-૨૦૨૫ શુક્રવાર રોજ શ્રીજીચરણ પામ્યાં છે.

શ્રધ્ધાંજલિ

પુત્ર-પુત્રવધુ: મેહુલ-અમીશા, પુત્ર-પુત્રવધુ: જયેશ-અનુજા પુત્રી-જમાઈ: ભાવના-પ્રદીપ મણિયાર, પુત્રી-જમાઈ: હીના-સતીશ સોની, પૌત્ર-પૌત્રવધુ: પાર્થ-શૈલજા, પૌત્ર-પૌત્રી: દ્રષ્ટિ, જેમિલ અને મહેક તેઓ સ્વ. પ્રવિણભાઈ, યશવંતભાઈ, ચંદુભાઈ તથા કિરીટભાઈ ના ભાભી.

પ્રાર્થના સભા

તા. ૨-૨-૨૦૨૫, રવિવાર રોજ સાંજે ૪ થી ૬ વાગ્યે, પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ,(પોઈસર જીમખાના ની સામે) રાખેલ છે.

# વીમા ક્ષેત્ર માટે બજેટમાં મોટી જાહેરાત,એફડીઆઇ મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરાશે

### ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ પ્રમાણે દેશમાં વીમાનો વ્યાપ ૨૦૨૩-૨૪માં ૩.૭ ટકા હતો

*નવી દિલ્હી:* નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં વીમા ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. સીતારમણે વીમા ક્ષેત્ર માટે એફડીઆઇ મર્યાદા ૭૪% થી વધારીને ૧૦૦ ટકા કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, પેન્શન ઉત્પાદનોના નિયમનકારી સંકલન અને વિકાસ માટે એક મંચની સ્થાપના કરવામાં આવશે. કેવાયસી પ્રક્રિયાને સરળ બનાવવા માટે ૨૦૨૫ માં સુધારેલી સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રી શરૂ કરવામાં આવશે.

નાણાં પ્રધાને કહ્યું, ‘આવકવેરાના મામલે એ વાત પર ભાર મૂક્યો છે કે, પહેલા વિશ્વાસ કરો, પછી તપાસ કરો. નવો આવકવેરા કાયદો આવતાં અઠવાડિયે આવી જશે. વીમા ક્ષેત્રમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ ૭૪% થી વધારીને ૧૦૦% કરવામાં આવશે.’ તેના કારણે વીમા કંપનીઓ દ્વારા ગ્રાહકો પાસેથી મળતી સંપૂર્ણ પ્રીમિયમ રકમ ભારતમાં જ રોકાણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

જન વિશ્વાસ બિલ ૨.૦ હેઠળ ૧૦૦ થી વધુ જોગવાઈઓને ગુનાના દાયરામાંથી હટાવવામાં આવશે.

વીમા કંપનીઓ આગામી કેન્દ્રીય બજેટમાં ખરીદદારોને કર લાભ અને પોલિસી વેચવા માટે પ્રોત્સાહનો માગી રહી હતી. ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ પ્રમાણે દેશમાં વીમાનો વ્યાપ ૨૦૨૩-૨૪માં ૩.૭ ટકા હતો, જે ૨૦૨૨-૨૩માં ૪ ટકા હતો. જીવન વીમા ઉદ્યોગનો વિસ્તરણ ૨૦૨૩-૨૪ દરમિયાન પાછલા વર્ષના ૩ ટકાથી થોડો ઘટીને ૨.૮ ટકા થયો. તેમજ બિન-જીવન વીમા ઉદ્યોગના મામલે આ આંકડો ૨૦૨૩-૨૪ દરમિયાન ૨૦૨૨-૨૩ જેટલો ૧ ટકા રહ્યો હતો.

અગાઉના સ્વિસ રીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, ભારત ૨૦૨૫-૨૯ દરમિયાન સરેરાશ ૭.૩ ટકાના પ્રીમિયમ વૃદ્ધિ સાથે જી-૨૦માં અગ્રણી રહેશે અને જૂથમાં સૌથી ઝડપથી વિકસતું વીમા બજાર બનશે. બજેટથી અપેક્ષાઓ પર બોલતા લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ અને સેક્ટર હેડ નેહા પરીખે કહ્યું કે, જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓની નબળી સોલ્વન્સી સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમના પુનઃમૂડીકરણ માટે બજેટમાં ફાળવણીની જાહેરાત પોઝિટીવ રહેશે. ■

૧૦મી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ
અમારા સહુની વહાલી ભાવના (ભાવુ)

વિશ્વની શ્રેષ્ઠ સુંદરતમ ચીજો ના જોઈ શકાય છે, ના સ્પર્શી શકાય છે. એ માત્ર હૃદયથીજ અનુભવી શકાય છે. તારો જુસ્સો, ઉષ્મા અને નિષ્ઠા સદૈવ અમારા હૃદયમાં ધબકતા રહેશે.



જન્મ: તા.: ૯.૧.૧૯૭૫ સ્વર્ગવાસ: તા.: ૦૨.૦૨.૨૦૧૫

અ.સૌ. ભાવના જીજ્ઞેષભાઈ શાહ

મુકુંદ ગાંધી અને શકુંતલાની પુત્રી,
જીજ્ઞેષભાઈ જશવંતભાઈ શાહની પત્નિ-ખૂશીની મમ્મી

## બુલેટના ઘા માટે બેન્ડ–એઈડ: રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બજેટને બુલેટના ઘા માટે બેન્ડ–એઈડ લેખાવ્યું હતું. આર્થિક સમસ્યાનો ઉકેલ લાવવા દૃષ્ટાંતરૂપ બજેટ આપવાને બદલે વૈશ્વિક સમસ્યાઓ વચ્ચે ગૂંચવણભરી જીએસટી સિસ્ટમ, ખાનગી રોકાણ પર નજીવા વ્યાજદર વગેરે જેવી બાબતોના કારણે પીડાઈ રહ્યું છે.




## આશાની પૂર્તિ કરતું બજેટઃ ભૂપેન્દ્ર પટેલ

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટને દેશના નાગરિકોને પ્રાથમિકતા આપતું તેમ જ ગરીબો, મધ્યમ વર્ગની આશાની પૂર્તિ કરતું બજેટ લેખાવ્યું હતું. આ બજેટને તેમણે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિચારને મૂર્તિમંત કરવાની દિશામાં લેવાયેલું પગલું લેખાવ્યું હતું.

## બિહારના વિકાસને વેગ આપશેઃ નીતીશકુમાર

બજેટને હકારાત્મક અને બિહારના વિકાસને વેગ આપનારું લેખાવી બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારે શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણનો આભાર માન્યો હતો. 'મખાના બૉર્ડ'ની રચનાનો પ્રસ્તાવ બિહાર જેનાં માટે જાણીતું છે તે 'મખાના' (કમળકાકડી) ની ખેતીને વેગ આપશે.

# પીએમ ધન ધાન્ય કૃષિ યોજનાથી ૧.૭ કરોડ ખેડૂતોને લાભ થશે

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે પીએમ ધન ધાન્ય કૃષિ યોજનાની જાહેરાત કરતાં કહ્યું હતું કે આ યોજનાને કારણે દેશના ૧.૭ કરોડ ખેડૂતોને લાભ થશે.

સરેરાશ કરતાં અન્નનું ઓછું ઉત્પાદન કરતાં ૧૦૦ જિલ્લાને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

વિક્રમી સતત આઠમી વખત બજેટ રજૂ કરતાં નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આ યોજનાથી ૧.૭ ખેડૂતોને લાભ થશે.

તેમણે કહ્યું હતું કે સરકાર યુવાનો, મહિલાઓ અને ખેડૂતોને ધ્યાનમાં રાખીને ગ્રામીણ સમૃદ્ધિની યોજના શરૂ કરશે.


નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (નાફેડ) અને એનસીસીએફ આગામી ચાર વર્ષમાં અનાજ–કઠોળની પ્રાપ્તિ કરશે.

અનાજ અને કઠોળને મામલે આત્મનિર્ભરતા મેળવવા સરકાર છ વર્ષની યોજના શરૂ કરશે. શાકભાજી અને ફળોનું ઉત્પાદન કરતા ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટેની યોજના પણ સરકાર શરૂ કરશે, એમ તેમણે કહ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે કહ્યું હતું કે ખેડૂતોની આવક વધારવા, કૃષિક્ષેત્રમાં આત્મનિર્ભરતા મેળવવા અને કૃષિક્ષેત્રનું અત્યાધુનિકીકરણ કરવાની દિશામાં સરકાર કામ કરી રહી છે.

બજેટસત્રના આરંભમાં સંસદનાં બંને ગૃહને સંબોધન કરતાં દ્રૌપદી મુર્મૂએ કહ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે વિક્રમજનક ૩૩.૨ કરોડ ટન અનાજનું ઉત્પાદન કર્યું હતું. (એજન્સી)■




# જેટ ઈંધણ-એટીએફના ભાવમાં પ્રતિકિલોલિટર ૫.૬ ટકાનો વધારો

### કમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં સાત રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હીઃ જેટ ઈંધણ-એટીએફના ભાવમાં શનિવારે ૫.૬ ટકાનો તીવ્ર વધારો કરવામાં આવ્યો હતો તો હોટલ અને રેસ્ટોરાંમાં વપરાતાં ૧૯ કિલોગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં સાત રૂપિયાનો ઘટાડો ઘટાડો કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારના ભાવને આધારે કરવામાં આવતી માસિક સમીક્ષા દરમિયાન ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઍવિયેશન ટર્બાઈન ફ્યૂઅલ (એટીએફ કે જેટ ઈંધણ)નાં ભાવમાં પ્રતિકિલોલિટર રૂ. ૫,૦૭૮.૨૫નો વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે જ રાજધાની દિલ્હીમાં એટીએફનો ભાવ વધીને પ્રતિકિલોલિટર રૂ. ૯૫,૫૩૩.૭૨ થઈ ગયો હતો.

પહેલી જાન્યુઆરીએ એટીએફનાં ભાવમાં કરવામાં આવેલા ૧.૫ ટકાના ઘટાડા બાદ આ વધારો કરવામાં આવ્યો હતો. એ અગાઉ એટીએફનાં ભાવમાં પહેલી નવેમ્બરે પ્રતિકિલોલિટર રૂ. ૨,૯૪૧.૫૦ (૩.૩ ટકા) અને પહેલી ડિસેમ્બરે પ્રતિકિલોલિટર રૂ. ૧,૩૧૮.૧૨ (૧.૪૫ ટકા) એમ બે વખત ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.

મુંબઈમાં શનિવારે એટીએફનો ભાવ પ્રતિકિલોલિટર અગાઉના રૂ. ૮૪,૫૧૧.૯૩થી વધીને રૂ. ૮૯,૩૧૮.૯૦ થઈ ગયો હતો.

તેલકંપનીઓએ હોટલ અને રેસ્ટોરાંમાં વપરાતાં ૧૯ કિલોગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં સાત રૂપિયાનો ઘટાડો કરતાં રાજધાની દિલ્હીમાં કમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને રૂ. ૧,૭૯૭, મુંબઈમાં રૂ. ૧,૭૪૯.૫૦, કોલકાતામાં રૂ. ૧,૯૦૭ અને ચેન્નઈમાં રૂ. ૧,૯૫૯.૫૦ થઈ ગયો હતો. સતત પાંચ વખત ભાવમાં વધારો કરવામાં આવ્યા બાદ કમર્શિયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં આ પહેલો ઘટાડો હતો. અગાઉ પહેલી જાન્યુઆરી ૨૦૨૪ના ૧૯ કિલોગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં રૂ. ૧૪.૫નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સ્થાનિક સ્તરે વસૂલવામાં આવતા કરવેરાને આધારે પ્રત્યેક રાજ્યમાં એટીએફ અને કમર્શિયલ ગેસ સિલિન્ડરનાં ભાવ અલગ અલગ જોવા મળે છે. જોકે ૧૪.૨ કિલોગ્રામના રાંધણગેસના સિલિન્ડર તેમ જ પેટ્રોલ અને ડીઝલનાં ભાવમા કોઈ ફેરફાર કરવામાં આવ્યો નહોતો.

છેલ્લે વર્ષ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી અગાઉ એટલે કે માર્ચના મધ્યમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સરકાર સંચાલિત ઈન્ડિયન ઓઈલ કંપની (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ), હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (એચપીસીએલ) જેવી તેલકંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલનાં ભાવ અને ફૉરેન એક્સચેન્જ રેટને આધારે દર મહિનાની પહેલી તારીખે એટીએફ અને રાંધણગેસના ભાવની સમીક્ષા કરે છે. (એજન્સી)■

# નિર્મલા સીતારમણે લાગલગાટ આઠમી વાર બજેટ રજૂ કરીને નવો ઈતિહાસ સર્જ્યો

નવી દિલ્હી : કેન્દ્રનાં નાણાંપ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે આઠમી વિક્રમી વાર અંદાજપત્ર રજૂ કરીને નવો ઈતિહાસ રચ્યો હતો. આર્થિક મંદી અને મધ્યમ વર્ગની કર કપાતની માગણીની પશ્ચાદભૂમાં આ અંદાજપત્ર રજૂ થયું હતું.

હવે નિર્મલા ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજી દેસાઈએ વિવિધ સમયગાળામાં રજૂ કરેલા ૧૦ અંદાજપત્રના વિક્રમની નજીક છે. દેસાઈએ નાણાપ્રધાન તરીકેના ૧૯૫૯થી ૧૯૬૪ના સમયગાળામાં છ અંદાજપત્ર રજૂ કર્યાં હતાં. તેમણે ચાર અંદાજપત્ર ૧૯૬૭ અને ૧૯૬૯ વચ્ચે રજૂ કર્યા હતા.

ભૂતપૂર્વ નાણાપ્રધાન પી. ચિદંબરમે નવ અને પ્રણવ મુખરજીએ આઠ બજેટ વિવિધ વડા પ્રધાનોના હાથ નીચે રજૂ કર્યાં હતાં. અલબત્ત નિર્મલાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ સૌથી વધારે સતત એટલે કે આઠ બજેટ



રજૂ કરવાનો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે.

૨૦૧૯માં મોદી વડા પ્રધાન તરીકે બીજી મુદતમાં સત્તા પર આવ્યા ત્યારે તેમણે નિર્મલાની નિમણૂક પ્રથમ ફુલ ટાઈમ મહિલા નાણાં પ્રધાન તરીકે કરી હતી. મોદી ત્રીજી વાર ૨૦૨૪માં સત્તા પર આવ્યા ત્યારે નિર્મલાએ નાણાપ્રધાનનો હોદ્દો જાળવી રાખ્યો હતો. (એજન્સી)■

# ૩૬ ઔષધ પરની કસ્ટમ્સ ડ્યૂટી કાઢી નખાતા સસ્તી થશે

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે રજૂ કરેલા કેન્દ્રના અંદાજપત્રમાં કેન્સર અને કેટલીક અન્ય મોટી બીમારીની સારવારમાં વપરાતી ૩૬ દવા પરની કસ્ટમ્સ ડ્યૂટી કાઢી નાખી હતી.

સરકારે અગાઉ ટ્રાસટુઝુમેબ ડેરક્સટેકન, ઓસીમર્ટિનિબ અને ડ્યુરવેલમેબ પરની કસ્ટમ્સ ડ્યૂટી દસ ટકાથી ઘટાડીને શૂન્ય કરવાની એટલે કે સંપૂર્ણ માફ કરવાની જાહેરાત કરી હતી. નિર્મલા સીતારમણે જીવન-રક્ષક છ દવા પરની કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડીને પાંચ ટકા કરવાની જાહેરાત પણ કરી હતી.

કેન્દ્રનાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે ઔષધોનું જથ્થાબંધ (બલ્કમાં) ઉત્પાદન થતું હશે, તો જ તેને કસ્ટમ્સ ડ્યૂટીમાંથી સંપૂર્ણ કે અંશતઃ રાહત અપાશે.

તેમણે જણાવ્યું હતું કે દવાની કંપનીઓના 'દરદીઓની સહાય માટેના કાર્યક્રમ' (પેશન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ્સ) હેઠળની ચોક્કસ ઔષધોને જ બેસિક કસ્ટમ્સ ડ્યૂટીમાંથી સંપૂર્ણ મુક્તિ મળશે અને તે દવા દરદીઓને મફત આપવી પડશે. હું 'દરદીઓની સહાય' માટેના ૧૩ નવા કાર્યક્રમ હેઠળ વધુ ૩૭ ઔષધનો સમાવેશ કરવા માગું છું. (એજન્સી)■

# ૧ કરોડ છૂટક કામદારો માટે આઈ-કાર્ડ, ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીઃ એફએમ

નવી દિલ્હી : નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું કે સરકાર ૧ કરોડ ગિગ (છૂટક) કામદારોને મદદ કરવા માટે ઓળખ પત્ર અને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીની વ્યવસ્થા કરશે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતા, એમણે એમ પણ કહ્યું કે શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે એક યોજના અમલમાં મૂકવામાં આવશે.

...ઓનલાઈન પ્લેટફોર્મના ગિગ કામદારા 'નવા યુગ'નાં સેવા અર્થતંત્રને મહાન ગતિશીલતા પ્રદાન કરે છે. તેમના યોગદાનને ઓળખીને, અમારી સરકાર તેમના આઈ-કાર્ડ અને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીની વ્યવસ્થા કરશે, એમ સીતારમણે કહ્યું.

આવા કામદારોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) હેઠળ આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે અને આ પગલાથી લગભગ એક કરોડ કામદારોને મદદ મળવાની શક્યતા છે, એમ સીતારમણે ઉમેર્યું હતું.

સીતારમણે તેમના પ્રેઝન્ટેશનમાં એમ પણ કહ્યું કે આવતા વર્ષ સુધીમાં, મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં ૧૦,૦૦૦ બેઠકો ઉમેરવામાં આવશે જ્યારે આગામી પાંચ વર્ષમાં બીજી ૭૫,૦૦૦ બેઠકો ઉમેરવામાં આવશે.

સરકાર આગામી ત્રણ વર્ષમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડે કેર કેન્સર સેન્ટરો સ્થાપવાની સુવિધા પણ આપશે.

આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ મંત્રાલયો પીપીપી (જાહેર-ખાનગી ભાગીદારી) મોડમાં અમલમાં મૂકવા માટે ૩ વર્ષની પ્રોજેક્ટ પાઇપલાઇન સાથે આવશે, એમ સીતારમણે જણાવ્યું હતું.■

# સ્ટાર્ટઅપ્સ માટે ₹ ૧૦,૦૦૦ કરોડના ભંડોળ યોજનાની જાહેરાત

### ડીપીઆઈઆઈટી દ્વારા અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા

નવી દિલ્હી : નાણા પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે ઊભરતા ઉદ્યોગ સાહસિકોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે સ્ટાર્ટઅપ્સ માટે ભંડોળ યોજનાના બીજા રાઉન્ડની જાહેરાત કરી હતી.

આ જાહેરાત મહત્ત્વપૂર્ણ બની રહી છે કારણ કે સરકાર સ્ટાર્ટઅપ્સ દ્વારા નવીનતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) એ અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપી છે.

૧૬ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ સ્ટાર્ટઅપ ઇન્ડિયા માટે એક એક્શન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો.

તે જ વર્ષે, સ્ટાર્ટઅપ્સની ભંડોળ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રૂ. ૧૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે ફંડ ઓફ ફંડ્સ ફોર સ્ટાર્ટઅપ્સ (એફએફએસ) યોજના શરૂ કરવામાં આવી હતી.

ડીપીઆઈઆઈટીએ મોનિટરિંગ એજન્સી છે અને સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બૅન્ક ઓફ ઇન્ડિયા (સિડબી) એફએફએસ માટે ઓપરેટિંગ એજન્સી છે.

યોજનાની પ્રગતિ અને ભંડોળની ઉપલબ્ધતાના આધારે ૧૪મા અને ૧૫મા નાણાપંચના ચક્ર દરમ્યાન કુલ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડવાની કલ્પના કરવામાં આવી હતી. ■

# સરકારે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે પરમાણુ ઊર્જા મિશનની જાહેરાત કરી

નવી દિલ્હી : નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે નાના મોડ્યુલર રિએક્ટરના સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે પરમાણુ ઉર્જા મિશનની જાહેરાત કરી હતી.

તેમણે આગામી પાંચ વર્ષમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (આઈઆઈએસસી) ખાતે ટેક સંશોધન માટે ૧૦,૦૦૦ ફેલોશિપની પણ જાહેરાત કરી હતી.

આ ઉપરાંત, સીતારમણે હસ્તપ્રત વારસાના સર્વેક્ષણ, દસ્તાવેજીકરણ અને સંરક્ષણ માટે નેશનલ સ્પેશિયલ મિશન સ્થાપવાનો અને જ્ઞાન ભારત મિશન સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં, સરકારે ૧૩,૮૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની સંચિત ક્ષમતા ધરાવતા ૧૮ વધુ પરમાણુ ઊર્જા રિએક્ટર ઉમેરવાની જાહેરાત કરી હતી, જેનાથી ૨૦૩૧-૩૨ સુધીમાં ઊર્જા મિશ્રણમાં પરમાણુ ઊર્જાનો કુલ હિસ્સો ૨૨,૪૮૦ મેગાવોટ થઈ જશે. ■

# સીતારમણ પેપરલેસ બજેટ આપવા ટૅબ્લેટ લાલ પાઉચમાં લાવ્યા

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે સતત આઠમી વાર અંદાજપત્ર રજૂ કર્યું હતું. તેમણે બજેટ રજૂ કરતી વખતે પરંપરાગત 'બહી ખાતા' સ્ટાઈલના પાઉચમાં ડિજિટલ ટૅબલેટ મૂકીને આવ્યાં હતાં. ભારતના પ્રથમ ફુલટાઈમ મહિલા નાણાં પ્રધાન નિર્મલાએ જુલાઈ ૨૦૧૯થી નાણાંપ્રધાન બ્રીફકેસમાં બજેટના કાગળિયા લાવે એ પરંપરા તોડી છે. તેમણે બજેટના કાગળિયા લાવવા પરંપરાગત 'બહી ખાતા'નો ઉપયોગ કર્યો હતો. તેમણે એના પછીના વર્ષે પણ આમ કર્યું હતું. જોકે કોરોનાગ્રસ્ત ૨૦૨૧ની સાલમાં તેમણે પરંપરાગત કાગળિયાને બદલે ડિજિટલ ટૅબલેટ વાપરવાનું શરૂ કર્યું હતું. આ ટૅબલેટમાં તેમના પ્રવચન અને બજેટના બીજા કાગળિયા હોય છે. શનિવારે પણ તેમણે આ પરંપરા જાળવી હતી. તેમણે એમ્બ્રોયડરી અને સોનેરી કિનારી ધરાવતી સફેદ હેન્ડલુમ સિલ્ક સાડી પહેરીને બજેટ રજૂ કર્યું હતું. તેમણે પરંપરાગત ફોટો નોર્થ બ્લોક ઓફિસની બહાર તેમની અધિકારીની ટીમ સાથે પડાવ્યો હતો. (એજન્સી)■

# સરકાર મહિલાઓ, એસસી, એસટી ઉદ્યોગસાહસિકો માટે બે કરોડ રૂપિયાની ટર્મ લોન શરૂ કરશેઃ નાણાં પ્રધાન

નવી દિલ્હી : સરકાર પાંચ લાખ પહેલી વાર કામ કરતી મહિલાઓ, એસસી અને એસટી ઉદ્યોગસાહસિકો માટે બે કરોડ રૂપિયાની ટર્મ લોન શરૂ કરશે, એમ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું.

૨૦૨૫-૨૬ માટે કેન્દ્રીય બજેટ રજૂ કરતા, સીતારમણે એમ પણ કહ્યું કે નાના અને મધ્યમ ઉદ્યોગો અને મોટા ઉદ્યોગો માટે ઉત્પાદન મિશન સ્થાપિત કરવામાં આવશે.

આ ઉપરાંત, સરકાર શ્રમ-સઘન ક્ષેત્રોની ઉત્પાદકતા વધારવા માટે સુવિધાનાં પગલાં લેશે, એમ સીતારમણે જણાવ્યું હતું.

ક્રેડિટ ગેરંટી કવર બમણું કરીને ૨૦ કરોડ રૂપિયા કરવામાં આવશે. ગેરંટી ફી ૧ ટકા સુધી ઘટાડી દેવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું.

તેમણે એમ પણ કહ્યું કે બિહારમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, એન્ટર પ્રનરશિપ ઍન્ડ મેનેજમેન્ટ સ્થાપિત કરવામાં આવશે. ■







## વિકસિત ભારત માટેનો રોડમેપ : નડ્ડા

ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ શનિવારે બજેટની સરાહના કરતાં કહ્યું હતું કે આ ૧૪૦ કરોડ ભારતીયોની અપેક્ષા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને પરિપૂર્ણ કરવા માટેનો આ રોડમેપ છે. ચાર એન્જિન-કૃષિ, એમએસએમઈ, રોકાણ અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરનારા 'વિકસિત ભારત બજેટ-૨૦૨૫' ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓની અપેક્ષા સાકાર કરશે અને પ્રગતિના માર્ગમાં કોઈ પાછળ નહીં રહી જાય.

## અર્થતંત્રની ખરાબીને દૂર કરવા કોઈ પગલાં નહીં. : કૉંગ્રેસ

કૉંગ્રેસે શનિવારે કહ્યું હતું કે કેન્દ્રીય બજેટમાં જડ થઈ ગયેલા વેતન, સામૂહિક વપરાશમાં ઉત્સાહનો અભાવ, ખાનગી રોકાણના નીચા દર અને ગૂંચવણભરી જીએસટી સિસ્ટમ જેવી અર્થતંત્રની ખરાબીને દૂર કરવા કોઈ પગલાં લેવાયાં નથી. કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે એનડીએ સરકારના એક સ્તંભ બિહારને બજેટમાં ભરપૂર લાભો મળ્યા છે, જ્યારે એનડીએના બીજા સ્તંભ આંધ્ર પ્રદેશની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે.

## તમિળનાડુની ઉપેક્ષા : ડીએમકે

તમિળનાડુના શાસક પક્ષ ડીએમકેએ શનિવારે રજૂ કરાયેલા બજેટની ટીકા કરતા કહ્યું હતું કે આનો હેતુ જ્યાં ચૂંટણી થવાની છે એવાં બિહાર જેવાં રાજ્યોમાં રાજકીય ફાયદો મેળવવાનો છે. ડીએમકેએ વધુમાં કહ્યું હતું કે આવકવેરાની છૂટથી બચતને પ્રોત્સાહન મળતું નથી.

ડીએમકેએ કહ્યું હતું કે ગયા બજેટમાં બિહાર અને આંધ્ર પ્રદેશને ઉદારતાભરી ફાળવણી કરાઈ હતી, જ્યારે તામિળનાડુની ઉપેક્ષા કરવામાં આવી હતી. આ વખતે બિહારને છૂટે હાથે લહાણી કરાઈ છે. મને શંકા છે કે ભાજપ જાતે સત્તા પર આવવા અને નીતીશ કુમારને હરાવવા આમ કરી રહ્યો છે.

## ઝારખંડ સાથે ઓરમાયું વર્તન : જેએમએમ

ઝરાખંડના શાસક પક્ષ ઝારખંડ મુક્તિ મોરચાએ શનિવારે કહ્યું હતું કે બજેટમાં ઝારખંડ માટે કશું નથી અને એના લોકોની કેન્દ્રે સંપૂર્ણપણે ઉપેક્ષા કરી છે. બજેટમાં ઝારખંડ માટે કોઈ દરખાસ્ત નથી અને પડોશના બિહારને અનેક સારા પ્રકલ્પો દેવામાં આવ્યા છે.

## બધા વર્ગનો ખ્યાલ રખાયો : મરાન્ડી

ઝારખંડ ભાજપના પ્રમુખ બાબુલાલ મરાન્ડીએ કહ્યું હતું કે બજેટમાં મહિલા, સાહસિક ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓ અને મધ્યમ વર્ગ જેવા દરેક વર્ગની દરકાર લેવામાં આવી છે. આ વિકાસલક્ષી બજેટ છે અને એ ૨૦૪૭ સુધી વિકસિત ભારતનાં સપનાને સાકાર કરશે.

## આ તો બિહાર બજેટ: એઆઈડીએમકે

તમિળનાડુના મુખ્ય વિરોધ પક્ષ એઆઈડીએમકેએ શનિવારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રનું બજેટ બિહાર બજેટ હોવાનું પ્રતીત થાય છે. આ પક્ષે તમિળનાડુ માટે કોઈ યોજના ન જાહેર કરવા બદલ કેન્દ્રની ટીકા કરી હતી.■

---

**સોલ ઓફ ટૂર**

# ટર્કી ફરવું તો ફક્ત ઑરોરા સાથે જ

### ગુજરાતી મહારાજ સાથે ટર્કીની ગ્રૂપ-ટૂર ઓર્ગેનાઇઝ કરનાર ભારતની આ સૌપ્રથમ ટ્રાવેલ કંપની છે


ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટર્કી એ ઈન્ટરનૅશનલ ટ્રાવેલર્સનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયું છે. કુદરતી નઝારાઓ અને ઍક્સાઈટિંગ ઍડ્વેન્ચર્સથી ભરપૂર એવા આ દેશની ખૂબસૂરતીનો અનુભવ લેવો હોય તો એક અનુભવી ટ્રાવેલ કંપની સાથે જ આ પ્રવાસ કરવો અનિવાર્ય છે અને જ્યારે વાત ટર્કીની હોય તો ઑરોરા ટ્રાવેલ્સ અને ધવલ જાંગલા યાદ આવે એ સ્વાભાવિક છે. ચાલો, ધવલભાઈ પાસેથી તેમની આ ટૂર માટેની એકસપર્ટીઝ વિશે વધુ જાણીએ.

**▶ ધવલભાઈ, અમે સાંભળ્યું છે કે તમે ભારતથી ટર્કીની યાત્રાઓનું આયોજન કરનારી પહેલી વ્યક્તિ હતી?**

આ વિશે જણાવતાં ધવલભાઈ કહે છે, 'હા, અમે ૨૦ વર્ષ પહેલાં ફક્ત મુંબઈમાં જ નહીં, પરંતુ ભારતમાં પણ ટર્કી-પ્રસ્થાનો શરૂ કરનારા સૌપ્રથમ હતા, જ્યારે મુસાફરીની વાત આવે છે ત્યારે લોકો સૌથી મોટી ચિંતા પરદેશમાં આપણે ભોજન શું કરીશું એની કરે છે. એટલે જ અમે રાજસ્થાની મહારાજ સાથે શાકાહારી ભોજન રાંધીને અને વિવિધ વાનગીઓ બનાવાની સુવિધા સાથે અમારી યાત્રાઓ શરૂ કરી. વર્ષોથી અમે ટર્કી માટે સતત પ્રસ્થાનો કર્યાં છે અને લોકોએ હવે આ દેશમાં આપણા ખાવાના વાંધા તો નહીં થાયને એ વિશે વિચારવાનું બંધ કરી દીધું છે. અમે હંમેશથી તેમની ભોજન-પસંદગીઓનું ધ્યાન રાખતા અને હવે જ્યારે પરદેશમાં શાકાહારી ભોજન મળશે કે નહીં એ ચિંતાનું નિવારણ અમે આપી દીધું છે તો લોકો તેમની યાત્રાનો સંપૂર્ણ આનંદ માણી શકે છે.'

**▶ તમારી ટૂર્સ અન્ય ટૂર-ઑપરેટરોથી કઈ રીતે જુદી છે?**

આ વિશે જણાવતાં ધવલભાઈ કહે છે, 'ઑરોરા ટૂર જુદી પડે છે, કારણ કે અમે સિટી સેન્ટરની હોટેલો ઑફર કરીએ છીએ જે ખાતરી આપે છે કે અમારા મહેમાનો હંમેશાં શહેરની મધ્યમાં હોય. કેટલાક પ્રવાસોથી વિપરીત જેમાં ગંતવ્ય સ્થાનો સુધી પહોંચવા માટે લાંબા મુસાફરી-સમયની જરૂર પડે છે. અમે સુવિધાને પ્રાથમિકતા આપીએ છીએ, કારણ કે અમે અમારા મહેમાનો જ્યાં રહે છે એ હોટેલમાં જ બધાં ભોજનની સુવિધાઓ આપીએ છીએ.

બીજી એક અનોખી બાબત એટલે અંતાલ્યાને ટ્રિપમાંથી બાકાત રાખવાની અમારી પસંદગી. વધતા વેપારીકરણ અને મોટા શહેરમાં ફેરવાઈ જવા સાથે આ સ્થળ હવે જોઈએ એવો અધિકૃત અનુભવ આપતું નથી. એના બદલે અમે બોડ્રમનો સમાવેશ કરીએ છીએ, જ્યાં સુંદર દરિયા કિનારા, વિશાળ બીચ, નવા લકઝરી રિસૉર્ટ્સ, ગ્રીસ જેવું મોહક વાતાવરણ, વાઈબ્રન્ટ બીચ ક્લબ્સ સાથે વધુ વ્યાપક અનુભવ મળે છે. બોડ્રમની વિઝિટ તમારા હૉલિડેને રિલૅક્સિંગ લકઝરી એક્સ્પીરિયન્સમાં ફેરવી દે છે.'

**▶ ટર્કીની તમારી ટૂરમાં તમે કયાં-કયાં સ્થળોનો સમાવેશ કરો છો અને કયાં સ્થળો અહીં ખાસ જોવા જેવાં છે એ વિશે માહિતી આપો.**

★ ઈસ્તમબુલ : ઈસ્તમબુલની મુલાકાત ઈતિહાસ અને સંસ્કૃતિનું મિશ્રણ પ્રદાન કરે છે, જેમાં અદ્ભુત હાગિયા સોફિયા અને સુંદર બ્લુ મસ્જિદ જેવાં સીમાચિહ્નો છે. ધમધમતું ગ્રૅન્ડ બજાર શોપિંગ માટે પર્ફેક્ટ છે, જ્યારે બૉસ્ફોરસ ક્રૂઝ શહેરના મનોહર દૃશ્યો પ્રદાન કરે છે જે યુરોપ અને એશિયાને જોડે છે. આ સ્થળો શહેરના સમૃદ્ધ વારસાની એક અનોખી ઝલક આપે છે.





★ કૅપ્પાડોસિયા : કૅપ્પાડોસિયામાં ખરેખર જો અનોખો અનુભવ જોઈતો હોય તો ઑફિશ્યલ કેવ હોટેલ્સમાં રહેવું. ફેઅરી ચીમની અને પિજન વૅલી જેવી ખીણો સહિત આ પ્રદેશના નૅચરલ લૅન્ડસ્કેપ્સ આકર્ષક છે. એક અવિસ્મરણીય ઍડ્વેન્ચર માટે સૂર્યોદય સમયે હૉટ ઍર-બલૂનની સવારી કરો અથવા ATV પર ભૂપ્રદેશનું એક્સ્લોર કરો, આ અજાયબીનો સમાવેશ મસ્ટ વિઝિટના લિસ્ટમાં થાય છે.

★ પામુક્કલે : પામુક્કલે ખનીજ-સમૃદ્ધ થર્મલ પાણી દ્વારા રચાયેલા એના અદ્ભુત સફેદ ટ્રાવર્ટાઈન ટેરેસ માટે પ્રખ્યાત છે. પ્રાચીન હિરાપૉલિસના ખંડેર સાથે જોડાયેલી ટેરેસનું કુદરતી સૌંદર્ય, પ્રકૃતિ અને ઈતિહાસ બન્નેમાં રસ ધરાવતા ટ્રાવેલર્સ માટે જોવા જેવું બનાવે છે.

★ બોડ્રમ : બોડ્રમ એક દરિયાકાંઠાનું શહેર છે જે એની જીવંત નાઈટલાઈફ, ક્રિસ્ટલ ક્લિયર પાણી અને સુંદર દરિયાકિનારા માટે જાણીતું છે. આ સ્થળ આરામ અને ઍડ્વેન્ચર બન્ને માટે લોકપ્રિય છે જે ભૂમધ્ય દરિયાકિનારા પર સમૃદ્ધ ઈતિહાસ, લકઝરી રિસૉર્ટ અને લાઈવ બારનું એક્સાઈટિંગ મિશ્રણ પ્રદાન કરે છે.

★ કુસાદાસી : કુસાદાસી એક લાઈવ રિસૉર્ટ શહેર છે, જેમાં આરામદાયક વાતાવરણ અને મહાન દરિયાકિનારા છે. અહીંથી એક ટૂંકી સફર કરીને પ્રાચીન શહેર એફેસુસ પહોંચી શકાય જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. અહીં મુલાકાતીઓ આર્ટેમિસ મંદિર અને સારી રીતે સચવાયેલા એમ્ફિથિયેટર જેવા આઈકૉનિક ખંડરો એક્સ્પ્લોર કરી શકે છે. અહીં બધું જ એક પ્રાચીન સંસ્કૃતિની ઝલક આપે છે.

**ધવલભાઈ, ટર્કીની મુલાકાત કયા સમય દરમ્યાન લેવી શ્રેષ્ઠ રહેશે?**

ટર્કીની મુલાકાત લેવા માટે શ્રેષ્ઠ સમય એપ્રિલ, મે, જૂન તેમ જ સપ્ટેમ્બર અને ઑક્ટોબર છે, આ સમય દરમ્યાન ત્યાંનું હવામાન મુસાફરી માટે યોગ્ય હોય છ આ માહનાઓ માટે અમે ઑલરેડી ડિપાર્ચર્સ પ્લાન કરી લીધા છે અને બુકિંગ પણ પહેલેથી જ શરૂ થઈ ગયું છે, માટે જો ટર્કીની ટૂર આ વર્ષે કરવી હોય તો તરત જ બુકિંગ કરાવી લો અને તમારો સ્પૉટ સિક્યૉર કરી લો.

Aurora Travel Tours Pvt. Ltd: 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos: +91222 3519710/11/12/14, 98219 21920. E-mail:-info@auroratravels.com

---

# આવકવેરાનો નવો ખરડો આગામી સપ્તાહે રજૂ થશે

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું કે સરકાર આવતા અઠવાડિયે આવકવેરાનો નવો ખરડો સંસદમાં રજૂ કરશે.

તેમણે વીમા ક્ષેત્ર સીધા વિદેશી રોકાણ (એફડીઆઇ) માટે સંપૂર્ણ ખુલ્લું મૂકવાની જાહેરાત કરી હતી.

અગાઉ, વીમા ક્ષેત્રે એફડીઆઇની મર્યાદા ૭૪ ટકા હતી, તે વધારીને ૧૦૦ ટકા કરાઇ છે. નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર સંસદમાં રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે અમારી સરકાર છેલ્લાં દસ વર્ષ દરમિયાન કરદાતાઓની સુવિધા માટે અને કરવેરો ભરવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે આવકવેરાના કાયદામાં 'ફેસલેસ એસેસમેન્ટ' સહિતના અનેક સુધારા-વધારા કર્યા હતા.તેમણે જણાવ્યું હતું કે સરકારે આવકવેરાના રિટર્ન્સનું પ્રોસેસિંગ ઝડપી બનાવ્યું છે અને અંદાજે ૯૯ ટકા ઇન્કમ ટૅક્સ રિટર્ન્સનું સેલ્ફ-એસેસમેન્ટ (જાતે આકારણી) કરાય છે. સરકાર નવા 'આવકવેરા ખરડા'માં હાલના ઇન્કમ ટૅક્સના કાયદા વધુ સરળ બનાવવાની જાહેરાત કરે એવી આશા રખાય છે. અગાઉ, સેન્ટ્રલ બોર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સીસ (સીબીડીટી)એ ૧૯૬૧ના આવકવેરા કાયદામાં સુધારા કરવા એક સમિતિ પણ રચી હતી. સરકારે બજેટમાં જલદી બગડી જતી બાગકામની ચીજો માટેની ઍર કાર્ગો વેરહાઉસિંગ સુવિધા અત્યાધુનિક કરવાની અને ગ્રામીણ ક્ષેત્રમાં 'ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બૅન્ક'ની સેવા વિસ્તારવાની જાહેરાત પણ કરી હતી. ■

# ૧૨૦ સ્થળોને જોડવા માટે સંશોધિત ઉડાન યોજના શરૂ કરવામાં આવશેઃ સીતારમણ

નવી દિલ્હી : સરકાર આગામી ૧૦ વર્ષમાં ૪ કરોડ વધારાના મુસાફરોને મદદ કરવા માટે ૧૨૦ સ્થળોને જોડવા માટે સંશોધિત ઉડાન યોજના શરૂ કરશે, એમ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતાં, સીતારમણે જણાવ્યું હતું કે સરકાર રાજ્યની ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બિહારમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટને પણ સુવિધા આપશે.

આ ઉપરાંત, પશ્ચિમ કોસી નહેર માટે સહાય પૂરી પાડવામાં આવશે, જેનાથી બિહારના મિથિલાંચલ ક્ષેત્રમાં ૫૦,૦૦૦ હેક્ટરને ફાયદો થશે, એમ તેમણે ઉમેર્યું હતું. સરકાર શ્રેષ્ઠ પ્રથાઓ અને રાજ્ય ખાણકામ સંસ્થાઓ દ્વારા ગૌણ ખનીજોને પણ પ્રોત્સાહન આપશે, એમ તેમણે ઉમેર્યું હતું. સીતારમણે એમ પણ નોંધ્યું હતું કે ભારતના ઊર્જા સંક્રમણ માટે ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જા જરૂરી છે. ■

# શું સસ્તું અને શું મોંઘું થશે?

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે અંદાજપત્રમાં જાહેર કરેલી કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડવા સહિતની વિવિધ જોગવાઇને લીધે સસ્તી થનારી ચીજો નીચે મુજબ છેઃ

- કેન્સર અને અન્ય કેટલીક મોટી બીમારીની ઔષધ સસ્તી થશે.
- આયાત કરાતી ચોક્કસ ક્ષમતા ધરાવતી પ્રીમિયમ કાર અને મોટરસાઇકલ સસ્તી થશે.
- આયાત કરાતી કારની કિંમત ૪૦,૦૦૦ ડૉલર કે એન્જિનની ક્ષમતા ૩,૦૦૦ સીસીથી વધુ હોવી જોઇએ.
- એન્જિનની ૧૬૦૦ સીસીથી ઓછી ક્ષમતા ધરાવતી સંપૂર્ણ તૈયાર યુનિટ તરીકે આયાત કરાતી મોટરસાઇકલ.
- સેમિ-નોક્ડ ડાઉનના સ્વરૂપમાં આયાત કરાતી એન્જિનની ૧૬૦૦ સીસીથી ઓછી ક્ષમતાવાળી મોટરસાઇકલ.
- સંપૂર્ણ તૈયાર યુનિટ તરીકે આયાત કરાતી ૧૬૦૦ સીસી અને તેનાથી વધારે ક્ષમતાવાળા એન્જિન ધરાવતી મોટરસાઇકલ.
- સેમિ-નોક્ડ ડાઉનના સ્વરૂપમાં આયાત કરાતી એન્જિનની ૧૬૦૦ સીસી કે તેનાથી વધુ ક્ષમતાવાળી મોટરસાઇકલ.
- ૧૦ કે તેનાથી વધુ મુસાફરને લઇ જવાની ક્ષમતા ધરાવતા આયાતી વાહનો.
- ઇલેક્ટ્રોનિક રમકડાંના ભાગો.
- ફૂડ અને ડ્રિંકિંગ ઇન્ડસ્ટ્રીમાં વપરાતા સિન્થેટિક ફ્લેવરિંગ એસેન્સ.
- અમુક પ્રકારના દાગીના.
- ઇથરનેટ સ્વિચીસ કેરિયર ગ્રેડ.

## મોંઘી થનારી ચીજો

- સંપૂર્ણ તૈયાર કરાયેલા (ફૂલી બિલ્ટ) યુનિટ તરીકે આયાત કરાતી ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (ટચ સ્ક્રીન) ડિસ્પ્લે.
- કેટલાક નિટેડ ફેબ્રિક્સ.
- સ્માર્ટ મીટર.
- સોલર સેલ્સ.
- આયાત કરાતા જોડાં (ફૂટવેર).
- આયાત કરાતી ચોક્કસ પ્રકારની કેન્ડલ્સ અને ટેપર.
- આયાત કરવામાં આવતી યૉટ અને અન્ય હોડીઓ.
- પીવીસી ફ્લેક્સ ફિલ્મ્સ, પીવીસી ફ્લેક્સ શીટ્સ, પીવીસી ફ્લેક્સ બેનર.


(એજન્સી)■









# એકલા લાતુરમાં ૨૫,૦૦૦ લાડકી બહેનોની અરજી નામંજૂર

મુંબઈઃ રાજ્ય સરકારે મુખ્યમંત્રી લાડકી બહિણ યોજનાના માપદંડોમાં હજુ સુધી કોઈ ફેરફાર કર્યો નથી, એવો ખુલાસો મહિલા અને બાળ કલ્યાણ પ્રધાન અદિતિ તટકરેએ કર્યો છે. ઉપરાંત, તેમણે સ્પષ્ટ કર્યું છે કે સરકાર તેમના ખાતામાંથી પૈસા પાછા નહીં લે. નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે પણ સ્પષ્ટતા કરી છે કે વહાલી બહેનોને લાભ મળતો રહેશે અને જે બહેનોની વાર્ષિક આવક અઢી લાખથી વધુ છે, તેઓને વેરિફિકેશન બાદ આ યોજનાનો લાભ નહીં મળે. તે મુજબ હવે લાડકી બહિણ યોજનાના લાભાર્થીઓની સરકારી કક્ષાએ ચકાસણી કરવામાં આવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

મહિલા અને બાળ કલ્યાણ અધિકારીઓએ પોતે જ માહિતી આપી હતી કે લાતુર જિલ્લાની ૨૫,૦૦૦ લાડકી બહેનોની અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. લાતુર જિલ્લાની પાંચ લાખથી વધુ મહિલાઓને આ યોજનાનું ફંડ મળ્યું છે. બીજી તરફ ચૂંટણીના પરિણામો બાદ આ યોજનામાં પારદર્શિતા લાવવામાં આવી રહી છે. અરજીઓની ચકાસણી બાદ લાતુર જિલ્લાની ૨૫,૧૩૬ વહાલી બહેનોની અરજીઓ રદ કરવામાં આવી છે. અત્યાર સુધી લાડકી બહેનોના ખાતામાં ૭ મહિનાના ૧૦,૫૦૦ રૂપિયા જમા થયા છે. પરંતુ કેટલીક જગ્યાએ ગેરરીતિઓ અને દસ્તાવેજોમાં છેડછાડની ઘટનાઓ સામે આવી છે. કેટલીક અરજીઓમાં દસ્તાવેજો પૂરા નથી. તેથી, જિલ્લા પરિષદ વિભાગે સ્પષ્ટતા કરી છે કે લાતુર જિલ્લામાંથી ૨૫,૧૩૬ અરજીઓ રદ કરવામાં આવી છે. ખોટા દસ્તાવેજો રજૂ કરવા, વધુ આવક જેવા કારણોને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## યુગાન્ડાની મહિલા ૧૩.૫ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે પકડાઇ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ૧૩.૫ લાખની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુગાન્ડાની ૩૯ વર્ષની મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.

મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) આરોપી મહિલા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ અને ફોરેનર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) મદન બલ્લાળે જણાવ્યું હતું કે તુલિંજ વિસ્તારમાં ગુરુવારે રાતે તળાવ નજીક એએનસીની ટીમની નજર મહિલા પર પડી હતી, જે શંકાસ્પદ હાલતમાં ફરી રહી હતી. આથી પોલીસ તેને તાબામાં લીધી હતી.

મહિલાની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી ૬૭.૫ ગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હતું, જેની કિંમત ૧૩.૫ લાખ રૂપિયા થાય છે. આરોપી મહિલાએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે તુલિંજ વિસ્તારમાં આવી હતી, તેની પોલીસ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

## લાતુરમાં બસ સ્ટેન્ડ પર દાગીના ચોરનારી બે મહિલાની ધરપકડ

લાતુરઃ લાતુર જિલ્લામાં બસ સ્ટેન્ડ પર દાગીના ચોરનારી બે મહિલાને પોલીસે પકડી પાડી હતી અને તેમની પાસેથી ૧.૩૩ લાખના દાગીના જપ્ત કર્યા હતા. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદ બાદ લોકલ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી અને ગુનામાં સંડોવાયેલી બંને મહિલાને ઓળખી કાઢી હતી.

દરમિયાન ૩૦ જાન્યુઆરીએ પોલીસને માહિતી મળી હતી કે બે મહિલા ચોરીના દાગીના વેચવા માટે રેનાપુર નાકા અને ગરુડ ચોક વચ્ચે આવવાની છે. આથી પોલીસ ટીમે છટકું ગોઠવ્યું હતું અને બંને મહિલાને તાબામાં લીધી હતી.

બંનેની ઓળખ સ્વાતિ તપસાલે (૩૨) અને મહાદેવી દેંડે (૩૪) તરીકે થઇ હતી. પૂછપરછમાં બંને આરોપીએ કબૂલ્યું હતું કે તેઓ મહિલા પ્રવાસીઓ પર નજર રાખતી હતી અને બસમાં ચડતી વખતે તેમના મંગળસૂત્ર-ચેન ચોરી લેતી હતી. બંને મહિલા વિરુદ્ધ ઔસા, ગાંધી ચોક અને નિલંગા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ છે. તેમની પાસેથી ચોરીના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

## ગેરકાયદે જુગારની ફરિયાદ કરવા બદલ શિવસેનાના નેતા પર હુમલોઃ સાત સામે ગુનો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ગેરકાયદે જુગારની ફરિયાદ કરવા બદલ લોકોના ટોળાએ શિવસેનાના ૭૧ વર્ષના નેતા પર હુમલો કરી તેમને ઇજા પહોંચાડી હતી.

જવ્હારમાં ૨૯ જાન્યુઆરીના રોજ આ ઘટના બની હતી અને પોલીસે આ પ્રકરણે સાત જણ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર શિવસેનાના જિલ્લા એકમના નાયબ વડા વિજય ઘોલપે ગેરકાયદે જુગાર અંગે અધિકારીઓને ફરિયાદ કરી હતી. ત્યાર બાદ પોલીસે કાર્યવાહી કરી હતી અને પ્રવૃત્તિ બંધ કરાવી હતી.

૨૯ જાન્યુઆરીએ સાંજે આરોપીઓ જવ્હારમાં ઘોલપના ઘરે આવ્યા હતા અને તેના પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી. ઘોલપ હાલ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઘોલપે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે સાત આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઈ)

## કુર્લામાં ભંગારની દુકાનમાં ભીષણ આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લા (પશ્ચિમ)માં ભંગારની દુકાનમાં શુક્રવારે સાંજે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં દુકાનોને નુકસાન થયું હતું. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

કુર્લા(પશ્ચિમ)માં કુર્લા ખાડી પાસે ઈક્વીનોક્સ બિલ્ડિંગ પાસે ભંગારની દુકાનમાં સાંજે ૪.૧૯ વાગે આગ લાગી હતી. આગમાં દુકાનમાં રહેલો ભંગારનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ભંગારના ગોડાઉનમાં મોટા પ્રમાણમાં જ્વલનશીલ પદાર્થ હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. આગની જાણ થતા જ આજુબાજુના ઘર અને દુકાનો તાત્કાલિક ધોરણે ખાલી કરાવવામાં આવી હતી.

આ આગમાં ભંગારની દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે દૂર દૂર સુધી તેના ધુમાડા નજરે ચઢી રહ્યા હતા. આગી જાણ થતા જ ફાયરબ્રિગેડના ચાર ફાયર એન્જિન, બે ફાયર ફાઈટર, છ જેટી, એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ સહિતના સાધનો સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

ભંગારની દુકાન હોવાથી મોટા પ્રમાણમાં અહીં લાકડાનો સામાન, જ્વલનશીલ પદાર્થ હોવાથી આગ ઝડપભેર ફેલાઈ હતી. તેથી ફાયરબ્રિગેડે પોણા પાંચ વાગે તેને બે નંબરની આગ જાહેર કરી હતી. મોડી સાંજે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

## બીડમાં હાઈવે પર બે કાર વચ્ચે ટક્કર, ત્રણનાં મોત

મુંબઈઃ મહારાષ્ટ્રના બીડમાં કેજ તાલુકાના અહમદપુર-અહમદનગર હાઇવે પર શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે બે કાર વચ્ચે થયેલી ટક્કરમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ચંદન સાવરગાંવ ખાતે થયેલી અથડામણમાં બંને કારને ભારે નુકસાન થયું હતું, અને પીડિત પુરુષોની ઓળખ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. બે પુરુષોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રીજા પીડિતને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે, આસપાસના લોકોએ પીડિતોને મદદ કરવાનો પ્રયાસ કર્યો અને પોલીસને આ બાબતની જાણ કરી હતી. યુસુફ વડગાંવ પોલીસ સ્ટેશનની એક ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી હતી. અકસ્માતને કારણે હાઇવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. (પીટીઆઈ)

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં જૈન સંઘના ૧૫૫ કર્મચારીઓનું ભાવસભર સન્માન

શ્રી વૈશાલીનગર જૈન સંઘ ખાતે જશ-પ્રેમ-ધીર સંકુલમાં પૂ. શ્રી. ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતી અનુમોદના કાજે રાજકોટના વિવિધ સ્થાનકવાસી જૈન સંઘના ૧૫૦ કર્મચારીઓનું અમેરિકાના રેણુ મહેતા, રંજના કામદારના હસ્તે તિલક વિધિ અને કેન્ડીની ઠંડક બાદ ધર્મસભામાં પૂ. ગુરુદેવે જણાવેલ તે તમો સહુ સદ્ભાગી છો કે -સંસાર ત્યાગી, આજીવન બ્રહ્મચારી, તપસ્વી સંત-સતીજીઓના દર્શનનો લાભ, સેવા-વૈયાવચ્ચનો લાભ મેળવો છો. જે કરોડપતિઓને પણ મળતો નથી. સહુથી વધુ વર્ષથી કાર્યરત સંજય ગોંડલીયા, મહાસુખભાઇ, પ્રવીણાબેનનું રિસ્ટ વોચ અને અન્યનું ૨૬૦૦ના રોકડ કવર, ખજૂર વગેરેથી જગદીશ મહેતા, જયંત કામદાર, રીટા અભય શાહ, કુ. ધારા જીતુભાઇ બેનાણી, સુવિધિ બોટાદરા વગેરે તરફથી કરાયું હતું. સૂત્ર સંચાલન જયશ્રી શાહે કરેલ. આ પ્રસંગે અમેરિકાના મધુબેન આર. કામદાર ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



## જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી, શાંતિનાથની પોળ, હાલ અંધેરી, સ્વ. કાંતિલાલ ચંદુલાલ શાહ પાલેજવાળાના ધર્મપત્ની, મંજુલાબેન (ઉં.વ. ૯૫) રાજકોટવાળા પ્રભાવતીબેન ચીમનલાલ શાહની સુપુત્રી. હિતેનભાઈના મમ્મી. અલ્પાબેનના સાસુ. સ્મિતાબેન સુરેશભાઈ, સ્વ. હર્ષાબેન, સ્વ. ઈલાબેન વિપુલભાઈ, સ્વ. કલ્પનાબેન. હિનાબેન સ્વ. પરેન્દ્રભાઈ, પંકિતાબેન મુકેશભાઈ, ભાવનાબેન જયેશભાઈ, પારુબેન વિપુલભાઈના મમ્મી. આલાપ હેતાના દાદી તા. ૩૧-૧-૨૫, શુક્રવારના અરિહંતશરણ પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ-મુલુંડ સ્વ. કાંતાબેન ગોરધનદાસ ધામીના સુપુત્ર વસંતભાઈના ધર્મપત્ની. અ.સૌ. મીનાબેન તા. ૩૦-૧-૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે દિશાબેન શ્રેણીકકુમાર શેઠ, સ્વ . રિદ્ધિબેન તથા રૂચીબેન પ્રિયાન્ક કુમાર દોશીના માતુશ્રી. સ્વ. જયસુખભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. ગુણવંતભાઈના નાના ભાઈના ધર્મપત્ની. સ્વ. ઈન્દુબેન કાંતિલાલ સંઘવી, સુશીલાબેન શિરિષકુમાર દોશી, નિલાબેન (નિમુબેન) મહીપતરાય શાહના ભાભી. તે પિયરપક્ષે ઘોઘાવાળા હાલ ભાવનગર સ્વ. નવનીતરાય શાંતિલાલ પારેખની દીકરી. તેમની માતૃવંદના તા. ૩-૨-૨૫, સોમવારના ૯.૩૦થી ૧૨.૦૦. શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ (અશોક હોલ), મેહુલ સિનેમા પાસે, મુલુંડ (વેસ્ટ).

**ખંભાત વિશા શ્રીમાળી- જૈન**

ખંભાત નિવાસી હાલ, પ્રાર્થના સમાજ મુંબઈ સ્વ. રમણલાલ દલસુખભાઈ શ્રોફની સુપુત્રી. સ્વ . અરવિંદલાલ મોહનલાલ ચોકસીના ધર્મપત્ની. સરોજબેન (ઉં.વ. ૮૬) તા. ૩૧-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ ચારુબેન, પૂર્વીબેન અને મિતેશભાઈના માતાશ્રી. શૈલેન્દ્રભાઈ, રજનીશભાઈ અને મનિષાબેનના સાસુ. પ્રાર્થનાસભા તા. ૩-૨-૨૫ના સોમવારે ૫.થી ૬.૩૦. પાટીદાર સભાગૃહ, ફ્રેંચબ્રિજ નીચે હ્યુજીસ રોડ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઇ દિપકભાઇ વૃજલાલ ડગલી (ઉં. વ. ૭૮) તે કુસુમબેનના પતિ. તે અમિતના પિતા. તે સ્વ. અનિલભાઇ, સ્વ. પ્રફુલભાઇ, વસ્તુપાળભાઇ, સ્વ. ચંદ્રાબેનના ભાઇ, તે સ્વ. કાન્તિલાલ મણીલાલ શાહના જમાઇ તાઃ ૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વે. મુ. પૂ જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી સ્વ.પન્નાબેન ધીરજલાલ શાહના પુત્ર અશ્વિનભાઇ (ઉં. વ.૭૨) તે સુધાબેનના પતિ. મોના, શૈલી, વિરલના પિતા, સાધ્વીજી સંયમરત્ના શ્રીજી મ.સા.અતુલભાઈ, અલ્કાબેન રોહિતકુમારશાહના ભાઈ. સાસરાપક્ષે વઢવાણ નિવાસી હાલ અમદાવાદ સવીતાબેન ઉજમશી શાહના જમાઈ. ૩૧/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૭૦૧, સુમિત ૧, રાયચુરા સર્કલ, ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી (મહા.) માતુશ્રી પુષ્પાબેન નાનજી ગાલા (ઉં. વ. ૭૮) તા. ૩૧.૦૧.૨૫ના અવસાન પામેલ છે. ખેતબાઇ ચનાભાઇ શીવજી ગાલાના પુત્રવધુ. દેવપુર મેઘબાઇ માવજી ગોસરના સુપુત્રી. નાનજી ચનાભાઇના ધર્મપત્ની. કિશોર, પ્રવિણા, ઉષાના માતુશ્રી. પ્રા. નવી મુંબઇ અચલગચ્છ જૈન સંઘ, એમ.જી. કોમ્પલેક્ષ, સેક્ટર-૧૪, વાશી. સમય : ૩.૩૦ થી ૫.૦૦. ત્વચાદાન તથા ચક્ષુદાન કરેલ છે). ઠે. કિશોર નાનજી, સી૯/એસ૧, ન્યુ કામધેનું, એમ.જી. કોમ્પલેક્ષ, વાશી - ૪૦૦૭૦૩.

ભુજપુરના ગં.સ્વ. ઉર્મિલાબેન ગાલા (ઉં. વ. ૮૩) તા. ૩૧-૧-૨૫ ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન ભીમશીના પુત્રવધુ. સ્વ. દામજીના પત્ની. જ્યોતિ, પરેશ, મનિષ, દિવ્યેશના માતુશ્રી. ગંગાબેન દેવજીના પુત્રી. લાલજી, શાંતી, તલકશી, પત્રી લક્ષ્મી મોરારજી. લાખાપર લીલાવંતી ચાંપશી, છસરા દેવકા જાદવજી, વડાલા સુશીલા કેશવજી, રતાડીયા હેમલતા નવિનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.: મનીષ ગાલા, જે વિંગ, રૂમ નંબર ૧૦૨, નવનીત નગર, દેશલેપાડા, ડોંબીવલી (ઈ).

સમાઘોઘાના શ્રી પ્રવીણચંદ્ર હીરજી ગાલા (ઉં. વ. ૮૫) તા.૩૧-૧-૨૦૨૫ ના અવસાન પામેલ છે. પાંચીબાઈ હીરજીના પુત્ર. પ્રભાવતીના પતિ. જયંત, વર્ષા, સંયમીબેન (ટીકુબેન)ના પિતા. ભવાનજી, શાંતિલાલ, હસમુખ, મુકેશના ભાઈ. દેશલપુર (કંઠી) મમીબાઈ દામજી નાગશી વીરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વસંત નાગડા. ઓમ શીતલ, દિવેચા કોમ્પલેક્ષ, એડલજી રોડ, ચરઈ, થાણા (વે).

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ખોંભડી હાલે મુલુંડવાળા સ્વ. મુલજી વાલજી ચાંપશી બારુઆના ધર્મપત્ની ગં.સ્વ. શારદાબેન મુલજી બારુઆ (ઉં.વ. ૮૮) તે કચ્છ ગામ ભાદરાના સ્વ. વિમલા રવજી સુરજી કતીરાના મોટાપુત્રી. સ્વ. કુમુદ નીતિનભાઈ, સ્વ. જયશ્રી, બિન્દુ અને હર્ષદના માતુશ્રી. ભારતી (નલિની) ભગવાનદાસ, ગીતા દેવેન્દ્ર, શાંતા હસમુખભાઈ, રજનીબેન અને હરીશના મોટાબેન. ચિ. યશના દાદી અને આદિત્ય, ધ્વની નિશાંત બોડસના નાની. ગુરુવાર, તા. ૩૦-૧-૨૫ના શ્રી રામ શરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ વણિક**

હાલ મુંબઇ (ગ્રાન્ટરોડ) નિવાસી સુરેશકુમાર પૂનમચંદ દેસાઇના ધર્મપત્ની. સ્વ. શોભાબહેનનું અવસાન તા. ૩૦-૧-૨૫ના રોજ થયેલ છે. તેમની કોઇ પણ ક્રિયાપાણી નિવાસસ્થાને રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

સ્વ. કનૈયાલાલ પ્રેમચંદ શાહના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૮૩) તે સ્વ. કિરીટભાઇ, પંકજભાઇ, જયંતભાઇ, જયોતીબેનના માતુશ્રી. નીતાબેન, વર્ષાબેન, ભારતીબેન, પંકજકુમારના સાસુ. સ્વ. રસીકભાઇ, સ્વ.હિંમતભાઇ, સ્વ. તારાબેન ચંપકલાલ, સ્વ. લલિતાબેન ભક્તિરાયના ભાભી. પીયર પક્ષે ભાવનગર નિવાસી સ્વ. કાંતિભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. જયસુખભાઇ, સ્વ. શારદાબેન, સ્વ. નિર્મળાબેન, સ્વ. બાળાબેનના નાના બહેન. વૈભવ, નમ્રતા, રોનક, ધાર્મિક, મનન, પ્રિયંકા, જયના દાદી. ગુરુવાર તા. ૩૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૪-૨-૨૫ના ૪થી ૬. ઠે. તેરાપંથી હોલ, જૈન દેરાસર લેન, અહિંસા માર્ગ, લક્ષ્મીકુટીર સામે, વિરાર (વેસ્ટ).

**સુરતી દશા લાડ વણિક**

સુશીલાબેન કાજી (ઉં. વ. ૮૨) તે અરુણભાઇ શાંતિલાલ કાજીના ધર્મપત્ની. તે કાંતિલાલ સુખીયાના પુત્રી. તે મેઘના ડાંગરવાલા અને રૂપા કાજીના માતુશ્રી. પાર્થ ડાંગરવાલાના સાસુ. તે રિધાન ડાંગરવાલાના નાની. તા. ૩૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સત્તાવીશ દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

હરસોલ નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. નયનાબેન હરિશભાઇ દાણી (ઉં. વ. ૭૮) તા. ૩૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશ્રી, પરાગ, કેતનના માતુશ્રી. સમીરા, હિમાંશીના સાસુ. સૂરજના નાની. પરિન, રિવાના દાદી. તે બુલાખીદાસ પાનાચંદ શાહ (ખેરવા)ની ભાણી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. રૂક્ષમણી કક્કડ (ઉં. વ.૮૭) ગામ અંજાર હાલે ડોમ્બિવલી તે સ્વ. પુરુષોતમ ગોપાલજી કક્કડના ધર્મપત્ની. તે સ્વ. નાનજી હંસરાજ રાચ્છ ગામ કુકમાવાળાની પુત્રી. મૂળરાજ, શૈલેષ, મુકેશ, કિરણ જમનાદાસ ચંદન, જયશ્રી વિજયભાઇ સૂચક, પ્રીયા શૈલેષભાઇ ગણાત્રાના માતુશ્રી. તે મીરાબેન, સંગીતાબેન, મીતાબેનના સાસુજી. તે વીકી, સ્વાતી, ઉર્વી, પૂર્વી, યશ, રીંકલના દાદીજી. તે કાશીબેન, મણીબેન, શાંતાબેન, જયંતીલાલ, ચંદ્રકાંતના બેન. તા. ૩૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગોપુરમ હોલ, પી. કે. ખેરાજ એસ્ટેટ, નીયર જ્ઞાન સરિતા સ્કૂલ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫થી ૭, તા. ૨-૨-૨૫ના, લૌકિક વ્યવહાર બંધ છે.

**વાડા સિનોર દશનીમા વણિક**

રમેશચંદ્ર ચીમનલાલ કડકીઆ (ઉં. વ. ૯૦) તા. ૩૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા-લૌકિક વ્યવહાર બંધ છે. પત્ની તરૂબેન રમેશચંદ્ર કડકીઆ, ચીમનલાલ અમૃતલાલ કડકીઆના પુત્ર. રમણલાલ મગનલાલ મહેતાના જમાઇ.

**સારીયા ઉનેવાળ બ્રાહ્મણ**

કોડીનાર નિવાસી હાલ મુંબઈ ગં.સ્વ.મધુકાંતા દલસુખરાઈ જોશી (ઉં. વ. ૯૭) તે વિષ્ણુપ્રસાદ જોશી, મુકુંદ જોશી, રેણુકા દવેના માતા, નરોત્તમ કલ્યાણજી પુરોહિતના બહેન, ૦૧.૦૨.૨૫ના કૈલાસવાસી થયા છે. સાદડી પ્રથા બંધ છે.

**સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

સ્વ.સુશીલાબેન દવે (ઉં. વ. ૬૩) તે કૂકાવાવ નિવાસી હાલ કાંદિવલી સ્વ.પુરુષોત્તમ દવેના ધર્મપત્ની, સ્વ.જયાબેન ઘનશ્યામભાઈ દવેના પુત્રવધુ, સ્વ.નરભેરામ મહેતા, સ્વ.લલિતાબેનના દીકરી, સમીર, હિનાના માતુશ્રી, ક્ષમા, જેતસના સાસુ. ૩૦/૧/૨૫ના સ્વર્ગવાસી પામેલ છે. પ્રાર્થનાસભા ૩/૨/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, એમસીએ કલબ પાસે, કાંદિવલી વેસ્ટ.

**નવગામ વિશા દિશાવાળ વણિક**

બાલીસણા નિવાસી હાલ કાંદિવલી જનકભાઇ શાહ (ઉં. વ. ૬૮) ૩૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.ચંદ્રિકાબેન તેમજ સ્વ.રસિકલાલ હિરાલાલ શાહના પુત્ર, સ્વ.વંદનાબેનના પતિ. જેકિન, જિનલના પિતા. ગૌતમ અને રંજનબેનના ભાઇ. સસુરપક્ષ સ્વ.બાબુલાલ ગોરધનદાસ મોદી કલોલ - અમદાવાદના જમાઈ. પાર્થનાસભા તા.૩.૨.૨૫ને સોમવારના ૫ થી ૭, લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ એક્ષટેનશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

## પાયદસ્ત

સોહરાબ રૂસ્તમ અફશારી તે અરનાવાઝ અફશારીના ખાવીંદ. તે મરહુમો રૂસ્તમ ને સારવાર ના દીકરા. તે શીરીન ને શાહાવીરના બાવાજી. તે સચીન ને પીનાઝના સસરા. તે જેહાંગીર ને દીલનાવાઝના ભાઇ. તે મરહુમો દોલત ને મીનોચેર ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૭૧) રે. ઠે. બિલ્ડિંગ નં.૨૦, ફલેટ નં.૦૧, માલકમ બાગ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. પાયદસ્ત તા. ૨-૨-૨૫ના રોજ સવારે ૭.૪૫ કલાકે બેનેટ બંગલી નં-૫, ડુંગરવાડી મુંબઇ. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે માલકમ બાગ અગિયારી, જોગેશ્વરી.

## પારસી મરણ

રશીદા અસ્પી ઇરાની તે મરહુમ અસ્પીના વિધવા. તે મરહુમો આલામાય ને ખોરદદ ઇરાનીના દીકરી. તે શેરી, તીરેન, ગુલનાર ને મરહુમો અદી ને ફરીદાના માતાજી. તે બેટી, એલીઝાબેથ ને ફરીદા તથા મરહુમો વીસ્પી ઠાનાવાલા ને વીસ્પી પટેલના સાસુ. તે મરહુમો ફની ને તેહેમીનાના બહેન. તે બીનાઇફર, વીરા, ડીલનાઝ, રોડા ને શીરાઝના ગ્રેન્ડ મધર. (ઉં. વ.૯૦) રે. ઠે. એન.એમ. પીટીટ ચાલ, રૂમ.નં.૨૧, બીજો માળ, ૧૩૩ મોદી સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે શેઠ વીકાજી શેઠ મેહેરજી પારસી અગિયારી.

ફરીદા હોશંગ વાંદરીવાલા તે હોશંગના ધનિયાની. તે મરહુમો તેહેમીના તથા નોશીર એલાવીયાના દીકરી. તે મરહુમો હોમી ને દીનુના વવ. તે અનાહીતા ને બરજીસના કઝીન બહેન. તે અસ્પી જાલેજર તીજોરીવાલાના ભાંજી. તે પરવીન ભેસાનીયાના ભાભી. (ઉં. વ. ૬૧) રે. ઠે.૧૪ એ/૩, હમાબાઇ પેટીટ બિલ્ડિંગ, ગીલ્ડર લેન ઓફ લેમિંગ્ટન રોડ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે અસલાજી અગિયારી ગ્રાન્ટ રોડ.

કુમી બેહેરામ કાર્ડમાસ્ટર તે મરહુમ બેહેરામ પેસ્તનજી કાર્ડમાસ્ટરના વિધવા. તે મરહુમો ડોસાભાઇ ને બચાના દીકરી. તે સાયરસ કાર્ડમાસ્ટરના માતાજી. તે રૂકશાના કાર્ડમાસ્ટરના સાસુજી. તે મેહેર રૂસ્તમ ઇરાની તથા મરહુમ અસ્પી બચાના ભાઇ. તે ખુશરૂ કાર્ડમાસ્ટરના બપયજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૦૪, મરીન ૫મો માળ, આનંદીલાલ, પોદાર માર્ગ, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સોડાવોટર વાલા અગિયારી, મરીન લાઇન્સ મુંબઇ.

ઓસ્તી પેરીન બહેરામ ભાંજા તે મરહુમ ઓસ્તા બેહેરામના વિધવા. તે મરહુમો કુમાય ને શાવકશા દુબાશના દીકરી. તે ઓસ્તા ફરોખ, એરવદ જહાંગીર, યાસ્મીન, નવાઝ ને શહનાઝના માતાજી. તે થ્રીતી, દારા ને કેરસાસ્પના સાસુ. તે સાયરસ, એરવદ જમશીદ, ચેચેસ્ત કયોમર્ઝ, બેઝાન, જેહાન, અરશાન, મહેરઝાદ ને ખુશનાઝના ગ્રેન્ડ મધર. તે ઓસ્તા માનેકજી ને ઓસ્તી દોસીબાઇના વવ. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૧૯/૧૪, પંઠકી બાગ, એમ. વસનજી રોડ, અંધેરી (ઇસ્ટ).મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે બેનેટ બંગલી નં-૬, ડુંગરવાડી, મુંબઇ.

છેલ્લા પાનાનું ચાલુ

### શરદ પવારે

સંસાર માંડ્યો નથી.

**...તો હું તે જ સમયે મુખ્ય પ્રધાન બન્યો હોત**

મુંબઈ મહારાષ્ટ્રમાં છે, પણ મુંબઈમાં મહારાષ્ટ્ર ક્યાં છે? એવો પ્રશ્ન ઉભો થયો હતો. શિવસેનાના વડા બાળ ઠાકરેના આદેશથી તેઓ પ્રથમ શાખા પ્રમુખ બન્યા. બાદમાં, તેમણે મુંબઈના મેયર, વિધાનસભ્ય અને પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન તરીકે પણ સેવા આપી. મંડલ કમિશનને ટેકો આપવા અંગે મતભેદ થયો અને હું બાળાસાહેબને છોડીને કોંગ્રેસમાં જોડાયો. પછી બાળાસાહેબ કહેતા, શરદ પવારે મારા ભુજબળને લઈ લીધા. જો મેં શિવસેના ન છોડી હોત, તો હું તે જ સમયે મુખ્ય પ્રધાન બન્યો હોત. જો તે શરદ પવાર સાથે જવાને બદલે કોંગ્રેસમાં રહ્યા હોત, તો પણ મુખ્ય પ્રધાન બની શક્યો હોત. તે ગેરંટી પણ ત્યારે આપવામાં આવી હતી. તેમણે ઓબીસીની લડાઈ માટે મુખ્ય પ્રધાન બનવાની આ બે તકો છોડી દીધી હોવાનો દાવો કરતાં તેમણે કહ્યું હતું કે, 'મારા માટે પદ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ ઓબીસી સમુદાયના મુદ્દાઓ મહત્ત્વપૂર્ણ છે.'

**રાજ્યપાલ નહીં બનું**

રાજ્યપાલનું પદ એક મહાન અને પ્રતિષ્ઠિત પદ છે, હું તે પદનો અનાદર કરવા માગતો નથી, પરંતુ તે પદ સંભાળતી વખતે હું સામાન્ય લોકોવતી બોલી શકીશ નહીં. મને રાજ્યપાલ બનાવવો એ મારા મોં પર તાળું મારવા જેવું છે. તેથી, હું તે પદ સ્વીકારીશ નહીં એમ છગન ભુજબળે કહ્યું હતું.

**ભાજપ સાથે લગ્ન નથી કર્યા**

૨૦૧૪માં વરિષ્ઠ નેતા શરદ પવારે ભાજપને બાહ્ય સમર્થન આપ્યું હતું. ઘણા વર્ષો પછી, તેમણે આ બાબતે દૂધમાં અને દહીંમાં પોતાનો પગ રાખ્યો. મને તે ગમ્યું નહીં. અંતે, મેં અજિત પવાર સાથે રહેવાનું નક્કી કર્યું. અમે, એક રાષ્ટ્રવાદી પક્ષ તરીકે, હાલમાં રાજકીય રીતે ભાજપ સાથે જોડાયેલા છીએ. પરંતુ અમે ભાજપ સાથે લગ્ન કર્યા નથી.

### મુંબઈમાં પાણીનાં

ડિમાન્ડને પહોંચી વળવા માટે દરિયાના ખારા પાણીને મીઠું કરવા માટે ડિસેલિનેશન પ્રોજેક્ટ અમલમાં મૂકવાનો પાલિકા નિર્ણય લીધો હતો. આ પ્રોજેક્ટના માધ્યમથી દરિયાનાં પાણી પર પ્રક્રિયા કરીને પહેલા તબક્કામાં દરરોજ ૨૦૦ મિલ્યન લિટર પાણી વાપરવા યોગ્ય મળવાનું છે. બીજા તબક્કામાં આ ક્ષમતા વધારીને ૨૦૦ મિલ્યન લિટર જેટલી કરવામાં આવવાની છે.

ડિસેમ્બર ૨૦૨૩થી આ પ્રોજેક્ટ માટે બિડિંગની સમયમર્યાદામાં અનેક વખત વધારો કરવામાં આવ્યો હોવા છતાં પ્રોજેક્ટમાં બોલી લાવનારાઓને આકર્ષવામાં પાલિકા નિષ્ફળ ગઈ છે. અગાઉ મુદત વધારી આપી હતી, તે પણ ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ પૂરી થઈ હતી, જેમાં ફક્ત એક જ બોલી મળી હતી. તેથી પાલિકાએ ટેન્ડર પ્રક્રિયા રદ કરીને ગાર્ગઈ ડેમ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો હતો. ૨૦૧૨માં મિડલ વૈતરણા ડેમના નિર્માણ પછી પાલિકાએ એક દાયકાથી વધુ સમયથી કોઈ નવો ડેમ બનાવ્યો નથી.

મુંબઈથી ૧૧૦ કિલોમીટર દૂર પાલઘર જિલ્લામાં આવેલા ગાર્ગઈ ડેમ શહેરને દરરોજ ૪૭૦ મિલ્યન લિટર જેટલું પાણી પૂરું પાડી શકે છે. ૬૫૯ હેક્ટર ફોરેટ ડિપાર્ટમેન્ટની જમીનનું સંપાદન કરવા માટે પાલિકાએ ચંદ્રપુરમાં ૪૮૮ હેક્ટર જમીન અને મહારાષ્ટ્ર વન વિકાસ નિગમ પાસેથી પાલઘરમાં વાડા નજીક ૪૦૦ હેક્ટર જમીન મેળવી છે. ૫,૦૦૦ કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ પર્યાવરણીય મંજૂરીઓની રાહ જોઈ રહ્યો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ડિસેલિનેશન પ્રોજેક્ટ માટે વધુ લોકો આગળ આવે અને બોલી લગાવે તે માટે અમે નિયમ અને શરતમાં સુધારો કરવાના છીએ. ત્યારબાદ નવેસરથી બોલી મંગાવીશું. આ પ્લાન્ટ ચાર વર્ષમાં કાર્યરત થવાની અપેક્ષા છે, જેનો અંદાજિત ખર્ચ ૩,૫૨૦ કરોડ રૂપિયા છે.

### વિક્રોલી આરઓબીની

બાદ વર્ષોથી કનેક્ટિવિટીની સમસ્યા રહી છે. લગભગ ૬૧૫ મીટર લાંબા અને ૧૨ મીટર પહોળા આ પુલ પાછળ લગભગ ૮૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક નાગરિકોને વિક્રોલી પૂર્વથી વિક્રોલી-પશ્ચિમ જવા માટે ઘાટકોપર અથવા તો કાંજુરમાર્ગ સ્ટેશન પાસેના ઓવરબ્રિજનો ઉપયોગ કરવો પડે છે. વિક્રોલી સ્ટેશન પરનો આરઓબી બંધાઈ ગયા પછી સ્થાનિક નાગરિકોને મોટી રાહત થઈ રહેવાની છે. જોકે સ્થાનિક કાર્યકર્તાઓના કહેવા મુજબ પૂર્વમાં અપ્રોચ રોડ સહિતના કામ થઈ ગયા છે. પરંતુ વિક્રોલી-પશ્ચિમમાં અપ્રોચ રોડ સહિતનાં અનેક કામ બાકી છે, તેથી પાલિકાએ પુલ શરૂ કરવા માટે આપેલી માર્ચની સમયમર્યાદામાં આ પ્રોજેક્ટ પૂરો થવા અંગે શંકા છે.

અન્ય સ્થાનિક કાર્યકર્તા ગણેશ શેટ્ટીના જણાવ્યા મુજબ લાંબા સમયથી સ્થાનિક નાગરિકો ફ્લાયઓવર ખૂલ્લો મુકાવાની રાહ જોઈ રહ્યા છે. પરંતુ કામ જે ગતિએ ચાલી રહ્યું છે, તેને જોતા માર્ચ મહિનામાં પુલનું કામ પૂરું થાય એવું જણાતું નથી. પરંતુ એક વખત પુલ ખૂલ્લો મુકાશે તો તેનાથી રાહત તો થશે પણ સાથે જ સ્થાનિક નાગરિકોની તકલીફમાં પણ વધારો થવાનો છે. વિક્રોલી પૂર્વમાં મોટા પ્રમાણમાં રિડેવલપમેન્ટના કામ થયા છે. વસતી વધી રહી છે, તેમાં પાછું આ ફ્લાયઓવરને કારણે ટ્રાફિકની સમસ્યામાં હજી વધારો થવાનો છે. ફ્લાયઓવર બંધાઈ ગયા બાદ પશ્ચિમથી પૂર્વમાં આવનારા વાહનો ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિક્રોલી ટાગોર નગર-કન્નમવાર જંકશન પાસે બોટલનેકને કારણે ભારે ટ્રાફિક જામની સમસ્યા ઊભી કરશે. અહીં સ્કૂલ પણ આવેલી છે. અહીં રસ્તા સાંકડા છે અને અત્યારે જ મોટા પ્રમાણમાં ટ્રાફિકની તકલીફ છે, જે આગળ જઈને પુલ ખુલ્લો મુકાયા બાદ હજી વધશે.

**ટેક્નિકલ સમસ્યાથી વિલંબ**

પાલિકાના પુલ વિભાગના ઉચ્ચ અધિકારીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે વિક્રોલીના પુલમાં પશ્ચિમ તરફનું કામ ટેક્નિકલી પડકારજનક છે. પશ્ચિમમાં જગ્યા સાંકડી છે અને અહીં 'એસ'આકારમાં ગર્ડર નાખવામાં આવી રહ્યા છે, તેને બેસાડવા માટે ચોક્કસ ઈન્સ્ટોલેશન અને સમયની જરૂર પડે છે. હાલ ગર્ડરને જોડવાનું કામ ફેકટરીમાં ચાલી રહ્યું છે. જોડવાનું કામ થયા બાદ પશ્ચિમમાં તેને પિલર પર બેસાડવામાં આવશે. એપ્રોચ રોડનું કામ પણ પણ ચાલી રહ્યું છે. મે , ૨૦૨૫ સુધીમાં પુલનું કામ પૂરું કરવાનું લક્ષ્યાંક અમે રાખ્યું છે.

### લિવ-ઈન પાર્ટનરે

હતી. આથી પોલીસે સાગરને પૂછપરછ માટે પોલીસ સ્ટેશનમાં બોલાવ્યો હતો. સાગર ઝેરની બોટલ સાથે લઇ આવ્યો હતો અને તેણે પોલીસ સ્ટેશનની બહાર હંગામો કર્યો હતો અને બાદમાં ઝેર ગટગટાવ્યું હતું. સાગરને હાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ)

### વસઈમાં પિસ્તોલની

પાલઘર, સાતારામાં ૨૦થી વધુ ગુના, રોયલ ઉર્ફે રોય સિક્વેરા સામે મહાબળેશ્વરમાં હત્યા-લૂંટ સહિત વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૧ ગુના દાખલ હોવાનું તપાસમાં જણાયું હતું. વસઇ પશ્ચિમમાં કૌલ હેરિટેજ સિટી ખાતે ઝવેરી રતનલાલ સિંઘવી ૧૦ જાન્યુઆરીએ રાતે પોતાની મયંક જ્વેલર્સ નામની દુકાન બંધ કરી રહ્યો હતો ત્યારે બે લૂંટારા અંદર ઘૂસી આવ્યા હતા.

તેમણે ઝવેરીને પિસ્તોલની ધાક દાખવી ધમકાવ્યો હતો. બાદમાં ઝવેરી પર હુમલો કરી દુકાનમાંથી તેમણે ૭૧ લાખ રૂપિયાના ઘરેણાં લૂંટ્યાં હતાં. આ પ્રકરણે વાલિવ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આરોપીઓને પકડવા માટે ટીમ તૈયાર કરાઇ હતી.

પોલીસે ઘટનાસ્થળ સહિત ૬૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં ટોકપાડા વિસ્તારમાંના એક સીસીટીવી ફૂટેજમાં આરોપીઓ કારની લાઇટ ચાલુ કરી તથા હોર્ન વગાડ્યા બાદ ત્યાંની ઇમારતમાં જતા નજરે પડ્યા હતા. પોલીસે બાદમાં એ વિસ્તારમાં તપાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે બે આરોપી અનુજ અને રોયલને પકડી પાડ્યા હતા. બંનેએ ગુનામાં વાપરેલી મોટરસાઇકલ સાતારાથી ચોરનાર લાલસિંહ અને સૌરભને પણ બાદમાં તાબામાં લેવાયા હતા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

MUMBAI SAMACHAR
મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨-૨-૨૦૨૫

દિલ્હીની ચૂંટણી

# અહીં જનાદેશ નહીં - ધનાદેશ બાજી મારી જશે?!

**દિલ્હી વિધાનસભામાં સત્તા મેળવવા આડેધડ ગલીચ કક્ષાના આરોપો અને મત મેળવવા માટે સરકારી તિજોરીનું દેવાળું ફૂંકાઈ જાય એવાં એવાં વચનોની લહાણી કરીને ત્રણેય મુખ્ય રાજકીય પક્ષો જે અધમ કક્ષાના ખેલ કરી રહ્યા છે એમાં ખરી લોકશાહીએ માથે હાથ મૂકીને ઠૂઠવો મૂકવાનો વખત આવ્યો છે!**



કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

દિલ્હી વિધાનસભા ચૂંટણીનો જંગ બરાબર જામ્યો છે. મતદાન આડે ગણીને દિવસ બચ્યા છે ત્યારે આક્ષેપોની રમઝટ જામી છે. 'આમ આદમી' પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલને 'મહાજૂઠો માણસ' કહેવાથી માંડીને 'આતિશીએ બાપ બદલી નાખ્યો' ત્યાં સુધીના ગંદા આક્ષેપો વિપક્ષી એવા ભાજપના નેતાઓએ ફટકાર્યા છે. કેજરીવાલ સામે કથિત લિકર સ્કેમમાં કેસ ચલાવવાની મંજૂરી સહિતના દાવપેચ પણ ભાજપે 'આમ આદમી' પાર્ટીને ભિડાવવા ખેલ્યા છે. કેજરીવાલ નકલી હિંદુ હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

બીજી તરફ, અરવિંદ કેજરીવાલ પણ ગાંજ્યા જાય એવા નથી, એમણે પણ સામે 'મહાભ્રષ્ટાચારીઓની યાદી' બહાર પાડીને નરેન્દ્ર મોદીથી માંડીને રાહુલ ગાંધી સુધીના નેતાઓને લપેટી લીધા છે ને ભાજપની હરિયાણા સરકાર યમુના નદીનાં પાણીમાં ઝેર ભેળવી રહી હોવાનો 'હળાહળ' આક્ષેપ પણ કરી નાખ્યો....! નરેન્દ્ર મોદીએ વળતો પ્રહાર કરીને પોતે ૧૧ વર્ષથી યમુનાનું પાણી પીવે છે એવો દાવો કર્યો ને હરિયાણાના મુખ્ય મંત્રી નાયબસિંહ સૈનીએ તો જાહેરમાં યમનાનું પાણી પીવાનો ડ્રામા પણ કરી દેખાડ્યો!

આ બધા વચ્ચે કૉંગ્રેસે તો કેજરીવાલ સામે પોલીસ ફરિયાદ કરીને જ ચૂંટણી પ્રચારનાં શ્રીગણેશ કરેલાં. કૉંગ્રેસવાળા કેજરીવાલને ભ્રષ્ટાચારી, જૂઠ્ઠાઓના સરદાર, દેશદ્રોહી વગેરે વિશેષણોથી નવાજી રહ્યા છે. બાકી હતું તે છેલ્લે છેલ્લે 'આમ આદમી' પાર્ટીના સાત ધારાસભ્યએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું, આ ધારાસભ્યોને છેક હમણાં ખબર પડી કે, પાર્ટી દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે ને પક્ષની મૂળ વિચારધારાને ત્યાગી દેવામાં આવી છે...બોલો!

રાજકારણીઓ દ્વારા થતા આક્ષેપોની આ તો અલપઝલપ છે, બાકી તો કાનના કીડા ખરી પડે એવી ગંદી ભાષા અને આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે તેના કારણે દિલ્હી વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર ૧૯૮૦ના દાયકાની 'બી ગ્રેડ'ની કોઈ ફિલ્મ જેવો થઈ ગયો છે. કોણ વધારે ગંદા આક્ષેપો કરી શકે છે અને કોણ વધારે નીચલા સ્તરે ઊતરી શકે છે તેની હોડ અહીં ચાલી રહી છે.

આવા ચૂંટણીના માહોલમાં રાજકીય પક્ષોમાં બીજી પણ હોડ ચાલી રહી છે. રાજકારણીઓ દ્વારા એકબીજાને ઉતારી પાડવા કરાતા ગંદા આક્ષેપો ઉપરાંત ગરીબો, મહિલાઓ, યુવાન મતદારોને આકર્ષવા માટે ખેરાતોનાં વચનોની પણ લહાણી થઈ રહી છે. ભાજપ, કૉંગ્રેસ અને 'આમ આદમી' પાર્ટી ત્રણેય વચ્ચે કોણ સરકારી તિજોરીને વધારે લૂંટાવશે તેની સ્પર્ધા ચાલી રહી હોય એવી હાલત છે.

એક સમયે કેજરીવાલ દ્વારા અપાતાં રાહતનાં વચનોને 'રેવડી' કહીને મજાક ઉડાવનારા નરેન્દ્ર મોદીનો ભાજપ અત્યારે પોતે જ લોકોને રેવડીઓની ખેરાત કરી રહ્યો છે. ભાજપના નેતાઓને લોકો પોતાની વાતો પર કે વિકાસના દાવા પર ભરોસો નહીં કરે તેનો પાકો વિશ્વાસ હોય એમ લોકોને લોભાવવા માટે અને રેવડીઓની ખેરાત કરવા માટે ત્રણ-ત્રણ તો સંકલ્પપત્ર બહાર પાડ્યા છે.

ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ ૧૭ જાન્યુઆરીએ સંકલ્પ પત્રનો પહેલો ભાગ બહાર પાડ્યો તેમાં સંકલ્પ પત્રને 'વિકસિત દિલ્હીનો પાયો' ગણાવ્યો હતો. પહેલા સંકલ્પપત્રમાં ભાજપે ચૂંટણીમાં જીત મળે તો દિલ્હીની મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા, ગરીબ મહિલાઓને સિલિન્ડર પર ૫૦૦ રૂપિયા સબસિડી, હોળી-દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવાની જાહેરાત કરી હતી. 'માતૃ સુરક્ષા વંદના' યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયા અને ૬ પોષણ કિટ પણ આપવામાં આવશે. વીજળી, બસ અને પાણી અંગેની 'આમ આદમી પાર્ટી'ની ૬૦-૭૦ વર્ષના લોકોનું પેન્શન ૨૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા કરાશે. વિધવાઓ, વિકલાંગો અને ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને ૩૦૦૦ રૂપિયાનું પેન્શન મળશે. 'અટલ કેન્ટિન' યોજના હેઠળ ઝૂંપડપટ્ટીમાં ગરીબોને ૫ રૂપિયામાં પૌષ્ટિક ભોજન આપવામાં આવશે.

એ પછી ભાજપના અનુરાગ ઠાકુરે ૨૧ જાન્યુઆરીએ સંકલ્પ પત્રનો બીજો ભાગ બહાર પાડ્યો તેમાં સરકારી સંસ્થાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કેજીથી પીજી સુધી મફત શિક્ષણ આપવાનું વચન, યુપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારોને એકવાર ૧૫ હજાર રૂપિયાની સહાય, પોલિટેકનિક અને સ્કિલ કેન્દ્રોમાં અભ્યાસ કરતા એસસી વિદ્યાર્થીઓને ડૉ. બી.આર. આંબેડકરના નામે ૧,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઇપેન્ડ, ઘરેલુ નોકરાણીઓના કલ્યાણ માટે બોર્ડની રચના, ઘરેલુ નોકરો અને ઑટો-ટૅક્સી ડ્રાઇવરો માટે રૂ. ૧૦ લાખનો વીમો અને રૂ. ૫ લાખનું અકસ્માત કવર ઉપરાંત નોકરાણીઓને છ મહિનાની પેઇડ મેટરનિટી લીવ આપવાનાં વચન આપ્યાં છે.

અધૂરામાં પૂરું એમ અમિત શાહે ૨૫ જાન્યુઆરીએ સંકલ્પ પત્રનો ત્રીજો ભાગ બહાર પાડ્યો તેમાં સ્વતંત્ર કોન્ટ્રાક્ટરો, કામદારોને જીવન અને અકસ્માત વીમો, બાંધકામ કામદારોને ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ટૂલકિટ, ૩ લાખ રૂપિયા સુધીની લોન, યુવાનો માટે ૫૦,૦૦૦ સરકારી નોકરીઓ, ૨૦ લાખ રોજગાર અને સ્વરોજગારની તકો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત મુસાફરી સહિતનાં વચનોની ખેરાત કરી છે.

'આમ આદમી' પાર્ટી 'કેજરીવાલ કી ગેરંટી'ને નામે 'મહિલા સન્માન યોજના' અંતર્ગત મહિલાઓને માસિક ૨,૧૦૦ રૂપિયા, 'સંજીવની યોજના' હેઠળ ૬૦ વર્ષથી વધુના લોકોને મફત હેલ્થકેર પૂરી પાડવી, દિલ્હીના જળ સંકટનો નીવેડો અને બાકી બિલ ભરવામાંથી મુક્તિ જેવાં વધારાનાં વચન આપ્યાં છે. મફત વીજળી, પાણી, મોહલ્લા ક્લિનિક વગેરે યોજનાઓ તો ચાલુ જ રહેશે.

કૉંગ્રેસના 'યુવા ઉડાન યોજના' હેઠળ બેરોજગાર યુવાનોને એક વર્ષ માટે મહિને ૮,૫૦૦ ઉપરાંત યુવાનોને સ્થાનિક ઉદ્યોગોમાં એપ્રેન્ટિસશિપ, 'પ્યારી દીદી યોજના' હેઠળ ઓછી આવક ધરાવતા પરિવારોની મહિલાઓને મહિને ૨,૫૦૦ રૂપિયા અને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળીની ઑફર કરી છે. કૉંગ્રેસે દિલ્હીના તમામ રહેવાસીઓને ૨૫ લાખનું આરોગ્ય વીમા કવચ અને દરેક ઘરમાં ૫૦૦ રૂપિયાની સબસિડીવાળા ગેસ સિલિન્ડર આપવાનું વચન પણ આપ્યું છે.

આમ ભાજપ, કૉંગ્રેસ અને 'આમ આદમી' પાર્ટી દ્વારા કરાતા આક્ષેપો અને વચનોની ખેરાત આ દેશના રાજકારણીઓ માટે સત્તા જ સર્વોપરિ છે તેનો પુરાવો છે. પહેલાં લોકોને સીધો ફાયદો થાય એવાં વચન અપાતાં ત્યાં સુધી બરાબર હતું, પણ હવે તો મતદારોના ચોક્કસ વર્ગને ટાર્ગેટ કરીને સીધી લાંચ આપીને મત ખરીદવાનો જ પ્રયત્ન બધા પક્ષ કરી રહ્યા છે.

દિલ્હીની ચૂંટણીમાં કોણ જીતશે એ ખબર નથી, પણ ગમે તે જીતે, હાર લોકશાહીની થવાની છે એ નક્કી છે. એક રીતે મતદારોના મતોની બોલી લગવાઈ રહી છે. મહિલાઓ, ગરીબો, બેરોજગાર યુવાનોના મતની જે સૌથી ઊંચી બોલી લગાવે તેના જીતવાના ચાન્સ વધારે છે એ જોતાં દિલ્હીની ચૂંટણીનું પરિણામ લોકશાહીના સિદ્ધાંતો પ્રમાણેનો જનાદેશ નહીં હોય, પણ રાજકીય પક્ષોએ નાણાં વેરવાનાં વચનો આપીને મેળવાયેલો ધનાદેશ હશે.

આજે દિલ્હીની ચૂંટણી આ દેશમાં લોકશાહી મજાકરૂપ બની ગઈ છે અને પ્રામાણિક કરદાતાનાં નાણાં નેતાઓની સત્તાભૂખ સંતોષવા માટે વેડફાઈ રહ્યાં છે તેનો નક્કર પુરાવો છે. નેતાઓ વચનો પૂરાં કરવા માટેનાં નાણાં ક્યાંથી આવશે ને તેના કારણે દેશના કરદાતાઓ પર કેટલો બોજ પડશે તેની ચિંતા કર્યા વિના 'મફત કા ચંદન ઘસ બે લાલિયા' કરીને લૂલીને છૂટી મૂકી દીધી છે ને પ્રામાણિક કરદાતા લાચાર બનીને જોઈ રહેવા સિવાય કશું કરી શકતો નથી.

લોકશાહી માટે આનાથી વધારે શરમજનક બીજું શું હોઈ શકે? ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# યુરોપ

## ઉત્તર v/s દક્ષિણ v/s પૂર્વ v/s પશ્ચિમ

**ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી, યુરોપની સુંદરતા તેના સમૃદ્ધ ઈતિહાસ, વિવિધ સંસ્કૃતિઓ અને અદભૂત પ્રકૃતિમાં સમાયેલ છે.**

આજે આપણે યુરોપની ખોજ કરીશું. યુરોપ વૈવિધ્યતા અને ઈતિહાસથી સમૃદ્ધ ખંડ છે. તમને એવો વિચાર આવી શકે છે કે યુરોપમાં ઘણા બધા દેશો કઈ રીતે છે? સ્રોતોને આધારે આ સંખ્યા ભિન્ન છે. અમુક દાવો કરે છે કે 44 દેશ છે, જ્યારે અન્યો 50 કે 51 પણ કહે છે. જોકે યુનાઈટેડ નેશન્સ અનુસાર યુરોપમાં 44 દેશનો સમાવેશ થાય છે. આમ છતાં આ ઉચ્ચ સંખ્યામાં સામાન્ય રીતે યુરોપ અને એશિયામાં પણ અસ્તિત્વ ધરાવતા ટર્કી, કઝાકસ્તાન અને રશિયા જેવા પ્રદેશો અને આંશિક ઓળખાતાં રાજ્યોનો સમાવેશ થાય છે. સાઈપ્રસ એશિયા માઈનરનો ભૌગોલિક રીતે ભાગ છે,પરંતુ સાંસ્કૃતિક રીતે તે યુરોપનો ભાગ છે. અન્ય પ્રદેશોમાં ફેરો આઈલેન્ડ્સ અને ગ્રીનલેન્ડ સંખ્યાની વિભિન્નતામાં યોગદાન આપે છે. બાલ્કન્સમાં આંશિક ઓળખાતું રાજ્ય કોસોવો પણ આ અજોડતામાં ભૂમિકા ભજવે છે. ખેર, સંખ્યા ગમે તે હોવા છતાં યુરોપની વૈવિધ્યતા તેની વ્યાખ્યા કરતી વિશિષ્ટતા છે.

હવે આપણે યુરોપના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ થકી પ્રવાસ કરીને તેમની અજોડ સંસ્કૃતિઓ, નિસર્ગસૌંદર્ય અને પરંપરાઓ વિશે જાણીએ.

**ઉત્તર:** ઉત્તરીય યુરોપ અદભુત નૈસર્ગિક સૌંદર્ય, ઉત્તમ સંસ્કૃતિ અને તેના વાઈકિંગના ઈતિહાસમાં ઊંડાણભર્યા જોડાણ માટે જાણીતું છે.નોર્વેમાં તેના અદભુત ફ્યોર્ડસ હોય, આઈસલેન્ડ જિયોથર્મલ ઝરણા હોય કે ડેનિશ કેફેની આહલાદક હૂંફ હોય, ઉત્તરીય યુરોપ શાંતિના અવસરો સાથે મંત્રમુગ્ધ કરનારાં સાહસોનું સંમિશ્રણ છે.

હવે નોર્વેમાં જિરેન્જરજોર્ડ ખાતે ઊભા રહ્યા હોય તેવી કલ્પના કરો, જ્યાં પાણીનો ધોધ ઊંચા તીક્ષ્ણ ખડકો પરથી કાચ જેવા પાણીમાં નીચે આવે છેઅને દરિયાકાંઠા પર વિલક્ષણ ગામડાંઓ વસેલાં છે. અથવા આહલાદક જ્વાળામુખીના નિસર્ગસૌંદર્યથી ઘેરાયેલા આઈસલેન્ડના બ્લુ લગૂનમાં આરામ કરતી વખતે પોતાની તસવીરો લો. આ પ્રદેશ જીવનની અજોડ રીત પણ ધરાવે છે, જે પ્રાચીન રીતિરસમો સાથે આધુનિક નાવીન્યતાનું સંતુલન કરે છે.દાખલા તરીકે ડેન્માર્કની 'હાઈજી' સંકલ્પના મિત્રો સાથે તાપણા સામે બેસવું અથવા મજેદાર ભોજન માણવા જેવી નાની નાની ખુશીઓમાંઆનંદ શોધવા પ્રોત્સાહન આપે છે. સ્વીડનની ફિકા, એટલે કે, કોફી બ્રેક રિલેક્સ કરવાના હેતુપૂર્વકના અવસરમાં ફેરવાઈ જાય છે,જે પણ વધુ એક સાંસ્કૃતિક ખજાનો છે. ફિનલેન્ડમાં સાઉના દૈનિક જીવનનું કેન્દ્ર છે, જે જોડાણ, પ્રતિબિંબ અને કાયાકલ્પનું પ્રતીક છે.

શિયાળાના મહિના ચમત્કારી નોર્ધર્ન લાઈટ્સ લાવે છે, જે સમયે ફિનલેન્ડ, નોર્વે અને આઈસલેન્ડ માં આકાશ વિવિધ રંગોથી રંગાઈ જાય છે,જ્યારે ઉનાળામા મધરાત્રિનો સૂર્ય સુવર્ણ પ્રકાશ સાથે રાત્રિને સુંદર બનાવે છે, જે અસીમિત ખોજ પ્રદાન કરે છે. ફિનલેન્ડ સાઉના સંસ્કૃતિમાંએટલું ગળાડૂબ છે કે કાર કરતાં સાઉના વધુ છે. તેની ૫.૫ મિલિયન વસતિમાંથી 2 મિલિયન વસતિ સાઉના ધરાવે છે.

**દક્ષિણ:** દક્ષિણીય યુરોપ સ્વર્ણિમ સંસ્કૃતિ, સુંદર દરિયાકાંઠા અને રોચક ઈતિહાસથી સમૃદ્ધ છે. ભૂમધ્ય સમુદ્રમાં ખળખળ વહેતાં પાણીથી તુસ્કેનીની રોલિંગ હિલ્સ સુધી દક્ષિણીય યુરોપ તેના હવામાન સાથે તેના લોકો, વાનગીઓ અને જીવનશૈલીમાં પણ ઉષ્મા પ્રદાન કરે છે. ઈટાલી, સ્પેન, ગ્રીસ,પોર્ટુગલ અને દક્ષિણીય ફ્રાન્સ જેવા દેશો આ સૂર્યવાળા પ્રદેશના હાર્દ છે, જે ઈતિહાસ, કળા અને ખાદ્યોનું મજેદાર મિલન પ્રદાન કરે છે.

હવે સેન્તોરિનીમાં ખડકો પર ઊભા રહ્યા હોય અને એજિયન સીમાં સૂર્યાસ્ત જોતા હોય અથવા અમલ્ફી કોસ્ટ પર પેસ્ટલ-રંગનાં ઘરો ચકમકતાં જળને જ્યાં મળે છે તે પોસિતાનોની ગલીઓમાં પસાર થતા હોય તેવી કલ્પના કરો. સ્પેનના કોસ્ટા બ્રાવા અને પોર્ટુગલના અલ્ગાર્વેના બીચ શાંત દરિયાકાંઠોઅને નાટકીય ક્ષિતિજો પ્રદાન કરીને મંત્રમુગ્ધ કરીને રહે છે.









દક્ષિણીય યુરોપ અસાધારણ સ્થાપત્યોનું ઘર છે. સ્પેનમાં ગ્રેનેડામાં અલ્હાંબ્રા નાજુક મૂરિશ ડિઝાઈન જોવા મળે છે, જ્યારે બાર્સેલોનામાં ગાઉડીઝ સાગ્રાદા ફેમિલિયા સપનું સાકાર થયું હોય તેવું મહેસૂસ કરાવે છે. વળી, ઈટાલીમાં ચિયાંતી, સ્પેનમાં રિયોજા હોય કે પોર્ટુગલમાં વિન્હો વેર્દે વાઈનના દરેક ઘૂંટડા તે જ્યાંથી આવી છે તે ધરતીની વાર્તા કહે છે. ઈટાલીનું એપેરોલ સ્પ્રિટ્ઝ, ગ્રીસનું આઉઝો અને પોર્ટુગલની પોર્ટ વાઈન પણ પ્રદેશની સંસ્કૃતિની અજોડ ફ્લેવર પૂરી પાડે છે.

મોજીલી વાસ્તવિકતા: 1600 બીસીઈ આસપાસ જ્વાળામુખી ફાટીને સેન્તોરિની અજોડ ક્ષિતિજ રચાઈ હતી, જે અમુક માને છે કેએટલાન્ટિસની ભ્રમણાઓ સાથે જોડાયેલી છે.

**પૂર્વ:** પૂર્વીય યુરોપ સમકાલીન લાગે છે, પરંતુ ઈતિહાસ, સ્થિતિસ્થાપકતા અને ખૂબીઓમાં સમૃદ્ધ છે. આ પ્રદેશની મારી મુલાકાતમાંમને ગોથિક સ્થાપત્યો સાથેના પ્રાગ જેવાં શહેરો, ક્રોએશિયાનો અદભુત દરિયાકાંઠો અને વોર્સોની ઐતિહાસિક કટિબદ્ધતાઓથી મોહિત કરી દીધો હતો.

પ્રાગના ચાર્લ્સ બ્રિજ પર ઊભા રહેતાં તમે પૂતળાઓથી ઘેરાયેલા પામશો, જે સદીઓ જૂની વાર્તાઓ કહેતા હોય તેવું લાગે છે. રોમાનિયામાં કાર્પેથિયન પહાડીઓ પાઈનનાં જંગલો થકી લઈ જાય છે, જે પરીકથામાં આવી ગયા હોઈએ તેવું મહેસૂસ કરાવે છે. બુડાપેસ્ટમાં ડેન્યુબ રિવર જીવંત પેસ્ટ સાથે ઐતિહાસિક બુડાની બાજુને જોડે છે, જે એકતાના પ્રદેશના જોશનું પ્રતીક છે.

પ્રાગમાં ઓલ્ડ ટાઉન અને રોમાનિયામાં બ્રેન કેસલ ડ્રેક્યુલા લીજેન્ડનું ઘર છે, જે અચૂક જોવા જેવાં સીમાચિહ્નો છે. વોર્સોનું ઓલ્ડ ટાઉનજે વિશ્વ યુદ્ધ-૨માં લગભગ વિનાશ પામ્યું હતું તેનું વહાલપૂર્વક પુનઃનિર્માણ કરાયું છે, જે શહેરની સ્થિતિસ્થાપકતાનો દાખલો છે.સંદર્ભો તરીકે તસવીરોનો ઉપયોગ કરીને તેનું પુનઃનિર્માણ કરવા માટે સૂઝબૂઝપૂર્વકના પ્રયાસો તેના લોકોના અતૂટ જોશનું શક્તિશાળી પ્રતીક છે.

**પશ્ચિમ:** પશ્ચિમી યુરોપ દરેક વળાંકે વાર્તાઓ કહેવાની રીત ધરાવે છે. ફ્રાન્સમાં બોર્ડુક્સના વાઈનયાર્ડસ, એમ્સ્ટરડેમની નહેરો અને જર્મનીનું બ્લેક-ફોરેસ્ટ દરેકની પોતાની અજોડ વાર્તા કહે છે. ઈન્ગ્લેન્ડના કોર્નવોલમાં મજબૂત ખડકો અને દરિયાકાંઠાનો પંથ મોહિત કરે છે,જ્યારે સ્વિટ્ઝર્લેન્ડનો અલ્પાઈન નજારો મંત્રમુગ્ધ કરી દે છે.

પેરિસ થકી પગપાળા પસાર થતી હોઈએ ત્યારે આઈફિલ ટાવરના રોમાન્સની અથવા લૌવર ખાતે કળાના વારસાની અવગણના કરવાનું અશક્ય છે. લંડનમાં બકિંગહામ પેલેસ અને બિગ બેન શાહી પરંપરાનું દ્યોતક છે. બ્રસેલ્સમાં ગ્રાન્ડ પ્લેસ સદીઓ જૂની કળાકારીગરી પ્રદર્શિત કરતુંસ્થાપત્ય દર્શાવે છે.

પશ્ચિમી યુરોપની સંસ્કૃતિ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ છે. ફ્રાન્સે મોનેટ અને વિક્ટર હ્યુગો જેવા દુનિયાને કળાત્મક લીજેન્ડ્સ આપ્યા છે.નેધરલેન્ડ્સ વાન ગોઘ અને રેમ્બ્રાન્ડટનું ઘર છે, જે રોજબરોજ સૌંદર્ય માટે પ્રેમ પ્રેરિત કરે છે. જર્મનીનો શાસ્ત્રીય સંગીતનો વારસો બીથોવનઅને બાક જેવી હસ્તીઓથી સમૃદ્ધ છે, જે પ્રદેશની રોચક પરંપરા છે. આ પ્રદેશમાં બેલ્જિયમ્સ ટુમોરો લેન્ડ, જર્મનીનો ઓક્ટોબર ફેસ્ટઅને લંડનનો ટ્રૂપિંગ ધ કલર જેવા મહોત્સવો પોતીકાપણું અને ઉજવણી મહેસૂસ કરાવે છે.

મોજીલી વાસ્તવિકતા: 'બિગ બેન' એ જેને વાસ્તવમાં 'એલીઝાબેથ ટાવર' તરીકે ઓળખવામાં આવે છે તે ખુદ ટાવર નહીં પણક્લોક ટાવરની અંદરના બેલનો સંદર્ભ છે.

**તારણ:** યુરોપ દેશોના કલેકશનથી પણ વિશેષ છે. તે અવિસ્મરણીય અનુભવોનો ખંડ છે. નોર્વેના ફ્યોર્ડસ થકી ટ્રેકિંગથી ઈટાલિયન કિચનમાં ખાણીપીણી સુધી યુરોપ મંત્રમુગ્ધ અને પ્રેરિત કરનારાં સાહસો પ્રદાન કરે છે. સેન્તોરિનીનો મંત્રમુગ્ધ કરનારો સૂર્યાસ્ત હોય, બર્લિનની અવંત-ગાર્ડે ગેલેરીઓ હોય કે પ્રોવેન્સના લવેન્ડર ખેતરો થકી લટાર મારવાની હોય, આ અવસરો યુરોપને અવિસ્મરણીય બનાવે છે. આ ખંડ ખોજ કરવાની વાટ જોતી વાર્તાઓનો ભંડાર ધરાવે છે અને આપણે તેની ખોજ કરીએ તેમ યુરોપ આશ્ચર્યચકિત કરવાનું અને પ્રેરિત કરવાનું ચાલુ રાખે છે.

યુરોપનું સૌંદર્ય ફક્ત તેના નિસર્ગસૌંદર્યમાં નહીં પણ તેની વૈવિધ્યતા, તેના લોકો અને તેના સમૃદ્ધ અનુભવોમાં છે.તો મોટું સપનું જુઓ અને યુરોપના જાદુને તમારા પ્રવાસનો પણ હિસ્સો જરૂર બનાવો.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.



સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ખમીર-ખુમારીનો અલગારી કવિ વેણીભાઈ પુરોહિત

## જલ વરસી થાકેલ ગગનમાં સુસ્ત ગુલાબી રમતી'તી ધરતીનો પટ મસ્તાન મુલાયમ શીતલ ને કુંજાર હતો

ગાંધીયુગના કવિ ખરા પણ આદર્શવાદના દંભ અને દેખાડા વગરના એક સાચકલા સર્જક કવિ વેણીભાઈ પુરોહિતની આજે વાત કરવી છે. વેણીભાઈ એક ખુશમિજાજી માણસ હતા. એમનું બહુમુખી અને બહુરૂપી વ્યક્તિત્વ ખુમારી અને ખમીરથી ભર્યું ભર્યું હતું. એ અચ્છા પત્રકાર હતા એટલે એમને કશાનો છોછ ન હતો. ફિલ્મ પત્રકારત્વમાં એમના શબ્દનું વજન હતું. તત્કાલીન ઘટનાઓને કેન્દ્રમાં રાખીને અખા ભગતને નામે 'ગોફણ ગીતા'માં વેધક અને ધારદાર નિરીક્ષણો એમની ખૂબી હતી. વેણીભાઈ તળપદી બાનીમાં રસતરબોળ કરે અને કોઈની શેહ-શરમ વગર કહેવાનું કહી દે.

વેણીભાઈએ 'ભારત છોડો' આંદોલનમાં ભાગ લીધો અને સાબરમતી જેલમાં એક વર્ષ જેલવાસ ભોગાવ્યો, પણ સમયે મિજાજ એવો ને એવો. એમની સાથે જેલમાં હતા કવિ રતિલાલ 'અનિલ' જે એ વખતે કવિતા નહોતા કરતા પણ નોંધે છે કે 'મારા જેવા અકવિનો પહેલા સાહિત્યકારનો પડોશ સાબરમતી જેલમાં વેણીભાઈ પુરોહિતનો એ જેલમાં પણ મઘઈ પાન ખાઈને મોઢું લાલ અને મિજાજ ગુલાબી રાખનારો માણસ જુદો હતો. એ મોજીલો માણસ જેલની કોટડીમાં આપકળાથી ભજિયાં બનાવી ટેસથી ખાતો. પછી તો અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં સંખ્યાબંધ મુશાયરામાં એમણે ભાગ લીધો. તેમાં એ મોજીલો માણસ સાવ જુદો પડી આવે અને અમારી જેલની દોસ્તી રિન્યૂ થયા કરે.'

વેણીભાઈ ગીત, છાંદસ, ભજન કે ગઝલ લખે, પણ આ બધાંમાં ધ્યાન ખેંચતું તત્ત્વ એનું સંગીત હતું. વેણીભાઈએ પોતે કહ્યું છે એમ એમની કવિતાનાં મૂળ હવેલી સંગીતમાં હતાં. એમનો જન્મ જામખંભાળિયામાં થયો હતો. એક જગ્યાએ નોંધે છે કે મારું જન્મસ્થળ સંગીતશોખીનોનું ઠૂમરી, દાદરા અને ગઝલના જલસાઓમાં નાનપણથી શરીક થનાર આ કવિમાં રહેલો સર્જક સભર સભર થયો હતો. એમના સર્જનમાં સંગીતનો સમન્વય પ્રાસરચનામાં ઉપકારક નીવડતો. સંગીતમય શબ્દ અને શબ્દનું સંગીત આ રીતે વહેવા માંડતું:

*વાય વેણુ પરોઢધૂન માંડી*
*ને નાચે છે નોબતની દાંડી,*
*હો દેવ! આજ જાગો!*
*વેદ ગુંજે છે છંદ*
*ગેબ ગાજે પડછંદ*
*મારા નયનોના નંદ*



*દેવ જાગો...*
*મારા મંદિરના દેવ,*
*આજ જાગો*

જ્યારે ફાગણ મહિનામાં વિજોગણની વાતમાં રહેલું લય-લહેકા અને સંગીતનું કેસરિયું રમખાણ માણવા જેવું છે:

*આગળ મોર્યા મોગરા*
*ને પછવાડે ગલગોટ*
*સવળા વાતા વાયરા*
*એની અવળી વાગે ચોટ*
*ભુલકણા એ શું નહીં તુજ ભૂલ?*
*ખીલ્યા કેસૂ ખાખરે એની વગડે વગડે આગ,*
*ફૂલડે ફૂલડે ફરી વળે મારું મન જાણે મધમાખ.*

વેણીભાઈની કવિતામાં અનેક સ્તર છે. એ ગીત લખે, ભજન લખે અને દીર્ઘ કાવ્ય લખે. ગઝલોની રવાની અને બાની જુદી તરી આવે. ક્યાંક રંગીની, ક્યાંક રવાયત, ક્યાંક ગેરુઓ તો ક્યાંક ગુલાલની રંગછોળો ઊડતી હોય. ગાંધીયુગના હોવા છતાં સર્જનમાં અનુ-ગાંધીયુગના હતા. આપણે જોયું તેમ આઝાદીની લડતમાં ઝંપલાવી ને કારાવાસ ભોગવનાર કવિ પાસે જીવનનો આશય હતો. ફૈઝ અહમદ ફૈઝ જેલમાં બેઠા બેઠા લખે છે કે:

*ચાંદ-તારે ઈધર નહીં આતે*
*વરના જિંદા મેં આસમાં હૈ વહી*

વેણીભાઈએ પણ જેલની બરાકમાં લખેલ સ્મૃતિ સિંજારવની શરૂઆત પણ કંઈક આવી જ કરી છે:

*ધીમે ધીમે વધે છે આ અંધારું આસપાસનું*
*ખૂલે છે બારણું મારી બરાકે બંદીવાસનું*

વેણીભાઈ છંદમાં લખે. ક્યારેક લાગે કે એ ભલે રીતસરનું છંદશાસ્ત્ર નહીં શીખ્યા હોય પણ એમના કેળવાયેલા કાનનો છંદ તો શુદ્ધ જ નીખરી આવતો. આપણે આગળ હવેલી સંગીતની અને એના સંદર્ભમાં એમના ભક્તિગીત 'વાય વેણુ પરોઢધૂન માંડી, ને નાચે છે નોબતની દાંડી'નો ઉલ્લેખ કર્યો. આ ગીતમાં કવિની ખૂબી જુઓ. વેણીભાઈ આપણી સામે એક ચિત્ર ખડું કરે છે. પરોઢધૂનની વખતે જે નોબત વાગતી હોય એને કવિ આ રીતે મૂકે છે કે નાચે છે નોબતની દાંડી. નોબત શબ્દની સાથે આપણા કાન સરવા થઈ જાય પણ નાચે છે શબ્દથી આંખ સામે એક ચિત્ર મૂર્તિમંત થાય. એક સર્જકે કહ્યું છે કે કવિ પાસે સતેજ- સતર્ક ઇન્દ્રિય હોવી જોઈએ. એ એક પંક્તિમાં આંખ અને કાનને સાવધ કરી દે છે.

વેણીભાઈની કવિતામાં નિસર્ગની નાવીન્યતા અને પ્રકૃતિનાં ચિત્રો અને ગીતમાં સંગીતમય લયની આગવી મિરાત એ મોટું પ્રદાન છે. ભજનોમાં પરંપરા છે તો આધુનિકતા પણ છે. મનુભાઈ ત્રિવેદીની જેમ ગીત અને ગઝલમાં સરખી ગતિ હતી તેવી જ વેણીભાઈની છે. કિરતારની ધૂન કિર્તનમાં લાવીને અલૌકિક વાતાવરણ સર્જે છે, ભાવ અને ભાષાની સરળતા લાગણીની તીવ્રતા અને સચ્ચાઈનો રણકો આ કવિના ગીતમાં, ભજનમાં અને ગઝલમાં સંભળાય છે:

*હરિકીર્તનની હેલી રે મનવા!*
*હરિ કીર્તનની હેલી.*
*ધ્યાનભજનની અરસપરસમાં જાગી તાલાવેલી*
*ધામધૂમ નર્તન-અર્ચનની સંતત ધૂન મચેલી*

આ અલગારી મિજાજના કવિએ પૂર્ણ સમયના પત્રકારત્વ સાથે સાહિત્યના અનેક પ્રકારોમાં સર્જન કર્યું અને શબ્દ સાધનાની ધૂન મચાવી. ગીતની જેમ ગઝલમાં પણ શબ્દ પસંદગી, રવાની, લય અને રંગીની એમનાં ઊજળા પાસાં છે. એમણે આપેલી ગઝલોમાં નોખી તરી આવતી આ ગઝલના ચંદ શેર માણીએ:

*એ રાત હતી ખામોશ, અષાઢી અલબેલો અંધાર હતો*
*તમરાની ત્રમત્રમ વાણીમાં કંઈ પાયલનો ઝંકાર હતો.*
*જલ વરસી થાકેલ ગગનમાં સુસ્ત ગુલાબી રમતી'તી*
*ધરતીનો પટ મસ્તાન, મુલાયમ શીતલ ને કુંજાર હતો*
*ભરતી ને ઓટ કિનારે ભમતાં, પણ હું તો મઝધાર હતો*
*મન ભીનું ભીનું જલતું'તું એ આતશનો આધાર હતો.*

ગઝલ સર્જન માટે સ્વભાવની મસ્તી અને શબ્દોની માવજત વેણીભાઈમાં અલગારીપણું છે, પ્રેમવૈફલ્યની ચોટ પણ છે, ગાઢ વેદના અને ઊંડી ગમગીની પણ નજરે પડે છે. કાફિયાની નવીનતા અને નિર્વાહ પરથી ગઝલકાર પરખાઈ આવે છે. વેણીભાઈ કાફિયાને કેવી રીતે નિભાવે છે તેનું ઉદાહરણ એમની 'દસ્તૂર થાતો જાઉં છું.' એ ગઝલમાં મળી રહે છે. ગઝલના થોડા શેર જોઈએ:

*આશકોની આહની અંગૂર ખાતો જાઉં છું.*
*પ્યારમાં ને પ્યારમાં મન્સૂર થાતો જોઉં છું.*
*એ હથેળીમાં હિનાની મુસ્કરાહટ લાલ-લાલ*
*મનનો હું મજબૂત પણ મજબૂર થાતો જાઉં છું.*
*આપણી આ અલવિદાનાં આંસુઓ લે સાચવી,*
*કોકના સેંથાનું હું સિન્દૂર થાતો જાઉં છું.*

એમણે અમદાવાદના એક મુશાયરામાં કવિશ્રી ઉમાશંકર જોશીની હાજરીમાં એક રંગીન ગઝલ પેશ કરી હતી જેની શરૂઆત આ પ્રમાણે છે:

*સનમ શોખીન ગુલાબી છે, અને બંદો બદામી છે*
*મને એ ભોટ માને છે, સનમનું દિલ હરામી છે.*

આના પછી ઉમાશંકર જ્યારે મળે ત્યારે વેણીભાઈને બંદો બદામી કહીને આવકારતા.

એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સિંજારવ' ૧૯૫૫માં ગ્રન્થસ્થ થયો હતો. એના પછીના 'દીપ્તિ' કાવ્યસંગ્રહને મુંબઈ સરકાર તરફથી દ્વિતીય પારિતોષિક મળ્યું હતું. એમની કવિતામાં વિષયનું વૈવિધ્ય, રચનાનું નાવીન્ય, ચિંતનની ચિનગારી અને શાયરની મસ્તી છે. ગીતો સુમધુર છે, ભજનો મીઠાં છે, ગઝલ રંગીન છે. વેણીભાઈ પ્રસિદ્ધ છે કવિ તરીકે પણ એમનું પ્રથમ પુસ્તક તો વાર્તાઓનું 'વાંસનું વન' હતું. પછી 'અત્તરના દીવા' અને 'સેતુ' વાર્તા સંગ્રહો આવ્યા.

એમની કવિતાએ ગાંધીજીને પણ સ્પર્શયા છે. ગાંધીજીને વેણીભાઈનું ગીત 'વિસામો' ઘણું ગમતું જેની શરૂઆત આ પ્રમાણે છે:

*થાકે ન થાકે છતાં એ હો માનવી! ન લેજે વિસામો!*
*ને ઝૂમજે એકલ બાંયે-હો માનવી! ન લેજે વિસામો.*

વેણીભાઈ જેવા બહુશ્રુત અને બહુમુખ સર્જક બહુ ઓછા મળે છે. ગીત, ભજન, ગઝલ, વાર્તા, પત્રકારત્વ ઉપરાંત સમૃદ્ધ નૃત્યનાટિકાઓ પણ આપી છે. તેમાંની 'વાસવદત્તા', 'વાંજિત્રોની વાણી,' 'જંતરમંતર' વગેરે લોકપ્રિયતાને વરી હતી. આમ એમની કાવ્યસૃષ્ટિમાં ગેરુ પણ છે. અને ગુલાલ પણ છે. ભાષાની છટા અને છાક બન્ને દેખાય. ગઝલમાં 'જાનેમન' શબ્દ મૂકીને જાણે કે વાત કરતા હોય એમ શેર કહે:

*જીવવું છે, ઝૂરવું છે, ઝૂઝવું છે જાને મન*
*થોડી અદાઓ ફાંકડી, થોડી ફિતૂરી રાખવી*

એમના ભજન 'ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલા'નો કવિ-સર્જક સુરેશ જોશીએ કરેલો આસ્વાદ વાંચીએ તો વેણીભાઈના સર્જનની ઝાંખી થઈ શકે. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ધારે તો અશક્યને શક્ય બનાવી શકાય...

## આઈપીએસ અધિકારી પ્રેમસુખ ડેલુની સંઘર્ષમય પ્રેરકકથા

થોડા સમય અગાઉ હું જામનગરના પ્રવાસે ગયો હતો એ વખતે ત્યાંના સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ પ્રેમસુખ ડેલુને મળ્યો. એમની જીવનસફર ખરેખર રોમાંચક છે.

પ્રેમસુખ ડેલુ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નાનકડા ગામડા રાયસરમાં એક અત્યંત ગરીબ કુટુંબમાં જન્મ્યા. પિતા ખેડૂત. એમની પાસે જમીનનો નાનકડો ટુકડો હતો. એના પર ખેતી કરીને ઘરનું ગુજરાન કરી શકે એવી કોઈ જ શક્યતા નહોતી એટલે એ ઊંટગાડી પણ ચલાવતા હતા.

ડેલુ કિશોરાવસ્થામાં ભણવાની સાથેસાથે પિતાને મદદ પણ કરતા રહેતા હતા. પશુઓ માટે એ ખેતરોમાંથી ચારો લાવતા હતા, જરૂર પડે ત્યારે ઊંટગાડી પણ ચલાવતા, પશુઓને ચરાવવા લઈ જતા હતા અને ખેતીમાં પણ પિતાને મદદ કરતા હતા.

ડેલુને બાળપણથી જ અભ્યાસ પ્રત્યે લગાવ હતો, પણ એમના અભ્યાસ પાછળ પૈસા ખર્ચવાની કુટુંબની ક્ષમતા નહોતી. એમણે ગામની સરકારી શાળામાં દસમા ધોરણ સુધી અભ્યાસ કર્યો. ઘણી વાર પૈસાના અભાવને લીધે એ પુસ્તકો કે અભ્યાસ માટે ઉપયોગી એવી અન્ય સામગ્રી પણ સમયસર ખરીદી શકતા નહોતા. પિતા ગરીબ હતા, પરંતુ દીકરાના અભ્યાસ માટે ક્યાંકથી પણ પૈસા આવે એટલે એ તરત પુસ્તકો અને અન્ય વસ્તુઓ ખરીદી લાવતા.

આવી સ્થિતિમાં દસમા ધોરણ સુધી ગામમાં અભ્યાસ કર્યા પછી ડેલુએ બિકાનેરની ડુંગર કોલેજમાં બાયોલોજી વિષયમાં બારમા ધોરણની પરીક્ષા આપી. એ ડોક્ટર બનવા ઈચ્છતા હતા,પરંતુ મેડિકલ કોલેજમાં પ્રવેશ માટેની પરીક્ષામાં સફળતા મળી નહીં.

જોકે, ડેલુ બાળપણથી કોઈ મુદ્દે હાર સ્વીકારવાનું શીખ્યા ન હતા. મેડિકલની પ્રવેશ પરીક્ષામાં નિષ્ફળતા પછી બિકાનેરની 'મહારાજ ગંગાસિંહ યુનિવર્સિટી' માંથી બીએ કર્યું. ઈતિહાસ વિષયમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. એમનું લક્ષ્ય એક જ હતું :' હું ભણીગણીને આગળ વધુ અને કુટુંબની આર્થિક સ્થિતિ સારી બનાવી દઉં.'

ગ્રેજ્યુએશન પછી એમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવાનું શરૂ કર્યું એમાં ૨૦૧૦માં એમણે પ્રથમ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી પછી એમને બિકાનેર જિલ્લાના જ એક ગામડામાં પટવારી (તલાટી) તરીકે નોકરી મળી. જોકે એ નોકરીથી ડેલુને સંતોષ નહોતો. એમણે તો થોડી આવક શરૂ થાય અને કુટુંબને મદદરૂપ બની શકાય એ માટે જ એ નોકરી સ્વીકારી લીધી હતી.

એ દરમિયાન અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ ચાલુ રાખી હતી. એ જ વર્ષે રાજસ્થાનમાં ગ્રામસેવક બનવા માટેની પરીક્ષા આપી અને એ પરીક્ષા પાસ તો કરી જ, પરંતુ આખા રાજ્યમાં એ બીજા નંબરે આવ્યા. એ પછી એમણે આસિસ્ટન્ટ જેલર બનવા માટેની પરીક્ષા આપી એમાં એ આખા રાજસ્થાનમાં પ્રથમ નંબરે આવ્યા. બીજા વર્ષે એટલે કે ૨૦૧૧ના વર્ષમાં એમણે બીએડની ડિગ્રી મેળવી અને એ પછી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં સ્કૂલ ટીચર બનવા માટેની પરીક્ષા પણ પાસ કરી. થોડા સમય માટે બિકાનેરના કતરિયાસર ગામમાં સ્કૂલ શિક્ષક તરીકે ફરજ પણ બજાવી તો થોડો સમય એમણે સબ ઇન્સ્પેક્ટર તરીકે પણ નોકરી કરી.



એ પછી એમણે લેક્ચરર બનવા માટેની 'નેટ' અને 'ટેટ' ની પરીક્ષાઓ પણ પાસ કરી. નેટની પરીક્ષા પાસ કર્યા પછી થોડા સમય માટે એમણે કોલેજમાં લેક્ચરર તરીકે પણ નોકરી કરી અને એ નોકરી કરતા-કરતા એમણે આરપીએસસીની (રાજસ્થાન પબ્લિક સર્વિસની) સ્પર્ધાત્મક પરીક્ષા આપી. એ પછી એમને રેવન્યુ સર્વિસમાં તહસીલદાર (મામલતદાર) તરીકે નોકરી મળી ગઈ.

જો કે મામલતદાર બન્યા પછી પણ એમણે ભણવાનું તો ચાલુ જ રાખ્યું. ઘરના સભ્યો તો કહેતા હતા કે 'હવે બહુ થઈ ગયું. તું આખા તાલુકાનો વડો બની ગયો છે. હવે વધુ મહેનત કરવાની જરૂર નથી.' જો કે ડેલુની મહત્ત્વાકાંક્ષા ખૂબ ઊંચી હતી. એ અજમેરમાં તહેસીલદાર (મામલતદાર) તરીકે ફરજ બજાવતા હતા એ દરમિયાન જ એમણે 'યુપીએસસી'ની અત્યંત કઠિન પરીક્ષા માટે તૈયારી શરૂ કરી દીધી હતી. મામલતદાર તરીકે ફરજ બજાવતા-બજાવતા અભ્યાસ પર ધ્યાન આપવાનું કામ અઘરું હતું, પરંતુ ડેલુ એક-એક મિનિટનો સદુપયોગ કરતા હતા.

એમણે કોઈ પણ પ્રકારના કોચિંગ વિના જ એ બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી હતી. એમને ભરોસો હતો કે હું 'યુપીએસસી'ની પરીક્ષા આપીને આઈપીએસ અધિકારી બની શકીશ. પોતાના મોટા ભાઈ હેડ કોન્સટેબલ બન્યા હતા એમના પરથી ડેલુને આઇપીએસ અધિકારી બનવાની પ્રેરણા મળી હતી. છ વર્ષ દરમિયાન અનેક પરીક્ષાઓ પાસ કર્યા પછી અને નોકરીઓ કર્યા પછી એમણે ૨૦૧૫માં યુપીએસસીની પરીક્ષા આપી એમાં તેમણે ૧૭૦મી રેન્ક મેળવી અને હિન્દી માધ્યમના સફળ ઉમેદવારોમાં એ ત્રીજા નંબરે આવ્યા.

ડેલુને પ્રથમ પોસ્ટિંગ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં એએસપી તરીકે મળ્યું હતું. એ પછી તો એમણે અમરેલી અને અમદાવાદમાં પણ ફરજ બજાવી.

ડેલુ કહે છે કે રસ્તો ભલે ગમે એટલો મુશ્કેલ હોય, પરંતુ મંઝિલ સુધી પહોંચવાનો જુસ્સો હોય તો કશું જ અશક્ય નથી. ડેલુએ છ વર્ષની અંદર નવ સરકારી નોકરીઓ મેળવી. એમણે સામા પ્રવાહે તરવા જેવી સ્થિતિમાં પણ ક્યારેય હિંમત હારવાનું પસંદ કર્યું નહોતું. અને એ કહે છે કે મેં જેટલી પણ નોકરીઓ કરી એને કારણે મને કંઈક કશુંક શીખવા મળ્યું. જુદા જુદા સ્તરે સરકારી નોકરી કરવાને કારણે મને લોકોને અને સમાજને સમજવામાં ઘણી મદદ મળી.આસિસ્ટન્ટ જેલર અને સબ ઈન્સ્પેક્ટર બન્યા પછી મને એ વાત સમજાઈ કે પોલીસ કર્મચારીઓની શું તકલીફો છે. તો મહેસૂલ વિભાગમાં કામ કર્યું એટલે જમીન અને સંપત્તિ સંબંધિત મામલાઓ સમજવાનો અનુભવ મળ્યો. અને શિક્ષક તરીકે નોકરી કરતી વખતે સમાજને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી.

ડેલુ ઉમેરે છે કે દુનિયા સફળતાને પૂજે છે. પોતે ઘણી વાર વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ સાધતા હોય છે અને બિકાનેરમાં આવી જ રીતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતી વખતે એમણે કહ્યું હતું કે દુનિયા સફળતાને પૂજે છે,સફળ વ્યક્તિને સમ્માન આપે છે. એમને સફળ વ્યક્તિઓની વાત સાંભળવામાં રસ પડે છે એવું નથી કે નિષ્ફળ વ્યક્તિઓ સાથે કશું કહેવા માટે નથી હોતું, પરંતુ દુનિયા નિષ્ફળ વ્યક્તિઓને સાંભળવા તૈયાર નથી એટલે તમારી વાત લોકો સાંભળે, તમારી જીવનસફરમાં લોકોને રસ પડે, તમારી સક્સેસ સ્ટોરી સાંભળવામાં લોકોને રસ પડે એવું તમે ઈચ્છતા હો તો તમારે સખત મહેનત તો કરવી પડશે.

ઘણા વિદ્યાર્થીઓ કોચિંગ ક્લાસની પાછળ ઘેટાઓની જેમ દોડતા હોય છે. એમણે ડેલુના જીવન પરથી પ્રેરણા લેવા જેવી છે. ડેલુએ પોતે ગરીબ કુટુંબમાં જન્મ્યા હોવા છતાં, કોઈ આર્થિક સહાય વિના, કોચિંગ ક્લાસમાં ગયા વિના કેટલીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી શક્યા અને અત્યારે એ આઈપીએસ અધિકારી તરીકે હાઇ પ્રોફાઇલ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે.

નાની-નાની તકલીફો આવી પડે ત્યારે રોદણાં રડવા બેસી જતા યુવક-યુવતીઓએ તો પ્રેમસુખ ડેલુ વિશે ખાસ જાણવું જોઈએ. માણસ નિશ્ચય કરી લે તો ગમે એવા વિકટ સંજોગોમાં પણ તે પોતાનો રસ્તો કાઢી શકે છે એનો વધુ એક પુરાવો આઈપીએસ અધિકારી પ્રેમસુખ ડેલુ છે.

બીજા શબ્દોમાં કહીએ તો દરેક વ્યક્તિ પાસે સુખનો પાસવર્ડ હોય જ છે. એ પાસવર્ડ શોધવા માટે મહેનત કરવાની તૈયારી હોવી જોઈએ... ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# પીંછાથી છાતીમાં છૂંદાતી કથા: 'ધ વેજિટેરિયન'

**ટાઇટલ્સ:**
સામાન્ય માણસથી મોટી કોઇ કથા નથી.(છેલવાણી)

૨૨ વરસની સ્ત્રી એકલી બિસ્તરમાં પડી છે. ૨૫ વરસનો પતિ પહાડ તરફ, કાલે જ મૃત જન્મેલ બાળકને દફનાવવા ગયો છે. અચાનક પહેલીવાર સ્ત્રીને છાતીમાં ગરમાવો થાય છે. અનાડીની જેમ એ છાતીને ચોળવા માંડે છે, ત્યારે પહેલાં પાણી જેવું, પછી પીળું ને અંતે સફેદ દૂધ વહી નીકળે છે..

સંતાન ગુમાવનાર માતાની ૫ ટૂંકી વાર્તામાંની આ એક વાર્તાની લેખિકા હાન કાંગને

'ધ વેજિટેરિયન' નવલકથા માટે ૨૦૨૪નો 'નોબેલ પુરસ્કાર' મળ્યો છે. છેક ૧૯૧૩માં આપણાં કવિગુરુ ટાગોર બાદ એશિયામાં બીજીવાર, દક્ષિણ કોરિયાને પહેલીવાર અને એક એશિયન લેખિકાને પ્રથમવાર આ સન્માન મળ્યું છે.

'ધ વેજિટેરિયન' ટાઇટલથી લાગે કે એમાં શાકાહારીઓ વિશે વાત હશે. જી ના, એમાં એવી કોઇ ઇમોશનલ ગાથા કે ટ્રેડિશનલ સનસનીખેજ કથા નથી. વળી આ નોવેલમાં 'નિશાનો પતિ દેખાવડી ઇશા માટે એને છોડીને કાયમ માટે જતો રહે છે'ની ટિપિકલ વેદના ય નથી કે 'વિધવા શુભાને દીકરી રીયાનાં બોયફ્રેંડ કેયૂર માટે આકર્ષણ થતાં, વરસો બાદ માથામાં ગજરો મૂકે છે' જેવી આંસુભીની ધાંસુ ફોર્મ્યૂલા પણ નથી..કે '૬૦ વરસે વિદ્યા મનમાં અને સાડીમાં ગાંઠ વાળે છે કે 'હવે કદી કૂકર નહીં ચઢાવું, જાવ!' જેવો વેલણપછાડ વલોપાત નથી..કે પછી 'નવરંગપુરાનાં નાણાવટી પરિવારમાં મરેલી વહુ વસુધાનું ભૂત વસે છે, બોલો!' જેવી ઘટનાઓનો ઘુમાવ પણ નથી..કે 'ચંદુનાં ચંપલ ચોરાઇ જતા ચંબલમાં ડાકુ બની ગયો' જેવી વીરકથાયે નથી કે વળી '૭ દૂધમલ યુવાનો, રિઝર્વબેંક લૂંટીને નદીની કોતરોમાં ૧૭ મહિના સંતાઇ જાય છે' એમાં કોતરોનું ૧૦ પાનાંનું રોમહર્ષક વર્ણન સુધ્ધાં નથી.

.તો છે શું?

સાવ સાદી ને છતાંયે આખાં અસ્તિત્વને પીછાંનાં સ્પર્શથી હચમચાવી મૂકે એવી નવલકથાની નાયિકા યોંગહાઇ સાધારણ દેખાતી ગૃહિણી છે. પતિની ફાંદ કે કુટેવ વિશે કદી સવાલ ના ઉઠાવતી નમ્ર સ્ત્રી છે, પણ પતિ યોંગને વારંવાર 'પેડેડબ્રા' પહેરવા વઢે છે. બ્રા પહેરાવાથી યોંગને ગૂંગળામણ થાય છે છતાંયે એ કમને કબૂલે છે, પરંતુ એક રાતે, એક સપનું, એ આમ ઔરતનાં અસ્તિત્વને ઉથલાવી નાખે છે. જી ના, એ કોઇ પરપુરુષનું શૃંગારિક સપનું નહોતું,


લેખિકા હાન કાંગ

પણ એકસાથે અનેક પ્રાણીઓને મારી નંખાતા હોય એવું લોહિયાળ સ્વપ્ન હતું. બસ ત્યારથી યોંગ, માંસ ખાવાનું છોડી દે છે, ધીમેધીમે પતિથી શારીરિક માનસિક રીતે દૂર થતી જાય છે ને કહે છે:

'મને તમારાં શરીરમાંથી માંસની ગંધ આવે છે!'

રાતોરાત વેજિટેરિયન થવાનાં યોંગના વિદ્રોહી નિર્ણય સામે પતિ અને યોંગનો સગો બાપ એને બળજબરીથી માંસ ખવડાવે છે, જેના આઘાતથી યોંગ પોતાનું કાંડું કાપી નાખે છે....

અહીં પ્રથમ ભાગમાં યોંગનું લગ્નજીવન ખતમ. આ એક નારીવાદી કથા તો છે જ, પણ સાથોસાથ વ્યક્તિવાદી કથા પણ છે. એમાં 'વેજ-નોનવેજ'નો ઉભડક વિવાદ નથી, કશુંક વિશેષ છે. ટિપિકલ બીબાંમાં જીવવા માટે, નાનપણથી આપણી આસપાસ જે સામાજિક દબાવનો કાળમીંઢ કિલ્લો રચવામાં આવે છે એને ધ્વસ્ત કરતો વિદ્રોહ છે.

**ઇન્ટરવલ:**
પેડ સે લિપટી બેલ જો દેખું,
લાજ સે મર મર જાઉં!
(ઈંદ્રજીતસિંહ તુલસી)

બીજા ભાગમાં, યોંગહાઇની મોટીબહેન 'ઈનહાઇ એનાં દીકરાના શરીર પર 'મોંગોલિયનમાર્ક' એટલે કે લાખું જોઈને એનાં પતિને કહે છે, 'યોંગની પીઠ નીચે પણ આવું જ લાખું હતું!' પછી કલાકાર બનેવી યોંગને 'આર્ટપ્રોજેક્ટ્' માટે આખા શરીર પર ફૂલોનાં છૂંદણાં ચિતરવા પ્રેરે છે. યોંગનાં નગ્ન શરીર પર ફૂલો કોતરવાની આખી પ્રક્રિયાનું બનેવી રેકોર્ડિંગ કરે છે અને ત્યારે બેઉમાં શારીરિક નિકટતા વધે છે. યોંગ, બહેન ઇન અને બનેવી ત્રણેય વચ્ચેનાં સૂક્ષ્મ સંબધોની કથા, માનવીય તનમનનાં ઉંડાણને સ્પર્શીને પણ ઊંચાઇને આંબે છે.

'ધ વેજિટેરિયન'નાં છેલ્લા ભાગમાં યોંગને બદલે બહેન ઈન-હાઇ, હીરોઇન છે. ઈન-હાઇ પતિને વ્યભિચારને લીધે છોડે છે, પણ યોંગને એ માટે જવાબદાર ગણતી નથી. આમેય હવે મેન્ટલ હોસ્પિટલમાં રહેતી યોંગનું ધ્યાન તો બહેને જ રાખવાનું છેને? એકવાર બહેનને હોસ્પિટલમાંથી ફોન આવે છે કે યોંગ, જંગલમાં ભાગી જઇને ગુમ છે. બહેનને યાદ આવે છે કે ૯ વર્ષની નાનકડી યોંગ, બાપના મારથી બચવા ઘરેથી ભાગીને જંગલમાં જતી રહેલી. ત્યારે ઘર કરતાં જંગલનાં વૃક્ષો એને વધુ સલામત લાગ્યા હશે? હવે મોટી ઉંમરે યોંગ, ધીમેધીમે ખાવાનું છોડી દે છે ને પોતે વૃક્ષ હોય એમ વર્તવા માંડે છે. (આપણાં કવિનાટ્યકાર લાભશંકર ઠાકરના એક નાટકની જેમ જ!) પછી હોસ્પિટલવાળા યોંગને બળજબરીથી ખવડાવે છે ત્યારે બહેનને યાદ આવે છે કે એનાં બાપે પણ યોંગને બળજબરીથી માંસ ખવડાવેલું.

અંતે બહેન, યોંગને બીજે લઈ જાય છે ત્યારે બંને સ્ત્રી રસ્તા પર પવનમાં ઝૂમતાં વૃક્ષોને શૂન્ય નજરે નીરખે રાખે છે. યોંગનાં મૂંગા પ્રતિકારને બહેને ઓળખી લીધો છે. કાવ્યાત્મક ક્લાઇમેક્સમાં બહેનને લાગે છે કે યોંગ, હવે ખરેખર વૃક્ષકે 'વેજિટેબલ' બની ચૂકી છે અને હવે પોતે પણ 'યોંગ' બનવાની દિશામાં ધીમે ધીમે જઇ રહી છે.

હાન કાંગની કથાનો અંત વાંચીને સુન્ન થઈ જવાય છે, કારણ કે હાન કાંગ કહે છે:

'જે દુનિયામાં જીવવું હોય એમ જીવાતું નથી, ખાવું હોય એમ ખવાતું નથી, વર્તવું હોય એમ વર્તી શકાતું નથી ને મરવું હોય તેમ મરી યે શકાતું નથી ત્યાં ડહાપણની સીમામાં કોઇ ક્યાં સુધી જીવી શકે?'

આ અદ્ભુત કથામાં છે, ભીનાશ વિનાનાં આંસુ અને અવાજ વિનાનું રુદન.

**એન્ડ-ટાઇટલ્સ:**
ઈવ: તને ઝાડપાન ગમે?
આદમ: હાસ્તો, મૂંગા હોયને! ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**અભિની** સામે બે મોરચા તૈયાર થઈ ચૂક્યા હતા. એક, ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આદિલ ખાન સામે અને બીજો, રાજકારણમાં આદિલ ખાનની સામે... કમનસીબે બંને મોરચે અભિની સામે આદિલ ખાન હતો.

અભિની કચકડાંની ફિલ્મોની સમાંતરે એના વાસ્તવિક જીવનની ફિલ્મ પણ ચાલતી રહી હતી. ફીચર ફિલ્મોમાં હવે શું થશે એનું અનુમાન લગાવી શકાય, પણ અભિના અંગત જીવનની સમાંતરે ચાલતી આ ફિલ્મ વિશે કોઈ પણ જાતનું અનુમાન થઈ શકે એમ ન હતું... એનું એક ઠોસ કારણ અભિનું મતલબી માનસ હતું... સ્વાર્થી અને તરંગી સ્વભાવ હતો.... ધાર્યું કરવાની જીદ હતી. જોકે, એની સફળતાના મૂળમાં એના આ અવગુણોની મહત્ત્વની ભૂમિકા રહી હતી, પણ અંગત જીવનમાં આવા અવગુણોની બાદબાકી થવી અશક્ય હતી.

સીમા પર પસંદગી ઉતારવામાં ઉતાવળ કરનારા અભિ સામે પ્રિયાની મુલાકાત પછી નિર્ણાયક ઘડી મોં ફાડીને ઊભી હતી. ચોરાહા પર ઊભા રહીને કોઈ એક રસ્તો નક્કી કરવો મુશ્કેલ નથી, પણ નક્કી કરેલા રસ્તે ચાલવું મુશ્કેલ હોય છે.

અપ્પા સાહેબ ખુશ હતા કેમ કે એમણે અભિને રાજકારણમાં ઝંપલાવવા બાબતે મનાવી લઈને હાઈ કમાન્ડ પાસે પોતાનું કદ વધારી દીધું હતું. અપ્પા સાહેબ હનુમંતરાવની ચાલથી બિલકુલ નારાજ ન હતા, આ અઠંગ રાજકારણીએ રાજકારણમાં આવી ઘણી ચાલબાજીઓ જોઈ હતી... તેઓ એવું માનતા કે સામેવાળાની દરેક ચાલ આપણને કંઈક શિખવાડી જાય છે... એટલે એની ચાલને... બાજીને પડકાર તરીકે ઝીલી લેવા. અપ્પા સાહેબની આંખ સામે એક જ લક્ષ્ય હતું. તેઓ અભિને ચૂંટણીમાં ઊભો રાખીને મત ઉસેડી લેવાની ફિરાકમાં હતા... અને અભિ રાજકીય સત્તા ભોગવવાની મંછા સેવી રહ્યો હતો. મતલબી માનસ અને સ્વાર્થી શ્વાસ બંને પક્ષે હતા. જોકે, અપ્પા સાહેબનો મતલબ સરી જવાને બદલે ખરી પડે તોય એમણે કાંઈ ગુમાવવાનું ન હતું, પણ અભિએ રાજકીય સત્તા હાંસલ કરવાની લાહ્યમાં પોતાની ફિલ્મી કારકિર્દી દાવ પર લગાવી હતી.... કદાચ પોતાની જાણ બહાર. બસ્તા શેઠનો મનસૂબો રિયલ એસ્ટેટની સાથે સાથે ફિલ્મ ઇન્ડસ્ટ્રીને પોતાની હથેળી પર નચાવવાનો હતો.

.....પણ મોતીબાબુને ચંદનના મોતનું રહસ્ય ઉકેલવાની ખૂજલી શા માટે ઊપડી હતી? એની પાછળના કારણમાં ચંદન સાથેની મૈત્રી કે એના પ્રત્યેની વફાદારી ન હતી. હકીકત હેરત પમાડે એવી હતી. એણે સીમાને પહેલી વાર જોઈ ત્યારથી એ મોતીબાબુની આંખોમાં વસી ગઈ હતી... અને એટલે જ ચંદનના મોત પછી એ એની જ ટૅક્સી ભાડે રાખીને મદદરૂપ થવાના ઓઠા હેઠળ સીમાની સાથે સંબંધ બાંધવાની પેરવી રચી રહ્યો હતો. સીમાને સંપૂર્ણ રીતે પોતાના વશમાં કરવાના ઇરાદે જ મોતીબાબુ ચંદનના મોતનું રહસ્ય શોધી કાઢવા નીકળી પડ્યો હતો. આગળ જતાં એનો મનસૂબો સીમા સાથે લગન કરી લેવાનો હતો. પ્રેમ અંધ હોય છે... જ્યારે મોતીબાબુની હવસ આંધળી, બહેરી અને મૂંગી હતી.

જોકે સીમાએ મોતીબાબુની આંખોમાંથી ડોકાતો હવસખોર ઇરાદો જોઈ લીધો હતો. એણે ટૅક્સીભાડું મળતું રહે એ પૂરતો જ સંબંધ રાખ્યો હતો., જ્યારે મોતીબાબુ નામના ટૅક્સી ડ્રાઈવરે એક એવા રસ્તે ગાડી હંકારી હતી જ્યાંથી કોઈ યુ-ટર્ન ન હતો.

બસ્તા શેઠના હુકમથી મોતીબાબુ સાત રસ્તા પરની દિલરૂબા રેસ્ટોરન્ટમાં પહોંચી જઈને અફઝલ નામના એક ખૂનીને પોતાની રૂમ પર લઈ ગયો. એની સાથે કોઈ પણ જાતનો સંવાદ કર્યા વિના બીજે દિવસે એને રવાના કર્યો. બસ્તા શેઠની કસોટીમાં પાસ થઈને મોતીબાબુએ ત્યાર બાદ બીજા બે-ત્રણ ભાગેડુઓને પનાહ આપી, ખાખી ખિસ્સામાં હરામની કમાણી છલકાવા લાગી ને હળવેકથી મોતીબાબુનું ચંદનમાં રૂપાંતર થઈ ગયું.

નિયમ મુજબ અઠવાડિયે ટૅક્સીનો હિસાબ આપવા ગયેલા મોતીબાબુએ એક દિવસ સીમાને થોડા વધુ રૂપિયા આપીને પૈસાની તાકાત જોવા એની આંખોમાં જોયું.

'મોતીબાબુ, તુમને ઝયાદા પૈસે દિયે' કહીને સીમાએ એને રૂપિયા પાછા આપ્યા.

> 'ચોરાહા પર ઊભા રહીને કોઈ એક રસ્તો નક્કી કરવો મુશ્કેલ નથી, પણ નક્કી કરેલા રસ્તે ચાલવું મુશ્કેલ હોય છે.'

'મહેંગાઇ બઢ ગઇ હૈ... આપને કભી નહીં કહા, લેકિન મેરા ફર્ઝ હૈ.' મોતીબાબુએ સીમાના બંને હાથ પકડી લીધા.

'તુમ અપની સીમા મેં રહો મોતીબાબુ. પૈસા બઢાના હોગા તબ.... મૈં ખુદ કહુંગી.' સીમાએ ઝટથી હાથ છોડાવતાં કહ્યું. થોડી શરમ, ક્ષોભ અને સંકોચ સાથે ઊભા થઈ ગયેલા મોતીબાબુએ એ જ ઘડીએ સીમાને લાગણીની ભીનાશમાં ભીંજવી નાખવા વધુ કમર કસી લીધી હતી. એની પાસે સીમાનું દિલ જીતી લેવા બીજું એક પત્તું હતું જ.

******************

એડ એજન્સીમાં કામ કરતી પ્રિયા એક આધુનિક યુવતી હોવા છતાં એના આચારવિચાર ઘરેલુ હતા. એની સંસ્કારિતાને ગ્લેમરનો રંગ ચડ્યો નહતો. અભિની ફિલ્મી કારકિર્દીમાં મદદરૂપ થવા પાછળ એની કોઈ ગણતરી ન હતી... અભિ પ્રત્યેનો પ્રેમ આકર્ષણ નહીં, પણ નિર્મળ કે નિર્ભેળ પ્રેમ હતો... અને આ ખેંચાણ એને અભિની નિકટ લઈ ગયું હતું. અભિની સફળતા જોવા એ કંઈ પણ કરવા તૈયાર હતી. અભિ સફળતાની ટોચે પહોંચે ત્યાં સુધી એણે ઢીલ આપી હતી. અભિ લગ્ન માટે તૈયાર ન થાય ત્યાં સુધી પ્રિયા રાહ જોવા માગતી હતી. હા, એણે અભિની ચડતીનાં દરેક પગથિયાં પર એના વર્તાવમાં... વર્તનમાં પરિવર્તન જોયું હતું, પણ પ્રિયાને એની તરફના અભિના પ્રેમમાં કોઈ ઓટ કે ખોટ દેખાઈ ન હતી. પ્રિયા અંદરના અભિને અને બહારના અભિને જાણી ચૂકી હતી. એની લાગણીને સમજી ગઈ હતી.... એટલે જ એ નાની નાની બાબતોને નજરઅંદાજ કરતી રહી હતી. છેલ્લે જ્યારે ફિલ્મ સ્ટુડિયોમાં અભિને મળી ત્યારે એની નારાજગી અભિના રાજકારણમાં જોડાવા બાબતે વધુ હતી. પ્રિયા સાથે લાગણીના તાંતણે બંધાયેલા અભિને એનું કારમાંથી ઊતરીને નારાજગી સાથે જતું રહેવું પસંદ પડ્યું ન હતું. અભિ પ્રિયા સાથે લગ્નની બાબતે અવઢવમાં હતો....પણ એનો પ્રેમ અકબંધ હતો.

શુટિંગ પતાવીને એણે સૌથી પહેલું કામ પ્રિયાને ફોન કરીને મળવાનું નક્કી કર્યું હતું. બંને મળ્યાં. પ્રિયા ખુશ હતી. ઘણા સમયે અભિ મળ્યો હતો. અભિ સાથેની દરેક પળ પ્રિયા માટે જાણે કે એક ઉત્સવ બની જતો. અભિની અલકમલકની વાતોના બે છેડા મળે નહીં, છતાં એ પોતાની આગવી શૈલીથી એને રસપ્રદ બનાવતો... ને પ્રિયા હસતી રહેતી.

'હું ફિલ્મ બનાવી રહ્યો છું.... મારી પોતાની લાઇફ પરની ફિલ્મ.' અચાનક અભિએ કોઈ પત્રકારને બ્રેકિંગ ન્યૂઝ આપતો હોય એવા અંદાજમાં કહ્યું.

'આઈ હોપ કે એમાં મારું કોઈ કેરેક્ટર ન હોય.' પ્રિયા હસી પડી.

'હું ફિલ્મ બનાવું અને તારું પાત્ર ન હોય તે કેમ ચાલે?' અભિએ કહ્યું.

'મારે તારી ફિલ્મનું કેરેક્ટર નથી બનવું, તારા જીવનમાં રોલ કરવો છે' પ્રિયાએ કહ્યું.

*********************

એક વહેલી સવારે મહાબળેશ્વરથી મુંબઈ આવી રહેલા હબીબની કારને ઘાટ પર એક ટ્રકે ટક્કર મારતાં હબીબની કાર ઊંડી ખાઈમાં ધકેલાઈ ગઈ. હબીબ અને ડ્રાઇવરના મૃતદેહોને મહામહેનતે શોધીને બહાર કઢાયા ત્યારે હબીબના નિકટના સાગરીતો, કાંધિયાઓ અને નિકટના સગાંવહાલાઓનાં ટોળાં હાજર હતાં, જેમાં બસ્તા શેઠ અને આદિલ ખાન પણ હતા. હબીબના કેટલાક ઉશ્કેરાયેલા સાગરીતોએ કોર્ડન કરીને ઊભેલી પોલીસને ટ્રક ડ્રાઈવરની પૃચ્છા કરી. વો પુલીસ સ્ટેશન મેં હાજીર હો ગયા...પૂછતાછ ચાલુ હૈ એવો જવાબ મળતાં તેઓ શંકા સાથે ટ્રકનું બારીકીથી નિરીક્ષણ કરવા લાગ્યા.

પોલીસ સાથે મસલત કરીને બસ્તા શેઠ હબીબ અને ડ્રાઈવરની લાશોને મુંબઈ લઈ જતી એમ્બ્યુલન્સની પાછળ જોડાઈ ગયા. એમ્બ્યુલન્સની આગળ અને પાછળ હબીબના કાંધિયાઓની કારના કાફલામાં સૌથી પહેલી કારમાં આદિલ ખાન હતો ને સૌથી છેલ્લે બસ્તા શેઠની કાર હતી.

'ટ્રક ડ્રાઈવરને ઝોકું આવ્યું ને એ ઝોકાએ હબીબભાઈનો જીવ લીધો.' બસ્તા શેઠે કાર ચલાવી રહેલા જોરાવરને કહ્યું.

'ટ્રક ડ્રાઈવરે દારૂ પીધો હશે.' જોરાવર બોલ્યો.

'ના, એણે દારૂ પીધો ન હતો.... મેં પોલીસને પૂછ્યું.' બસ્તા શેઠે કહ્યું.

'દારૂ પીને ટ્રક ચલાવીને અકસ્માત કરે તો એની સજા વધુ થાય, પણ ઉંઘની અસર હેઠળ અકસ્માત કરનારો ઓછી સજા સાથે જલદી છૂટી જાય.' મર્ડર કરાવવાની બસ્તા શેઠની તરકીબથી વાકેફ જોરાવર બોલ્યો.

'તું સામે જોઈને કાર ચલાવ... ક્યાંક આપણે ખાઈમાં ન ખાબકીએ.' બસ્તા શેઠે કરેલી ટકોર જોરાવરને ખટકી.

*******************

બીજે દિવસે બસ્તા શેઠની લાગવગથી પોસ્ટમોર્ટમની પ્રોસિજર ઝડપથી આટોપી લીધાં બાદ હબીબની લાશનો કબજો મળ્યો. કબ્રસ્તાનમાં હકડેઠઠ લોકોની હાજરીમાં હબીબનો દફનવિધિ થયો ત્યારે સફેદપોશ કપડામાં સજ્જ એક શખસે આદિલ ખાનને કાનમાં કહ્યુંઃ 'મૈં રઝાક હું...મુઝે ભાઈને ભેજા હૈ.'


આદિલ ખાને કાળા ચશ્માંમાંથી એને જોઈને આદાબ કહ્યું. આદિલ ખાન બહાર નીકળીને જેવો કારમાં બેઠો કે તરત જ પાછળ જ આવી રહેલો રઝાક ઝડપથી કારમાં એની બાજુમાં બેસી ગયો. કબ્રસ્તાનમાંથી બહાર નીકળી રહેલા બસ્તા શેઠ એમની પૂરપાટ દોડતી કાર જોઈ રહ્યા હતા. (ક્રમશઃ)■

ફોકસ

રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# કૅન્સર, જ્યાં વિજ્ઞાન પણ ઘૂંટણ ટેકી દે છે

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (હુ)ના એક રિપોર્ટ અનુસાર ૨૦૨૩માં વિશ્વમાં ૯૦ લાખ લોકોનાં મોત કેન્સરની વિવિધ બીમારીઓને કારણે થયા હતા અને કરોડો લોકો કેન્સરની બીમારીઓથી પીડાઇ રહ્યા હતા. ભારતની વાત કરીએ તો ૨૦૨૨માં ભારતમાં કેન્સરની વિવિધ બીમારીઓના નવા ૧૪ લાખ કેસ નોંધાયા હતા જ્યારે આ જ વર્ષે કેન્સરે ૯.૧૬ લાખ લોકોનો ભોગ લીધો હતો. આ પરથી જાણી શકાય છે કે કેન્સર કેટલી જીવલેણ બીમારી છે. વિશ્વમાં કેન્સર અને કેન્સર જેવી અન્ય બીમારીઓની જાણ ઘણાં વર્ષોથી છે અને તેના અંગે સંશોધનો પણ થઇ રહ્યાં છે. ઘણી માહિતીઓ પણ મળી છે, પરંતુ અત્યાર સુધી આ બીમારીને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે વિજ્ઞાન નિષ્ફળ રહ્યું છે. ભારતના આયુર્વેદ ગ્રંથોમાં અર્બુદ નામની જે બીમારીનો ઉલ્લેખ છે તે કેન્સર સંબંધિત જ છે અને ઇજિપ્તના પપીરસમાં પણ કેન્સર જેવાં લક્ષણોનો ઉલ્લેખ ૧૬૦૦ ઇ.સ. પૂર્વે કરવામાં આવ્યો છે. પપીરસ ભારતના આયુર્વેદની જેમ જ ઇજિપ્તનું પ્રાચીન ચિકિત્સા સાહિત્ય છે. કહેવાનો અર્થ એ કે મનુષ્યને સાડા ચાર હજાર વર્ષોથી કેન્સરની બીમારીની જાણકારી છે, પણ હજી સુધી આ ખતરનાક બીમારી માટે કોઇ ઇલાજ મળ્યો નથી અને વિજ્ઞાન પણ તેની સામે અસમર્થ રહ્યું છે.



## વિશ્વ કૅન્સર ડેનું મહત્ત્વ

ચોથી ફેબ્રુઆરી, ૨૦૦૦ના પ્રથમ વખત વિશ્વ કેન્સર ડે પેરિસ ચાર્ટર હેઠળ ઉજવવામાં આવ્યો હતો. આ ચાર્ટરને પેરિસમાં યોજાયેલા કેન્સર સંમેલનમાં અપનાવવામાં આવ્યો હતો. આ ડેનું મહત્ત્વ એટલે પણ છે કે તે બહાને સરકાર, મીડિયા, સંસ્થાઓ આ જીવલેણ બીમારી અંગે લોકોમાં જાગરૂકતા ફેલાવે છે તથા લોકોમાં આ બીમારીથી બચવાના ઉપાયો જણાવે છે.

કેન્સરની બીમારીનો ૧૦૦ ટકા ઇલાજ શક્ય નથી અને આ બીમારીના ૧૦૦થી વધુ પ્રકાર છે. કેન્સરના દરેક પ્રકાર માટે અલગ અલગ સારવારની પદ્ધતિ અપનાવવી પડે છે. તેમ છતાં અમુક પદ્ધતિઓ એવી છે જે દરેક લક્ષણો માટે અપનાવવા વૈજ્ઞાનિકો સહમત થયા છે જેનાથી કેન્સરને ઓળખવામાં અને તેનો સરળતાથી નિકાલ લાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

કેન્સર થવાના અનેક કારણ હોઇ શકે છે જેમ કે ધૂમ્રપાન કરવું, શારીરિક ગતિવિધિઓ ઓછી કરવી, ખાવાની કુટેવ, સ્વાસ્થ્યવર્ધક ભોજન ન લેવું, શરાબ પીવો વગેરે વગેરે. કેન્સર થવાના આ જ ફક્ત કારણો નથી, પરંતુ પર્યાવરણમાં ફેલાયેલા પ્રદૂષણ, રેડિએશનને કારણે પણ કેન્સર થઇ શકે છે. અહીં જ કેન્સર થવાના કારણ પૂરા થતા નથી. કેન્સર થવાનું મોટું કારણ વારસાગત પણ હોય છે. કેટલાક પ્રકારના કેન્સરનું કારણ જેનેટિક હોય છે જે પેઢી દર પેઢી પરિવારમાં થયા કરતું હોય છે.

કેન્સર આજે પણ દુનિયામાં સારવારની દૃષ્ટિએ સૌથી મોંઘી બીમારી છે. તેના ઇલાજ માટેની સારવાર કિમોથેરેપી, ઇમ્યુનોથેરેપી અને તેની સર્જરી બહુ મોંઘી હોય છે. આર્થિક રીતે પછાત અને વિકાસશીલ દેશોમાં હજી પણ કેન્સરના ઇલાજ માટેની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ નથી. આ રોગની સૌથી મોટી સમસ્યા છે કે તેનાં લક્ષણોની જાણ બહુ મોડેથી થતી હોય છે તેથી સારવારમાં વિલંબ થવાને કારણે ઘણી વખત દર્દીઓનાં મોત થઇ જતા હોય છે.

વિશ્વની ખતરનાક બીમારીઓમાં કેન્સર હાલમાં પણ બીજા ક્રમાંકે છે. હુના એક રિપોર્ટ અનુસાર દર વર્ષે કેન્સરને કારણે ૯૦ લાખ લોકોનાં મોત થતા હોય છે જ્યારે હૃદય રોગના હુમલાને કારણે દર વર્ષે ૧.૮ કરોડ લોકોનાં મોત થાય છે. ત્રીજા ક્રમાંકે શ્વાસ સંબંધિત બીમારી છે જેના કારણે વર્ષે ૩૦ લાખ લોકો પોતાના જીવ ગુમાવે છે જ્યારે ચોથા ક્રમાંકની ટીબી અને મેલેરિયા જેવી બીમારીઓને કારણે ૨૫ લાખ લોકોનો ભોગ લેવાય છે. આ અને આવી અન્ય બીમારીઓને કારણે દર વર્ષે વિશ્વમાં સાડા ત્રણથી ચાર કરોડ લોકો પોતાનો જીવ ગુમાવે છે.

કેન્સરની શરૂઆત જ્યારે થાય છે ત્યારે તેનાં લક્ષણો વધુ જોખમી દેખાતા નથી તેથી તેને ડાયગ્નોસ થતા વાર લાગે છે. તેથી જ અત્યારે પણ કેન્સરના ૮૦ ટકા દર્દીઓ બચી શકતા નથી. બીજું કારણ છે કે કેન્સરનો ઇલાજ મોંઘો હોવાથી ગરીબ લોકો તેની સારવાર કરાવી શકતા નથી અને મોતને ભેટી પડે છે. બ્રેસ્ટ કેન્સર, સર્વાઇકલ કેન્સર અને ફેફસાના કેન્સરને હજી પણ રોકી શકાય છે, પણ જો તે શરૂઆતી સ્ટેજમાં ડાયગ્નોઝ થઇ જાય. ■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# બજેટનાં લેખાં-જોખાં




**બૅન્કમાંથી** નિવૃત્ત થયેલા મેનેજર અશોકભાઈ ભટ્ટ પહેલાંની જેમ આજે પણ બજેટ આવે ત્યારે તેનું ખાસ વિશ્લેષણ માટે જાણીતા છે. વર્તમાનપત્રમાં એ વિશે લખવું, કોઈ સંસ્થામાં એ વિશે લેકચર પણ આપે છે. અતિપ્રવૃત્તિમય જીવન પછી નિવૃત્તિમય જીવને અશોકભાઈના જીવનને કસોટીની એરણે ચઢાવ્યું છે.

ઘરનું બજેટ સંભાળતી પોતાની વ્યવહાર કુશળ પત્ની મીના કૌટુંબિક- સામાજિક સંબંધો જાળવવા કેવા પડકારો ઝીલે છે, ઘરનું બજેટ સાચવવા મથતી મીના પોતાની અંગત ઇચ્છાને હસતા મુખે કેવી રીતે કોરાણે મૂકે છે, ને તેમ છતાં ય તે સદા ખુશ રહે છે. એ નિવૃત્ત થયેલા અશોકભાઈએ જોયું...

તે દિવસે રૂપાલીનો ફોન આવ્યો.

મમ્મી-પપ્પા અમે યુ.એસ.ની ટૂરમાં જઈએ છીએ, તમે પણ ચાલો, આપણે સાથે જઈશું. બેટા,બધી વિગત મોકલ પછી જણાવું. અશોકભાઈએ કહ્યું.

ફોન મૂકતાં જ અશોકભાઈએ કહ્યું- 'ચાલ, મીના આપણે જઈએ. દીકરી-જમાઈ સાથે હોય તો મજા આવશે. હવે નિવૃત્તિમાં તો મજા જ કરવાની.'

'પણ, એનો ખર્ચ તો બહુ થાય.'

'તું પૈસાની ચિંતા ન કર. એફ.ડી. તોડીશું.'

'પપ્પા, એફ.ડી. શા માટે તોડવી છે? તમારી દીકરી પણ આપી શકે.' દીકરા નિમેષે ટોણો માર્યો.

'ના, ભાઈ અમે દીકરીના પૈસા ન લઇએ.' મીનાબેને કહ્યું.

'મમ્મી, હવે જમાનો બદલાયો છે. રૂપાલીનું કુટુંબ પૈસાદાર છે અને એ પોતે પણ સારું કમાય છે.' નિમેષે કડક અવાજે કહ્યું.

ડાઈનિંગ ટેબલ પર બેસીને કૉફી પી રહેલી જ્યોતિ વહુ બોલી- 'નિમેષ રહેવા દે, ખોટી ચર્ચા ન કર. મમ્મી દીકરીના પૈસા થોડા લે- તું બેઠો છે ને ફાંયનાન્સર- આપણે ગધ્ધામજૂરી કરવાની.'

'જ્યોતિ જે મનમાં આવે તે કહેવાનું? અમે પણ આખી જિંદગી મહેનત કરી છે, રહી વાત પૈસાની તો અમે અમારી વ્યવસ્થા કરીશું.' અશોકભાઈએ કહ્યું.

'પણ, મમ્મી હમણાં રાહુલ અને ઈશીતાની સ્કૂલ ચાલુ હોય, જ્યોતિને ઓફિસમાં જવાનું હોય, તમે ન હો તો અમે બધું કેવી રીતે મેનેજ કરીએ?' નિમેષે કહ્યું.

'તો, એમ જ કહેને કે તમારે ઘરકામ માટે અને છોકરાંને સાચવવા આયા જોઈએ છે. મમ્મી જાય તો આ બધું કોણ કરે? જ્યોતિએ શું કહ્યું તે સાંભળ્યું?'

'આવી રીતે પૈસાની વાત કરવાની- અમારે તારા પૈસા નથી જોઈતા, હું મારી રીતે મેનેજ કરીશ. સમજ્યો?' અશોકભાઈએ આકરા શબ્દોમાં સ્પષ્ટ કર્યું.

'જુઓ, બધા પોતપોતાના કામે વળગો ખોટો કંકાશ ન કરો.' મીનાબેને કહ્યું.

'મમ્મી, હજુ દર મહિને આપણે બૅન્કની લોન આપવી પડે છે. છોકરાઓની ટ્યુશન ફી, ઘરખર્ચ માટે તમને આપવા. બધું કેવી રીતે કરવું.' જ્યોતિએ કહ્યું. અને તમે ચાલુ સ્કૂલે ટૂર પર જાઓ તો હું શું કરું-મને કાંઈ પંદર દિવસની રજા ન મળે.

'જો, જ્યોતિ હજુ કંઈ નક્કી નથી. હું પણ મારી જવાબદારી સમજુ છું. હવે પપ્પા રીટાયર થયા છે. એમની ઈચ્છા હોય તો જઈશું. અમે આખી જિંદગી કૌટુંબિક ફરજ બજાવી -સામાજિક સંબંધો જાળવ્યા છે.' મીનાબેને કહ્યું.

આખરે મીનાબેન અને અશોકભાઈ સ્વખર્ચે રૂપાલી સાથે યુ.એસ. ટૂરમાં ગયા. જ્યોતિએ એના મમ્મીને બોલાવ્યા જેથી ઘર સચવાઈ જાય.

'જુઓ, આખરે મારાં મમ્મીએ જ ઘર સાચવ્યું. આપણે ઘસરડા કરીને ઘર ચલાવીએ, સાથે રહેવા મોટો ફ્લેટ લીધો, તેના માટે લોન લીધી પણ એ આપણે એકલા એ જ ચૂકવવાની- વળી નામ તો પપ્પા અને મમ્મીનું. તમારું શું.' જ્યોતિએ કહ્યું.

'કેમ, પપ્પાનું છે તે મારું જ છે. હું એકનો એક દીકરો છું.'

'તું તો સાવ બુદ્ધુ છે. આ દીકરી-દીકરી કરતાં જાય છે. એ વીલમાં જોજે કેટલું આપી દેશે. આખી જિંદગી ઘસરડા આપણે કરીએ.'

'જો, જ્યોતિ મારા પપ્પા એવું કરે નહીં.'

'હું તો જે જોઉં છું તે કહું છું. હવે મમ્મી કંઈ સમજે નહીં. પપ્પા તો ભારે આકરા કોઈની વાત ન સાંભળે. જરા હોંશિયારી રાખજો.'

આ વાત નિમેષના મનમાં ઠસી ગઈ.

મીનાબેન ગમે એટલું કામ કરે પણ નિમેષ અને જ્યોતિને કંઈ કદર નહીં. એક જ ઘરમાં સાથે રહેતા હતા, છતાં ય ઘરમાં એક ભેદી મૌન છવાઈ ગયું. જ્યોતિ આઈ.ટી કંપનીમાં ઊંચો હોદ્દો ધરાવે છે, પણ સાસુમાની વૃધ્ધાવસ્થાની સમસ્યા સમજી શકતી નથી.

તે દિવસે જ્યોતિ ઑફિસથી રાત્રે અગિયાર વાગ્યા સુધી ઘરે આવી ન હતી. નિમેષ તો બેડરૂમમાં સૂઈ ગયો હતો. બંને છોકરાંઓ પણ બીજે દિવસે સવારે સ્કૂલે જવાનું હોઈ સૂઈ ગયા હતા. પણ, મીનાબેન ચિંતામાં ડૂબેલા હતા. આ જ્યોતિ હજુ સુધી કેમ ન આવી? નિમેષને પૂછ્યું હતું-તો કહ્યું કે 'આવશે તું સૂઈ જા.'

પણ, જ્યોતિ ઘરે ન આવી હોય તો ઊંઘ કેવી રીતે આવે- એક તો ભાયંદર સ્ટેશને ઊતરીએ તો ઝટ રીક્ષા મળતી નથી. રાતનો ટાઈમ. મીનાબેને ફોન કર્યો તો જ્યોતિનો ફોન સ્વીચ ઓફ હતો.

એમણે બેડરૂમમાં જઈને અશોકભાઈને કહ્યું- 'જુઓ,ને આ જ્યોતિ હજુ સુધી નથી આવી. એનો ફોન પણ સ્વીચ ઓફ આવે છે. નિમેષને મેં દસ વાગે પૂછ્યું હતું, તો કહે તું સૂઈ જા. હવે રાત્રે અગિયાર વાગે ચિંતા ન થાય!'

'જો, મીના આજના યુવાનિયાઓને કશું કહેવાય નહીં, પૂછાય નહીં. સાચી સલાહ પણ અપાય નહીં. જો, નિમેષને છે કંઈ ચિંતા, તું શા માટે આટલી બધી ચિંતા કરે છે?'

'ઘરની વહુ રાત્રે અગિયાર વાગ્યા સુધી ન આવે તો ચિંતા ન થાય. જમાનો કેવો ખરાબ છે. તમે એક વાર ફોન કરો ને.'

અશોકભાઈએ ફોન કર્યો પણ સ્વીચ ઑફ.

મીનાબેન અને અશોકભાઈ ચિંતિત થઈ બારીની બહાર રસ્તા પર જોવા લાગ્યા.

દસ મિનિટ પછી એક કાર સોસાયટીના ગેટ પાસે આવીને ઊભી રહી અને તેમાંથી પાર્ટી વેરના ડ્રેસમાં સજ્જ સોહામણી જ્યોતિ હસતે મુખે ઊતરી અને હાથ હલાવતાં બાય, બાય કહેતી હતી.

બારણું ખોલતા વેંત મીનાબેને કહ્યું- 'કેટલું મોડું કર્યું. અમને ચિંતા ન થાય?'

મેં નિમેષને કહ્યું હતું. 'અમે બધા ફ્રેન્ડસ સાથે હતા તે ચિંતા શું કરવાની.' જ્યોતિએ ચંપલને સ્ટેન્ડમાં મૂકતાં અકળાતાં કહ્યું.

'તારો ફોન કેમ સ્વીચ ઑફ છે- જો મેં અને મમ્મીએ કેટલા ફોન કર્યા છે.' અશોકભાઈએ કહ્યું.

એમ શા માટે ફોન કરવાના?'

તું ન આવી હોય તો અમને ચિંતા ન થાય-

મારી ચિંતા કરવાની નહીં, કહેતી એના બેડરૂમમાં જતી રહી.

મીનાબેન બબડવા લાગ્યા- આપણી લાગણીને સમજતાં નથી. આવું તોછડું વર્તન મારી દીકરી કરે તો બે લાફા મારું પણ, આને કંઈ કહું તો બધા સાથે ઝઘડા થાય. હવે શાંતિ રાખ. સૂઈ જા.

પણ, હવે આ સહન થતું નથી. આ ઘર આપણું છે. આપણે કંઈ વધારાના નથી. આખી જિંદગી મોજથી રહ્યા. કોઈએ આવું અપમાન કર્યું નથી.

હવે તો આવું વારંવાર થતું. અશોકભાઈએ વિચાર્યું કે થોડા દિવસ મીનાને લઈને દિલ્હીમાં રહેતી પોતાની પ્રજ્ઞાબેનને ઘરે જાય. થોડા દિવસ ત્યાં રહીશું તો મીના ખુશ થશે.

દિલ્હીના એરપોર્ટ પર ઊતર્યા ત્યારે રાજેશ અને જૂઈ તેડવા આવ્યા હતા. રાજેશ ફોઈ- ફુવાને ભેટ્યો અને પગે લાગ્યો. જૂઈ તરત ફોઈજી અને ફુવાજીને પગે લાગી. મોટી બેગ ટ્રોલીમાં ગોઠવીને જૂઈ ફોઈને કાર તરફ દોરી ગઈ. રાજેશ કાર ડ્રાઈવ કરતો હતો, ફુવા એમની બાજુમાં ગોઠવાયા. જૂઈ તો બરાબર રૂપાલી જેવી જ બોલકી અને પ્રેમાળ એની વાતો તો ખૂટે જ નહીં. એરપોર્ટથી ઘરે પહોંચતા સુધીમાં તો જૂઈ અને રાજેશે ઘણી વાતો કરી.

મીનાબેન ખૂબ ખુશ થયાં અને વિચારવા લાગ્યાં મારી જ્યોતિ કેમ અમારી સાથે વાત નથી કરતી, અમારો મનમેળ કેમ નથી?

મીનાબેને જોયું કે જૂઈ પણ કૉલેજમાં લેકચરર છે, રાજેશે પિતાનો ધંધો સંભાળી લીધો છે. પ્રજ્ઞાબેન પોતે પણ સામાજિક સંસ્થામાં કામ કરે છે. જૂઇને આઠ વર્ષની દીકરી છે માનસી- બધાની લાડકી.

એક સાંજે પ્રજ્ઞાબેન, અશોકભાઈ અને મીના ત્રણે જણા જ્યારે ઈવનિંગ વોક માટે ગયા ત્યારે મીનાએ પોતાની મૂંઝવણ જણાવી.

આજની યુવાપેઢી આપણને કેમ સમજી શકતી નથી, એ લોકો જે સંઘર્ષ કરે છે, તેવા સંઘર્ષ આપણે પણ કર્યા છે. આપણે કુટુંબ માટે બધું જ કર્યું છે. તો આપણા સંતાનો આપણને કેમ સમજી ન શકે. આપણે કંઈ કહીએ તો સાંભળવાનું નહીં ને અણછાજતું વર્તન કરે છે. પ્રજ્ઞા આપણે આખી જિંદગી સ્વમાનથી રહ્યા, મારી જ્યોતિ તો મને કામવાળી જ સમજે છે.

પ્રજ્ઞાએ ભાભીનો હાથ પોતાના હાથમાં લઈને પસવારતાં કહ્યું-બહેન, હું જાણું છું તમે ખૂબ સમજુ અને પ્રેમાળ છો. પણ, આજની યુવાપેઢી ખુબ સ્માર્ટ છે, આજના યુગમાં આગળ વધવા એમને ભારે સંઘર્ષ કરવો પડે છે. એટલે મૈત્રી કેળવીને એને સમજવાની જરૂર છે. જૂનવાણીના ચશ્માં કાઢીને તેમને આધુનિક દૃષ્ટિએ સમજવાના છે.

દર વર્ષે નાણાકીય બજેટ બહાર પડે છે તેવી રીતે દર વર્ષે લાગણીઓનું-સંબંધોના લેખાં-જોખાં કે બજેટ કરવા જોઈએ. સંબંધોનો ગ્રાફ ઊંચો લાવવા કવિ ઉમાશંકર જોષી કહે છે તેમ-

જિંદગીમાં ભર્યું શું, અણસમજ અને ગેરસમજ?
હિસાબો જિવ્યા ના થાય તો કરી જોજો. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ત્રણ બોલાવ્યા તેર આવ્યા તો દે દાળમાં પાણી

આ કહેવત સાથે એક સાધુની કથા સંકળાયેલી છે. સાધુ સાથે મંદિરમાં એક સાધ્વી અને એક છોકરો પણ રહેતાં હતાં. ગામના દાના ભગતે એક દિવસ આ ત્રણેયને જમવા માટે આમંત્રણ આપ્યું. હવે વાત એમ હતી કે ભગતને પોતાના જ ઘરમાં ભોજનનાં ફાંફાં હતાં. ઘરમાં હાલ્લાં ગગડે એવી પરિસ્થિતિ હતી. જોકે, ભગત કહેવાતા હોવાથી ડાહી ડાહી વાતો કરવામાં અને પોતે શ્રેષ્ઠ છે એ દર્શાવવામાં કોઈ કસર છોડતા નહીં. પોતે કોઈ કામધંધો ન કરતા હોવાથી તેમનાં બાળકો પણ ભોજન માટે વલખાં મારતાં હતાં. ઘરનાં છોકરાં ભૂખે મરતાં હોય ત્યારે સાધુને જમવા માટે નોતરું દેવું એ બુદ્ધિનું દેવાળું ફૂંકવા જેવી વાત જ કહેવાય, પણ જશના ભૂખ્યા ભગતે પોતાની તંગ હાલત સામે આંખ આડા કાન કરી સાધુને ભોજન માટે નોતરું આપી દીધું. આમંત્રણનો દિવસ ઊગ્યો એટલે ભગતાણીએ રસોઈ માંડી દીધી. ચૂલે દાળ મૂકી અને રોટલા ટીપવાનું શરૂ કર્યું. સાધુ, સાધ્વી અને છોકરો ભગતના ઘરે પહોંચી ભજન ગાવા બેઠા. ભજનની અમૃત વાણી સાંભળી બીજા દસ સાધુ પણ ભગતના ઘરમાં પધાર્યા. ભગતનું નામ મોટું અને સ્વભાવમાં મોટાઈ પણ ખરી એટલે બારણે આવ્યા હોય એને આવકાર તો આપવો જ પડે. આવકાર ન આપે તો લોકો શું કહેશે એ કલ્પિત ભય તેમને સતાવતો. આમંત્રણ ત્રણ જણને આપ્યું હતું, પણ એની બદલે સામટા બધાને જોઈ રસોઈ કરવા બેઠેલાં ભગતાણીને ચિંતા પેઠી. ભગત તો આ બધાને જમવાનો આગ્રહ કરશે, પણ દાળ તો ત્રણ મહેમાન અને ઘરના લોકોને થાય એટલી જ ચૂલે ચડાવી હતી. હવે કરવું શું એમ ભગતને પૂછ્યું તો



ભગતે કહી દીધું કે 'દાળમાં પાણી પુષ્કળ નાખજો એટલે થઈ રહેશે.' ભગતાણીએ એ પ્રમાણે દાળ બનાવી. રસોઈ તૈયાર થઈ એટલે બધા સાધુ ભાણે બેઠા પણ દાળ પીતી વખતે દાળની બદલે પાણી જ પીતા હોય એવું લાગ્યું. એક સાધુએ આખી વાત જાણી અને સાખી બોલ્યો: *'ભગત કહે છે ભગતાણીને, સાંભળ મારી વાણી, ત્રણ બોલાવ્યા ને તેર આવ્યા, તો દે દાળમાં પાણી.'*

## સગ્ગી બહિણ — IDIOM STORY

અંગ્રેજી ભાષાની કહેવત કથાનો દોર આજે આગળ વધારીએ. એક બહુ જ જાણીતો રૂઢિપ્રયોગ છે Turn a Blind Eye. Meaning: To refuse to acknowledge a known truth. ટર્ન અ બ્લાઈન્ડ આઈ જેનો અર્થ થાય છે સત્ય જાણવા છતાં અજાણ હોવાનો ડોળ કરવો. ગુજરાતીમાં આને સમકક્ષ કહેવત છે આંખ આડા કાન કરવા. સાંભળ્યું ન સાંભળ્યું કરવું, અવગણવું, ધ્યાન બહાર કરવું એવો એનો ભાવાર્થ છે. I'll turn a blind eye once, but next time you'll be in trouble. એક વાર તો હું જોયું ન જોયું કરી દઈશ, પણ બીજી વાર આવું થશે તો મુશ્કેલી ઊભી થશે એ યાદ રાખજે. માતા-પિતા ઘણી વાર પુત્રની હરકતો પ્રત્યે આંખ આડા કાન કરતાં હોય છે. આ કહેવતનો ઉદ્ભવ કેવા સંજોગોમાં થયો એ બીના જાણવા જેવી છે. It is commonly accepted that turning a blind eye comes from a comment made by British Admiral Horatio Nelson. આ રૂઢિપ્રયોગના જન્મ વિશે કેટલાક તર્ક-વિતર્ક રજૂ થયા છે, પણ



બ્રિટિશ એડમિરલ હોરેશિયો નેલસને કરેલી ટિપ્પણીના પગલે આ રૂઢિપ્રયોગ અસ્તિત્વમાં આવ્યો એ સર્વસ્વીકાર્ય ગણાય છે. 'બેટલ ઑફ કોપનહેગન'માં આક્રમણનું નેતૃત્વ કરી રહેલા એડમિરલ નેલસનને એક આંખે અંધાપો હતો. દુશ્મને સામે છેડેથી પીછેહઠ કરવાની નિશાની કરી. જોકે, આગળ વધવાથી જીત મળશે એવો નેલસનને વિશ્વાસ હતો. Nelson then, holding the telescope to his blind eye, pretended not to see the signal-making a sly comment to a fellow officer about reserving the right to use his blind eye every now and again. નેલસને જે આંખે અંધાપો હતો એ આંખ પર ટેલિસ્કોપ મૂક્યું અને સામે છેડેથી કોઈ નિશાની નથી દેખાતી એવો ડોળ કર્યો. સાથી ઑફિસરને કહ્યું પણ ખરું કે 'મારે જોવું હશે એ જ જોઈશ અને નહીં જોવું હોય ત્યારે દેખાતું નથી એ જ આંખનો ઉપયોગ કરીને જોઈશ.' બસ ત્યારથી આ રૂઢિપ્રયોગ ચલણમાં આવી ગયો.

## રાષ્ટ્ર ભાષા — कहावत की कथा

હિન્દી ભાષાની કહેવતો પાછળની કથા મજેદાર હોય છે અને એ કશુંક શીખવી પણ જાય છે. **कपास ओटना का अर्थ है कपास के बीज कपास तंतु से अलग करना** કાલામાંથી કપાસ એટલે કે રૂ કાઢવાની પ્રક્રિયા હિન્દીમાં કપાસ ઓટના તરીકે ઓળખાય છે. **आए थे हरिभजन को ओटन लगे कपास** કહેવતનો શબ્દાર્થ થાય છે આવ્યા હતા ભગવાનની ભક્તિ કરવા, પણ બેસી ગયા રૂ છૂટું પાડવા. કોઈ એક મહત્ત્વના કાર્યની ઉપેક્ષા કે અવગણના કરી બીજું મામૂલી કામ કરવું એ એનો ભાવાર્થ છે. સંત કબીરનો એક પ્રસંગ આ કહેવત સાથે જોડાયેલો છે. યુવાનીમાં જ કબીરને પ્રભુ પ્રીતિ થઈ હતી, પણ સાંસારિક જવાબદારી હોવાથી પેટિયું રળવા કામ કરવું પડતું હતું. કપડાં વણાટનું કામ ફાવી ગયું હતું અને કામકાજની સાથે પ્રભુ કીર્તન પણ કરી લેતા હતા. બે બાળકના જન્મ પછી વધુ કામ કરવા લાગ્યા હતા. કર્મ અને ધર્મ સાથે કરતા હોવાથી અન્ય સંતોને મળવાનું લગભગ બંધ થઈ ગયું. એક દિવસ કેટલાક સંત કબીરને મળવા તેમના ઘરે પહોંચી ગયા. જોયું તો કબીર વણાટકામ કરી રહ્યા હતા. સંતોને જોઈ કબીરે તેમને આવકાર આપ્યો. કબીરને કામ કરતા જોઈ સંતોને હેરત થઈ અને તેમના ચહેરા પર સ્મિત રેલાયું. કબીરે કારણ પૂછ્યું તો એક સંત બોલ્યા કે **आए थे हरिभजन को ओटन लगे कपास** મતલબ ઈશ્વરની ભક્તિ કરવા માગતા કબીર રૂ કાઢવાના કામમાં વ્યસ્ત થઈ ગયા. ત્યારથી કહેવત પડી ગઈ.

## સગ્ગી બહિણ — म्हणीची कथा

આજે આપણે જે મરાઠી કહેવતની કથાનો રસાસ્વાદ લેવાના છીએ એનો સંબંધ વાલ્મીકિ રામાયણ સાથે છે. અયોધ્યા કાંડમાં એક શ્લોક આવે છે જેનો અર્થ આ પ્રમાણે છે કે શ્રેષ્ઠ ગજરાજ (હાથી) દાનમાં આપી દીધા પછી એને બાંધવા માટેના દોરામાં મન પરોવવાનો શો અર્થ? મરાઠી કહેવત છે **हत्ती देणाऱ्याला त्याच्या दोराची काय आवश्यकता? भावार्थ: सर्वात मोठी गोष्ट त्यागणारा त्याच्याशी निगडीत असणाऱ्या दुसऱ्या किरकोळ गोष्टीत मन कशाला गुंतवेल? आणि त्याला त्या गोष्टीची आवश्यकता तरी काय?** એનો ભાવાર્થ છે કે સૌથી મોટી વસ્તુનો ત્યાગ જે વ્યક્તિ કરતી હોય એ નાની અમથી - ક્ષુલ્લક વસ્તુ માટે શું કામ મોહ રાખે? અને એ વસ્તુની એને જરૂર હોય ખરી? રામાયણ સાથે અનુસંધાન છે આ કહેવતનું. કૈકેયીને આપેલા વરદાન અનુસાર રાજા દશરથે શ્રી રામને વનવાસ આપ્યો હોય છે. વનવાસ જતી વખતે સર્વ ભૌતિક વસ્તુઓનો ત્યાગ કરવાનો અને માત્ર વલ્કલ (ઝાડની છાલનાં વસ્ત્ર) પહેરવાનાં. રામ સર્વ સંપત્તિનો ત્યાગ કરી વનવાસ જવા નીકળ્યા, પણ પિતા દશરથથી પુત્ર રામની આ અવસ્થા સહન ન થઈ. તેમણે રામચંદ્ર સાથે ધન દોલત અને ચતુરંગી સેના મોકલવાનો આદેશ આપ્યો. આ જાણી શ્રી રામ બોલ્યા કે 'સર્વસ્વ ત્યાગી હું નીકળ્યો છું અને મેં સર્વ આસક્તિ છોડી છે. વનવાસીને સેના અને ધન દોલતનો શું ખપ? જેણે હાથીનું જ દાન કરી દીધું છે એને હાથીના દોરાની શું જરૂર હોય?' ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સ્મૃતિવન મેમોરિયલ

## ઐતિહાસિક ભુજિયા પર ભારતનું અત્યાધુનિક સંગ્રહાલય

ભૂકંપ દિવંગતોની શ્રદ્ધાંજલિ તરીકે ઊભું કરવામાં આવેલા સ્મૃતિવન સ્મારક એ કચ્છને વિશ્વકક્ષાએ ખ્યાતિ અપાવનાર રણોત્સવ પછીની બીજી ભેટ છે, જેને ઓગષ્ટ, ૨૦૨૨માં લોકાર્પિત કરવામાં આવ્યું ત્યારથી અત્યાર સુધીમાં દસ લાખથી વધુ લોકો મુલાકાત લઇ ચૂક્યા છે. યુનેસ્કોના મુખ્ય મથક, પેરિસ ખાતે આયોજિત પ્રિક્સ વર્સેલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઇટલથી સન્માનિત સ્મૃતિવન હવે સત્તાવાર રીતે વિશ્વના સૌથી સુંદર મ્યુઝિયમ તરીકે સાબિત થયું છે. વિશ્વભરની કેટલીક સૌથી નોંધપાત્ર સ્થાપત્ય અને સાંસ્કૃતિક સિદ્ધિઓની સાથે ઊભા રહેવું એ કચ્છ કે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારત દેશ માટે સન્માનની વાત છે. એશિયાનું સૌથી મોટું સિમ્યુલેટર ધરાવતું આ મ્યુઝિયમ કચ્છના વિનાશથી વિકાસ તરફની ગતિને રજૂ કરે છે.


બે દાયકા પહેલા ભયાવહ ભૂકંપે દોઢ લાખથી વધુ લોકોને ઇજાગ્રસ્ત તથા ૧૩૦૦૦થી વધુ જીવોનો ભોગ લીધો હતો. પરંતુ રાખમાંથી ખુમારીથી બેઠા થવાની તાકાત કચ્છે વિકાસ તરફની ઝડપી હરણફાળ ભરીને બતાવી અને આ બાબતનું અદ્ભુત પ્રદર્શન ઐતિહાસિક કિલ્લા પર અત્યાધુનિક ઢબે તૈયાર કરવામાં આવેલ સ્મૃતિવન મેમોરિયલમાં રજૂ કરવામાં આવ્યું છે. જેની છેલ્લાં એક વર્ષમાં સાડા પાંચ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે. અત્યાર સુધી સોએક જેટલા કાર્યક્રમોનાં આયોજન થયા, જેમાં મ્યુઝિક ઓન માઇક, ફોટોગ્રાફી વર્કશોપ, લાઈવ પેઇન્ટિંગ, કચ્છ સાહિત્ય ઉત્સવ તથા આર્મી વેપન એક્ઝિબિશન મુખ્ય રહ્યાં. એ પણ નોંધવું ઘટે કે, G20 સમિટની યજમાની ભારતે મેળવ્યાની પ્રથમ ઇવેન્ટ કચ્છમાં થઈ હતી, જેમાં 'સ્મૃતિવન' સમિટના સભ્યો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ મ્યુઝીયમ અનેક ખાસિયતો સાથે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ભૂકંપના દિવંગતોની યાદી રજૂ કરતાં ૫૦ ચેકડેમ શ્રદ્ધાંજલિનાં પ્રતિકરૂપે બનાવવામાં આવ્યા છે. આ સિવાય પ્રાચીન લુની સોલાર કેલેન્ડર મુજબ તૈયાર થયેલ સનસેટ પોઈન્ટ અને વિજ્ઞાન પ્રાદેશિક કેન્દ્ર તથા મિયવાકી પદ્ધતિથી તૈયાર વન આકર્ષણનું કેન્દ્ર છે. વિવિધ થીમને આધારિત ૭ ગેલેરી ઉપરાંત હેંડીક્રાફટ શોપ, પાંચ હજારથી વધુ પુસ્તકો ધરાવતી લાયબ્રેરી, પ્રોગ્રામ હોલ ઉપરાંત રેસ્ટોરન્ટ સાથે એશિયાનું સૌથી મોટું સિમ્યુલેટર ધરાવતું મ્યુઝિયમ કચ્છના વિનાશથી વિકાસ તરફની ગતિને રજૂ કરે છે. તે ભારતનું સંપૂર્ણકક્ષાનું સંગ્રહાલય છે જેમાં ઇતિહાસ આધુનિકતાનાં સુમેળ સાથે વેદના, વિકાસ અને વિશિષ્ટતા ખૂટી ખૂટીને ભરેલી છે. આશરે ૪૦૦ કરોડના ખર્ચે, ૧૭૫ એકરમાં આકાર પામેલુ આ સ્મારક જાણે ભારતના યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પની પરિપૂર્તિ સાચા અર્થમાં સાબિત કરી રહ્યું છે.

મોદીજી ખુદ જયારે મેમોરિયલનું ઉદ્ઘાટન કરવા આવેલા ત્યારે બોલ્યા હતા કે, 'કચ્છ કોઈ સ્થાન નથી એ તો જીવતી જાગતી ચેતના છે. મને તો કચ્છના રણમાં ભારતનું તોરણ દેખાય છે, તો બીજી બાજુ ૯/૧૧ અને હિરોશીમા જેવા દુનિયાના શ્રેષ્ઠ સ્મૃતિ સ્મારકોની હરોળમાં ઊભુ રહે તેવું સ્મારક અહીં બન્યું છે.' સ્મૃતિવનની મુલાકાત માણી ગયેલા યાત્રિકોનો પણ પ્રતિભાવ રહ્યો છે કે, સંવેદનશીલ અનુભવો રજૂ કરતી મ્યુઝિયમની ગેલેરી રૂંવાડા ખડા કરી દે છે, જે આજ સુધી અન્ય કોઈ સંગ્રહાલયમાં અનુભવવા નથી મળ્યા. ભૂકંપ સમયે થયેલ તારાજીને અનેકગણા સફળ અંશે વિવિધ પ્રોમ્પ્ટ રજૂ કરીને તે સમયની વાસ્તવિકતાને રજૂ કરવાના પ્રયાસોથી તે સમયે કરછવાસીઓ પર શું વીતી હશે તેનો આબેહૂબ અનુભવ કરી શકાય છે. એક પ્રતિભાવ તો સંસ્કૃતમાં મળ્યો હતો, જ્યારે જૈન સાધુઓએ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી ત્યારે એમના દ્વારા મળેલ.

મ્યુઝિયમમાં હાલ ડાયરેકટર તરીકે શ્રી મનોજ પાંડે ફરજનિષ્ઠ છે. તેમના અનુભવોમાં જણાવ્યું કે, એક દિવસમાં અઢીથી ત્રણ હજાર મુલાકાતીઓને આ મ્યુઝિયમ દેખાડવાનો રેકોર્ડ અમે બનાવ્યો છે. દિવંગતના પરિવારવાળા પૂછે તો નિશ્ચિત ચેકડેમ તરફ જવાનો રસ્તો બતાવી શકાય તે માટે દિશા નિર્દેશનની યાદી અમે પાછળથી બનાવીને મૂકી છે તથા ભૂજિયાનાં બાકીના વિસ્તારોના વિકાસ માટેનું પ્લાનિંગ હવે પછી કરાશે.'

અંતમાં ચન્દ્રવદન ધોળકીયાના કચ્છી સબધથી પોંખણાં,

*ઐરાવત જે પગ જેડો, શક્તિ સર્જન હાર,*
*ગુંડજી ઝાકળ જો ડીશે, શોભા જેજી અપાર,*
*કિલ્લો આય હી કચ્છ જો, નેધાર જેજો આધાર,*
*એડે ભૂજીયેજી તરેટીમેં, ભૂજ નામ જો ગામ,*
*પુત્તર પેજી સોડમેં, વિઢો ડિશે બેફામ !* ■





ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ચીની ઔર ચાયપત્તી કે ડિબ્બે મેં કયાં હૈ?



'ખાલી ડબ્બા, ખાલી બોટલ લે, લે લે મેરે યાર, ખાલી સે નફરત ન કરના, ખાલી સબ સંસાર હોં હોંઓઓં.'

રાજુ રદી બેસૂરા એટલે કે પાડાસૂરે (ક્યાં સુધી ભેંસાસૂર ચલાવવાનું?) ગાતો આવ્યો. હકીકતમાં ખાલી ચણો વાગે તેમ ખખડતા ડબ્બા જેવો અવાજ કાનને ખૂંચ્યો પણ ખરો. રાજુ પ્યાલા બરણીવાળાની જેમ ચા-ખાંડના ડબ્બા, પ્લાસ્ટિક- સ્ટીલના ડબ્બા સાથે પ્રગટ થયેલો. સ્ટીલના એક ડબ્બાની અંદર સાત ડબ્બીમાં રાય, મેથી, જીરૂ, મરચું, હળદર, ધાણાજીરું જેવા મસાલા ભરવામાં આવે તેને મસાલિયું કહેવામાં આવે છે. ટિફિનના ખાનાને પણ ડબ્બા કહેવામાં આવે છે.

'રાજુ, આ બધું શું માંડ્યું છે? 'બખડજંતર' ટીવી ચેનલની નોકરી છોડી પ્યાલા-બરણીનું સ્ટાર્ટપ કે ઇનોવેશન શરૂ કર્યું કે શું?' મેં રાજુને ખખડાવ્યો.

'ગિરધરલાલ, પ્રાણ જાય અરે, 'એનિમલ' ફિલ્મનો વિલન બોબી દેઓલ જાય, પરંતુ 'બખડજંતર; ચેનલની નોકરી કદાપિ ન છોડું.' રાજુએ ભાવવિભોર થઇ સ્પષ્ટતા કરીને પૂછ્યું :

'ગિરધરલાલ, આ ડબ્બો શેનો છે તે તો કહો?' રાજુએ એક નાનો લંબગોળ ડબ્બો દેખાડીને ઉખાણું પૂછયું.

'રાજુ, ડબ્બો સ્ટીલનો છે.' મેં જવાબ આપ્યો. મારો જવાબ રાજુને જુલાબ જેવો લાગ્યો. એણે મોં મચકોડ્યું :

'અરે બુધ્ધુલાલ, એ તો મને ખબર છે, પણ ડિબ્બે કે અંદર કયાં હૈ? ડિબ્બે કે અંદર કયાં હૈ?' રાજુએ કોકડું ગૂંચવ્યું.

'ડબ્બો હવાથી ભરેલો હશે.' મેં અનુમાન લગાવ્યું.

'ના ડબ્બો ખાલી છે.' રાજુએ જાદુગર કે. લાલની જેમ આબરા ડાબેરા જેવું અગડમ બગડમ કર્યું.

'રાજુ, આ ડબાયણ કેમ અને શા માટે?' મેં સવાલ દોહરાવ્યો.

'ગિરધરલાલ, ડબ્બા આપણા જીવનનું અભિન્ન અંગ છે. આપણે ત્યાં ઘઉંના કે લોટના ડબ્બામાં ઘરેણા કે ગૃહિણીની ખાનગી બચતો રાખતી હોય છે. સામાન્ય રીતે ડબ્બા અપારદર્શક હોય છે. જો કે હવે, બજારમાં પારદર્શક ડબ્બા મળે છે. મીઠાઇના ડબ્બા મામા જેવા વ્હાલા લાગે છે. લગભગ નિરક્ષર પરંતુ અદ્ભુત કોઠાસૂઝ ધરાવતા મુંબઈના ડબ્બાવાળા લોકો આઈઆઇએમમાં એમબીએના વિધાર્થીને મેનેજમેન્ટના પાઠ ભણાવે છે. કોઇને બોઘો કહેવો હોય તો આપણે એને સાવ ડબ્બા જેવો કહીએ છીએ. કોઇ નિષ્ફળ ગયો હોય તો તેના ડબ્બાગૂલ થયા તેમ કહીએ છીએ, પરંતુ ખાલી ડબ્બો ખખડે કે નહીં કે બાબતે ખખડીને કાંઇ કરતા કાંઇ કહેતા નથી.' રાજુએ ડબ્બા માહત્મ્ય કહ્યું.

'અલ્યા, તને ડબ્બા કે દાબડા પાર્ટી વિશે જાણકારી છે?' મેં રાજુને અનપેક્ષિત સવાલ પૂછ્યો.

'ગિરધરબાબુ, કેટલાક પક્ષના કાર્યકરો ડબ્બામાં જમવાનું ભરીને બેઠક કરે છે. સૌ સૌના ડબ્બા કે ટિફિનમાંથી વાનગી આરોગે અને પક્ષની બેઠકના એજન્ડા પર ચર્ચા કરે.' રાજુએ 'ટુ મિનિટ મેગી' જેવો ઇન્સ્ટન્ટ આન્સર આપ્યો .

'તને મહિલાઓની કિટી પાર્ટી વિશે ખબર છે?'

'ગિરધરલાલ, હું તમને કયાં એન્ગલથી સ્ત્રી લાગુ છું?' રાજુ નારાજ થઇ ગયો. નારીની જેમ મોં ફૂંગરાવ્યું. મને લાગ્યું કે આ રાજુ પણ રાણી કૈકેયીની જેમ હાથપગ પછાડતો પછાડતો કોપભવનમાં સિધાવશે.

'રાજુ, શહેરમાં ગૃહિણી ટાઇપની મહિલાઓ એમની જિંદગીની બોરિયત ઓછી કરવા અને આનંદ પ્રમોદ કરવા દસ બાર સભ્યોનું ગ્રુપ બનાવે છે. મહિનામાં એક કે બે વાર બપોરે કે સાંજના સમયે કોઇના ઘરે કે રેસ્ટોરેન્ટમાં કિટી પાર્ટી કરે છે, જેમાં વાતોના વડા, ગોસિપ, ખોદણી કરે છે. સાસુ-સસરાનું વાંચ્યા કે લસોટયા કરે. બજારમાં કપડાંની કંઇ ફેશન છે, ક્યાં સેલ છે, તેની ચર્ચા કરે છે. હીરો હીરોઇનના એક્સ્ટ્રા મેરિટલ અફેર્સની રસભરી વાતો કરે છે. હાઉસી કે તીનપતી રમે છે. કોલ્ડ કે હોટ ડ્રિંક ગટગટાવે છે. વાનગીની જયાફત ઉડાવે છે. જેના ઘરે કિટી પાર્ટી હોય તે માનુની ઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ છવાઇ જવાના હવાતિયા મારતી હોય છે. પોતાના ઘરે બટેટાપૌંઆ બનાવે અને કૂકડીની જેમ બાંગ પોકારે...' અમે કિટી પાર્ટીની કુંડળી કાઢી.

'ગિરધરલાલ, કિટી પાર્ટીએ એક મહિલાની જિંદગીનું વહાણ ખોરંભે ચડાવી જિંદગી ધૂળધાણી કરી નાંખી.' રાજુએ સસ્પેન્સની રમત ચાલુ કરી.

'એ કેવી રીતે ?' મારી જિજ્ઞાસા વધતી ગઇ.

'અમદાવાદના મણિનગરમાં એક ભાઇ બસ ડ્રાઇવર છે. રાત્રે પણ બસ ચલાવવાની હોય. એ ભાઇની પત્ની એકલતાથી કંટાળેલી. એ મહિલાએ આજુબાજુની કોઇ કિટી પાર્ટી જોઇન કરી. હાઇ એજયુકેટેડ સોસાયટીની મહિલાઓ એકાદ પેગ લગાવે તો કોઇ હંગામો બંગામો થતો નથી. મદિરાપાન કરવું એ સ્ટેટસ કહેવાય છે. એ એકલવાયી મહિલાને પણ કિટી પાર્ટીમાં છાંટો પાણી કરવાની લત લાગી ગઇ. 'મોહે રંગ દે રંગ દે' ગીતની જેમ મદિરાપાનની લત કુટેવ બની ગઇ. હવે તે મહિલાને રોજ શરાબપાન કરવું પડે તેવી નોબત આવી. પતિ અને પુત્રીથી છુપાવીને પહેલી ધારનો પીવા લાગી. ઘરમાં દારૂની બોટલ છુપાવવા માટે ભેજું લડાવ્યું. ચા-ખાંડના ડબ્બામાં બોટલ છુપાવવા માંડી' રાજુએ વાત પરથી પડદો ઉઠાવ્યો .

'એટલે પીને વાલો કો બોટલ છુપાને કી જગહ ચાહિયે. રાજુ, હવે તો તે મહિલાનો પતિ ગીત ગાઇને પૂછતો હશે કે ચીની કે ડિબ્બે મેં કયાં હૈ? ચાયપતી કે ડિબ્બે મેં કયા હૈ?' મેં કાવ્યાત્મક પૃચ્છા કરી.

'ગિરધરલાલ એ મદ્યાંગના કહેતી હશે 'ચીની કે ડિબ્બે મેં મેરી વ્હીસ્કી કી બોટલ, ચાયપતી કે ડિબ્બે મેં વાઇન કી બોટલ, યહ ના દૂંગી ગોરધનજી, ગોરધનજી' એમ લથડિયા ખાતા ખાતા કહેતી હશે.

' રાજુ, એ બાટલીબાનુ કહેતી હશે કે મુજકો પતિદેવ માફ કરના મેં નશે મેં હૂં.'

'ગિરધરલાલ, મદિરા પીવાનો માત્ર પુરુષોનો જ થોડો હક્ક છે? હમારે દેશ કી મહિલા મર્દો સે કયાં કમ હૈ? હવે મહિલા પુરુષ સમોવડી બની ગઇ. પુરુષના ખભે ખભા મિલાવીને નહીં. પરંતુ, ગ્લાસ સે ગ્લાસ ટકરાવીને 'ચિયર્સ' કહી મદિરાપાન કરવા લાગી છે... સાચે જ મેરા દેશ બદલ રહા હૈ.' રાજુએ તારણ કાઢ્યું. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ફિલ્મ આપણને સપાટી પર રાખે છે પુસ્તક ગહેરાઈમાં લઈ જાય છે



સર્વે નાનો છે, પણ મહત્ત્વનો છે. આપણે ભલે ટેકનોલોજીની દુનિયામાં જીવતા હોઈએ અને ઓનલાઈન મનોરંજન શોધતા હોઈએ, પણ ભારતમાં હજુ એક મોટો વર્ગ એવો છે, જેની પહેલી પસંદગી મોબાઈલ નહીં પણ પુસ્તકો છે.

તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલા 'વિશ્વ પુસ્તક મેળા'માં હિન્દી પ્રકાશન ગૃહ 'રાજકમલ પ્રકાશને' ૪,૫૨૮ વાચકોમાં એક સર્વે કર્યો હતો. તેમાં મોટાભાગના યુવા પેઢીના વાચકો હતા અને ૪૦ પ્રતિશતથી વધુ મહિલાઓ હતી.

સર્વેમાં ૭૪ ટકા વાચકોએ કહ્યું કે છપાયેલાં પુસ્તકો એમની પ્રથમ પસંદગી છે. કેવા વિષયનાં પુસ્તકો વધુ ગમે એના જવાબમાં ૩૯ પ્રતિશત વાચકોએ નોન-ફિક્શન પુસ્તકો પર પસંદગી ઉતારી હતી અને ૩૭ પ્રતિશત વાચકોએ કથા-સાહિત્ય ગમતું હોવાનું કહ્યું હતું. ૩૬ પ્રતિશત વાચકોએ કહ્યું કે એ પોતાના ગમતા વિષય મુજબ પુસ્તકો ખરીદે છે, જ્યારે ૨૮ પ્રતિશત વાચકોએ કહ્યું હતું કે કે એ લેખકનું નામ જોઈને પુસ્તક લે છે.

એ વાત સાચી છે કે લોકો ઓનલાઈન વધુ વાંચતા થયા છે, પરંતુ મુદ્રિત પુસ્તકો અદશ્ય થઇ જાય એવું નજીકના ભવિષ્યમાં તો શક્ય નથી. પશ્ચિમના દેશોમાં એવું અનુમાન છે કે ટેકનોલોજીમાં જે ઝડપે પ્રગતિ થઇ રહી છે તે જોતાં ૨૦૫૦ સુધીમાં કદાચ મુદ્રિત પુસ્તકોનું સ્થાન ઈ-બૂક લઇ લેશે. ભારત જેવા વિકાસશીલ અને ગરીબ દેશમાં દરેક માણસ પાસે ટેકનોલોજી આવી જાય અને દરેક માણસ ઈ-બૂક વાંચતો થાય તે સંભવ નથી.

એક સર્વે અનુસાર એક સરેરાશ વ્યક્તિ એક વર્ષમાં ૩૩ પુસ્તકો વાંચી શકે. ગૂગલ બુક પ્રોજેકટના સોફ્ટવેર એન્જિનિયર લિઓનિડ ટેઈચર અનુસાર, વિશ્વમાં કુલ ૧૩ કરોડ પુસ્તકો છે. 'યુનેસ્કો' અનુસાર દુનિયામાં દર વર્ષે ૨૦ લાખ પુસ્તકો પ્રકાશિત થાય છે. વિકિપીડિયા પ્રમાણે, ભારતમાં દર વર્ષે ૯૦,૦૦૦ પુસ્તકો પ્રકાશિત થાય છે. પ્રાદેશિક ભાષાઓનાં પુસ્તકોની સંખ્યા તો અલગ જ હશે.

જ્યારે સિનેમા અને ટેલિવિઝનની ટેકનોલોજી આવી ત્યારે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું કે લોકો પુસ્તકો વાંચવાનું બંધ કરી દેશે. એવું થયું નથી. તેનું એક પાયાનું કારણ એ છે કે પુસ્તક વાંચવું અને ફિલ્મ જોવી એ સમાન અનુભવ નથી. આપણે માત્ર જાણવા માટે નથી વાંચતા, આપણે જાણવાનો અનુભવ મેળવવા માટે પણ વાંચીએ છીએ. મુખ્યત્વે આ મનોવૈજ્ઞાનિક બાબત છે.

આપણે જ્યારે પુસ્તક વાંચતા હોઈએ ત્યારે તે આપણા મનને, કલ્પનાશક્તિને સક્રિય બનાવે છે, કારણ કે તેમાં આપણી સામે માત્ર શબ્દો જ હોય છે. આપણે શબ્દોનો સહારો લઈને તેમાં સૂચિત કરેલી વાત, માહિતી, લાગણી કે દ્રષ્ટિકોણને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરીએ છીએ. જો કથા-સાહિત્ય હોય તો આપણે તેનાં પાત્રો સાથે પરાનુભૂતિ કેળવીને તેમની મનઃસ્થિતિ સમજવાનો પ્રયાસ કરીએ છે. આ સમગ્ર પ્રક્રિયામાં આપણું મન સતત સક્રિય હોય છે.

બીજી તરફ, ફિલ્મ મનને નિષ્ક્રિય બનાવી દે છે. જે કામ મન પુસ્તકમાં કરે છે, તે કામ ફિલ્મ જાતે કરે છે. ફિલ્મમાં મને કશી કલ્પના કરવાની રહેતી નથી કોઈ અનુમાન કરવાનું રહેતું નથી. ફિલ્મમાં તમને જરૂર છે તે તમામ જાણકારી વિઝ્યુઅલ્સ દ્વારા પૂરી પાડવામાં આવે છે. તેમાં તમારે પાત્રોની મનઃસ્થિતિ, વિચારો કે લાગણીઓ વિશે ધારણા બાંધવાની જરૂર નથી હોતી. પાત્રો તમને બધી જ લાગણીઓ અને વિચારો 'વગર મહેનતે' પહોંચાડી દે છે.

ફિલ્મ આપણને સતહ પર રાખે છે, પુસ્તક આપણને ગહેરાઇમાં લઇ જાય છે. પુસ્તકમાં આપણને બધું જ કહેવામાં આવે છે, પણ કશું જ બતાવવામાં નથી આવતું એટલે આપણું મગજ જાતે જ વિઝ્યુઅલ્સ સર્જે છે. ફિલ્મમાં જેટલું કહેવાનું હોય છે એટલું જ બતાવવામાં આવે છે એટલે મગજે કશું વિઝ્યુલાઈઝ કરવાનું રહેતું નથી. પુસ્તકમાં આપણી આંખો શબ્દો વાંચે છે, અને મગજ ફિલ્મ બનાવે છે. પુસ્તકમાં કલ્પના પર આપણું સંપૂર્ણ નિયંત્રણ હોય છે જ્યારે ફિલ્મમાં કલ્પનાનું નિયંત્રણ બીજાના હાથમાં હોય છે. ફિલ્મ જોવી એ ડ્રાઇવર સાથે બેસીને મુસાફરી કરવા જેવું છે. કાર તેજ હોય કે ધીમી, કાર ડાબે જાય કે જમણે, એ ડ્રાઇવરના હાથમાં હોય છે. આપણે એના ડ્રાઇવિંગ પ્રમાણે ચાલવાનું હોય છે. પુસ્તક વાંચવું એ જાતે કાર ચલાવવા જેવું છે. દિશા પર અને કાર પર આપણો સંપૂર્ણ કાબૂ હોય છે. આપણે ઈચ્છા પડે ત્યાં વળીએ, ઊભા રહીએ, તેજ કે ધીમા થઈ શકીએ છીએ.

ફિલ્મ મનોરંજનનું માધ્યમ છે. પુસ્તકો જ્ઞાનનું માધ્યમ છે. દુનિયામાં જે પણ પરિવર્તન આવ્યું છે તે જ્ઞાનના કારણે આવ્યું છે અને એમાં પુસ્તકોની ભૂમિકા જબરદસ્ત રહી છે. પુસ્તકો વાંચવાના ૧,૦૦૦ વર્ષના માનવ ઈતિહાસ પછી, કોઈ એમ પૂછે કે વ્યક્તિગત રીતે તેના સૌથી પ્રમુખ ફાયદા શું છે તો તેમાં પાંચ વાત ઊભરીને આવે, જેમકે...

**૧) શબ્દભંડોળમાં સુધારોઃ**

પુસ્તકો વાંચવાથી શબ્દભંડોળમાં નોંધપાત્ર વધારો થાય છે. જેમ જેમ તમે નવા શબ્દો અને વિભાવનાઓનો સામનો કરો છો, તેમ તેમ તમે જ્ઞાનમાં વધારો કરો છો અને ભાષાની વધુ સારી સમજણ વિકસાવો છો.

**૨) માનસિક સ્વાસ્થ્યમાં વધારોઃ**

વાંચન એ આરામ અને તણાવ દૂર કરવાની શ્રેષ્ઠ રીત છે. તે રોજિંદા જીવનની હાડમારીમાંથી માનસિક મુક્તિ આપે છે. સ્ટ્રેસ દૂર કરવા અને વિરામ કરવા માટે પુસ્તકનું વાંચન ઉત્તમ ઉપાય છે.

**૩) જ્ઞાનને વિસ્તૃત કરે છેઃ**

પુસ્તકો તમને કોઈ પણ વિષય પર જ્ઞાનની સંપત્તિ પ્રદાન કરે છે. પુસ્તકો તમને વિજ્ઞાન અને ઇતિહાસથી માંડીને રાજકારણ અને ફિલસૂફી સુધીની દરેક બાબત વિશે શીખવે છે અને વિશ્વની તમારી સમજણને વિસ્તૃત કરવામાં મદદ કરે છે. પુસ્તકો વાંચીને તમે વધુ જાણકાર વ્યક્તિ બની શકો છો, જે વિચારશીલ ચર્ચા માટે તમને સજ્જ કરે છે.

**૪) ભાવનાત્મક બુદ્ધિમાં સુધારોઃ**

પુસ્તકો વાંચવાથી તમને સહાનુભૂતિ વિકસાવવામાં, વિવિધ પરિપ્રેક્ષ્યોને સમજવામાં અને ભાવનાત્મક બુદ્ધિનું નિર્માણ કરવામાં મદદ મળે છે. તમારી જાતને પુસ્તકનાં વિવિધ પાત્રો અને વાર્તાઓ સાથે જોડીને, તમે માનવ સ્વભાવ અને લાગણીઓની વધુ સમજણ વિકસાવી શકો છો. આ વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવન બંને માટે ફાયદાકારક બને છે.

**૫) કલ્પનાશક્તિમાં વધારોઃ**

પુસ્તકો કલ્પનાને ઉત્તેજીત કરે છે, તમને દશ્યો અને પાત્રોની કલ્પના કરવામાં મદદ કરે છે. બાળકો માટે આ વિશેષ ફાયદાકારક છે, કારણ કે તેનાથી એમને સર્જનાત્મક વિચારો અને સમસ્યાનું સમાધાન કરવાની કુશળતા વિકસાવવામાં મદદ મળે છે. વાંચન તમને લેખનની વિવિધ શૈલીઓ સાથે પણ પરિચિત કરાવે છે, જે તમારા પોતાના લેખનને સુધારવામાં મદદ કરી શકે છે. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# અલક ચલાણું ઓલે ઘેર ભાણું



*ઈશ્વરથી* મોટો કોઈ બિલ્ડર નથી જેણે જગત આખાની રચના કરી, જીવને જન્મ આપ્યો. જોકે, વિધિની વક્રતા કેવી છે કે ઈશ્વરે બનાવેલા માણસો એકબીજાને 'બનાવે' છે. પ્રભુની બનાવટ (રચના) અંદરોઅંદર 'બનાવટ' (કપટ) કરતી થઈ ગઈ એ જોયા પછી 'મારા જ બનાવેલા મને બનાવે છે' એવી લાગણી પ્રભુને થઈ હોય તો એની નવાઈ ન લાગવી જોઈએ. જીવનના આ કડવા અને વરવા સત્યનો અનુભવ મને અનેક વાર થયો છે અને એવા કેટલાક અનુભવ મેં 'મુંબઈ સમાચાર'ના વાચકો સમક્ષ અગાઉ રજૂ કર્યા છે. જોકે, એ કારમા અનુભવોમાં હું ભાંગી ન પડી, એનો હસતે મોઢે મુકાબલો કર્યો એની શક્તિ પણ ઈશ્વરે જ મને આપી છે એ કેમ કરીને ભુલાય? આપણને જે મળ્યું છે એ આપણે વીસરી જઈએ છીએ અને જે નથી મળ્યું, જેનો જીવનમાં અભાવ છે એની સતત ફરિયાદ કરતાં હોઈએ છીએ. હું તો કવિશ્રી બાલાશંકર કંથારિયાની કાવ્યપંક્તિઓ જીવનમાં ઉતારી આગળ વધી છું:

*ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે.*
*ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે!*
*દુનિયાની જૂઠી વાણી, વિષે જો દુઃખ ભાસે તો,*
*જરાય અંતરે આનંદ ના ઓછો થવા દેજે!*

આ પંક્તિઓમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં ડગમગી નહીં જવાનું કૌવત છે.

વહાલા પ્રેક્ષકોના અસીમ પ્રેમથી મારું હૈયું તો છલકાઈ ગયું, સાથે સાથે તિજોરીમાં પણ ખણખણાટ થયો અને એક સેનેટોરિયમથી બીજા સેનેટોરિયમમાં રઝળપાટ કરતી મહેશ્વરી પાસે પોતાની માલિકીનો ફ્લૅટ બુક કરાવવા જેટલી મૂડી એકઠી થઈ ગઈ. ઈશ્વરે બનાવેલાઓએ મારું ઘર બનાવ્યું એ હકીકત છે. આ વાત કરું છું ત્યારે મને ભાંગવાડીનાં નાટકોમાં કામ કરતી હતી ત્યારે એક કલાકારે કહેલી માર્મિક વાત યાદ આવી ગઈ. એ કલાકારનો રોલ નાનકડો, પણ મહત્ત્વનો હતો અને અદાકારીની આવડતથી પ્રેક્ષકોની પ્રશંસા મળતી હતી. દેશી નાટક સમાજના મૅનેજર એને જ્યારે કહેતા કે 'તમારું પરફોર્મન્સ જોઈ રાજીપો થયો' ત્યારે જવાબમાં એ કલાકાર તેમને હળવેકથી કહેતા કે 'તમારું હૈયું આનંદથી છલકાઈ ગયું એ મને ગમ્યું, પણ તમે શો દીઠ જે કવર આપો છો એની રકમ વધારો તો મારું ગજવું છલકાય અને પરિવારનું પેટ પણ ભરાય.' તાળીઓના ગડગડાટથી સ્ટેજ પર કલાકાર પોરસાઈ જાય એ સાચું, પણ શો પત્યા પછી પર્ફોર્મન્સ પેટે મળતું કવર એના દૈનિક જીવનની રાહત હોય છે. જીવનનું અસલી તત્ત્વજ્ઞાન ક્યારે કોની પાસેથી શીખવા મળે એનાં કોઈ ગણિત નથી હોતાં.

એંસી હજાર રૂપિયાની રકમ ભરી મેં ફ્લૅટ તો બુક કરાવી લીધો. પઝેશન બને એટલું વહેલું આપશે એવી બાંયધરી બિલ્ડરે આપી હતી. જોકે, આપેલી મુદત સુધીમાં ફ્લૅટ તૈયાર નહોતો થયો. આમ પણ બિલ્ડરના વાયદા દરજી અથવા મોચીના વાયદા જેવા હોય છે. આ બંને પાસે તમે ઢળતા બપોરે જાવ તો કાલે સવારે ચોક્કસ આપી દઈશ એવો વાયદો પાડે અને સવારે જાવ તો સાંજનો વાયદો કરે. ખોટા વાયદા કરવાની વૃત્તિને 'સઈ (દરજી)ની સાંજ ને મોચીની કાલ' કહેવતમાં વણી લેવામાં આવી છે. કહેવતમાં બિલ્ડર પણ ઉમેરી દેવો જોઈએ.

હું અંધેરીમાં રહેતી હતી એ જગ્યાની મુદત પૂરી થવા આવી હોવાથી મારે એ ઘર તો ખાલી કરવું પડે એમ જ હતું. બિલ્ડરને મારી સમસ્યા વિશે વિગતે વાત કરી. મારા સદ્નસીબે એ મારી તકલીફ સમજી ગયો અને પ્રોબ્લેમનું સોલ્યુશન પણ કાઢી આપ્યું. મેં જગ્યા નોંધાવી હતી એની નજીકમાં જ એ જ બિલ્ડરનું બીજું એક બિલ્ડિંગ પણ હતું. એમાં એક ફ્લૅટમાં થોડી જગ્યા મને રહેવા માટે આપી. 'ત્રણેક મહિના અહીં રહો, ત્યાં સુધીમાં તમારો ફ્લૅટ તૈયાર થઈ જશે' એવી હૈયાધારણ આપી. હું એ કામચલાઉ જગ્યામાં શિફ્ટ થઈ ગઈ અને અમે બધાએ રાહતનો શ્વાસ લીધો. જોકે, શ્વાસ અદ્ધર થઈ જાય એવી ઘટના થોડા વખતમાં જ બની.

તમે જો ફિલ્મોના શોખીન હશો અને ૧૯૭૦-૮૦ના દાયકામાં ગુજરાતી ફિલ્મો જોઈ હશે તો ઉપેન્દ્ર ત્રિવેદી-અરવિંદ ત્રિવેદી સિવાયના અન્ય નામવંત એક્ટરો અરવિંદ પંડ્યા, અરવિંદ રાઠોડ વગેરેથી પણ પરિચિત હશો. રાજીવ નામનો પણ એક અભિનેતા હતો. મૂળ નામ જગદીશ ગઢિયા, પણ ફિલ્મોમાં રાજીવ તરીકે જાણીતો હતો. ગુજરાતી સામાજિક ચલચિત્રોનો પ્રવાહ શરૂ થતાં રાજીવ સક્રિય થયો હતો. સંજીવ કુમારને મળતો ચહેરો હોવાને કારણે ગુજરાતી ફિલ્મ 'તાના-રીરી' (૧૯૭૫)માં સંજીવકુમારના સ્થાને મહેમાન કલાકારની સફળ ભૂમિકા ભજવી. રાજીવની મહત્ત્વની ભૂમિકા ધરાવતી પ્રથમ ફિલ્મ 'મેના ગુર્જરી' હતી. રાજીવ એની પત્ની અને એક દીકરી એમ ત્રણ જણનો મજાનો પરિવાર હતો. મૂળરાજ રાજડા અને તેમનાં પત્ની ઇન્દુબહેન સાથે લાગણીભીના સંબંધો હતા અને એ લોકો અમને મળવા આવતા. બધા ભેગા થઈ આનંદ કરતા હતા અને એટલે સમય સરસ રીતે પસાર થઈ રહ્યો હતો.

શાંત જળમાં એક પથ્થર ફેંકાય અને કેવાં વમળ સર્જાય એમ હું રહેતી હતી એ ફ્લૅટમાં સમસ્યા ઊભી થઈ. એક દિવસ અચાનક એ ઘરની માલિક ક્રિશ્ચ્યન મહિલા આવી પહોંચી 'હમણાં ને હમણાં ઘર ખાલી કરો' એમ કહેવા લાગી. જોકે, એ બોલવું બહુ સહેલું હતું, કરવું અત્યંત અઘરું હતું. મેં તો કહી દીધું કે એમ હું તાત્કાલિક ખાલી નહીં કરી શકું કારણ કે મારી પાસે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા નથી. ત્રણ બાળકોને લઈ હું ક્યાં જાઉં? ખ્રિસ્તી બાઈ જક્કી હતી. 'મૈં ઈધર રેહનેકો આનેવાલી હૂં. ઈસકે વાસ્તે મુજે જલદી ખાલી કર કે દે', એમ કહી જતી રહી. હું તો ટેન્શનમાં આવી ગઈ. તરત પહોંચી બિલ્ડર પાસે અને બધી હકીકતથી તેમને વાકેફ કર્યા. બિલ્ડરે મને સાંત્વના આપી અને કહ્યું કે 'ઘર ખાલી કરી આપ. તને બીજી વિંગમાં પહેલા માળના ફ્લૅટમાં વ્યવસ્થા કરી આપું છું.' અને હું બીજા ફ્લૅટમાં શિફ્ટ થઈ ગઈ, પણ ત્યારે ક્યાં ખબર હતી કે 'અલક ચલાણું ઓલે ઘેર ભાણું' કહેવત જેવી મારી હાલત છે. ■

## ભાવનગરમાં વટેમાર્ગુ નાટક જોઈ શકતા

ભાવનગર એક સમયે નાટ્યપ્રવૃત્તિથી ધમધમતું હતું. ૧૯૩૦ના દાયકામાં યંગ કલબ નામની સંસ્થાના નેજા હેઠળ નાટ્ય પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ખુલ્લા પ્રેક્ષાગારમાં (ઓપન ઍર થિયેટરમાં) નાટક કરવાની પહેલ યંગ કલબ સંસ્થાએ કરી હતી. એ વખતે ભાવનગરના માણેકવાડી વિસ્તારમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલનું ક્રિકેટ માટે વિશાળ મેદાન એ હતું. આ ક્રિકેટના મેદાનમાં પ્રેક્ષકો ટિકિટ કે પ્રવેશ ફી વિના ઇચ્છા થાય ત્યાં બેસીને નાટક જોઈ શકે. મેદાન નજીકના રસ્તા પરથી પસાર થતો વટેમાર્ગુ પણ નાટક જોવા ઊભો રહી જાય. એકાંકી ભજવવાની શરૂઆત કર્યા પછી યંગ કલબે ચંદ્રવદન મહેતાના 'આગગાડી' નાટકનો પરિચય પણ નાટ્યપ્રેમી જનતાને કરાવ્યો. સંસ્થાએ કેટલીક અંગ્રેજી ફિલ્મની કથા પરથી પ્રેરણા લઈ અમુક ફેરફાર કરી તખ્તાને અનુરૂપ બનાવી નાટકો રજૂ કર્યાં હતાં જેમાં 'દિવાસ્વપ્ન', 'અણધાર્યાં ઉતરાણ', 'કલ્પના', 'ફ્રેન્કેન્સ્ટાઈન' વગેરેનો સમાવેશ હતો. યંગ કલબનાં લોકપ્રિય થયેલાં નાટકોમાં 'દાદાઝ'નો ઉલ્લેખ કરવો પડે. નાટકમાં દાદાઓ ભેગા થઈ નાટકો માટે ચર્ચા કરે અને પછી 'રૅશનિંગ' પર નાટક કરે. સાંપ્રત પરિસ્થિતિની વિસંગતતાઓ પર કટાક્ષ અને રમૂજથી એ નાટકો પ્રેક્ષકોને ખૂબ પસંદ પડ્યાં હતાં. અલબત્ત એ નાટકોની અસરકારતા એ સમય પૂરતી મર્યાદિત હતી. (સંકલિત)

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

## પુરુષ-સ્ત્રી સમાનતા

# કેટલી પોકળ... કેટલી વ્યવહારિક?

ગયા અઠવાડિયે આપણે જેન્ડર ઇક્વાલિટી વિશે વાત કરી હતી. એના વિશે વધુ આડી-અવળી વાત કરવાની બદલે સીધા મુદ્દા પર આવીએ....

ઉદાહરણરૂપ સવાલ વિચારીએ કે,ઓફિસથી આવેલી સ્ત્રી ઘરે આવીને સીધી બાળકો વિશે કે આજે શું બનાવું એ ચિંતા કરતી રસોડામાં પગ મુકે છે. ઘરે કુક હોય, કામવાળા હોય તો પણ ઘરે આવ્યા પછી ઘરના કામોમાં ઓતપ્રોત થઈ જાય છે, પરંતુ એટલા જ કલાક કામ કરીને આવેલો અને સ્ત્રી જેટલું જ કમાતો પુરુષ શું ઘરે આવીને એજ જવાબદારીઓ નિભાવશે?

ભારતના મોટાભાગનાં ઘરોમાં આવું જોવા નથી મળતું. પત્ની ઓફિસથી આવીને રસોઈ કરે ત્યારે જ ખવાય? એ આવે એના પહેલાં જો પતિ ઘરે આવી ગયો હોય તો એ રસોઈની તૈયારી કે બાળકોને હોમવર્કમાં મદદ જેવા કામ ના કરી શકે? ઘરમાં કંઈ વસ્તુઓ ખૂટે છેનું લિસ્ટ એની પાસે પણ હોવું જોઈએ ને? જ્યારે આર્થિક રીતે ઘર ચલાવવામાં સ્ત્રી મદદ કરે છે તો પુરુષ કેમ એને ઘરના કામમાં મદદ ના કરી શકે? !

પુરુષને ઘરે આવીને રિલેક્સ થઈને ક્રિકેટ જોવાની ઈચ્છા હોય એમ સ્ત્રીને પણ થોડીવાર કોઈ મનગમતી સિરિયલ કે શો જોવાનું મન ન થાય? તો જો બેઉં મળીને વિવિધ કામ વહેંચી લે તો બન્ને બાળકો સાથે, એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી શકે.

આવું જો દરેક ઘરમાં થતું હોય તો વેલ એન્ડ ગુડ, પરંતુ ઘણી જગ્યાએ આવું નથી થતું એ વાસ્તવિકતા છે. એના કારણો વિચારીશું તો ક્યાંકને ક્યાંક સ્ત્રીઓ પણ આ માટે જવાબદાર છે. આપણી માનસિકતા કે ઉછેર જ કંઈક એવો છે કે પિતા, ભાઈ, પતિ કે દીકરો જો ક્યારેક રસોડામાં કંઈ કરવા જશે તો પણ ઘરની સ્ત્રી જ ના પાડશે ને કહેશે : 'લાવો, હું કરી લઉં છું...' માતા તરીકે દીકરીને ઘરકામ કેમ કરવું એ તાલીમ નાનપણથી આપીએ તો દીકરાને રસોઈ કે ઘરમાં સફાઈ કેમ કરવી એ કેમ નથી શીખવાડતા?

થોડા દિવસ પહેલા એક સરસ મજાની કમર્શિયલ જાહેરાત જોઈ હતી. એક સ્ત્રી પોતાની દીકરી સાથે ફોન પર વાત કરે છે ત્યારે દીકરી કંઈક એવી ફરિયાદ કરે છે કે મારું કામ ઓવરલોડ થાય છે ત્યારે પેલી સ્ત્રી દીકરીને કંઈક એવું કહે છે કે, તું જોબ પર જાય છે તો તારા પતિને પણ કહે કે તને થોડી ઘરકામમાં મદદ કરાવે ત્યારે દિકરી સામે હસીને કહે છે કે, 'મા એમને ક્યાં કંઈ આવડે જ છે!'



આ દીકરી પણ તમારા જેવી જ સ્ત્રી છે. એણે સહર્ષ સ્વીકાર્યું છે કે પતિને ઘરકામ તો ન જ આવડેને... એતો મારે જ કરવું પડે.! બરાબર એ જ વખતે એ સ્ત્રીનો દીકરો રૂમમાં મેલા કપડાંનો ઘા કરે છે. હવે આ બન્ને વસ્તુ સાથે બને છે. દીકરીનું ફોનમાં એમ કહેવું કે, એના પતિને ઘરનું કોઈ કામ નથી આવડતું અને દીકરાનું કપડાનો ઘા કરવું.... બસ, એ સમજદાર સ્ત્રી તરત જ ઉછેરમાં રહેલી ભૂલ સુધારે છે. દીકરાને રોકીને કપડાંને કેવી રીતે સીધા કરીને વોશિંગ મશીનમાં નાખવા, એમાં કયો વોશિંગ પાઉડર નાખવો, કયા મોડ પર મશીન સેટ કરવું વગેરે શીખવાડી દે છે. આખરે તો એનો દીકરો પણ આવતીકાલે કોઈનો પતિ જ બનવાનો ને! તો જે તકલીફ એની દીકરી ભોગવે છે એ ઓવરલોડની તકલીફ આવનારી છોકરીને ન થાય એટલા માટે.... તો આ કરવા જેવું ખરું કે નહીં!

વેદ પુરાણ અને આપણાં શાસ્ત્રોમાં ક્યાંય કોઈ કામને નાનું નથી માનવામાં આવ્યું. ચોસઠ કળાઓમાંની એક કળા પાકશાસ્ત્ર પણ છે. તો પોતાના જ ઘરના કિચનમાં કામ કરવું મોટાભાગના પુરુષોને શા માટે ખટકે છે! ફાઈવ સ્ટાર હોટેલનો શેફ પુરુષ હોઈ શકે, મોટા મોટા રસોડામાં રસોઈ કરનાર રસોઈયા પુરુષ હોઈ શકે તો ઘરમાં જયારે જરૂર પડે ત્યારે થોડું કિચનવર્ક પુરુષ કેમ ન કરી શકે? કદાચ એટલે કે અહીં આ કામનું કંઈ વળતર ન મળે એટલે એ કામનું અવમૂલ્યન થયું છે અને એટલે કે એમાં અહમ ઘવાય છે માટે કે પછી એટલે કે પહેલાથી જ એવી કોઈ આદત નથી એટલે ?!

મેઘધનુષ્યના સાત રંગોની જેમ સ્ત્રી જો મા, દીકરી, પત્ની, માતા એવાં ઘણા બધાં રોલ સુપેરે નિભાવતી હોય તો પુરુષ પણ માત્ર આર્થિક ઉપાર્જન જ કરે એવું જરૂરી નથી. ખાસ તો ત્યારે જયારે સ્ત્રી આર્થિક ઉપાર્જનમાં સહકાર આપતી હોય તો સ્ત્રીની બાકીની બીજી જવાબદારીમાં એટલો જ સહકાર એણે આપવો ઘટે.

ટૂંકમાં વાત અહીં એક સુંદર બેલેન્સ સાચવવાની છે. સ્ત્રી પુરુષ બંને સંસાર રથના પૈડાં છે. બેમાંથી જો એક પૈડાં પર પણ વધુ ભાર આવશે તો એ વહેલું નમી જશે, જે બિલકુલ ઇચ્છનીય નથી.

માત્ર સ્ત્રી જો પુરુષ સમોવડી થાય એને જ જેન્ડર ઇક્વાલિટી ન કહેવાય. પુરુષ પણ જ્યારે જરૂર પડે ત્યારે સ્ત્રીના કામમાં- જવાબદારીમાં સરખે સરખો સાથ સહકાર અને પોતાનો હિસ્સો આપે ત્યારે જ થઈને ખરી જેન્ડર ઇક્વાલિટી! ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ભુલાઈ ગયેલી ભાષા

એક ગજબનું સામ્ય હતું બન્નેમાં... મરણાનુક્રમે ગોઠવું તો ઓશો અને પ્રવિણ જોશીમાં. (જુકુ દુનિયાની સૌથી ઉત્તમ ચીજોને ક્યા શબ્દથી નવાજે છે, જાણો છો? ખતરનાક! બોલો, શું કરીશું આપણે એનું?) એ 'ખતરનાક' સામ્ય એ હતું કે ભાષા એનાં સૌંદર્ય-લાલિત્ય-ગરિમા-નાજુકાઈ-ભવ્યતાની પરાકાષ્ટાએ અથવા એથીય ઉપર હતી. બન્ને થકી... (ઓહોહોહો! કેટલા દાયકા પછી 'થકી' લખ્યું! 'થકી' લખીએ વાંચીએ તો થોડો થાક તો લાગે...) ઓશોની હિન્દી અને પ્રવિણ જોશી પાસે, પોતાની અને નાટ્યલેખકોની ગુજરાતી. એમાં પાછું ભળે બન્નેના અર્ધકાલા અવાજનું માર્દવ. બાજરીનાં લોટમાં ખૂબ શુદ્ધ ઘીનું મોણ નાંખેલા રોટલા, ઓળો અને ગોળકેરી ગળે પતંગિયાની ઊડાઊડા કરતા લાગે. પ્રજો પછી ૧૯૭૯થી સતત અત્યાર સુધી ગુજરાતીની અને ઓશો પછી ૧૯૯૦થી સતત અત્યાર સુધી હિન્દીની કશીક પૈણી ગઈ છે એ વાત તો ચોક્કસ.

'ખતરનાક' સામ્ય બીજું... જેમણે દેશની વ્યવસ્થાને ૧૯૪૭થી અત્યાર સુધી કૂટવાનું ચાલુ રાખ્યું છે એવી નેતાગીરીના કેટલાક જ્યારે ઉપકાર કરે છે અહીંથી જવાનો તો અંધભક્તો એ દિવસને 'નિર્વાણ દિન' તરીકે ઓળખીને અટકતા હોય તો તો ક્યાં વાંધો જ છે! પણ એને 'મહાપરી નિર્વાણ દિન' તરીકે ખપાવે એ વખતે આપણા જેવા માટે ધરતીએ મારગ ન આપવો જોઈએ!? (હશે. ભઈલા શોભિત! જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહનું તે સમે તે જ...) તો પ્રજો અને ઓશોએ પસંદગીનો કળશ ઢોળેલા ૧૯ જાન્યુઆરીના દિનને (૧૯૭૯ અને ૧૯૯૦) શેનાથી મઢીએ?! મહાનતમ હંમેશાં એટલું સરળ હોય છે કે એને 'લીલા સમાપ્તિ દિન' તરીકે ઓળખીએ?!





અને બન્ને... સ્ટાઈલ, છટા, લઢણ, નકશી, ભાતના જન્મદાતા... સ્ટેજ અને વક્તવ્યમાં, અને જાળવણીકાર પણ... મરાઠીની મૂળ પાતળી પંક્તિઓના એથીય પાતળાં ગુજરાતી પોતને પ્રજો પોતાના સંસ્કારથી પલાળી સ્ટેજ ઉપર ફરતાં હવામાં મૂકે... કે ઓશો તો સિંહાસને બેઠાં બેઠાં જ માત્ર આંગળીઓના હાવભાવ અને આંખના હલનચલનથી ભાષા પરિપ્લાવિત કરી અવની પર અવતારે, ત્યારે રૂબરૂને તો એમ જ થાય કે જે કપોળકલ્પિત જ છે એ સ્વર્ગ આ જ તો નથી ને! (જી હા, મર્યા પછી કૈં જ નથી, શરત બકવા તૈયાર છું. કાં તો બળી જવાનું છે અથવા પૂરાઈ રહેવાનું છે, નિશ્ચેતન નામના પરમ સખા સાથે. માટે સારા કામ કરવાની તરત જ સ્વર્ગાનુભૂતિ અને બદ્, ખરાબ કાર્યોની તરત જ નરકાનુભૂતિ અહીં જ લૂંટવાની-ભોગવવાની છે. પ્રજો/ઓશો જેવા કેટલાક જે એમના ખર્ચે, જોખમે અને જીવનના ભોગે તમને સ્વર્ગાનુભૂતિ ધરે છે.. કોઈક મહેંદી હસન, કોઈક જગજીત સિંગ, કોઈક ઝાકીર હુસેન, કોઈક ગાલિબ, કોઈક નરસિંહ મહેતા ઈત્યાદી જેવા સાથે...) આપણે પ્રજો/ઓશોની વાત કરતા હતા. તો સ્ટાઈલ તો એમના પોતપોતાના પૂજ્ય પિતાશ્રીઓની એમ લાડથી કહીએ તો એમાં ખોટું નહીં...

લો, વાત કરવાની હતી 'એસ ધમ્મો સનંતનો' નામની ઓશો વક્તવ્ય શ્રેણીનું ૯૮મું વક્તવ્ય કે જેમાં ઓશો સ્વયમના શિષ્યગણમાંથી કોઈકે આલેખેલી બુદ્ધની વાર્તાનું પઠન કરે છે શરૂઆતમાં એની... અને વાતે ચઢી ગયા આજે પ્રવીણ જોશી અને ઓશોના ૧૯ જાન્યુઆરી (હમણાં જ ૨૦૨૫નાને રવાના કર્યો)ના દિવસની. પણ 'મુંબઈ સમાચાર,' ગુજરાતી ભાષા અને આપણી (મારી એકલાની નહીં) આ કોલમ 'યાવદ્ ચંદ્ર દિવાકરો' છે એટલે બુદ્ધને ઓશોના હોઠથી આવતા રવિવારે અડીશું.

*વામન વિષય ત્યજીશું, વિરાટ તો થવાશે*
*છોડીશું દીન માનસ, સમ્રાટ તો થવાશે*

*કલકલ-પરોઢ-ખોળો-માળાની પાર જઈને*
*નીરખીશું આભ સામે, ફફરાટ તો થવાશે*

*ભીનાં નયનની સાથે, સેવીશું દુઃખ જગતનાં*
*ચહેરાનો એના મબલક મલકાટ તો થવાશે*

*બાકી તો ચાલવાની, નમવાની સૌ પ્રથાઓ*
*માથું જો ઊંચકીશું, તરખાટ તો થવાશે*

*પગ પર હો આંખ બન્ને, મંઝિલ ઉપર નજર હો*
*સાધીશું જો સમન્વય, પૂરપાટ તો થવાશે.*

આજે આટલું જ. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

બેટરી લાંબી ચાલે- સ્પેસ વધે ને ફોન હેંગ ન થાય એવું ...

# મોબાઈલ ફોનનું સ્માર્ટ મેનેજમેન્ટ

માત્ર ટેકનોલોજીની જ નહીં, દુનિયામાં દરેક વસ્તુની એક ચોક્કસ અવધિ હોય છે. વપરાશની શૈલી સારી હોય તો એ અવધિ લંબાય ને રફ એન્ડ ટફ- આડેધડ વપરાશ હોય તો 'એપલ'નો ફોન પણ પાંચ મહિને પતી જાય. સ્માર્ટ ફોનની કાળજી રાખવા એને સંલગ્ન વસ્તુઓ ભલે મોંઘી પડે, પણ એ વસાવીને દરેક વ્યક્તિ ફોનની થોડી-બહુત કેર કરે જ છે.


વાત જ્યારે વપરાશની હોય ત્યારે કેટલાક લોકો રીતસર ફોન પર કહેર વરસાવતા હોય છે. એના કારણે ખૂબીનો આનંદ માણવાની સાથે અમુક ખામીઓ પણ વેઠવી પડે છે. સરળતા- સગવડતા અને સુગમતા માટે લીધેલો મોબાઈલ ફોન ક્યારેક કંટાળો અપાવે છે. કોઈ વાર બેટરીના કારણે તો કોઈ વાર ઓછી પડતી મેમરી સ્પેસને કારણે.

દવાની જેમ સ્માર્ટફોનની પણ સત્તાવાર એક્સપાઈરી હોય છે.. ફોન ખરીદતી વખતે જેટલો ઉમળકો અને ઉત્સાહ હોય છે એટલો એની ઓફિશિયલ કેટલીક વસ્તુ અંગે ભાગ્યે જ કોઈ જાણતું હોય છે.

મોબાઈલ ડિવાઈસ અને યુઝેજ પર થયેલો એક સર્વે એવું કહે છે કે 'એપલ' સિવાયના દરેક સ્માર્ટફોનની જીવનમર્યાદા માત્ર ૩ વર્ષ સુધીની હોય છે. મર્યાદિત વપરાશ, જેન્યુન યુઝ અને લિમિટેડ ફિચર્સ વાપરનારાઓના ફોન ૭થી ૯ વર્ષ સુધી ચાલે છે. જ્યારે 'એપલ'ના કોઈ પણ ફોન ફેંકી દેતાય ૮ વર્ષ સુધી સળંગ ચાલે છે.

આ વેલિડિટી વધારવા માટે કોઈ પણ ચાર્જરથી મોબાઈલ ચાર્જ કરવાનું ટાળીએ. જે તે મોબાઈલમાં વોટ મર્યાદા હોય છે. એનાથી વધારે પાવર આવતા કેબલ્સથી ચાર્જ કરવાથી ફોન તો ઝડપથી ચાર્જ થાય છે પણ લાંબાગાળે બેટરીનું દુઃખદ અવસાન થાય છે.

સ્ક્રિન ટાઈમ જેમ વધારે એમ મોબાઈલની વયમર્યાદા ઓછી. મોટાભાગના યુવાનો મોબાઈલ પર આખી સિરીઝ કે ફિલ્મ જોઈ કાઢે છે. આવા સમયે નોટિફિકેશન વિન્ડોમાં જે એપ્લિકેશનના એલર્ટ આવે છે એ હંગામી ધોરણે બંધ કરી દો. વીડિયો જોવાની પણ મજા આવશે અને બેટરી લાઈફ પણ બચી જશે. ઘણા લોકો મોબાઈલની બ્રાઈટનેસ ઓછી કરીને વાપરે છે. આનાથી આંખને નુકસાન થાય છે. ઓટોમોડ પર બ્રાઈટનેસથી બેટરી



વપરાય છે. આનો એક ઈલાજ એ છે કે, બ્રાઈટનેસને મેન્યુઅલી સેટ કરીને મૂકી દો. ટ્રાવેલ કરતી વખતે ખાસ કામ આવશે. ઉપયોગ પણ સારો થશે.

ત્રણ વર્ષના ઉપયોગ બાદ ગમે તેવો મોબાઈલ થોડો સ્લો થઈ જાય છે. આ માટે ફોટો કે વીડિયો જે ગેલેરીમાં પડ્યા છે એને ટેલિગ્રામ જેવી એપમાં સ્ટોર કરી દો. પછી મોબાઈલમાંથી કાયમી ધોરણે એને રજા આપી દો. સ્પેસ બચી જશે. વસ્તુ સચવાઈ જશે.

અપડેટની ખાસ વાત એ હોય છે કે, દરેક એપ્લિકેશનને પૂરતો ટેકનિકલ સપોર્ટ મળતો હોય છે એટલા માટે નવા ફિચર્સ એક્સેસ કરવા માટે છે.

મોબાઈલમાં સૌથી વધુ માર સહન કરતી વસ્તુ સ્ક્રિન છે. સમય જતા સ્ક્રિન ચોંટવા લાગે છે. એક્સેસ ઘટે છે. મોબાઈલમાં ટચ સેન્સર ઓછા થાય છે. આ માટે મોબાઈલ પર થ્રીડી ગેમ સ્ક્રિનનો કટ્ટર દુશ્મન છે. સ્ક્રિન વેલિડિટી જળવાઈ રહે એ માટે લોક બટનને વારંવાર પ્રેસ કરીને ટાઈમ જોવાની કે અપડેટ જોવાની ટેવને બદલવી પડે. ફોનનો ઉપયોગ કર્યા બાદ ફટાફટ સ્ક્રિન હિસ્ટ્રી ડિલિટ કરવાથી બેટરી ચાલે છે. ફોનનું પ્રોસેસ રાહત મેળવે છે. દર અઠવાડિયે એવી એપ્લિકેશન કાઢવી પડે, જેનો ભાગ્યે જ ઉપયોગ થાય છે. મોટાભાગના સ્માર્ટફોન અપડેટ માટેની નોટિફિકેશન આપે ત્યારે આવી એપ્લિકેશનની યાદી આપે છે. બિનજરૂરી એ સમયે જ અનઈન્સ્ટોલ કરી શકાય. દરેક સ્માર્ટફોનમાં એની ઑપરેટિંગ સિસ્ટમ મોટો રોલ પ્લે કરે છે. એપ્લિકેશનના ઈન્સ્ટોલેશનથી લઈને હિસ્ટ્રી, મલ્ટિમીડિયા અને અપડેટ સુધી બધું આ જ પ્લેટફોમ પર થાય છે.

સેમસંગ - એપલ જેવી કંપની આપણા અને આપણા ફોન કરતાં પણ વધારે સ્માર્ટ છે. સતત ત્રણથી ચાર વર્ષ સુધી તે અપડેટ આપે છે. એ પછી બંધ. આવા સમયે કેટલીક ટ્રેન્ડી એપ્લિકેશનને ઈન્સ્ટોલ કરવાનું ટાળીએ. પરાણે ઈન્સ્ટોલ કરવાથી પ્રોસેસર બગડે છે. ફોન હેંગ થાય છે. જૂના ફોનમાં પીડીએફ ડાઉનલોડ કરવાનું ઓછું કરીએ. માહિતી વાંચ્યા કે જાણ્યા બાદ તરત જ ડિલિટ મારી દઈએ. સાચવવા જેવી ફાઈલ હોય તો ઈ-મેઈલ કરી દો. હા, તમે તમારા આઈડી પર જ જે તે ફાઈલને સેન્ડ કરી શકો. પછી એને મેલના સેન્ટ આઈટમમાંથી ડિલિટ કરવાની જરૂર નથી. ઘણા લોકો મોબાઈલના કવર એવા મજબૂત લે કે મોબાઈલ નહીં, પણ કોઈ કિલ્લાને સુરક્ષા આપવાની હોય. આવા કવર મોબાઈલને વધારે ગરમ કરે છે. બને ત્યાં સુધી કવર પાતળા યુઝ કરવા જોઈએ. સિક્યોરિટી માટે બ્લેક કે બ્લુ કલરના સ્ક્રિનગાર્ડ પાતળા હોવા અનિવાર્ય છે. આવું ન થાય તો સ્ક્રિન પણ બગડે છે.

## આઉટ ઓફ બોક્સ

દુનિયાનો પ્રથમ મોબાઈલ 'મોટોરોલા' કંપનીએ લોંચ કર્યો હતો. એ સમય સ્ક્રીન નાની ને કી- પેડ મોટું હતું. ■

ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# નર્મદા જયંતીના પાવન પર્વ પર મા રેવાના પાલવમાં આધ્યાત્મિક ડૂબકી મધ્યપ્રદેશનો રેવા તીર

રેવાના તીરે કોઈ પણ સમયે કોઈ પણ જીવ જીવનનો જરાક પણ સમય વિતાવે તો એ પરમ સુખને પામે છે. અપાર કુદરતી સૌંદર્ય, નર્મદાના વહેણનું કુદરતી સંગીતમય વાતાવરણ, પંખીઓનો કલરવ, સ્વચ્છ આકાશમાં ચમકતા સિતારાઓ, નક્ષત્રો અને ક્યાંક નજરે પડતી ઉલ્કાઓ અને પોતાની જાત સાથે સંવાદ કરવાનો મોકો એટલે મધ્યપ્રદેશના વિંધ્યાચળમાં આવેલા નર્મદાઘાટની દિવ્ય સફર. દર વર્ષે માહ માસના શુક્લ પક્ષની સાતમના દિવસને નર્મદા જયંતી તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે ૩૧મી જાન્યુઆરીએ નર્મદા જયંતીની ઉજવણી રંગેચંગે થઈ છે.

આપણે ઘણું બધું એકસાથે અને લક્ઝુરિયસ મેળવી લેવાની મહેચ્છામાં સામાન્ય વૈભવ તરફ ખાસ ધ્યાન આપતા નથી હોતા અને ઘણું ખરું ગુમાવી બેસીએ છીએ એનો અંદાજ ત્યારે જ આવે જ્યારે નિર્જન સ્થળ પર આવેલી કુદરતી જગ્યાને જોઈએ, જાણીએ અને માણીએ. આવાં સ્થળોનો પરિચય કોઈ પ્લાન વિના અચાનક જ થઈ જતો હોય છે અને જ્યારે તે થાય ત્યારે આપણે સ્થળથી અભિભૂત થઈ જઈએ છીએ. અરણ્ય એ જ ભારતની મૂળ સંસ્કૃતિ છે અને આપણે સહુ અરણ્યમાંથી જ આવ્યા છીએ એટલે કે પ્રકૃતિ સાથે આપણો નાતો ખૂબ જ સરળતાથી જોડાઈ જાય છે. નદીઓ, પહાડો, જંગલો, ઘાસનાં વિશાળ મેદાનો, રણપ્રદેશો અને પહાડો દરેકે દરેક જીવને આકર્ષે છે અને એ આકર્ષણ સહજ હોય છે. વર્ષભરની બધી જ મોસમના મિજાજને માણવાની એક પણ તક હું જતી ન કરું એમાંય ઉનાળાની શરૂઆતની કુમળી સવાર અને સાંજ જો પ્રકૃતિના ખોળે વીતે તો એના રંગોમાં હું સંપૂર્ણપણે ઘોળાઈ જાઉં. વસંત ઋતુમાં કુદરતના સંપૂર્ણપણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતાં વગડાની વાટે જ નીસરી જવું પડે. કુદરતનો ઉનાળુ મિજાજ એટલે કર્ણપ્રિય અને રંગબેરંગી.

મધ્યપ્રદેશમાં જબલપુર નજીક આવેલ ભેડાઘાટ એક અદ્ભુત સ્થળ છે જેને આપણે કુદરતની જીવતી જાગતી કવિતા કહી શકીએ. વહેલી સવારે ઘાટ પર જઈને સૂરજની આછેરી લાલાશ સાથે પાણીમાંથી બહાર નીકળતો જોઈને સૃષ્ટિમાં જાણે એક નવો સંચાર થતો અનુભવી શકો તો નવાઈ નહિ. ગમે તેટલી ગરમી હોય અહીં કલાકોના કલાકો સુધી નર્મદાનાં શીતળ નીરમાં નહાવાનો અનુભવ આહ્લાદક હોય છે. ભેડાઘાટમાં આવેલ ધુંઆધાર ઉપરના વિસ્તારમાં વિશાળ પટમાં સરળતાથી કોઈ પથ્થરને અઢેલીને અર્ધું શરીર વહેતા પ્રવાહમાં રહે એ રીતે બેસી જાઓ તો સદેહે સ્વર્ગનો અનુભવ આ ધરણી પર જ મેળવી લેશો. વહેલી સવારના સમયે અહીં વિશાળ માર્બલ પહાડીઓ વચ્ચેથી લોકલ વ્યક્તિ સાથે બોટની સફર માણતાં માણતાં હાથ નર્મદાના પ્રવાહમાં પસવારો કે નર્મદા તમારી સાથે વાત કરતી હોય એવો અનુભવ થશે ને થશે જ. બંદરકૂદ શિલા વચ્ચેથી પસાર થતાં થતાં કુદરતને એના આર્ટિસ્ટિક મૂડ માટે સરાહના કર્યા વિના તો રહી જ ન શકો તો વળી ઊંચી માર્બલ શિલા પર ટેસડાથી બેઠેલા શિંગવાળા વિશાળ ઘુવડને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ જાઓ તો નવાઈ



નહિ. કુદરત પોતાનો પરિચય અલગ અલગ રૂપમાં અલગ અલગ સ્થળે કરાવતી જ હોય છે. અહીં કુદરત દરેકે દરેક તત્ત્વમાં વસે છે. નર્મદાના કિનારા વિસ્તારને ખંખોળતાં ખંખોળતાં મેં અહીંનું જનજીવન જોયું અને જોયું જ નહીં પણ માણ્યું. અહીંના લોકો નર્મદામય છે એવું સાંભળ્યું હતું, પણ સાક્ષાત્કાર થયો. ખરેખર અહીંયાનાં બાળકોના સાહસિક કૌશલ્યને જોઈને એટલું ચોક્કસ કહી શકાય કે બાળકોના જીવન ઘડતરમાં આ સાક્ષાત વહેતી નર્મદાની શીતળતાનો ખૂબ જ મોટો ફાળો છે. ભેડાઘાટનાં પગથિયાં ઊતરો કે ગરમીમાં રાહત આપતાં વિવિધ લીંબુ શરબત, કાચી કેરી અને કેટલાંક લોકલ ફળોની લિજ્જત ગ્રીષ્મની મોજનો ખરો અનુભવ કરાવે. આહ કુદરત! વાહ કુદરત!

ઢળતી સાંજે પક્ષીઓએ કલરવ કરીને વાતાવરણ ગુંજવી મૂક્યું, રેવાની વહેતી વમળોને સૂરજ જતાં જતાં સોનેરી ઓપ આપતો ગયો અને રેવા પણ એના મધુર રવથી મને સ્પર્શી ગઈ. વર્ષો જૂનાં વૃક્ષો જાણે ધ્યાનમગ્ન થઈને રેવાના આ રવને ધ્યાનસ્થ મુદ્રામાં માણી રહ્યાં હતાં, વાદળો ક્યાંક દૂર ધરતી પર વરસાદ વરસાવવા થનગની રહ્યાં હતાં અને હું ત્યાં જ સ્થિર થઈ ગયો. બધી જ વ્યથાઓને રેવા એના જળમાં વહાવીને લઈ ગઈ. રેવા જાણે કુદરતે ફુરસદમાં રચેલી ચિત્રકૃતિની જેમ નજર સમક્ષ તરવરીને હસતી-રમતી કન્યાની માફક મોહિત કરી ગઈ. સાંજ ઢળ્યા પછી સૂરજ આંખ સામેથી ઓઝલ થાય અને ક્ષિતિજ પર શુક્રનો ગ્રહ આંખ પટપટાવતો ચમકવા લાગે એટલે રેવાને શ્રવણ કરવાનો સમય થાય. ગાયતી રેવા રવ મધુરમ... હર હર ઓમ ઓમ હર હર ઓમ... સાયમ પ્રાંતહ, પ્રાંતહ સાયમ હર હર ઓમ ઓમ નર્મદા - અફાટ સૌંદર્યની દેવી અને સદાય આનંદ આપનારી. અહીં આવેલી વિશાળ માર્બલ શિલા પર બેસીને બસ એના રવને સાંભળ્યો કરો, કુદરતે જાણે કેટલાંય વાદ્યોની મહેફિલ સજાવી હોય એવું કંઈક સતત વીતતી દરેક પળે અનુભવી શકાય. શુક્લ પક્ષમાં ઢળતી સાંજે બોટ લઈને નર્મદા સફરે નીકળવાથી ચંદ્રની શીતળ ચાંદની અને આછેરી રોશનીનો પાલવ ચોતરફ ફેલાયેલ માર્બલ શિલાઓ પર એ રીતે છવાઈ જશે કે જાણે કુદરતે અવની પર વિશાળ પેઇન્ટિંગ કર્યું હોય.

અહીં લોકલ લોકો મક્કાઈના લોટની દાળબાટી પાનિયા નામની એક લિજ્જતદાર વાનગી બનાવે છે. કોઈ વૃક્ષનાં પાનમાં લપેટીને રાજસ્થાની દાળબાટી જેમ જ મક્કાઇ અને ઘઉંના જાડા લોટની બાટી ગાયના છાણામાં શેકીને દાળ, ભરપૂર ઘી, લસણ ફુદીનાની લસોટિયામાં લસોટેલી ચટણી અને દેશી વલોણાની છાશ સાથે આખું ભાણું પીરસે છે એની લિજ્જત માણવી જ રહી. જબલપુર શહેરથી માત્ર ૨૬ કિમિના અંતરે આવેલ આ સ્થળે સરળતાથી કોઈ પણ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન થકી પહોંચી શકાય છે.

મહેશ્વર નજીક આવેલ જલકોટી નામનું સ્થળ પણ ગ્રીષ્મ ઋતુમાં કોઈ પણને વશમાં કરી શકે એવું સામર્થ્ય ધરાવે છે. એકસાથે હજારો સ્વપ્નસુંદરીઓની જેમ રેવા અલગ અલગ ધારાઓમાં વહેંચાઈને કિલ્લોલ કરતી વિશાળ પથ્થર શિલાઓને ચીરતી મુક્તપણે વહી રહી છે અને એનો ઘૂઘવાટ કાનથી સીધો જ મનના પરદા સુધી પડઘાય છે. સવારે સૂરજ ઊગતાની સાથે વાદળો ભૂલકાઓની માફક દોટ લગાવીને વહેતી આ રેવાની ધારાઓને મળવા ચાલ્યા હોય એવું કંઈક દીસી રહ્યું હતું અને હું દિગ્મૂઢ થઈને આ દૃશ્ય જોઈ રહ્યો. રેવાના આ રૂપને માનસપટ પર સાચવીને લાવ્યો છું, રેવાનાં નીરથી ભીંજાયેલા આત્માને શુદ્ધ કરી લાવ્યો છું. આપણી સંસ્કૃતિમાં નદીઓને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રેવાનાં નીરમાં ઘડીભર ગોઠણડૂબ બેસી રહીને એના ધ્વનિને માણવો જાણે એ પણ મને સ્પર્શીને કશુંક કહી રહી હોય. આપણે સહુએ સમયાંતરે નદીમાં કૂદીને નહાવું જોઈએ, આ રીતે નહાવું એ કંઈ ખાલી નહાવું નથી, પણ કુદરતના સંસર્ગમાં આવીને જાતને નિચોવવાની વાત છે.

અહીંના સંધ્યા ટાણે આકાશમાં આછેરી રતાશ પડતી લાલિમા છવાઈ જાય, વાદળાઓમાં રંગોની રંગત જામે ત્યારથી મનમાં ખૂબસૂરત રાત્રિનાં સપનાઓ રંધાવા લાગે. ધીરે ધીરે ધરણી અંધકારની ચાદર ઓઢવા લાગે, પંખીઓ શાંત થતાં જણાય, તમરાઓ એમનું આગવું ગાન શરૂ કરે, ખોટો કલશોર બંધ થઈ જાય, આકાશ હજારો ચમકતાં રત્નોથી ભરાઈ જાય એટલે મારી નજર સીધી વૃશ્ચિકની પૂંછડી તરફ મંડાય. એકીટશે આકાશમાં મીટ માંડીને જોયા કરું કે તેજસ્વી ધનુ નજરે ચઢે સાથે સાથે શનિ અને ગુરુની ચમક આંખને આંજી દે. મનમાં આવતા વિચારોનું વમળ સ્પષ્ટ રીતે શાંત થતું અનુભવી શકાય. અહીં શબ્દો આપોઆપ પૂરા થઈ જાય છે, અભિભૂત કરવાનું કામ તો રેવા જ કરશે. ■

જે વ્યક્તિ વૃક્ષ રોપે છે તે માનવતામાં વિશ્વાસ કરે છે. - રવીન્દ્રનાથ ટાગોર
એ વૃક્ષના આભારી રહો જે તમને પ્રાણવાયુ , ઠંડક અને છાંયો આપે છે. - ગૌતમ બુદ્ધ
માટે જ વૃક્ષોનું મહત્વ સમજો વૃક્ષ વાવી કુદરતનું ઋણ ચુકવો
દેવેન શેઠ (શેઠ બ્રધર્સ-ગ્રીનસીટી)

વૃક્ષો પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૃક્ષો ઓકિસજન ઉત્પન કરે છે. જે માનવજીવન માટે જીવનદાતા છે વૃક્ષો કર્બનડાયોકસાઇડ શોષી પર્યાવરણને શુધ્ધ બનાવે છે. અને ગ્લોબલ વોર્મીંગની અસરને ઓછી કરે છે. તે જળચક્રને સંતુલિત રાખે છે અને વરસાદ લાવવામાં મદદ કરે છે. વૃક્ષો પશુ, પક્ષીઓ માટે આશ્રય સ્થાન છે. અને તેમને ખોરાક પુરો પાડે છે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. કારણ કે તે મનુષ્યને છાયો અને શીતળતા અર્પી શાંતિ અને સંતુષ્ટિ પ્રદાન કરે છે. એક વૃક્ષ એક દિવસમાં એદાજે ૭ લોકોને જીવવા માટે ઓકિસજન પુરો પાડે છે. વૃક્ષોની હરોળ ધુળનું સ્તર ૭૫% ઘટાડે છે. કુદરતે મનુષ્યને જન્મ આપ્યો છે અને વૃક્ષોએ મનુષ્ય ને જીવવા માટે ઓકિસજન પુરો પાડયો છે. શું એક મનુષ્ય તરીકે આપણી નૈતીક જવાબદારી નથી કે કુદરતનું ઋણ ચુકવવા વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઇએ અને કુદરત પ્રત્યેનું ઋણ અદા કરવુ જોઇએ ? માનવજાત એટલી સ્વાર્થી બની ગઇ છે કે વૃક્ષ વાવવાનું તો એક બાજુ રહ્યુ પરંતુ વિકાસના નામે કરોડો વૃક્ષોનું નિકંદન કાઢી રહી છે. કુદરત આનો જવાબ આપીજ રહી છે અત્યારે વૃક્ષો નહી વાવીએ તો ભાવિ પેઢીને જીવન જીવવું દુષ્કર બની જવાનું છે માટે હે સ્વાર્થી મનુષ્ય કમ-સે-કમ તમારા સંતાનોના ભાવિ સુખમય જીવન માટે પણ વધુમાં વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરો. શાસ્ત્રોમાં પણ વૃક્ષોને દેવ તરીકે વર્ણવવામાં આવ્યુ છે. અને વૃક્ષો વાવી તેનો ઉછેર કરવાથી અનેકગણુ પુણ્ય મળે છે તેમ દર્શાવાયું છે. જરુરી નથી કે વૃક્ષ માત્ર ચોમાસામાં જ વવાય, કોઇપણ ઋતુમાં વાવી શકાય છે.

વિશ્વમાં સૌથી વધુ વૃક્ષો રશિયામાં છે. ત્યારબાદ કેનેડા, બ્રાઝિલ, અમેરિકા અને તે પછી ભારતનો ક્રમ આવે છે. વિશ્વનો ૨૦% ઓક્સિજન એમેઝોનના જંગલો દ્વારા ઉત્પન્ન થાય છે. તેને પૃથ્વીનાં ફેફસા તરીકે પણ ઓળખાય છે. વિશ્વનું સૌથી જુનું વૃક્ષ અમેરિકાનાં કેલિફોર્નિયામાં છે. જેનું નામ TJIKO(ટીજીકો) છે જે ૫ હજાર વર્ષ જૂનું છે. ઓક્સિજનનાં ઉત્પાદનમાં કોઈ એક વૃક્ષનું નામ આપવું મુશ્કેલ છે, પરંતુ તુલસી, વડ, પીપળો, લીમડો,અને ઉંબરો અન્ય વૃક્ષો કરતા વધુ ઓક્સિજન આપે છે.

દેશ વિદેશમાં પ્રખ્યાત કાયમચૂર્ણના ઉત્પાદક શેઠબ્રધર્સ પરિવારના દેવેનભાઇ શેઠ છેલ્લા ૧૭ વર્ષોથી પોતાના N.G.O દ્વારા ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા સતત વૃક્ષારોપણ બારેય માસ કરી રહયા છે આજ સુધીમાં દેવેનભાઇ શેઠ એ ગ્રીનસીટી ચેરીટબલ ટ્રસ્ટ N.G.O દ્વારા ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી તેને મોટા વૃક્ષ બનાવ્યા છે અને હજુ તેઓએ વધુ ૩ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કર્યુ છે

જો આપ કે આપની કંપની ભાવનગરમાં વૃક્ષારોપણ કરાવવા માંગતી હોય તો ૧ વૃક્ષના વૃક્ષારોપણ ટ્રી-ગાર્ડ સાથે અને આપનું કે આપની કંપનીનું નામ ટ્રી-ગાર્ડ ઉપર લખવા સાથે રૂ . ૩૦૦૦ ના અનુદાનથી કરાવી શકો છો. આપના દ્વારા ૧૦૦ કે તેથી વધુ વૃક્ષોનું પણ વૃક્ષારોપણ કરાવી શકો છો. સંસ્થા ૮૦-G સર્ટીફીકેટ તેમજ CSR સર્ટીફીકેટ ધરાવે છે. આ માટે આપ શેઠબ્રધર્સ - ગ્રીનસીટીના દેવેનભાઇ શેઠનો ૯૮૭૯૫ ૧૧૩૫૦ પર સંપર્ક કરી શકો છો.



Green City
BHAVNAGAR



# કોહલી સારું ન રમ્યો છતાં જુઓ ચાહકોના દિલ જીતી લીધા!

### દિલ્હીના શાનદાર વિજય બાદ મેદાન પર ગ્રાઉન્ડ સ્ટાફ અને પોલીસ સાથે ફોટા પડાવ્યા



નવી દિલ્હી: દિલ્હીએ અહીં રેલવે સામેની રણજી મૅચમાં ૧૯ રનથી જે વિજય મેળવ્યો એમાં વિરાટ કોહલીનું બૅટર તરીકે કંઈ જ યોગદાન નહોતું એમ છતાં તેણે ગઈ કાલે મેદાન પરથી અસંખ્ય ચાહકોના દિલ જીતી લીધા હતા એટલે તે ફરી હકારાત્મક રીતે ન્યૂઝમાં ચમક્યો છે.

રેલવેએ પહેલા દાવમાં ૨૪૧ રન બનાવ્યા હતા જેના જવાબમાં દિલ્હીએ કૅપ્ટન આયુષ બદોનીના ૯૯ રન અને સુમિત માથુરના ૮૬ રનની મદદથી ૩૭૪ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીને માત્ર છ રનના તેના સ્કોર પર ક્લીન બોલ્ડ કરનાર રેલવેના પેસ બોલર હિમાંશુ સાંગવાને કુલ ચાર વિકેટ અને કુણાલ યાદવે ત્રણ વિકેટ લીધી હતી. બીજા દાવમાં રેલવેની ટીમ માત્ર ૧૧૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને દિલ્હીએ એક ઇનિંગ્સ અને ૧૯ રનથી વિજય મેળવ્યો હતો.

વાત એવી છે કે મૅચ પછી કોહલીએ મેદાન પર અરુણ જેટલી સ્ટેડિયમનું મેદાન તૈયાર કરનાર માળીઓ તેમ જ દિલ્હી પોલીસના સ્ટાફ સાથે ફોટો પડાવ્યો હતો અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કોહલી ભલે હાલમાં ફૉર્મમાં નથી, પરંતુ વર્તમાન ક્રિકેટના સર્વશ્રેષ્ઠ બૅટર તરીકે તે ઓળખાય છે અને તેની સાથે ફોટો પડાવવાનો અવસર સ્ટાફ તથા પોલીસ માટે અમૂલ્ય હતો.

આ ટૂંકા સમારંભના ફોટો સોશિયલ મીડિયા પર શૅર કરવામાં આવ્યા હતા. ■

# કોહલીની પહેલાં રેલવેના ટિકિટ કલેક્ટર સાંગવાને આઠ સ્ટાર ખેલાડીની વિકેટ લીધી હતી

### મૅકગ્રાના હાથ નીચે તાલીમ લઈ ચૂકેલો આ પેસ બોલર ૨૦૦૮માં '૧૮ વર્ષના' વિરાટની સિદ્ધિથી ક્રિકેટ રમવા પ્રેરિત થયેલો

નવી દિલ્હી: રેલવેમાં ટિકિટ કલેક્ટર તરીકેની નોકરી કરી ચૂકેલો ખેલાડી ક્રિકેટમાં ફેમસ થયો હોય એવો એમએસ ધોની પછીનો વધુ એક ખેલાડી હાલમાં ન્યૂઝમાં છે. એ પ્લેયર છે, રેલવેની રણજી ટીમનો રાઇટ-આર્મ ફાસ્ટ બોલર હિમાંશુ સાંગવાન જેણે શુક્રવારે વિરાટ કોહલીની વિકેટ લીધી હતી. સાંગવાન ભૂતકાળમાં અજિંક્ય રહાણે, મયંક અગરવાલ, પૃથ્વી શો, ઇશાન કિશન, રિન્કુ સિંહ, કૃણાલ પંડ્યા, રજત પાટીદાર અને દેવદત્ત પડિક્કલને પણ આઉટ કરી ચૂક્યો છે.

સાંગવાન ૨૯ વર્ષનો છે અને ૨૪ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમી ચૂક્યો છે જેમાં તેણે કુલ ૮૧ વિકેટ લીધી છે. તેની દૃષ્ટિએ એમાંની સૌથી મૂલ્યવાન વિકેટ વિરાટ કોહલીની છે જે તેણે શુક્રવારે દિલ્હીની રણજી મૅચમાં લીધી હતી. તેના ઑફ સ્ટમ્પ પરના બૉલમાં કોહલી શૉટ મારવામાં નિષ્ફળ ગયો હતો અને બૉલ તેના બૅટ અને પૅડની વચ્ચેથી થઈને સ્ટમ્પ્સ પર ગયો હતો જેમાં તેનું ઑફ સ્ટમ્પ ઉખડીને દૂર ફંગોળાઈ ગયું હતું. સાંગવાને એ રીતે કોહલીનું ૧૨ વર્ષ પછીનું રણજી ટ્રોફીમાંનું કમબૅક બગાડી નાખ્યું હતું.

જોકે દિલ્હીએ આજે રેલવે સામે એક દાવ અને ૧૯ રનથી વિજય મેળવ્યો હતો. સાંગવાનને કોહલીની વિકેટ વિશે પૂછવામાં આવતાં તેણે કહ્યું, પસ્વાભાવિક રીતે મારી કરીઅરની આ બેસ્ટ વિકેટ હતી. અમે કોહલી માટે કોઈ ખાસ પ્લાન નહોતો બનાવ્યો. દિલ્હીના બધા બૅટર આક્રમક સ્ટાઇલમાં બૅટિંગ કરતા હોવાથી અમે લાઇન અને લેન્ગ્થ જાળવી રાખવાનું નક્કી કર્યું હતું. બોલર જો આક્રમક બૅટરને રન ન બનાવવા દે તો તે ધીરજ ગુમાવીને ક્યારેક તો બિગ શૉટ મારવાનો પ્રયાસ કરતો જ હોય છે એટલે તેના આઉટ થવાની સંભાવના વધી જાય છે. એવું જ કોહલીની બાબતમાં બન્યું હતું.'

કોહલીને તેના પંદરમા બૉલ પર પૅવિલિયનમાં પાછો મોકલી દેનાર સાંગવાનનો જન્મ હરિયાણામાં થયો હતો. જોકે પિતાની નોકરીને લીધે તેણે બાળપણ રાજસ્થાનના ઝુનઝુનુમાં વીતાવ્યું હતું.

૨૦૦૮માં જ્યારે વિરાટ કોહલીની કૅપ્ટન્સીમાં ભારતે અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે ૧૩ વર્ષનો હિમાંશુ સાંગવાન એ ચૅમ્પિયન ટીમના ફાસ્ટ બોલર પ્રદીપ સાંગવાનના પર્ફોર્મન્સથી ખૂબ પ્રભાવિત થયો હતો અને ત્યારે હિમાંશુએ નક્કી કર્યું હતું કે તે પોતે પણ અવ્વલ દરજ્જાનો ફાસ્ટ બોલર બનશે.

ક્રિકેટમાં કારકિર્દી બનાવવા હિમાંશુ સાંગવાન દિલ્હી નજીક (વીરેન્દર સેહવાગના નગર) નજફગઢમાં તેના અંકલના ઘરે રહેવા આવી ગયો હતો.



**સાંગવાને કોહલીના પ્રેક્ષકોની માફી માગી:** શુક્રવારે દિલ્હીમાં વિરાટ કોહલીને તેના છ રનના સ્કોર પર ક્લીન બોલ્ડ કરનાર હિમાંશુ સાંગવાને (ઉપર, ડાબે) કોહલીના ચાહકો તરફથી મીડિયામાં અપશબ્દો કહેવામાં આવતા જણાવ્યું છે કે 'કોહલી મારા ગુરુ છે અને તેને આઉટ કર્યા પછી મેં કુદરતી રીતે જ આક્રમક ભાવ સાથે તેની વિકેટ સેલિબ્રેટ કરી હતી. તમારું દિલ દુભાયું હોય તો મને માફ કરી દેજો.'

યોગાનુયોગ, પ્રદીપ સાંગવાન પણ નજફગઢનો જ છે.

હિમાંશુ સાંગવાને સ્કૂલ અને ક્લબ ક્રિકેટમાં સારું રમ્યા પછી દિલ્હીની અન્ડર-૧૯ ટીમમાં સ્થાન મેળવ્યું હતું અને રિષભ પંત સાથે વિનુ માંકડ ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. જોકે પછીથી દિલ્હીની વધુ મૅચોમાં ન રમવા મળતાં હિમાંશુ સાંગવાને હોમ-સ્ટેટ હરિયાણા વતી રમવાનું નક્કી કર્યું હતું. એ અરસામાં તેને ભારતીય રેલવેમાં સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ ટિકિટ કલેકટર તરીકેની નોકરી મળી હતી અને પછીથી તેણે રણજીમાં રેલવેની ટીમ વતી રમવાનું નક્કી કર્યું હતું.

ચેન્નઈમાં ગ્લેન મૅકગ્રાના હાથ નીચે તે એમઆરએફ પેસ ફાઉન્ડેશનમાં ફાસ્ટ બોલિંગની તાલીમ મેળવી ચૂકેલો હિમાંશુ સાંગવાન રેલવેના મુખ્ય ફાસ્ટ બોલર્સમાં ગણાય છે અને તે ભૂતકાળમાં અજિંક્ય રહાણે, મયંક અગરવાલ, પૃથ્વી શો તેમ જ ઇશાન કિશનની વિકેટ પણ લઈ ચૂક્યો છે. રણજી ટ્રોફીમાં રિન્કુ સિંહ, રજત પાટીદાર, કૃણાલ પંડ્યા અને દેવદત્ત પડિક્કલ પણ તેનો શિકાર થઈ ચૂક્યા છે. ■

# રણજીમાં મુંબઈની સૌથી મોટી જીત: ગુજરાત અને સૌરાષ્ટ્ર પણ જીત્યા

મુંબઈ: અહીં બીકેસીમાં ગઈ કાલે મુંબઈએ મેઘાલયને રણજી મુકાબલામાં એક દાવ અને ૪૫૬ રનથી હરાવીને બોનસ સાથે સાત પૉઇન્ટ મેળવ્યા હતા અને ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચવા માટેની આશા પ્રબળ બનાવી હતી.

પ્રથમ દાવમાં મેઘાલયને ૮૬ રનમાં આઉટ કર્યા બાદ મુંબઈએ સાત વિકેટે ૬૭૧ રન બનાવીને દાવ ડિક્લેર કર્યો હતો. બીજા દાવમાં મેઘાલયની ટીમ ફક્ત ૧૨૯ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. એક દાવથી મેળવેલા તમામ વિજયમાં મુંબઈની આ સૌથી મોટી જીત છે.

ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુર આ મૅચનો હીરો હતો. તેણે મૅચમાં કુલ આઠ વિકેટ લેવા ઉપરાંત ૮૪ રન પણ બનાવ્યા હતા.

વડોદરામાં બરોડાએ જમ્મુ અને કાશ્મીર સામેના મુકાબલામાં જીતવા ૩૬૫ રનનો લક્ષ્યાંક મેળવવાનો છે, પણ ગઈ કાલે એણે ૫૮ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી.

અમદાવાદમાં ગુજરાતે ૧૪૪ રનનો લક્ષ્યાંક એક વિકેટે મેળવીને હિમાચલને નવ વિકેટે હરાવ્યું હતું.

રાજકોટમાં સૌરાષ્ટ્રએ આસામને એક દાવ અને ૧૪૪ રનથી હરાવી દીધું હતું. આખી મૅચમાં સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કુલ નવ વિકેટ લીધી હતી. ■

# છોકરીઓના વર્લ્ડ કપમાં આજે ભારત-સાઉથ આફ્રિકાની ફાઇનલ

ક્વાલાલમ્પુર: ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં આવતી કાલે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે (બપોરે ૧૨.૦૦ વાગ્યાથી) ફાઇનલ રમાશે.

આ બીજો વિશ્વ કપ છે અને ભારત ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને સતત બીજી ફાઇનલમાં રમવાનું છે. નિકી પ્રસાદ ભારતની અપરાજિત ટીમની કૅપ્ટન છે, જ્યારે કાયલા રેનેક સાઉથ આફ્રિકાની સુકાની છે. આ ફાઇનલમાં વરસાદ વિઘ્ન બનવાની સંભાવના છે. જોકે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. ભારતે આ ટૂર્નામેન્ટમાં જેટલા રન બનાવ્યા છે એમાંથી ૭૫ ટકા રન જી. તૃષા અને જી. કમલિનીએ બનાવ્યા છે. ■

# એકાદ જણ હથિયાર સાથે વિરાટની નજીક આવી ગયો હોત તો?: દિલ્હીના સ્પિનરે ભયભીત થતા કહ્યું

### ૨૦ રક્ષકોની દીવાલ ભેદીને ત્રણ ક્રિકેટ ક્રેઝીઓ મેદાન પર ધસી આવ્યા બાદ કોહલીએ ગાર્ડ્સને વિનંતી કરી કે 'કિસી કો મારના મત'



દિલ્હીના મેદાન પર ગઈ કાલે ત્રણ જણ કોહલી પાસે દોડી આવતાં ધમાલ મચી ગઈ હતી. (પીટીઆઇ)

નવી દિલ્હી: અહીં રેલવે સામે ગઈ કાલે દિલ્હીએ એક દાવ અને ૧૯ રનના માર્જિન સાથે મેળવેલા વિજય સાથે પૂરી થયેલી મૅચના ત્રણ દિવસમાં બીજી વાર સલામતી કવચમાં ગંભીર કચાશ જોવા મળી હતી, કારણકે સુપરસ્ટાર ખેલાડી વિરાટ કોહલીની નજીક તેના ચાહકો ધસી આવ્યા હોવાનો વધુ એક બનાવ બન્યો હતો.

અરુણ જેટલી સ્ટેડિયમ (ફિરોઝશા કોટલા ગ્રાઉન્ડ) ખાતે બનેલી ગઈ કાલની ઘટનામાં કોહલીના ત્રણ ચાહકો ૨૦થી પણ વધુ સલામતી રક્ષકોની દીવાલ ભેદીને મેદાન પર દોડી આવ્યા હતા અને કોહલીની નજીક આવી પહોંચ્યા હતા. રક્ષકોને અંધારામાં રાખીને આ યુવાનો મેદાન પર દોડી આવવાની ઘટના સંબંધમાં મૅચ પછી દિલ્હીના સ્પિનર શિવમ શર્માએ પીટીઆઇ સમક્ષ વાતચીત દરમ્યાન ભયભીત અવસ્થામાં કહ્યું હતું કે 'આ બધુ વિરાટ ભૈયા પ્રત્યેના ક્રેઝને લીધે જ બન્યું. જોકે આ નહોતું બનવું જોઈતું. કોઈક માણસ પોતાની સાથે કોઈ ચીજ (હથિયાર) લઈને આવ્યો હોત તો?'

શિવમ શર્માના જણાવ્યા મુજબ વિરાટ કોહલીએ ત્રણ યુવાનોને પકડીને સલામતી રક્ષકો પાછા જઈ રહ્યા હતા ત્યારે સલામતી રક્ષકોને કહ્યું, 'કિસી કો મારના મત.'

કોહલી કવરમાં ફીલ્ડિંગ કરી રહ્યો ત્યારે આ ઘટના બની હતી.

મૅચના એક દિવસે ડ્રેસિંગ-રૂમમાં કોહલી બેઠો હતો ત્યારે નજીકના સ્ટૅન્ડ વચ્ચેની ગ્રિલ પાસે ૫૦૦થી વધુ લોકો જમા થઈ ગયા હતા.

મૅચના પહેલા દિવસે (ગુરુવારે) એક યુવાન મેદાન પર દોડી આવ્યો હતો અને કોહલીને પગે લાગ્યો હતો. ત્યારે પણ કોહલીએ સલામતી રક્ષકોને વિનંતી કરી હતી કે આ યુવાન સાથે સખ્તાઈથી નહીં વર્તતા.

હવે કોહલી ભારતીય ટીમ સાથે જોડાઈ જશે, કારણકે છઠ્ઠી ફેબ્રુઆરીએ નાગપુરમાં ભારતની ઇંગ્લૅન્ડ સામે પ્રથમ વન-ડે રમાવાની છે અને ત્યાર પછી ૧૯મી ફેબ્રુઆરીથી ચૅમ્પિયન્સ ટ્રોફી શરૂ થશે. ■

# હર્ષિતના નામે બબાલ... બટલરે કહ્યું, તેને કેમ રમાડ્યો?

### આઇસીસીના નિયમ મુજબ 'લાઇક-ફૉર-લાઇક' ખેલાડી જ રમી શકે: જાવાગલ શ્રીનાથ દ્વારા ભંગ થયો હોવાનો બ્રિટિશરોનો આક્ષેપ

પુણે: સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમે શુક્રવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટી-૨૦માં વિજય મેળવીને સિરીઝની ટ્રોફી પર અત્યારથી જ ૩-૧થી કબજો કરી લીધો હતો, પરંતુ ઈજા પામેલા ઑલરાઉન્ડર શિવમ દુબેના સ્થાને ભારતે ત્રણ વિકેટ લેનાર ફાસ્ટ બોલર હર્ષિત રાણાને રમાડ્યો એ સામે પરાજિત બ્રિટિશ ટીમના કેપ્ટન જૉસ બટલરે વિરોધ નોંધાવ્યો છે.

ભારતે આ મૅચ ૧૫ રનથી જીતી લીધી હતી. ભારતીય ટીમે પ્રથમ બૅટિંગમાં આવ્યા બાદ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૮૧ રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યા અને શિવમ દુબે બંનેએ ૫૩-૫૩ રન બનાવ્યા હતા. જોકે દુબે જયારે બૅટિંગ કરવા આવ્યો હતો ત્યારે ભારતની સ્થિતિ બહુ ખરાબ હતી. ત્યારે ભારતનો સ્કોર ૪ વિકેટે માત્ર ૫૭ રન હતો. જોકે દુબેએ હાર્દિક સાથે પાંચમી વિકેટ માટે ૮૭ રનની બહુમૂલ્ય ભાગીદારી કરીને ભારતને સન્માનજનક સ્થિતિમાં લાવી દીધું હતું. ઇંગ્લૅન્ડની ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૬૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી.

દુબે બૅટિંગમાં હતો ત્યારે ભારતની ઇનિંગ્સના સેકન્ડ-લાસ્ટ બૉલમાં (જૅમી ઓવરટનના કલાકે ૧૪૧.૫ કિલોમીટરની ઝડપવાળા બૉલમાં) દુબેને માથામાં ઈજા થઈ હતી. એ બૉલ દુબેની હેલ્મેટ પર જોરદાર ટકરાયો હતો. પછીથી દુબે છેલ્લા બૉલ પર બટલરના હાથે રનઆઉટ થયો હતો.

જોકે માથાની ઈજાને કારણે ભારતીય ટીમે દુબેની જગ્યાએ (આઇસીસીના લાઈક-ફૉર-લાઈક નિયમને ધ્યાનમાં લઈને) હર્ષિત રાણાને કંકશન સબ્સ્ટિટ્યૂટ તરીકે ઇલેવનમાં સમાવ્યો હતો.

આ નિયમ હેઠળ જે ખેલાડી માથાની ઈજા બદલ મૅચની બહાર થયો હોય એવા જ પ્રકારના ખેલાડીને સમાવી શકાય. દુબે બૅટિંગ ઑલરાઉન્ડર છે તેના સ્થાને બૅટિંગ ઑલરાઉન્ડરને જ લઈ શકાય એમ હતો. ભારતીય ટીમમાં રમણદીપ સિંહ નામનો બૅટિંગ ઑલરાઉન્ડર હોવા છતાં ભારતે હર્ષિત રાણાને ટીમમાં સમાવ્યો એ સામે બટલરને વાંધો છે. તેણે મૅચ પછી કહ્યું હતું કે હર્ષિતને ઇલેવનમાં સમાવવામાં આવ્યો એ સાથે અમે સહમત નથી. આ મૅચ અમે જીતી શક્યા હોત.'




કૉમેન્ટેટર કેવિન પીટરસને તેમ જ નિક નાઈટે પણ કહ્યું હતું કે દુબેના સ્થાને લાઈક-ફોર-લાઈક ખેલાડી તરીકે હર્ષિત ઠીક ન કહેવાય. તમે દુનિયામાં કોઈને પણ પૂછો, આ નિર્ણય યોગ્ય ન જ કહેવાય.'

જોકે રમણદીપ સિંહને વરુણ ચક્રવર્તીના સ્થાને સબ્સ્ટિટ્યૂટ તરીકે લેવામાં આવ્યો હોવાથી તે ઉપલબ્ધ નહોતો. બટલરે મૅચ પછી એવું પણ કહ્યું હતું કે હું ઓપનિંગમાં બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો ત્યારે મેં હર્ષિતને જોયો અને મને થયું કે આ ખેલાડી કોને બદલે રમી રહ્યો છે? તેના વિશે અમારી સાથે તો કોઈ ચર્ચા જ નથી કરવામાં આવી. અમને કહેવામાં આવ્યું કે મૅચ રેફરી જાવાગલ શ્રીનાથે આ નિર્ણય લીધો હતો. જોકે અમે તેમની સાથે ચર્ચા કરીશું અને તેમને પૂછીશું કે તમે કઈ રીતે આ નિર્ણય લીધો હતો?'

હર્ષિત રાણાએ તેની આ પહેલી જ ટી-૨૦ ઇન્ટરનેશનલમાં ત્રણ વિકેટ લીધી હતી. તેણે લિવિંગ્સ્ટન (૯), બેથેલ (૬) અને ઓવરટન (૧૯)ની વિકેટ લીધી હતી.

શિવમ દુબે ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# ફિગર સ્કેટિંગના ચૅમ્પિયનોની પહેલાં ભૂતકાળમાં અનેક ખેલાડીઓ હવાઈ હોનારતમાં મૃત્યુ પામ્યા

ઍરલિન્ગ્ટન (વર્જિનિયા): અમેરિકામાં વૉશિંગ્ટન નજીક બુધવારે એક પ્લેન અને અમેરિકી લશ્કરનું હેલિકૉપ્ટર ટકરાતાં મૃત્યુ પામેલા તમામ ૬૭ લોકોમાં અમેરિકાની ફિગર સ્કેટિંગ ટીમના ચૅમ્પિયન ખેલાડીઓ તેમ જ તેમના પરિવારજનોનો પણ સમાવેશ હતો અને વધુ દુઃખની વાત એ છે કે આ ગોઝારી ઘટના અગાઉ ભૂતકાળમાં થયેલા હવાઈ અકસ્માતોમાં મૃત્યુ પામેલાઓની યાદી ઘણી લાંબી છે. વધુ આઘાતજનક બાબત એ છે કે ૧૯૬૧માં પણ એક વિમાન અકસ્માતમાં અમેરિકાની આખી ફિગર સ્કેટિંગ ટીમને વિમાની અકસ્માત નડતાં તમામનાં મૃત્યુ થયાં હતાં.

ભલભલા કઠણ હૃદયવાળા માનવીને કંપારી છૂટી જાય એવી તાજેતરની વૉશિંગ્ટનની હવાઈ દુર્ઘટનામાં ૧૨ વર્ષની એક સ્કેટર બ્રિલ બેયર પણ હતી જેણે થોડા દિવસ પહેલાં જ ૧૨મો જન્મદિન ઉજવ્યો હતો. તેની સાથે તેની મમ્મી જસ્ટીના બેયર પણ હતી અને તેનું પણ આ હોનારતમાં મૃત્યુ થયું હતું.

એવગેનિયા શિશકોવા અને વાદિમ નૉમોવ ૧૯૯૪માં વર્લ્ડ ફિગર સ્કેટિંગમાં જોડીમાં ચૅમ્પિયન બન્યા હતા. તેમનું પણ આ હોનારતમાં મૃત્યુ થયું હતું.

(૧) ૨૦૨૦માં મહાન બાસ્કેટબૉલ ખેલાડી કૉબે બ્રાયન્ટ, તેની ૧૩ વર્ષની દીકરી જિયાના તથા અન્ય સાત જણના હેલિકૉપ્ટર હોનારતમાં મૃત્યુ થયાં હતાં.

(૨) ૧૯૯૯માં યુએસ ઓપન ગૉલ્ફ ટૂર્નામેન્ટ જીત્યાના ચાર મહિના બાદ ગૉલ્ફર પેઇન સ્ટુઅર્ટ તથા અન્ય પાંચ જણના એક પ્રાઇવેટ જેટ પ્લેન ક્રેશમાં મૃત્યુ થયાં હતાં.

(૩) ૧૯૭૭માં અમેરિકામાં ઇવાન્સવિલ પર્પલ ઍસીસ નામની બાસ્કેટબૉલ ટીમના તમામ ૧૪ ખેલાડીઓ તેમ જ કોચ બૉબી વૉટ્સનના વિમાન અકસ્માતમાં મૃત્યુ નીપજ્યા હતા.

(૪) ૧૯૭૦માં અમેરિકાની માર્શલ યુનિવર્સિટીના ૩૬ ફૂટબૉલ ખેલાડીઓ તેમ જ ૩૯ કોચ તથા તેમના સપોર્ટ સ્ટાફને લઈ જતું વિમાન વેસ્ટ વર્જિનિયામાં ઍરપોર્ટના રનવે પર ઊતરવાની તૈયારીમાં જ હતું એ પહેલાં નજીકના પર્વત સાથે વિમાન ટકરાતાં તમામ ખેલાડીઓ અને બધા પ્રશિક્ષકોના મૃત્યુ થયાં હતાં.

(૫) ૧૯૬૯માં અમેરિકાના ભૂતપૂર્વ વર્લ્ડ હેવીવેઇટ ચૅમ્પિયન બૉક્સર રૉકી માર્સિયાનો તેમ જ બીજા બે વ્યક્તિઓને લઈ જતું નાનું વિમાન ખેતરમાં તૂટી પડતાં તમામ લોકોના મૃત્યુ થયાં હતાં.

(૬) ૧૯૬૧માં અમેરિકાની ફિગર સ્કેટિંગ નૅશનલ ટીમના તમામ સ્પર્ધકો ચેકોસ્લોવાકિયામાં વિશ્વ સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે બેલ્જિયમમાં થયેલા વિમાની અકસ્માતમાં તમામના મૃત્યુ નીપજ્યાં હતાં.

(૭) ૧૯૫૮માં ઇંગ્લૅન્ડના મૅન્ચેસ્ટર યુનાઇટેડ ફૂટબૉલ ક્લબની ટીમના ખેલાડીઓ અને કોચ સહિત કુલ ૨૩ જણના પ્લેન ક્રેશમાં મૃત્યુ થયા હતા. જોકે ફૂટબૉલ લેજન્ડ બૉબી ચાર્લટન બચી ગયાં હતાં.

(૮) ૧૯૭૦માં કૉલરૅડોમાં થયેલા વિમાન અકસ્માતમાં યુનિવર્સિટી ૧૪ ફૂટબૉલ ખેલાડીઓ, કોચ, વહીવટકારો સહિત ૩૧ જણના મૃત્યુ થયાં હતાં.

(૯) ૧૯૭૨માં ઉરુગ્વે રગ્બી ટીમને અકસ્માત નડ્યો હતો જેમાં ૪૫માંથી માત્ર ૧૬ જણ બચ્યા હતા અને બે મહિના સુધી વિમાનનો કાટમાળ ન મળતાં બચી ગયેલાઓએ બરફના તોફાન, સંઘર્ષભર્યા દિવસો વીતાવવા પડ્યા હતા તેમ જ મૃત્યુ પામેલાઓના માંસ ખાઈને પેટ ભરવું પડ્યું હતું.

(૧૦) ૧૯૮૦માં અમેરિકાની બૉક્સિંગ ટીમના મેમ્બરોનું ૧૯૮૦ની મોસ્કો ઑલિમ્પિક્સના થોડા દિવસ પહેલાં વિમાન અકસ્માતમાં મૃત્યુ થયા હતા. એ ઘટનામાં ૧૪ બૉક્સર સહિત તમામ ૮૭ મુસાફરોના મૃત્યુ નીપજ્યાં હતાં.

(૧૧) ૨૦૧૧માં રશિયાની આઇસ હૉકી ટીમના ૩૬ ખેલાડીઓ અને કોચ સહિત ૪૪ જણના પ્લેન ક્રેશમાં મૃત્યુ થયા હતા. બચી ગયેલો એકમાત્ર ખેલાડી પછીથી એ હોનારતમાં દાઝી જવાને કારણે મૃત્યુ પામ્યો હતો.

(૧૨) ૧૯૯૩માં ઝામ્બિયાની સૉકર ટીમના ખેલાડીઓને લઈ જતું લશ્કરી વિમાન સમુદ્રમાં ખાબકતાં ૧૮ ખેલાડીઓ અને પાંચ અધિકારીઓ ડૂબી જવાથી મૃત્યુ પામ્યાં હતાં.

(૧૩) ૨૦૧૭માં બેઝબૉલ ખેલાડી રૉય હૉલેડેનું મેક્સિકોની વિમાન હોનારતમાં મૃત્યુ થયું હતું. ૨૦૦૬માં બેઝબૉલ ખેલાડી કૉરી લિડલનું નાનું પ્લેન મૅનહટનમાં એક ઑફિસવાળા બિલ્ડિંગ સાથે અથડાતાં તેનું મૃત્યુ થયું હતું. ૧૯૯૩માં ઑટો રેસિંગના બે ડ્રાઇવર ડેવી ઍલિસન અને ઍલન કુલવિકીના વિમાન હોનારતમાં મૃત્યુ નીપજ્યાં હતાં.

(૧૪) અમેરિકાની મેજર લીગ બેઝબૉલ સ્પર્ધાના ખેલાડી રોબર્ટો ક્લીમેન્ટનું પ્લેન ક્રેશમાં મૃત્યુ થયું હતું.

(૧૫) ૧૯૩૧માં અમેરિકાના જાણીતા ફૂટબૉલ કોચ ન્યૂટ રૉકને અને બીજા સાત જણને લઈ જતું વિમાન કેન્સસ નજીકના વિસ્તારમાં તૂટી પડતાં તમામના મૃત્યુ થયાં હતાં. ■

# ભારતની આજે મુંબઈમાં છેલ્લી ટી-૨૦

મુંબઈ: વાનખેડેમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચમી અને અંતિમ ટી-૨૦ રમાશે. ભારત સિરીઝ ૩-૧થી જીતી ચૂક્યું છે.

જૉસ બટલરના સુકાનમાં બ્રિટિશરો આજે જીતીને પરાજયનો માર્જિન ૩-૨નો કરવા કોઈ કસર નહીં છોડે. ■

# શ્રીલંકાની સૌથી ખરાબ હાર

ગૉલ: ઑસ્ટ્રેલિયાએ અહીં સિરીઝની પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકાને આજે ચોથા દિવસે એક ઇનિંગ્સ અને ૨૪૨ રનથી હરાવીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. ટેસ્ટ-ક્રિકેટમાં શ્રીલંકાની આ સૌથી મોટા માર્જિનવાળી હાર છે. આ પહેલાં શ્રીલંકાનો સૌથી મોટો પરાજય એક દાવ અને ૨૩૯ રનથી થયો હતો અને એ મૅચ ૨૦૧૭માં નાગપુરમાં ભારત સામે રમાઈ હતી. ઑસ્ટ્રેલિયાએ પહેલા દાવમાં છ વિકેટે ૬૫૪ રનના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો ત્યાર બાદ ધનંજય ડિસિલ્વાના સુકાનમાં શ્રીલંકાની ટીમ ૧૬૫ રનમાં આઉટ થઈ ગઈ હતી અને આજે બીજા દાવમાં યજમાન શ્રીલંકનોનો બીજો દાવ ૨૪૭ રનના સ્કોર પર સમેટાઈ જતાં ઑસ્ટ્રેલિયાએ યાદગાર વિજય મેળવ્યો હતો. ■

## ૪. ધાર્મીક સંબંધી

**મહાશિવરાત્રી- મહાકુંભ**
નિમિત્તે 26/02/2025, બુધવારે (જાહેર રજા), શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન આયોજીત કરે છે ભવ્ય લઘુરૂદ્રી= રૂદ્રાભિષેક અને મહાકુંભનો સંયુક્ત ભક્તિમય કાર્યક્રમ કાંદીવલીમાં. સંપર્ક- 9082825482. (બી-૧૫૪૭૪)

## ૯. લગ્ન સંબંધી

**''કંકોત્રી - 50''**
અસંખ્ય વેરાયટી - વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ - ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ - બોરીવલી - 9820000538 / 9820441711. (દહેજ નહીં) (૧૫૫૫૬-બી)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૫૫૫૬/એ)

**■ ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન ઑગસ્ટ ૯૧, BAF, CA, LLB, ૫'.૯'' મુંબઈમાં રહેતા, યુવક માટે યોગ્ય જૈન, વૈષ્ણવ કન્યાના વડિલો સંપર્ક કરે: ૦૯૨૨૧૧૨૯૯૧૬ ઈ મેઈલ: sonali_sss@hotmail.com (દહેજ નહીં) (૧૫૫૫૮-એ)**

**■ ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન ઑગસ્ટ ૯૧, MS (computer science USA) ૫'.૧૧'' યુવક માટે યોગ્ય જૈન, વૈષ્ણવ કન્યાના વડિલો સંપર્ક કરે. લગભગ ૨૦૨૫ના અંત સુધીમાં મુંબઈમાં સ્થાઈ થવાનો વિચાર છે. સંપર્ક ફોન. નંબર. ૦૯૨૨૧૧૨૯૯૧૬ ઈ મેઈલ: sonali_sss@hotmail.com (દહેજ નહીં) (૧૫૫૫૮-બી)**

## ૯. લગ્ન સંબંધી

**વહેલો-પહેલો**
પરિચય સંમેલન 23/02/2025, રવિવારે, મુંબઈમાં સર્વજ્ઞાતિના લગ્નોત્સુક યુવક/યુવતીઓના રજિસ્ટ્રેશન ચાલુ છે. શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (બી-૧૫૪૨૨)

**સોઢા પરિવાર દ્વારા સંચાલિત અંજળ અને અવસર (લગ્ન વિષયક માહિતી કેન્દ્ર) અને સમદર્શન સેવા પરિવાર (સાંતાક્રુઝ)ના સહયોગથી આયોજિત ૧૯૮૫ Onwards હાઈલી પ્રોફેશનલી ક્વોલિફાઈડ ગુજરાતી કુંવારા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પરિચય મિલન રવિવાર, ૧૬ ફેબ્રુઆરી-૨૦૨૫, સવારે ૮.૩૦થી સાંજે ૬ વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭ બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬. ઉમેદવારની પ્રત્યક્ષ ઉપસ્થિતિ તેમજ વેબસાઈટ www.anjalavsar.com નોંધણી કરાવવી ફરજિયાત. વડીલોને બપોરના ૪.૩૦ વાગ્યા પછી જ પ્રવેશ દરેક ઉમેદવારે નોંધણી માટે રૂા. ૧૦૦૦/- (એક હજાર-નોન રિફંડેબલ) ઓનલાઈન બેંક દ્વારા ભરવાના રહેશે. ઉમેદવારોને નાસ્તા-જમવાનું અને વડીલો માટે હાઈ-ટી. સંપર્કઃ રજિસ્ટ્રેશન સમય સવારે ૧૦થી ૫.**

**જયેન્દ્ર સોઢાઃ ૯૧૩૭૩૯૫૨૯૮. અશોકભાઈ ઠક્કરઃ ૯૮૬૯૦૩૩૯૯૩. ચંદ્રકાંતભાઈ મહેતાઃ ૯૮૨૦૦૫૫૭૦૬. આશાબેન પંચમતીયાઃ ૯૯૨૦૭૦૩૩૨૭. સમદર્શન સેવા પરિવારઃ**

**સુરેશભાઈ મુછાલાઃ ૯૩૨૪૨૫૦૮૫૦. હંસાબેન પારેખઃ ૯૮૨૧૪૭૨૭૨૬. મનસુખભાઈ દોશીઃ ૯૮૨૦૯૦૯૧૦૧. ટ્વિંકલ મોદીઃ ૮૮૫૦૯૯૮૯૧૨. (દહેજ નહીં.). (બી-૧૫૩૬૪)**


# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૯. લગ્ન સંબંધી

**JAIN GIRL:**
November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys / Innocent Divorcee can also Contact 9323268284. (No Dowry) (15545-A)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાકુંભ આરામદાયી**
**AC, સ્લીપર બસ દ્વારા / ફ્લાઈટ દ્વારા પ્રસ્થાન 16 / 2. ઉપરાંત ચિત્રકુટ, વારાણસી, અયોધ્યા. (AC રૂમો) 9967894750. ''ગ્લોબલ ટુર્સ''. (બી-૧૫૪૮૮)**

**KRISHNA HOLIDAYS**
ઉત્તર ભારત - બનારસ અયોધ્યા - ચિત્રકુટ - પ્રયાગરાજ - લખનૌ સાથે શ્રી મહાપ્રભુજીની બેઠકજી માર્ચ (દિવસ-12) (28,500/-), ચંપારણ જગન્નાથપુરી - ગંગાસાગર ફેબ્રુઆરી (દિવસ-10) - (23,500/-) હિતેશ શાહઃ- 9324353911, દિનેશ પારેખઃ- 9224447855. (૧૫૪૫૬-બી)

**આદિ કૈલાશ ઓમ પર્વત**
21 મે 11 દિવસ સાથે નીમ કરોલી બાબા, ગોલુ દેવતા, જાગેશ્વર ધામ, પાતાળ ભુવનેશ્વર, 41000/- પર વ્યક્તિ. આશિષભાઈ 9870222106. (૧૫૫૫૬-ઈ)

**અમરનાથ યાત્રા**
4 જુલાઈ ૧૩ દિવસ શ્રીનગર, પહેલગાંવ, ગુલમર્ગ અને માતા વૈષ્ણોદેવી, 21000/- પર વ્યક્તિ આશિષભાઈ 9870222106. (૧૫૫૫૬- એફ)

## ૧૪. નોકરી ખાલી છે

**બોરીવલી (વેસ્ટ) એલ.ટી.રોડ**
**પ્રતિષ્ઠિત જ્વેલર્સ શોરૂમ માટે સેલ્સગર્લ જોઈએ છે. અનુભવી-બીનઅનુભવી. આકર્ષક પગાર રૂબરૂ મળો. (બપોરના 1 થી 5) સંપર્ક 8452059802. (૧૫૫૬૩-એ)**

WE ARE MFRS. OF HIGH Purity Laboratory Chemicals in LR/AR/ACS Grade & Metallic Salts of Nickel, Cobalt etc Looking for much Expd. Production Persons Only from this Field (Pharma People & Fresher Excuse). Best Salary in this Trade. Call Mr. Ashok 9911665530 or Mail ashoksahni26@gmail.com (B-15512)

## ૧૭. જગ્યા આપવી છે

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી-વેચાણથી, લેવા-આપવા વર્ધમાન-પ્રોપર્ટીજ- ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૫૨૭૦)

**''અંધેરી'' - ''પારલા''**
**''જુહુસ્કીમ'' - ''લોખંડવાલા''**
**નવા બિલ્ડીંગમાં ફ્લેટો કોમર્શિયલ જગ્યા લેવા - વેચવા - ભાડેથી ''શ્રીધામ'' - 9167344558, 9821369413. (બી-૧૫૩૯૮)**

**READY DUPLEX**
5 બેડરૂમ, ડુપ્લેક્સમાં Personal Lift, કાંદિવલી વેસ્ટ, ઓપન વ્યૂ, હાયર ફ્લોર, વાસ્તુ પ્રમાણે, જૈન વૈષ્ણવ ફેમીલી માટે ખાસ, માર્કેટ દેરાસર હવેલી નજીક 3 પાર્કિંગ. સંપર્ક - 9820344084. (જેપી-૪૯૬૪-એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ) લિન્કિંગ રોડ**
**1) 3 BHK 1200' યુઝબલ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યૂ, લિફ્ટ, પાર્કિંગ, 5,75,000,00/-**
**2) 1 BHK, ટાગોર રોડ, નવું બિલ્ડીંગ, હાયર ફ્લોર, લિફ્ટ, પાર્કિંગ, ઓસી સાથે 2,35,000,00/-**
**બંને ફ્લેટો નેગોશીયેબલ. ફ્લેટ લેવા/વેચવા/લીવલાયન્સ થી.**
**સંપર્ક "ચેતન નાગર"**
**9820141544 / 9920141544**
(બી-૧૫૩૮૭)

**2 બેડરૂમ**
વેચાણથી કાંદિવલી વેસ્ટ એમ. જી. રોડ Aprox 875' કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, ગુજરાતી જૈન વૈષ્ણવ સોસાયટી, 2.59 કરોડ નીગોશીએબલ. રેડી પઝેશનથી લેવા 9820344084. (જેપી-૪૯૬૪-સી)

**''પ્રભાદેવી''**
**"2/3 બેડરૂમ - ફર્નિશ્ડ, એમેનીટીઝ, લકઝરી સીવ્યુ ફ્લેટ્સ''. "AKRUTI BUILDERS'' - 8591254627. (૧૫૫૩૨-સી)**

**મલાડ (વેસ્ટ)**
હર્ષવર્ધન, નડિયાદવાલા કોલોની રોડ નંબર 1, ઓફ એસ વી રોડ 1 BHK - 2 BHK, લકઝરીયસ અપાર્ટમેન્ટ, મોર્ડન એમીનિટીઝ + Gym inbuilding, પ્રોજેક્ટ બાયઃ seecons માર્કેટ યાર્ડ બાયઃ Balaji real estate રાજીવ પુરસવાની 9820462628 - 9833787676 Heritage home Associates સુનીલ નરવાની 9004871755. (જેપી-૪૯૬૯-બી)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444 (બી-૧૫૫૦૪)

## ૧૭. જગ્યા આપવી છે

**મુલુંડ (વેસ્ટ)**
2 BHK, 715 Sq. Ft. ડો. આમ્બેડકર રોડ અને RHB રોડ પર, પાર્કીંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડીંગ. સંપર્ક - 9930333456. (૧૫૫૬૬-એ)

**ગ્રાન્ટરોડ / ચર્નીરોડ**
ફ્લેટો / લેવા-વેચવા ભાડેથી અથવા અન્ય પ્રપોઝલ માટે. 7506159533, 9619559533. (બી-૧૫૫૦૮)

**ઘાટકોપર (ઈસ્ટ) 60' રોડ**
**પ્રાઈમ લોકેશન - 4 બેડરૂમ, હોલ, કિચન - 1450' કારપેટ, 2 પાર્કિંગ સાથે, 4.99 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, 3.25 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 920' કારપેટ, પાર્કિંગ, 2.99 Cr. 2 બેડરૂમ, હોલ, કિચન - 775' કારપેટ, પાર્કિંગ, 2.60 Cr. Homealone Property. જુગ્નું શાહ - 9833352224. (૧૫૫૭૦-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી ફ્લેટો ૧૨૩૬' ૪ બેડરૂમ્સ અને ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૫૫૭૨-એ)**

**દેવલાલી માં**
**આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.**
ટીવી અને એસી નોન એસી રુમો સાથે **નેચરોપથી ટ્રિટમેન્ટ** ની પણ સુવિધા ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડુ પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.
**ડબલ ઓક્યુપન્સી 1000/-**
બુકિંગ માટે સંપર્કઃ
**કોરલ ગાર્ડન**
લામ રોડ, દેવલાલી.
**બિના શાહ - 9860730303**
**ડૉ. નિશા - 9405438687**
(બી-૧૫૩૯૨)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન નજીક, એસી રોડ ટચ 2 બેડરૂમ 1.85 કરોડ+ જૈન દેરાસરની બાજુમાં લેવા 8422825928. (જેપી-૪૯૬૮-જી)

**કાંદિવલી (ઈસ્ટ)**
અશોક નગર, 23 માળના નવા ટાવરમાં ready to move 2 બેડરૂમ 2.44 કરોડ + 3 બેડરૂમ 3.86 કરોડ + દેરાસર ઉપાશ્રયની બાજુમાં 30 + એમીનીટી સંપર્ક 8422825928. (જેપી-૪૯૬૮-એફ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી/ ભાડેથી. સુધાપાર્ક, 2 બેડરૂમ, હોલ, કિચન - 825' યુઝેબલ કારપેટ, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, કાર પાર્કિંગ. ઓનર - 9821269268. (૧૫૫૩૪-એ)

**મુલુંડ વેસ્ટમાં**
પ્રાઈમ એરિયામાં **1** રૂમ કિચન, નાના પરિવાર માટે ઉત્તમ, લિફટવાળું બિલ્ડિંગ, સ્ટેશનથી નજીક (45 lacs) 9004147771. (જેપી-૪૯૬૪-ઈ)

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૩૫૮)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
પ્રાઈમ લોકેશનમાં, ૨, ૨ ૧/૨ બેડરૂમ, હોલ, કિચન ભાડેથી આપવા છે. મુકેશભાઈ (બ્રોકર). 9323030141- 8169019857. (૧૫૫૭૦-બી)

**''400 કરોડમાં''**
''નેપેન્સી રોડ પર OC વાળું રેડી બિલ્ડિંગ વેચવાનું''- 8007342828. (૧૫૫૬૧-ઈ)

**શાંતાક્રુઝ વેસ્ટ**
સ્ટેશન નજીક અર્જન્ટ 1/2 બેડરૂમ વેચાણથી જોડી શક્ય ગુજરાતી લોકાલીટી રીડેવલોપમેન્ટ શક્ય 7045622403. (બી-૧૫૪૯૦)

**ઘાટકોપર (વેસ્ટ)**
**'કલ્પતરૂ ઔરા'**
**'આર સીટી મોલની સામે' ૨ બેડરૂમ હોલ કિચન એરીયા ૭૨૫ કાર્પેટ અને ૭૮૦ કારપેટ ૨ કરોડ ૭૦ લાખથી ૨ કરોડ ૮૫ લાખ સુધી ૨.૫ બીએચકે ૮૪૯ સ્કવેર ફીટ 3 કરોડ ૫૦ લાખ, નેગોશીએબલ રેડી પઝેશન. (બધી આધુનિક સુવિધાઓ સાથે) વધુ માહિતી માટે. સંપર્કઃ 'ભાનુશાલી હાઉસિંગ એજન્સી' ઘાટકોપર ૦૯૮૨૧૦૩૨૯૩૧, ૦૯૩૨૪૦૦૩૩૫૦ મહારેરા રજિસ્ટ્રેશન નંબર ૫૧૮૦૦૦૦૦૨૦૧. (૧૫૫૨૮-બી)**

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**ઘાટકોપર (વેસ્ટ) કામા લેન**
**જોડી ફ્લેટ 565'+565', વેચાણથી 2.20 Cr. નેગોશીએબલ, બધી રૂમ રોડ ફેસીંગ, જૈન દેરાસરની બાજુમાં. ''કરણ નીતિન દવે'' 7738741851. (૧૫૪૭૦-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન નજીક, મથુરાદાસ રોડ, 1 બેડરૂમ તથા 2 બેડરૂમના ફ્લેટ્સ, જૈન દેરાસર હવેલી નજીક, નવા ટાવરમાં સંપર્ક સાઈટ-7353026969. (જેપી-૪૯૬૨-જે)

## ૧૭. જગ્યા આપવી છે

**વર્લી**
4 બેડરૂમ કાર્પેટ - 4 - પાર્કિંગ - સી.વ્યુ. એમેનીટીઝ 25,0000000/= નેગોશીયેબલ 9820068382. (૧૫૩૧૬-એ)

**ગામદેવી**
2.5 બેડરૂમ- 825' કાર્પેટ-સી.વ્યુ. પાર્કિંગ સ્ટેમ્પ ડ્યુટીની સાથે 5,00,00000/= શાહ- 9820068382. (૧૫૩૧૬-બી)

**તારદેવ**
2 બેડરૂમ- 800'- કાર્પેટ- પાર્કીંગ- 3,50,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૫૩૧૬/સી)

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન/ ઉપાશ્રય/ દેરાસર/ સ્કૂલ નજીક ૧ બેડરૂમના ફ્લેટો જૂના બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ૨જે માળે, ફુલ્લી ગુજરાતી સોસાયટીમાં તુરંત વેચવાના. ફોનઃ ૯૮૨૧૯૮૧૭૪૪/ ૯૮૨૦૧૨૬૦૯૧. (બી-૧૫૪૬૩)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/દેરાસર નજીક, રેડીમાં 4 બેડરૂમ (1567' ફૂટ કાર્પેટ) 31,500/- થી (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૩૮૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ દેરાસર નજીક રેડીમાં 3 બેડરૂમ 968' ફૂટ કાર્પેટ 3,03,00,000/- (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૩૮૪)**

**વિદ્યાવિહાર (ઈસ્ટ)**
**3 બેડરૂમ હોલ કીચનના જોડી ફ્લેટો દરેકનો કારપેટ એરિયા ૭૨૦', સ્ટેશનથી ૨ મિનિટના અંતરે, સ્કૂલ, કોલેજ નજીકમાં, પ્રાઈમ લોકેશન, ૨,૩૫,૦૦૦,૦૦/- એક ફ્લેટના, નેગોશીયેબલ. ફોનઃ- ૭૯૭૭૨૬૧૮૦૭. દલાલો માફ. (બી-૧૫૪૬૪)**

**જુહુ, ગુલમહોર રોડ**
વેચાણથી. ૪ બેડરૂમ, ૧૯૦૦' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, મોર્ડન ટાઉનમાં, ૪થે માળે, બે પાર્કિંગ. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૫૩૦-એ)

**ઘાટકોપર (વેસ્ટ)**
**ધ એડ્રેસ વાધવા**
**આર સીટી મોલની સામે 3 બેડરૂમ હોલ કિચન એરીયા ૧૨૭૬ સ્કવેર ફીટ કાર્પેટ રૂપિયા 6 કરોડ અને ૪ બેડરૂમ હોલ કિચન એરીયા ૨૩૭૫ સ્કવેર ફીટ યુઝેબલ કાર્પેટ રૂપિયા ૯ કરોડ ૯૦ લાખ. સેમી ફર્નિશ્ડ નેગોશીએબલ રેડી પઝેશન (બધી આધુનિક સુખ સુવિધાઓ સાથે) વધુ માહિતી માટે સંપર્ક 'ભાનુશાલી હાઉસિંગ એજન્સી' ઘાટકોપર ૦૯૮૨૧૦૩૨૯૩૧, ૦૯૩૨૪૦૦૩૩૫૦ મહારેરા રજિસ્ટ્રેશન નંબર A૫૧૮૦૦૦૦૦૨૦૧. (૧૫૫૨૮-એ)**

**MARINEDRIVE LEASE**
Converted 2 Bed 2 Bath Well Furnished No Parking 200000. Ashok Shah 9821036552/9870246552. (15559-D)

**TARDEO**
Aditya Akruti Lease 3 Bed 190000 Rent Well done up. Nagesh 9870246552/ 9821036552. (15559-E)

**812 SQFT 2 BHK HIGHER Floor Flat Sale Semi Furnished Lodha Venezia Kalachowky 9920070927. (SDB-2389)**

**MATUNGA (CR):**
Rigved Windsong 3 & 3.5 BHK Premium Homes with Large Decks. Quiet Location. Senior Citizen Friendly. Vastu Compliant. Floor Options Available. Fast Nearing Possession. Contact: 8850989032 / 8452997139. (15557-B)

**SALE MATUNGA (WEST)**
**3 BHK 4.22 Cr. nego 2 BHK 2.90 Cr. nego. New Bldg Ravi: 9820109761. (JP/4966-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**જુના ભાડાની ભાડુઆતવાળી**
**જગ્યા મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણથી જોઈએ છે. 9320279802. (એસડીબી-૨૩૫૬)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**જુહુ, ગુલમહોર રોડ**
કોમર્શીઅલ ઓફિસ, પહેલે માળે, ૧૪૫૦ યુઝેબલ કારપેટ, વેચાણથી. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૫૩૦-બી)

**JUHU SCHEME**
ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતા : 9833766747. (૧૫૫૩૦-સી)

**ગોરેગાંવ ઈસ્ટ**
ગ્રાઉન્ડ ફ્લોર ૫૬ સ્કે. ફીટ ઓફિસ/ ગોડાઉન/ ફેકટરી લાયક જગ્યા ગોરેગાંવ ઈસ્ટમાં ઓનરશીપ/ ભાડેથી આપવાની છે ૯૮૯૨૩ ૮૯૯૪૧. (કેપી-૨૫૨૬-બી)

# ગાઝિયાબાદમાં એલપીજી સિલિન્ડર ભરેલા ટ્રકમાં વિસ્ફોટ

## ચાર દુકાનો બળીને ખાખ

ગાઝિયાબાદઃ ઉત્તર પ્રદેશમાં ગાઝિયાબાદ જતી ૬૦થી વધુ રસોઇ ગેસ સિલિન્ડર ભરેલી ટ્રકમાં શનિવારે વહેલી સવારે વિસ્ફોટ થયો હતો. આ માહિતી ફાયર વિભાગે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર વિસ્ફોટ સવારે ૪ વાગ્યાની આસપાસ આગને કારણે થયો હતો. જે સંભવતઃ સિલિન્ડરોમાં ઘર્ષણને કારણે બન્યું હતું. તેમણે કહ્યું કે આસપાસની ઓછામાં ઓછી ચાર ફર્નિચરની દુકાનો બળીને રાખ થઇ ગઇ હતી. તેમજ નજીકમાં પાર્ક કરેલા કેટલાક વાહનો પણ બળી ગયા હતા.

ચીફ ફાયર ઓફિસર રાહુલ પાલના જણાવ્યા અનુસાર આગને કાબૂમાં લેવા માટે આઠથી વધુ ફાયર ટેન્કરોને લગભગ ૯૦ મિનિટનો સમય લાગ્યો હતો. જો કે કોઇ જાનહાનિના સમાચાર નથી. વિસ્ફોટના અવાજ અને ત્યારબાદ થયેલી અંધાધૂંધીને કારણે આસપાસના લોકો ભાગીને સલામત સ્થળોએ પહોંચ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જ્યારે ડ્રાઇવરે આગ જોઇ ત્યારે તેણે વાહન પેટ્રોલ પંપ પાસે પાર્ક કરી દીધું હતું. ત્યારબાદ તુરંત જ વિસ્ફોટ થયો અને કર્મચારી પંપ છોડીને ભાગી ગયા હતા. કેટલાક સિલિન્ડર પેટ્રોલ પંપ પરિસરમાં પડ્યા હતા પરંતુ ફાટ્યા ન હોવાનું પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. ■

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૩૨-એ)

## ૩૧. નાણાંકીય

■ ''ઈન્કમ ટેક્સ'' રિટર્ન ફાઈલ (કોઈપણ-મેટર) (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત). 9137725086. (બી-૧૫૪૪૭)

## ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ કલીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૪૬૬-એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**AVAILABLE FOR SALE**
2 PATRON MEMBERSHIPS OF **ANDHERI RECREATION CLUB**
Andheri (West)
BY A MEMBER
**98692 73214**
**99208 29043**
(B-15500)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - to Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be Solved. Jalaram Finance 9820441711. (15555-D)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં આઠ નક્સલવાદી હણાયા

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં શનિવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં આઠ નક્સલવાદી માર્યા ગયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગંગલૂર પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલમાં સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ સુરક્ષા દળની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી કામગીરી પર હતી ત્યારે ગોળીબાર શરૂ થયો હતો.

સુરક્ષા દળો સાથેની અથડામણમાં આઠ નક્સલવાદી માર્યા ગયા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને તેની ચુનંદા યુનિટ કોબ્રા (કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન) સાથે રાજ્ય પોલીસના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સના જવાનો આ કામગીરીમાં સામેલ હતા.

તેમણે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં માઓવાદીઓના 'પશ્ચિમ બસ્તર ડિવિઝન'ના કેડરની હાજરીની માહિતી મળ્યા બાદ શુક્રવારે આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે કારણ કે કામગીરી હજુ ચાલુ છે, એમ તેમણે જણાવ્યું હતું.■

# ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર નવીન ચાવલાનું ૭૯ વર્ષની વયે નિધન

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર(સીઇસી) નવીન ચાવલાનું શનિવારે નિધન થયું હતું. તેઓ ૭૯ વર્ષના હતા. તેઓને ૨૦૦૯માં પક્ષપાતના આરોપોને લઇને ચૂંટણી પંચમાંથી હટાવવાની ભલામણ કરવામાં આવી હતી.

ભૂતપૂર્વ સીઇસી એસ. વાય. કુરેશીના જણાવ્યા મુજબ તેઓ લગભગ ૧૦ દિવસ પહેલા ચાવલાને મળ્યા હતા. ત્યારે ચાવલાએ જણાવ્યું હતું કે તેમને મગજની સર્જરી માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. કુરેશીએ જણાવ્યું કે શનિવારે સવારે એપોલો હોસ્પિટલમાં તેમનું નિધન થયું હતું. જ્યારે તેઓ છેલ્લે મળ્યા હતા ત્યારે તેઓ ખુશ હતા. આ ઉપરાંત ચૂંટણી પંચના એક અધિકારીએ પણ ચાવલાના મૃત્યુની પુષ્ટિ કરી છે.

કુરેશીએ એક્સ પર જણાવ્યું કે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર નવીન ચાવલાના નિધન વિશે જાણીને દુઃખ થયું. તેમના આત્માને શાંતિ મળે. ભૂતપૂર્વ અમલદાર ચાવલા ૨૦૦૫થી ૨૦૦૯ સુધી ચૂંટણી કમિશ્નર(ઇસી) હતા. એપ્રિલ ૨૦૦૯થી જુલાઇ ૨૦૧૦ સુધી મુખ્ય ચૂંટણી કમિશ્નર રહ્યા હતા. ચૂંટણી સંસ્થામાં ચાવલાનો કાર્યકાળ વિવાદાસ્પદ રહ્યો હતો. તત્કાલીન વિપક્ષ ભાજપે તેમના પર પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો. ૨૦૦૯માં સીઇસી એન. ગોપાલસ્વામીએ સરકારને ચાવલાને હટાવવાની ભલામણ કરી હતી, એ સમયે તેઓ ચૂંટણી કમિશ્નર હતા.

૩૦ જુલાઇ, ૧૯૪૫ના રોજ જન્મેલા ચાવલાએ સનાવરની લોરેન્સ સ્કૂલમાંથી શાળાકીય અને સેન્ટ સ્ટીફન કોલેજમાંથી શિક્ષણ મેળવ્યું હતું. તેમની સિવિલ સર્વિસ કારકિર્દી દરમિયાન તેમને ઘણી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જો કે તેઓએ ક્યારેક ક્યારેક કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ કામ કર્યું હતું.■




## પંજાબની વધુ એક વખત અવગણનાઃ ભગવંત માન

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને કેન્દ્રીય બજેટ અંગે નિરાશા વ્યક્ત કરતાં કહ્યું હતું કે સરહદી રાજ્યને વધુ એક વખત કેન્દ્રીય બજેટમાં અવગણવામાં આવ્યું છે અને તેને કશું જ આપવામાં આવ્યું નથી.

## લોકહિત માટે નહીં, રાજકીય હિતો માટેઃ માયાવતી

બહુજન સમાજ પાર્ટીનાં વડાં માયાવતીએ કહ્યું હતું કે ભાજપ સરકારનું બજેટ અગાઉની કૉંગ્રેસની સરકારોની જેમ જ રાજકીય હિતો માટેનું વધારે અને જનતા અને દેશ માટે ઓછું હોવાનું જણાય છે.

## જૂની જાહેરાતો નવા સ્વરૂપમાં : તેજસ્વી યાદવ

આરજેડીના નેતા તેજસ્વી યાદવે કેન્દ્રની એનડીએ સરકાર પર બજેટમાં વાણી-વિલાસ કરવાનો આરોપ લગાવતાં કહ્યું કે ભૂતકાળમાં કરવામાં આવેલી જાહેરાતોને જ નવા સ્વરૂપે રજૂ કરવામાં આવી છે.

# અંદાજપત્રની રજૂઆત સાથે બજાર અથડાઇ ગયું, સેન્સેક્સ માંડ માંડ પોઝિટિવ ઝોનમાં ટક્યો


અમય ખરાડે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉપરછલ્લી નજરથી સારા અને પ્રોત્સાહક પ્રસ્તાવો ધરાવતા અંદાજપત્રની રજૂઆત સાથે બજાર અથડાઇ ગયું અને પ્લસ તથા માઇનસ વચ્ચે અટવાઇને સેન્સેક્સ માંડ માંડ પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૫૦૦ની નીચે સરક્યો હતો. આજે શનિવારે બજેટને કારણે ખાસ બજાર ચાલુ રાખવામાં આવ્યું હતું.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૭૭,૮૯૯.૦૫ પોઇન્ટની ઊંચી અને ૭૭,૦૦૬.૪૭ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૫.૩૯ પોઇન્ટ અથવા તો ૦.૦૧ ટકાના મામૂલી સુધારા સાથે ૭૭,૫૦૫.૯૬ની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૬૩૨.૪૫ પોઇન્ટની ઊંચી અને ૨૩.૩૧૮.૩૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૨૬.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૧૧ ટકાના ઘસરકા સાથે ૨૩,૪૮૨.૧૫ની સપાટીએ સ્થિર થયો હતો.

બ્લુચીપ શેરોમાં ઝોમેટો સાત ટકા ઉછળીને ટોપ ગેઇનર બન્યો હતો. આ પછી સૌથી વધુ વધનારા શેરોમાં મારુતિ, આઇટીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઇન્ટ, ટાઇટન અને ઇન્ડસઇન્ડ બેન્કના નામ હતા. જ્યારે પાવર ગ્રીડ, લાર્સન એન્ડ ટૂબ્રો, એનટીપીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ અને અદાણી પોર્ટ ટોપ લુઝર્સની યાદીમાં હતા.

બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી શનિવારે સુધારા સાથે ખુલ્યા બાદ કેન્દ્રિય બજેટ માટેના વિશેષ સત્રમાં મોટાભાગની અપેક્ષિત જાહેરાતો છતાં તમામ સુધારો ગુમાવી નીચા સ્તરે સરક્યાં હતા. બજારનાં અભ્યાસુઓ અનુસાર સળંગ ચાર સત્રની તેજીમાં બજારે બજેટની પોઝિટિવ બાબતો અગાઉ ડિસ્કાઉન્ટ કરી લીધી હોવાથી પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. જો કે, વપરાશ સંબંધિત ક્ષેત્રના શેરોમાં થયેલા સુધારાને કારણે અન્ય વંચિત રહેલા ક્ષેત્રોના શેરોની નુકસાનીને મર્યાદિત કરવામાં બજારને મદદ મળી હતી. ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (એફએમસીજી) જેવા સેક્ટરમાં ૩.૧ ટકા સુધીનો, જ્યારે ઑટો સેક્ટરમાં ૨.૧ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો.

સીધા વિદેશી રોકાણની મર્યાદામાં વધારાને પગલે એસબીઆઇ લાઇફ, એચડીએફસી લાઇફ સહિતના વીમા કંપનીના શેરમાં કરંટ જોવા મળ્યો હતો. નાણા પ્રધાને પાંચ વર્ષના કોટન મિશનની જાહેરાત કર્યા પછી ટેક્સટાઇલ સ્ટોક્સમાં નવ ટકા સુધીનો વધારો થયો હતો.

બજેટમાં ટેક્સ બોનાન્ઝાને પગલે આઇટીસી અને એચયુએલ પાંચ ટકાથી વધુ વધ્યા હતા. ડ્રગ્સ ટેરિફમાં ફેરફારની જાહેરાત કર્યા પછી કન્ઝ્યુમર સ્ટોક્સમાં હલચલ હતી. મેડિકલ એજ્યુકેશનના વિસ્તરણની જાહેરાત પછી એજ્યુકેશન સ્ટોક્સમાં પાંચેક ટકા સુધીનો વધારો હતો, જ્યારે ક્લીન ટેક મેન્યુફેક્ચરિંગ માટેની યોજનાઓની રૂપરેખા જાહેર થયા પછી ગ્રીન એનર્જી સ્ટોક્સમાં ૧૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો.

દરમિયાન, ટેક્સટાઇલ ક્ષેત્રની કેન એન્ટરપ્રાઇસ લિમિટેડ પાંચમી ફેબ્રુઆરીએ રૂ. ૮૩.૬૫ કરોડના જાહેર પ્રારંભિક ભરણાં સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, જે ફ્રેશ ઇશ્યુ અને ઓફર ફોર સેલ બંનેનું સંયોજન છે. શેરદીઠ ભાવ રૂ. ૯૪ છે અને મિનિમમ લોટ ૧૨૦૦ શેરનો છે. એકત્ર નાણાં ભંડોળનો ઉપયોગ દેશ અને પરદેશમાં એક્વિઝિશન, નવી મશીનરીની ખરીદી અને કેપિટલ ખર્ચ સહિતના ખર્ચ માટે થશે.

માઇક્રો ઇરીગેશન સોલ્યુશનની ઉત્પાદક અને નિકાસકાર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરમાં ૮.૯૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૯૦.૯૦ કરોડની કુલ આવક, ૩૫.૪૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૬.૭૩ કરોડનો ચોખ્ખો નફો, ૨૩.૩૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૯૫ કરોડનો એબિટા, ૧૩.૧૪ ટકાનું એબીટા માર્જિન નોંધાવ્યું છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઝોમેટો ૭.૧૭ ટકા, મારુતિ ૪.૯૮ ટકા, આઈટીસી હોટેલ્સ ૪.૭૧ ટકા, આઈટીસી ૩.૩૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૧૬ ટકા, ટાઈટન ૧.૮૧ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૭૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૪૭ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૫ ટકા વધ્યા હતા.

જ્યારે પાવર ગ્રીડ ૩.૭૧ ટકા, લાર્સન ૩.૩૬ ટકા, એનટીપીસી ૨.૦૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૩ ટકા, એચસીએલ ટેક ૧.૮૭ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૧ ટકા, ઈન્ફોસિસ ૧.૫૦ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૪૭ ટકા, તાતા મોટર્સ ૧.૩૮ ટકા અને તાતા સ્ટીલ ૧.૨૬ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શનિવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૭૭.૩૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૩૬૭ સોદામાં ૧,૭૮૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૪૭,૯૫૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫૪,૮૩,૭૫૦.૫૦ કરોડનું રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં રિયલ્ટી સૌથી અધિક વધ્યો, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો, માર્કેટ કેપમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૦.૧૮ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૩.૮૪ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૪ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૩૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૮૧ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૮૨૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૪૯ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૮ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૫૧ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૯૦ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ રિયલ્ટી ૩.૬૯ ટકા, એફએમસીજી ૨.૯૧ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૮૯ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૪૭ ટકા, ઓટો ૧.૭૫ ટકા, સર્વિસીસ ૦.૮૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૭ ટકા અને હેલ્થકેર ૦.૧ ટકા વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ ૩.૦૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૬૮ ટકા, ૨પાવર ૨.૬૩ ટકા, યુટિલિટીઝ ૨.૧૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૭૨ ટકા, મેટલ ૧.૪૯ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૪૬ ટકા, એનર્જી ૧.૪૬ ટકા, આઈટી ૧.૧૮ ટકા, ટેક ૧.૦૧ ટકા, કોમોડિટીઝ ૦.૦૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૬ ટકા ઘટ્યા હતા.

# અનાજ અને ખાતરની સબસિડી વધારીને ₹ ૭૧ લાખ કરોડ કરવામાં આવી

નવી દિલ્હીઃ નાણાં પ્રધાને આજે રજૂ કરેલા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની રજૂઆતમાં અનાજ અને ખાતરની સબસિડી માટેની ફાળવણી કુલ અંદાજપત્રીય ખર્ચ પૈકી ૦.૭ ટકા વધારીને રૂ. ૩.૭૧ લાખ કરોડ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર અનુસાર આગામી નાણાકીય વર્ષ માટે અનાજ પરની સબસિડીની ફાળવણી વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારિત રૂ. ૧,૯૭,૪૨૦ કરોડના અંદાજ સામે વધારીને રૂ. ૨,૦૩,૪૨૦ કરોડ કરવામાં આવી છે. જોકે, આ ફાળવણી વર્ષ ૨૦૨૩-૨૪ના રૂ. ૨.૧૧ લાખ કરોડની સરખામણી સામે ઓછી છે.

વધુમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ખાતર અથવા તો ફર્ટિલાઈઝર સબસિડી વર્તમાન નાણાકીય વર્ષના સુધારિત રૂ. ૧.૭૧ લાખ કરોડના અંદાજ સામે સાધારણ ઘટાડા સાથે રૂ. ૧.૬૭ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જોકે, ગત નાણાકીય વર્ષ માટે સરકારે ફર્ટિલાઈઝર સબસિડી માટે રૂ. ૧.૮૮ લાખ કરોડ નિર્ધારિત કર્યા હતા.

# પ્લેટિનમની કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડોઃ જેમ, જ્વેલરી ઉદ્યોગનો આવકાર

મુંબઈઃ જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગે આજે સરકારનાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં પ્લેટિનમ ફાઈન્ડિંગ્સની બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો અને જ્વેલરી ડ્યૂટીમાં ઘટાડો કરવાના પ્રસ્તાવને આવકાર્યો હતો. બજેટમાં કિંમતી ધાતુઓ ૯૯.૯ ટકા અથવા વધુ વજનની ચાંદી ધરાવતી, ૯૯.૫ ટકા અથવા વધુ વજન ધરાવતી સોનાની અને ૯૯ ટકા અથવા વધુ વજન ધરાવતી પ્લેટિનમની આઈટમો માટે ચેપ્ટર ૭૧માં ૭૧૦૬, ૭૧૦૮ અને ૭૧૧૦નાં હેડિંગ ધરાવતી ત્રણ નવી ટેરિફના પ્રસ્તાવને જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલનાં ચેરમેન વિપુલ શાહે આવકાર્યો હતો.

સરકારનો આ પ્રસ્તાવ એલોય ઑફ પ્લેટિનમ (મુખ્યત્વે સોનું ધરાવતું)પ્રિડોમિનેન્ટલી કન્ટેઈનિંગ ગોલ્ડ)ના વર્ગીકરણનાં મુદ્દાના ઉકેલ માટે કરવામાં આવેલી રજૂઆતની ફળશ્રુતિ હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અગાઉ આ વર્ગિકરણના અભાવે યુએઈ સાથેનાં મુક્ત વેપાર કરાર હેઠળ પ્લેટિનમની આયાત માટે બિનજરૂરી કસ્ટમ ડ્યૂટી મુક્તિના દાવા થતા હતા.

આ ક્ષેત્રમાં ૮૫થી ૯૦ ટકા એમએસએમઈ છે અને એમએસએમઈનાં પરિમાણોમાં ફેરફાર થતાં હવે રૂ. ૨૫૦થી ૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતા એમએસએમઈ ટૅક્નોલૉજી અપગ્રેડેશન કરી શકશે અને મૂડીનો પણ સારો ઉપયોગ કરી શકશે. વધુમાં એનએસએમઈને આગામી પાંચ વર્ષ માટે રૂ. ૧.૫ લાખ કરોડની ક્રેડિટ ગૅરેન્ટીનું વિસ્તરણ થવાથી એમએસએમઈ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે, એમ શાહે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકારે ઈઝ ઑફ ડુઈંગ મારફતે ડ્યૂટી અને લેવીમાં સ્થિરતા જાળવીને જેમ અને જ્વેલરી ઉત્પાદનોને પ્રોત્સાહિત કર્યાં છે. તેમ જ પ્લેટિનમ ફાઈન્ડિંગને ૭૧૧૩ હેઠળ વર્ગીકૃત કરીને તેના પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી જે ૨૫ ટકા હતી તે ઘટાડીને પાંચ ટકા કરતાં ગ્રાહકોને નવાં ઉત્પાદનો મળશે અને પોસાણક્ષમ જ્વેલરીના વેચાણમાં પણ વધારો થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનાં ભારત ખાતેના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સચિન જૈને જણાવ્યું હતું કે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રજૂ કરેલું અંદાજપત્ર ફાજલ આવકમાં વધારો કરતું હોવાથી લોકોની ખરીદશક્તિમાં વધારો થશે અને આર્થિક વૃદ્ધિ પણ થશે. તે જ પ્રમાણે કામા જ્વેલરીના મેનેજિંગ ડિરેક્ટર કોલિન શાહે જણાવ્યું હતું કે જ્વેલરી ડ્યૂટી જે ૨૫ ટકા હતી તે ઘટાડીને ૨૦ ટકા કરવાનો નિર્ણય આવકાર્ય છે.

ખાસ કરીને ભારત જેવાં જ્વેલરીનો વધુ ઉપયોગ કરતાં દેશમાં માગમાં વધારો કરશે. તેમ જ પ્લેટિનમ ફાઈન્ડિંગ પરની ડ્યૂટીમાં ઘટાડો પણ એક બોલ્ડ પગલું છે જેનો લાભ સમગ્ર જ્વેલરી ઉદ્યોગને મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# અનાજ કઠોળની બજાર માટે નિરાશાજનક બજેટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ દર વર્ષની જેમ આ વર્ષે અનાજના વેપારીઓને ઈન્કમ ટેક્સમાં મળેલી છૂટ સિવાય બજેટમાં નિરાશા જ મળી છે. જોકે ખેડૂતોને સારી રાહતોથી થોડોઘણો આડકતરો ફાયદો વેપારીઓને થશે, એમ સ્થાનિક અનાજ કઠોળ બજારની અગ્રણી વિશ્લેષક અને દલાલ પેઢી ફ્રેન્ડશીપ ટ્રેડર્સનાં દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતા ઉમેર્યું હતું કે અનાજ, દાળ-કઠોળ તેલ-તેલીબિયાની લાંબા ગાળાની સ્થાનિક વેપારની નીતિઓ તેમજ આયાત નિકાસની લાંબા ગાળાની નીતિઓ યુરોપ અમેરિકા જેવી ઘડવી પડશે અન્યથા ભારતીય જનતા વધતા-ઓછા વિદેશી કૃષિ ઉત્પાદન ઉપર નિર્ભર થઈ જશે. જેનાથી લાંબા ગાળે વિદેશી હૂંડિયામણ તળિયાઝાટક થઈ જશે. વિદેશી દાળ કઠોળ તેલીબિયા ઉપર લઘુતમ આયાત ભાવ નિર્ધારિત કરવા જોઈએ અને નિર્ધારિત ભાવથી નીચા ભાવે થતી આયાત સામે થતી આયાત પર ડ્યૂટી લાદવાનો વિકલ્પ શ્રેષ્ઠ રહેશે. આ પ્રકારના પગલાંથી સરકાર ને કસ્ટમ ડ્યૂટીની આવક થશે, ભારત ડમ્પિંગ સ્ટેશન નહીં બને, ખેડૂતોને યોગ્ય વળતરદાયી ભાવ મળશે અને વેપારીઓને ક્ષમતા અનુસાર ધંધો મળશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે વેપારી એસોસિએશનોની વારંવાર થતી મફતના રેશન સામે કેશ બેનિફિટ સ્કીમની માગણીનો સરકાર સ્વીકાર નથી કરતી. હાલમાં વેપારી જગતની સ્થિતિ અત્યંત બદતર છે. કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તેમણે જણાવ્યું હતું કે તુવેર, અડદ અને મસૂરનું ઉત્પાદન વધારવા બિયારણ બદલવા પડશે, તેમજ ખેતીની પેટર્ન બદલવી પડશે આ સિવાય ગુજરાતની જેમ નદીઓને નહેર મારફત જોડવી પડશે. સૌરાષ્ટ્રમાં સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન) યોજના હેઠળ ૧૧૬ ડેમ કનેક્ટેડ છે વધુમાં મંડી યાર્ડને આધુનિક બનાવવા કેન્દ્ર સરકારે રાજ્યો ઉપર જવાબદારી છોડીને ફરી એકવાર વેપારી આલમને નિરાશ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, વ્યક્તિગત આવકવેરામાં આપવામાં આવેલી રૂ. ૧૨ લાખની છૂટનો નિર્ણય આવકાર્ય છે. તેમ જ સ્ટાર્ટ અપને આપેલા સારાં પ્રોત્સાહનોની વેપારીઓએ બે હાથે તક ઝડપવી જોઈએ.

તેમ છતાં વેપારી સમાજની ઘણી માગણીઓને અનદેખી કરી હોવાથી નિરાશાજનક જણાય છે. એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# તાત્કાલિક ધોરણે ભારતનાં રેટિંગમાં કોઈ ફેરફાર નહીંઃ મૂડીઝ

નવી દિલ્હીઃ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રજૂ કરવામાં આવેલા અંદાજપત્રમાં સરકારે રાજકોષીય ખાધ ઘટીને જીડીપીના ૪.૪ ટકા રહેવાનો પ્રસ્તાવ મૂક્યો હોવા છતાં તાત્કાલિક ધોરણે ભારતનાં રેટિંગમાં સુધારો કરવામાં આવે તેવી શક્યતા નકારી કાઢી હતી.

અમે જ્યારે સરકારની સતત રાજકોષીય શિસ્ત અને સાંકડી રાજકોષીય ખાધને ક્રેડિટ પોઝિટીવ તરીકે જોઈ રહ્યા છીએ ત્યારે દેવાના બોજ અથવા તો દેવાની ક્ષમતામાં સુધારો રેટિંગ અપગ્રેડ કરવા માટે પૂરતા નથી, એમ મૂડીઝ રેટિંગ્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ક્રિસ્ટિયન ડે ગઝમેને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે હાલ મૂડીઝે ભારતનું સૉવરિન રેટિંગ સ્થિર આઉટલૂક સાથે બીએએ3ના સ્તરે જાળવી રાખ્યું છે જે સૌથી નીચું ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડનું રેટિંગ છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે તેના અંદાજપત્રના વક્તવ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે રાજકોષીય ખાધનો અંદાજ જીડીપીના ૪.૮ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ૪.૪ ટકાનો મૂક્યો છે. હાલમાં ભારત રાજકોષીય શિસ્ત અને ફુગાવાને નિયંત્રણ રાખવાની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે મૂડીઝનું કહેવું છે કે રેટિંગ અપગ્રેડ કરવા માટે દેવાના બોજમાં નોંધપાત્ર માત્રામાં ઘટાડો અને આવકોમાં નોંધપાત્ર વધારો થાય તેવાં પગલાં લેવા આવશ્યક છે. તાજેતરમાં રાજકોષીય ખાધમાં સુધારો થયો હોવા છતાં દેવાથી જીડીપીની સરાસરીનો રેશિયો કોવિડ મહામારી પૂર્વેની સરખામણીમાં વધ્યો છે.


## મુંબઈ સમાચાર કલાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં કલાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ કલાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* કલાસિફાઇડ અને કલાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### કલાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધઃ તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| કલાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| કલાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

કલાસિક બોનાન્ઝા સ્કીમ કલાસિફાઈડ અને કલાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

ઓક્ષીલીયરી ટ્રાન્સફોર્મરની બદલી કરવી

ADEE/TRD/BL, પ. રે., ટે. નો. નં. EL-TRD-W-118-23-24-12-R-2, તા. ૨૯/૧/૨૫ મંગાવે છે. કામનું નામઃ- મુંબઈ ડીવી.ના વિરાર- સંજાણ સેક્શનમાં MSDSAC કામ માટે રીલે હટના લોકેશન સાથેના અનુસંધાનમાં ઓક્ષીલીયરી ટ્રાન્સફોર્મરની બદલી કરવી. કામની અંદા. કિંમત ₹ ૩૭,૭૦,૯૨૦/- બારડીઃ ₹ ૭૫,૪૦૦/- સુપ્રતિની તા. & સમયઃ ૨૧/૨/૨૫ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. & સમયઃ ૨૧/૨/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરોની વિચારણા કરાશે નહિ. 1032

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વેગન અને તેના સબ-એસેમ્બલી/ઘટકોનું સમારકામ

ઇ-ટેન્ડર સૂચના સં : M137_MECH_PRTN_TEND_25_03 તારીખ 30-01-2025 ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો અનુસાર ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: (1)કામનું નામ : પ્રતાપનગર વર્કશોપ, વડોદરા ખાતે કાર્યક્ષેત્ર મુજબ ફ્રેઇટ રોલિંગ સ્ટોક માટે વેગન અને તેના સબ-એસેમ્બલી / ઘટકોનું સમારકામ. (2) પ્રસ્તાવિત જથ્થો : 1828212 માનવ કલાક (3) કામનો અંદાજિત ખર્ચ : ₹274780263.60/- (સતાવીસ કરોડ સુડતાલીસ લાખ એંસી હજાર બેસો ત્રેસઠ અને સાઇઠ પૈસા માત્ર) (4) બિડ સુરક્ષા : રેલવેની માલિકીના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને લાગુ પડતું નથી. (5) ટેન્ડર દસ્તાવેજ કિંમત : શૂન્ય (6) કરારનો સમયગાળો : 12 મહિના (7) ઓફરની માન્યતા : 90 દિવસ (નેવું દિવસ) (8) ટેન્ડર પ્રકાર : ઓપન ટેન્ડર (9) બિડિંગ સિસ્ટમ : બે પેકેટ સિસ્ટમ (10) ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય : બિડ 28-02-2025 ના રોજ 15:00 વાગ્યે બંધ થશે અને તે જ દિવસે 15:15 વાગ્યે ખોલવામાં આવશે. (11) વેબસાઇટની વિગતો અને સરનામું જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે : ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપનું કાર્યાલય, પ્રતાપનગર (વડોદરા), પશ્ચિમ રેલવે - 390004 વેબસાઇટ : www.ireps.gov.in 293

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

ડિસમેન્ટલિંગ, સફાઈ, પેઇન્ટિંગ, સમારકામ અને એસેમ્બલીમાં સહાય

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા વર્કશોપ, પશ્ચિમ રેલવે વતી નીચેની કામગીરી માટે ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર નં : BVPW-2024-25-IOH-26 કાર્યનું નામ : ભાવનગર પરા વર્કશોપ ખાતે 2 વર્ષ માટે કાર્યક્ષેત્ર મુજબ IOH દરમિયાન ICF બોગીઓને ડિસમેન્ટલિંગ, સાફ કરવા, પેઇન્ટિંગ, સમારકામ અને એસેમ્બલીમાં સહાયતા. કામની અંદાજિત કિંમત : ₹4,83,90,384/- બીડ સિક્યુરિટી : ₹0.00/- ટેન્ડર દસ્તાવેજ ફી : ₹0.00/- ટેન્ડર ઓફરની માન્યતા : 60 દિવસ કાર્ય પૂર્ણ કરવાની અવધિ : સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી 24 મહિના. ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : 24/02/2025 ના 10:30 કલાકે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 24/02/2025 ના 11:00 કલાકે રજૂકર્તા : ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજર ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે ઈમેલ : dycmews@bvp.railnet.gov.in અગત્યની નોંધ : https://www.ireps.gov.in પર ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવશે નહી અને આ ઓફિસમાં મળેલી કોઈપણ મેન્યુઅલ દરખાસ્તને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 191

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે - રતલામ ડીવીજન

નં. W/ ૬૨૩/૫/૧/NIT

ઈ-ટેન્ડરીંગ નોટીસ

તારીખઃ ૩૧-૧-૨૦૨૫

ડીવીજનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે આપેલ વિગતો મુજબ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ''ઓપન ટેન્ડર'' મંગાવે છે.

| અ. ક્ર. | ઈ-ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજિત કિંમત ₹ | બારડી ₹માં | પૂર્ણતા મુદત |
|---|---|---|---|---|
| ૧. | RTM -૨૦૨૪-૨૫-૧૩૩ | ૨૭,૯૩,૭૬,૬૫૭.૨૦ | ૧૫,૪૬,૯૦૦.૦૦ | ૬૦ માસ |
| | રતલામ ડીવીજનઃ- પાંચ વર્ષની મુદત માટે તેના મેન્ટેનન્સ સહિત ગ્રીસની સપ્લાય સાથે કોન્ટ્રાક્ટરના પોતાના ટ્રેક માઉન્ટેડ ઓટોમેટીક ગેજ ફેસ લ્યુબ્રીકેટર્સ દ્વારા કર્વ્સનું લ્યુબ્રીકેશન. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શીડ્યુલ મુજબ. આવા જ પ્રકારનું કામઃ માત્ર RDSO એપ્રુવ્ડ ડેવલપમેન્ટલ વેન્ડર્સ જેઓ ટ્રેક બેઝ્ડ ગેજ લ્યુબ્રીકેટર્સ માટેના હોય તેઓ જ માત્ર આ ટેન્ડરમાં સહભાગી થઈ શકશે. માન્યતા તારીખવાળા એપ્રુવલ સર્ટીફીકેટની નકલ ટેન્ડર સાથે સુપ્રત કરવાની રહેશે. વેબસાઈટ પર અપલોડીંગ માટેની તારીખ ૨૮-૦૧-૨૦૨૫. ટેન્ડર ખૂલવાની તારીખઃ ૨૧-૦૨-૨૦૨૫ વિગતવાર ટેન્ડર નોટીસ લાયકાતની શરતો અને નિયમો તથા શરતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે ઉપલબ્ધ છે.

ડીવીજનલ રેલવે મેનેજર (WA) રતલામ ડીવીજનલ, WR

AK/5/1/395

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે

મટીરીયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ

વિવિધ મટીરિયલ્સની સપ્લાય

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં. S/૦૮/૨૦૨૫ તારીખઃ ૩૧.૦૧.૨૦૨૫

| અ.ક્ર. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૫૮ | ડ્રગ એલુટીંગ કોરોનરી સ્ટેન્ટ સિસ્ટમ | ૨૨૫ નં. | ૨૦ ફેબ્રુ-૨૫ |
| ૫૯ | સર્વોપ્લેક્ષ SHC-૧૨૦(IOCL)ગ્રીસ WAG-૯/WAP-૭ લોકોસ માટે ટ્રેક્સન મોટર બેરીંગ | ૧૨૯૫૬ કિગ્રા. | ૨૬ ફેબ્રુ-૨૫ |
| ૬૦ | હર્મેટીકલી સીલ્ડ સ્ક્રોલ્ડ કોમ્પ્રેસર | ૨૯૫ નં. | ૨૭ ફેબ્રુ-૨૫ |
| ૬૧ | સસ્પેન્સન ટ્યૂબ અને તેના એસેમ્બલી કોમ્પોનેન્ટસ | ૪૮૦ સેટ | ૨૮ ફેબ્રુ-૨૫ |
| ૬૨ | લોંગ લાઈફ સાઈડ બફર એસેમ્બલી | ૧૮૦ નં. | ૨૮ ફેબ્રુ-૨૫ |
| ૬૩ | બે વર્ષ માટે સ્પેર્સ પ્લાઝર મેક માટે રેટ કોન્ટ્રાક્ટ | ૧ સેટ | ૨૮ ફેબ્રુ-૨૫ |
| ૬૪ | WAG ૯HC/WAP-૭ માટે એક્ષલ બોક્ષ બેરીંગ (CRU-૧૫૦) | ૨૧૨ નં. | ૦૧ માર્ચ-૨૫ |
| ૬૫ | હીટલેસ ટવીન ટાવર એર ડ્રાયર | ૩૦ નં. | ૦૩ માર્ચ-૨૫ |
| ૬૬ | વેક્યુમ સર્કીટ બ્રેકર | ૮૦ નં. | ૦૩ માર્ચ-૨૫ |
| ૬૭ | જનરેટર કાર માટે પ્રાયમરી સ્પ્રીંગ ઈનર | ૮૦૫ નં. | ૦૩ માર્ચ-૨૫ |
| ૬૮ | SA-૯ ઈન્ડિપેન્ડન્ટ બ્રેક વાલ્વ | ૧૬૦ નં. | ૦૪ માર્ચ-૨૫ |
| ૬૯ | ડીઝલ લોકો સ્ટાર્ટર બેટરી ૮V, ૫૦૦ AH | ૫૭૮ નં. | ૨૦ માર્ચ-૨૫ |

સુધારો

ટેન્ડર નોટિસ નં. S-૭૦-૨૦૨૪ તા. ૩૦.૧૨.૨૦૨૪માં અ.ક્ર. ૭૫૫ ખાતે કૃપયા પાક્તી તારીખઃ "૧૩-૦૨-૨૦૨૫" તરીકે વાંચવી.

વિગતવાર નોટિસ અંગે બારડી, ખરીદી મર્યાદાઓ અને વિગતવાર શરતો માટે કૃપયા મુલાકાત લો વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in 1040

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## પશ્ચિમ રેલવે-રતલામ ડીવીજન

સીગ્નલ એન્ડ ટેલીકોમ્યુનીકેશન ડીપાર્ટમેન્ટ

ઈ-ટેન્ડર નોટીસ

ટેન્ડર નં.: Snt_RTM_૨૫_૦૩_સીગ્નલ તારીખઃ ૨૯-૧-૨૦૨૫

DRM (S&T) વર્ક્સ, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને કાર્યવાહી કરનાર દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડર આવકાર્ય છે. કામનું નામઃ નીચે જણાવેલના સંબંધમાં S&T મટીરીયલની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ - UFSBI સાથે BPACની જોગવાઈ દેવાસ-રનયાલા જસ્નીયા-મક્સી બ્લોક સેક્સન-રતલામ ડીવીજનમાં. બીડીંગ/ટેન્ડર ટાઈપ અને સીસ્ટમઃ વર્ક્સ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, સીંગલ પેકેટ સીસ્ટમ. (IREPS પોર્ટલ). ટેન્ડર એડવર્ટાઈઝ્ડ કિંમતઃ ₹ ૩,૯૯,૧૪,૮૩૮.૨૫/-. બીડ સીક્યુરીટી /બાનાની રકમઃ ₹ ૩,૪૯,૬૦૦.૦૦/-. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ નથી. પ્રી-બીડ કોન્ફરંસઃ NA. બીડ પ્રારંભ તારીખઃ ૧૫ દિવસ બંધ તારીખ પહેલા. બીડ બંધ થવાની તારીખ અને સમયઃ ૨૧.૦૨.૨૦૨૫ના ૧૫. ક. બીડ ખૂલવાની તારીખ અને સમયઃ ૨૧-૦૨-૨૦૨૫ના ૧૫.૩૦ ક. ઓફરની માન્યતાઃ ટેન્ડર ખૂલવાથી ૬૦ દિવસ. પૂર્ણતા મુદતઃ ૧૫ માસ. JV ને પરવાનગીઃ પરવાનગી નથી. ટેન્ડરીંગ સેક્સન ઓફિસ ઇનચાર્જ અને બીડ ખૂલવાનું સ્થળઃ સીની. DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડરનું નિરીક્ષણ ઓનલાઈન ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in ખાતે કરી શકાશે અને ઓફર એજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવી જરૂરી છે.

ડીવીજનલ રેલવે મેનેજર (S&T) રતલામ, પશ્ચિમ રેલવે

Ak/6/1/390

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે - રતલામ ડીવીજન

ઈ-ટેન્ડર નોટીસ

ટેન્ડર નં.: Snt_RTM_૨૪_૦૫_R_ સીગ્નલ તારીખઃ ૨૯-૦૧-૨૦૨૫

ડીવીજનલ રેલ મેનેજર (S&T), રતલામ, પશ્ચિમ રેલવે દ્વારા ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે મુજબના સીગ્નલીંગ અને ટેલીકોમ કામ માટે ઈ-ટેન્ડર્સ આવકાર્ય છે. કામનું નામઃ નીચે જણાવેલના સંબંધમાં સીગ્નલીંગ મટીરીયલની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગઃ- ૧) રતલામ ડીવીજન - મોજૂદ જૂના ડેટાલોગર્સની બદલી અને ડીજીટલ ઇનપુટ્સનું ઓગમેન્ટેશન અને ડેટાલોગર નેટવર્કનું મજબૂતીકરણ. ૨) રતલામ ડીવીજનઃ મોજૂદ જૂના VDU અને એમ્બેડેડ PC EI સીસ્ટમ માટેનાની બદલી. કામનો અંદાજીત ખર્ચઃ ₹ ૩,૨૧,૧૨,૧૯૭.૫૫/- (રૂપિયા ત્રણ કરોડ એકવીસ લાખ બાર હજાર એકસો સત્તાણુ અને પૈસા પંચાવન માત્ર). ટેન્ડર દસ્તાવેજનો ખર્ચઃ રૂા. ૦ (શૂન્ય). બારડીઃ ₹ ૩,૧૦,૬૦૦.૦૦/- પૂર્ણતા મુદતઃ ૬ (છ માસ). ઈ-ટેન્ડર દસ્તાવેજની સુપ્રતિ બંધ થવાની તારીખ અને સમયઃ ૨૦-૨-૨૦૨૫ના ૧૫ ક. ઈ-ટેન્ડર ખૂલવાની તારીખ અને સમયઃ ૨૦-૨-૨૦૨૫ના ૧૫.૩૦ ક. બાદ. ઓફરની માન્યતાઃ ૬૦ દિવસ ટેન્ડર ખૂલવાથી. ટેન્ડરનું ઓનલાઇન નિરીક્ષણ ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in ખાતે કરી શકાશે અને ઓફર એ જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવી જરૂરી છે.

ડીવીજનલ રેલવે મેનેજર (S&T) રતલામ, પશ્ચિમ રેલવે

Ak/6/1/389

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly





**ગણપતિ બાપ્પા મોર્યાઃ** શનિવારે માઘી ગણેશોત્સવની શરૂઆત થવા સાથે જ ઠેર-ઠેર ઉજવણીનું વાતાવરણ જોવા મળ્યું હતું. જગવિખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાંથી ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તસવીર છે દાદરના પ્રખ્યાત માઘી મહામંડળ દ્વારા સ્થાપન કરવામાં આવેલી ગણેશજીની દિવ્ય મૂર્તિની. ગણેશજીના દર્શન માટે પહેલા દિવસે લાંબી લાઈન લાગી હતી. (અમય ખરાડે, જયપ્રકાશ કેળકર)

# વિક્રોલી આરઓબીની ફરી તારીખ પડી

## માર્ચ નહીં પણ ચોમાસા પહેલા મે મહિનામાં ખુલ્લો મુકાશેઃ ગર્ડરના આકારને કારણે કામ વિલંબમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારો અને લાંબા સમયથી રાહ જોવાઈ રહેલો ફ્લાયઓવર વાહનવ્યવહાર માટે ચોમાસા પહેલા ખૂલ્લો મુકાવાનો છે. જોકે સ્થાનિક કાર્યકર્તાઓના દાવા મુજબ પુલની પશ્ચિમ તરફના અપ્રોચ રોડને કારણે કામમાં વિલંબ થઈ રહ્યો હોવાથી આ પુલનું કામ તેની સમયમર્યાદામાં પૂરું થવાની શક્યતા બહુ ઓછી છે.

લાલબહાદુર શાસ્ત્રી માર્ગ (એલબીએસ) અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવને જોડનારો વિક્રોલીમાં બની રહેલો રેલ ઓવર બ્રિજ (આરઓબી)નું બાંધકામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. મુંબઈ મહાનગરપાલિકાએ સૌ પહેલા ૨૦૧૮માં આરઓબીને મંજૂરી આપી હતી અને તેનું બાંધકામ ઓક્ટોબર, ૨૦૨૦ સુધીમાં પૂરું કરી નાખવાનું લક્ષ્યાંક રાખ્યું હતું. જોકે પુલની ડિઝાઈનમાં ફેરફાર, અતિક્રમણ, જમીનના સંપાદન સહિત ૨૦૧૯માં કોરોના મહામારીને કારણે લાગુ પડેલા લોકડાઉન જેવા કારણોથી કારણે પુલના કામમાં અનેક વિઘ્નો આવ્યાં હતાં. તેને પગલે પુલની ડેડલાઈન લંબાઈ ગઈ હતી અને મે ૨૦૨૩ પુલ ખૂલ્લો મુકાવાનો હતો, તેની મુદત ડિસેમ્બર, ૨૦૨૪ની થઈ હતી. જોકે હવે પાલિકા પ્રશાસને આ પુલ મે, ૨૦૨૫ સુધીમાં ખુલ્લો મૂકવામાં આવશે એવું આશ્વાસન આપ્યું છે.

વિક્રોલીમાં પૂર્વ-પશ્ચિમને જોડનારો રેલવે ફાટક બંધ થયા

(જુઓ પાનું ૪) ▸▸



# સરકારી ક્વૉટાના ફ્લેટ અપાવવાને બહાને કરોડોની છેતરપિંડી

## આઈપીએસ ઓફિસરના પતિ સામે ફરિયાદ

મુંબઈઃ સરકારી ક્વૉટાના ફ્લેટ્સ ડિસ્કાઉન્ટ રેટ્સમાં અપાવવાને બહાને અનેક લોકો સાથે પચીસ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ આઇપીએસ ઓફિસરના પતિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

કોલાબા પોલીસ સ્ટેશનમાં શુક્રવારે પુરુષોત્તમ ચવાણ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) અન્ય કેસમાં મની લોન્ડરિંગના આરોપમાં ચવાણની ધરપકડ કરી હતી અને તે હાલ અદાલતી કસ્ટડીમાં છે. હાલના કેસમાં પ્રભાદેવી, દાદર, પરેલ, થાણે અને પુણે જેવા સ્થળો પર સરકારી ક્વૉટાના ફ્લેટ અને પ્લોટ ડિસ્કાઉન્ટ રેટમાં અપાવવાનું વચન આપીને લોકો પાસેથી પૈસા લીધા હોવાનો ચવાણ પર આરોપ છે.

ચવાણ ઉપરાંત એફઆઇઆરમાં તેના સાથીદાર આસિસ્ટન્ટ સબ-રજિસ્ટ્રાર તથા પરેલ-શિવડી સ્ટેમ્પ રજિસ્ટ્રેશન ઓફિસના અમુક અધિકારી તથા અન્યોના નામ પણ છે, જેમણે મુખ્ય આરોપીને બનાવટી દસ્તાવેજો બનાવવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરી હતી. ફરિયાદીઓમાંના એક કેદાર દેગવેકર (૫૭) સાથે ચવાણે ૩.૩૭ કરોડની છેતરપિંડી આચરી હતી, એવો આરોપ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ)■

# મહારાષ્ટ્રનું બજેટ માર્ચના પહેલા કે બીજા સપ્તાહમાં

મુંબઇ : કેન્દ્રીય બજેટ બાદ હવે મહારાષ્ટ્રનું બજેટ ક્યારે જાહેર થશે તેના પર સૌનું ધ્યાન છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અને નાણાં પ્રધાન અજિત પવાર આ વર્ષનું બજેટ રજૂ કરશે. તાજેતરમાં જ તેમણે બારામતીમાં રાજ્યના બજેટ પર ટિપ્પણી કરી હતી. આ પ્રસંગે તેમણે મહારાષ્ટ્રનું બજેટ ક્યારે જાહેર કરવામાં આવશે તેની પણ જાહેરાત કરી હતી. અજિત પવારે કહ્યું કે, ''હું રાજ્યનું બજેટ માર્ચના પ્રથમ સપ્તાહ અથવા બીજા સપ્તાહમાં રજૂ કરીશ અને ખેડૂતો, સામાન્ય નાગરિક અને મારી વહાલી બહેનોનો વિચાર કરીને જ બજેટ રજૂ કરીશ. હું યુવા મહિલાઓને ધ્યાનમાં રાખીને આ બજેટ રજૂ કરવાનો પ્રયાસ કરીશ.'' તેમણે જણાવ્યું. ■

# ધ્વજવંદન સમારોહમાં કેમ ગેરહાજર?

## વિધાનસભા સચિવાલયના ૪૦૦ કર્મચારીને નોટિસ મોકલાવાઇ

મુંબઈઃ ગણતંત્ર દિવસના ધ્વજવંદન સમારોહમાં ગેરહાજર રહેલા લગભગ ૪૦૦ કર્મચારીઓને મહારાષ્ટ્ર વિધાનસભા સચિવાલયે કારણ બતાવો નોટિસ જારી કરી છે. આ તમામ કર્મચારીઓ અ, બ, ક અને ડ શ્રેણીના છે.

આ પ્રકારની 'કારણ બતાવો' નોટિસ પ્રથમ વખત જારી કરવામાં આવી હોવાથી જો સંબંધિત કર્મચારીઓ પાસેથી યોગ્ય ખુલાસો નહીં મળે તો તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

કર્મચારીઓને મોકલવામાં આવેલી 'કારણ બતાવો' નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, ''તમને એક સૂચના દ્વારા જાણ કરવામાં આવી હતી કે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ધ્વજવંદન સમારોહમાં હાજરી આપવી એ તમારી રાષ્ટ્રીય ફરજ છે. તમને બાયોમેટ્રિક્સ દ્વારા તમારી હાજરી નોંધાવવાનું પણ કહેવામાં આવ્યું હતું. જો કે, હાજરીના બાયોમેટ્રિક રેકોર્ડની તપાસ કર્યા પછી, તમે હાજર ન રહ્યા હોવાનું બહાર આવ્યું અને તે મહારાષ્ટ્ર સિવિલ સર્વિસીસ (આચાર) નિયમો, ૧૯૭૯ ની કલમ ૩.૧ (૧) (૨) અને (૩)નું ઉલ્લંઘન કરે છે. તો પછી તમારી સામે શિસ્તભંગની કાર્યવાહી શા માટે ન કરવી? નોટિસ મળ્યાના ત્રણ દિવસમાં લેખિત ખુલાસો આપો. જો નહીં આપો તો તમારા પર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.'' ■

9000 Sq.ft Carpet
Prime Location Surat.
Hospital setup:
31 bed + 3 OT
Available on
Long Term Rent
Mo. 7383 155 150

"ચારધામ ચા રાજા"
હરીદ્વાર - ઋષિકેશ
યમનોત્રી - ગંગોત્રી
કેદારનાથ - ચોપતા
બદરીનાથ - માનાગામ
સ્વાદિષ્ટ ભોજન, મિનરલ વોટર, લકઝરી કોચ તથા સુંદર રહેવાની વ્યવસ્થા (આપણુ પોતાનું રસોડુ)
એ.ડી. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
વધુ વિગત માટે સંપર્કઃ અજય દત્તાણી
9869070203, 7400170203
ફુલાલ: 9823996229, 8999152766
Email: adtours68@gmail.com

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# વસઈમાં પિસ્તોલની ધાકે જ્વેલર્સની દુકાનમાંથી ₹ ૭૧ લાખનાં ઘરેણાંની લૂંટઃ ચાર લૂંટારા પકડાયા

મુંબઈઃ વસઇમાં જ્વેલર્સને પિસ્તોલની ધાક દાખવી તથા તેના પર હુમલો કર્યા બાદ દુકાનમાંથી ૭૧ લાખ રૂપિયાની કિંમતનાં ઘરેણાંની લૂંટ ચલાવનારી ટોળકીના ચાર લૂંટારાને પોલીસે પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ૨૩.૩૯ લાખનાં ઘરેણાં સહિત ઑટોમેટિક પિસ્તોલ, કારતૂસ તથા અન્ય શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યાં હોઇ તેમની પાસેથી દાગીના ખરીદનારાની પોલીસે કર્ણાટકથી ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વસઇની વાલિવ પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીઓની ઓળખ અનુજ ગંગારામ ચૌગુલે (૩૬), રોયલ ઉર્ફે રોય એડવર્ડ સિક્વેરા (૪૬), લાલસિંહ ઉર્ફે સીતારામ મોરે (૫૬) અને સૌરભ ઉર્ફે પપ્પુ તુકારામ રાક્ષે (૨૭) તરીકે થઇ હતી, જ્યારે કર્ણાટકથી અમર નિમગિરેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અનુજ ચૌગુલે વિરુદ્ધ મુંબઈ,

(જુઓ પાનું ૪) ▸▸

# લિવ-ઇન પાર્ટનરે સંબંધ તોડી નાખતાં યુવકે પોલીસ સ્ટેશનમાં ઝેર પીધું

નાગપુરઃ નાગપુરમાં લિવ-ઇન પાર્ટનરે સંબંધ તોડી નાખતાં ૩૦ વર્ષના યુવકે પોલીસ સ્ટેશનમાં ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

નંદનવન પોલીસ સ્ટેશનમાં બનેલી આ ઘટના બાદ સાગર મિશ્રા નામના યુવકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર સાગરના દારૂના વ્યસનને કારણે ગયા સપ્તાહે ૨૭ વર્ષની લિવ-ઇન પાર્ટનરે તેની સાથેના સંબંધ તોડી નાખ્યા હતા અને સાગરને છોડીને તે પોતાના પરિવાર પાસે જતી રહી હતી.

શનિવારે સવારે સાગર તેની લિવ-ઇન પાર્ટનરને સમજાવવા માટે તેના ઘરે ગયો હતો અને તેને પાછી આવવાનું કહ્યું હતું, પણ તેણે ઇનકાર કરી દીધો હતો. લિવ-ઇન પાર્ટનરની માતાએ સાગરને રોકવાનો પ્રયાસ કરતાં તેની મારપીટ કરવામાં આવી હતી. આ ઘટના બાદ સાગર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

# શરદ પવારે મારું રાજીનામું લેવામાં ઉતાવળ કરીઃ છગન ભુજબળ

પુણેઃ 'શરદ પવારે તેલગી કેસ સાથે કોઈ પણ સંબંધ ન હોવા છતાં મારી પાસેથી નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાનપદેથી રાજીનામું લઈ લીધું હતું.' જોકે, ત્યારબાદની તપાસમાં મારા પરના કોઈ પણ આરોપ સાબિત થયા નહોતા. એક રીતે, શરદ પવાર મારું રાજીનામું સ્વીકારવામાં ઉતાવળ કરી હતી, એવો ગંભીર આરોપ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ)ના વરિષ્ઠ નેતા છગન ભુજબળે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે ઓબીસી માટે તેમણે બે વાર મુખ્ય પ્રધાનપદ છોડી દીધું હતું, નહીં તો તેઓ તે સમયે જ મુખ્ય પ્રધાન બની ગયા હોત.

શુક્રવારે જાધવ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સંસ્થાના ઓડિટોરિયમમાં આયોજિત આઠમી યુવા સંસદમાં બીજા સંસદ વિભાગ હેઠળ ભુજબળનો ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યો ત્યારે તેમણે આમ કહ્યું હતું. ૨૦૧૪માં વરિષ્ઠ નેતા શરદ પવારે ભાજપને બાહ્ય સમર્થન આપ્યું હતું. તે પછી, તેમણે ઘણા વર્ષો સુધી દૂધમાં અને દહીંમાં પગ રાખવાનું ચાલુ રાખ્યું હતું. મને તે ગમ્યું નહીં, તેથી મેં આખરે અજિત પવાર સાથે રહેવાનું નક્કી કર્યું. ભુજબળે એવી પણ ટિપ્પણી કરી હતી કે અમે, એક રાષ્ટ્રવાદી પક્ષ તરીકે, હાલમાં રાજકીય રીતે ભાજપ સાથે જોડાયેલા છીએ, પરંતુ અમે તેમની સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં પાણીનાં વલખાં ને દરિયાનાં પાણીને મીઠું બનાવવાના પ્લાન્ટનું લેવાલ નથી

## મનોર પાસેના ડિસેલિનેશન પ્રોજેક્ટ માટે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની પાણીની વધતી માગણીને પહોંચી વળવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા દરિયાના ખારા પાણીને મીઠા કરવા માટે મનોરી ગામમાં ૧૨ હેકટરના પ્લોટ પર ડિસેલિનેશન પ્લાન્ટ પ્રોજેક્ટ ઊભો કરવામાં આવવાનો છે. પરંતુ આ પ્રોજેક્ટ માટે બહાર પાડવામાં આવતાં ટેન્ડરને મોળો પ્રતિસાદ મળતો હોવાને કારણે ટેન્ડર પ્રક્રિયા પાલિકાએ રદ કરી હતી. તેથી છેલ્લા પાંચ મહિનાથી ટેન્ડર પ્રક્રિયા બંધ હતી. જોકે ફરી એક વખત નવેસરથી ટેન્ડર કાઢવાનો નિર્ણય પાલિકાએ લીધો છે. ફેબ્રુઆરીમાં ટેન્ડર બહાર કાઢવાની પાલિકાની યોજના હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈને દરરોજ ૩,૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો તાનસા, મોડક સાગર, મિડલ વૈતરણા, અપર વૈતરણા અને ભાતસા, વિહાર તથા તુલસી તળાવમાંથી કરવામાં આવે છે. મુંબઈ મહાનગરપાલિકાએ કરેલા એક અભ્યાસ મુજબ મુંબઈમાં ૨૦૪૧ સુધીમાં લોકસંખ્યા પોણા બે કરોડ સુધી પહોંચી જશે અને તે સમયે પ્રતિદિન પાણીની જરૂરિયાત પણ ૬,૪૨૬ મિલ્યન લિટર પર પહોંચી જશે. આ

(જુઓ પાનું ૪) ▸▸

# ફી ન ભરવા બદલ પાંચ વર્ષના વિદ્યાર્થીને ઘરે નહીં જવા દેવાની સજા

થાણેઃ નવી મુંબઈની ખાનગી સ્કૂલમાં ફી ન ભરવા બદલ પાંચ વર્ષના બાળકને જબરજસ્તી અમુક કલાકો સુધી સ્કૂલ પરિસરમાં બેસાડી રાખ્યો હતો અને ઘરે જવા દીધો નહોતો. પોલીસે આ પ્રકરણે સ્કૂલની પ્રિન્સિપાલ તથા મહિલા કોઓર્ડિનેટર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. કિંડરગાર્ટનમાં ભણનારા વિદ્યાર્થીના પિતાએ આ પ્રકરણે એનઆરઆઇ સાગરી પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં બે જણ વિરુદ્ધ ગુરુવારે જુવેનાઇલ જસ્ટિસ (કૅર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બાળકને ૨૮ જાન્યુઆરીએ સ્કૂલ પરિસરમાં ચાર કલાક બેસાડી રાખવામાં આવ્યો હતો અને આ અંગે પૂછતાં તેમણે ફી ન ભરી હોવાનું કારણ બતાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે આ મામલો સ્કૂલ મેનેજમેન્ટને સોંપવામાં આવ્યો હતો, જેમણે કેસની તપાસ કર્યા બાદ કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી, પણ પ્રિન્સિપાલ અને કોઓર્ડિનેટરને ક્લિન ચીટ આપી હતી. (પીટીઆઇ)■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.